શ્રીઆગમોદ્ધારસંગ્રહ : ભાગ ૭

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

卐

# ષોડશક - પ્રકરણ

## ( સદ્ધર્મદેશના )

[ વ્યાખ્યાન સંગ્રહ : ભાગ ૧ ]

卐


: : દેશનાકાર : :

આગમોદ્ધારક આચાર્ય

શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી


મૂલ્ય : ૩-૮-૦

શ્રીઆગમોદ્ધારસંગ્રહ : ભાગ ૭

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

# ષોડશક-પ્રકરણ

(સદ્ધર્મદેશના, શ્લો. ૧૨)

વ્યાખ્યાનસંગ્રહ : વિભાગ ૧

મુનિ શ્રી રત્નાકર વિજય મહારાજ

:: [illegible] (વાળા)

આગમોદ્ધારક આચાર્ય

શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

શ્રીજૈનપુસ્તક પ્રચારક સંસ્થા

卐

પ્રથમ આવૃત્તિ : નકલ ૫૦૦] [મૂલ્ય : રૂા. ૩-૦-૦

વિક્રમસંવત્ ૨૦૦૫] વીરસંવત્ ૨૪૭૫ [ઈ. સ. ૧૯૪૯

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનન્દ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

## વિષયસૂચી


| | |
|---|---|
| પ્રસ્તાવના ... ... ... ... | ૫ |
| વિષયાનુક્રમ ... ... ... | ૧ |
| શુદ્ધિપત્રક ... ... ... ... | |
| વ્યાખ્યાન ૨૩ ... ... | ૧–૨૬૮ |
| સાક્ષિગ્રન્થો ... ... ... ... | ૨૬૯ |
| સાક્ષિપાઠો ... ... ... ... | ૨૭૦ |


મુદ્રક :
ચંપકલાલ ગીરધરલાલ જરીવાળા
"ઊર્મિ પ્રિન્ટરી", કોટસફીલ રોડ, સુરત.

# પ્રકાશકીય નિવેદન

**ઉદ્દેશ—**સુજ્ઞ વાંચક ! અમે પરમ તારક ગુરુદેવશ્રીનાં વ્યાખ્યાનો-રૂપી ગુજરાતી સાહિત્યના પ્રકાશનમાં પ્રગતિશીલ જે થયા છીએ તે એટલા જ ઉદ્દેશથી કે જેમ ભગવાનના વિદ્યમાનપણામાં પણ સ્થલાંતરમાં, કાલાંતરમાં તેમના આગમો હોવાથી પ્રતિબોધ થઈ શકયો તેમ પરમ તારક ગુરુદેવશ્રીની દેશનાના શ્રવણથી વંચિત રહેલા ભાવિકો માટે તેમજ બીજા સમયોમાં પણ દેશનાના શ્રવણથી કલ્યાણની ઇચ્છાવાળા ભવ્ય પ્રાણીઓને તેમની દેશનાનું સાહિત્ય મળે. આ ઉદ્દેશને પાર પાડવા વ્યાખ્યાનોના સાહિત્યને પ્રગટ કરીએ છીએ.

તેની અંદર અમે **સુધાસાગર** ભા. ૧–૨, **સાગર** સમાધાન ભા. ૧–૨, **સૂયગડાંગસૂત્રનાં** વ્યાખ્યાનો, પર્વદેશના અને **સ્થાનાંગસૂત્રનાં** વ્યાખ્યાનો ક્રમે પ્રગટ કર્યાં છે. એ જ ઉદ્દેશથી **ષોડશક પ્રકરણના** સદ્ધર્મદેશના નામના બીજા **ષોડશકના** બારમા શ્લોકના ઉપર આસરે ૧૦૦ વ્યાખ્યાનો સં. ૨૦૦૨ ના ચોમાસામાં અત્રે આપેલાં હતાં તેમાંથી આ ગ્રન્થમાં ૨૩ વ્યાખ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને તે ષોડશક પ્રકરણ, (સદ્ધર્મ દેશના) (વ્યાખ્યાન સંગ્રહ) ભા. ૧ તરીકે બહાર પાડવામાં આવ્યો છે.

**પ્રકાશન—**આ ગ્રન્થનું પ્રકાશન કરવાનું સુરતવાસ્તવ્ય **ચોકસી મોતીચંદ કસ્તુરચંદની** શુભ પ્રેરણાને જ આભારી છે.

**ઉલ્લેખ—ષો**ડશકના કર્તા યાકિની મહત્તરાસૂનુ **હરિભદ્રસૂરીશ્વરજી** વિષે તેમજ **દેશનાકાર** વિષે તેમજ એમનાં વ્યાખ્યાનોના અંગે પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયાએ** એમની પ્રસ્તાવનામાં સવિસ્તર ઉલ્લેખ કરેલો છે.

**મદદ—આ** ગ્રન્થના પ્રકાશનમાં મુનિમહારાજ શ્રી**ગુણસાગરજી** મહારાજની વહેતી સરિતાએ સદ્‌ગૃહસ્થો દ્વારા મદદ અપાવી. તેથી હમે આ પ્રકાશન કરી શકયા છીએ.

**પ્રેસમેટર**—પરમ તારક ગુરુદેવશ્રી જ્યારે દેશના આપતા હતા ત્યારે એમના બાલશિષ્ય સ્વ. મુનિમહારાજ શ્રી**મહેન્દ્રસાગરજી**ના શિષ્ય મુનિ **સૌભાગ્યસાગરજી** મહારાજ પોતાની કલમને ઝડપથી ચલાવી તેમની દેશનાને અક્ષરરૂપે કરી તેથી અમે પ્રેસમેટર તૈયાર કરાવી શક્યા છીએ.

**કાર્ય**—મુનિમહારાજ શ્રી**કંચનવિજયજી** મહારાજ તથા મુનિ મહારાજ શ્રી**ક્ષેમંકરસાગરજી** મહારાજે પ્રેસમેટર તૈયાર કરવાનું, તેમાં યોગ્ય સ્થળોએ પાઠ આપવાનું, પ્રૂફ જોવાનું, વિષયાનુક્રમ વગેરે કરી ગ્રન્થને ઉપયોગી બનાવવાનું કાર્ય કર્યું છે. અને **પ્રો. કાપડિયા**એ તેમના તે કાર્યને યથાયોગ્ય ટેકો પણ આપ્યો છે.

**આભાર**—પ્રકરણકાર યાકિની મહત્તરાસૂનુનો અને પૂ. ગુરુદેવશ્રીનો આભાર તો શબ્દથી બોલાય તેમજ નથી, અર્થાત્ તેવા સુંદર શબ્દો અમને શોધ્યા જડતા જ નથી.

દ્રવ્યસહાય અપાવનાર મુનિમહારાજ શ્રી**ગુણસાગરજી** મહારાજનો, વ્યાખ્યાનોનો સંગ્રહ કરનાર મુનિમહારાજ શ્રી**સૌભાગ્યસાગરજી** મહારાજનો, મુનિમહારાજ શ્રી**કંચનવિજયજી** મહારાજનો, મુનિમહારાજ શ્રી**ક્ષેમંકરસાગરજી**નો, **પ્રો. કાપડિયા**નો અને દ્રવ્ય સહાયદાતાનો, તેમજ અમારા કાર્યને પ્રોત્સાહિત બનાવ્યું હોય તે બધાંનો હમે અત્રે આભાર માનીએ છીએ.

**અભિલાષા—આ** ગ્રન્થની અંદર જણાવેલા વચનઆરાધનાના તત્ત્વને સમજીને કલ્યાણ કરવાની ઇચ્છાવાળા ભાગ્યશાળીઓ એ માર્ગે ઉતરશે એ જ અભિલાષા.

**પ્રાર્થના**—સુજ્ઞ વાંચકો પ્રત્યે અમારી એ પ્રાર્થના છે કે અમને મળેલાં સાધનો દ્વારા અને અમારી બુદ્ધિ પ્રમાણે અમે આ ગ્રન્થનું પ્રેસમેટર આદિ કાર્ય કરાવ્યા છતાં દૃષ્ટિદોષ આદિથી ભૂલ રહેવા પામી હોય તો તેઓ તે સુધારે, સુધારીને વાંચે અને અમને સુધારો જણાવે.

—**પ્રકાશક**

# પ્રસ્તાવના

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

'આગમોદ્ધારક' જૈનાચાર્ય શ્રી**આનંદસાગરસૂરિજી**એ અહીંના સુરતના એમના વિ. સં. ૨૦૦૨ના ચાતુર્માસ દરમ્યાન **ષોડશક-પ્રકરણ**ના "સદ્ધર્મ-દેશના" નામના બીજા ષોડશકના બારમા પદ્યના વિસ્તૃત અને મનનીય વિવેચન રૂપે ૧૦૦ વ્યાખ્યાનો આપ્યાં હતાં. એમાંનાં પહેલાં ત્રેવીસ વ્યાખ્યાનો આ પુસ્તકમાં છપાયાં છે. આ બહુશ્રુત વ્યાખ્યાતા વિષે મેં સંસ્કૃતમાં તેમજ ગુજરાતીમાં પ્રસંગ પૂરતો પરિચય આ પૂર્વે આપ્યો છે એથી તેમજ આ વ્યાખ્યાતા એમની અનેકમુખી શેમુષીને લઈને કેવળ જૈન જગતને જ નહિ પણ અજૈન વિદ્વાનોને પણ વિશેષતઃ જાણીતા હોવાને લીધે એમને વિષે મારે એમની નવીન કૃતિઓ સિવાય અહીં કશું કહેવાનું રહેતું નથી એટલે એ સંબંધમાં સંક્ષિપ્ત નોંધ લઉં છું.

આ આગમોદ્ધારક એમના વિદ્યાવ્યાસંગને અંગે સુપ્રસિદ્ધ છે. આજે ૭૪ વર્ષની વયે પણ તેઓ નવીન કૃતિઓનું સર્જન પણ કરે છે. હાલમાં તેમણે સંસ્કૃતમાં ચાર કૃતિઓ રચી છે: (૧) **ઉપદેશનવશતી**, (૨) **તિથિદર્પણ**, (૩) **શ્રમણધર્મસહસ્રી** અને (૪) '**શ્રમણ-ભગવાન્ મહાવીરઃ**'. બીજી અને ચોથી કૃતિ ગદ્યમાં છે, જ્યારે બાકીની બે પદ્યમાં છે. આ ચારે કૃતિઓ અત્યારે તો અપ્રસિદ્ધ છે. એના પરિચયાર્થે હું સૌથી પ્રથમ **ઉપદેશનવશતી**નું પ્રથમ પદ્ય નીચે પ્રમાણે રજૂ કરું છું:—

**"भो भव्या ! निजरूपधामरुचिरं जन्मादिदुःखोज्झितं**
**शश्वज्ज्ञानसुखादिपूर्णममलं प्राप्तुं शिवं चेन्मनः।**
**तत् क्षान्त्यादिमुखेऽत्र धर्मदशके शुद्धं विधायोद्यम—**
**मित्येवं जिनराज आत्तविमलज्ञानो जगौ पर्षदः॥१॥"**

આનું અંતિમ પદ્ય નીચે પ્રમાણે છે :–

**[1]"द्रङ्गे सूर्यपुरे स्थितेन दिविसत्पूज्यप्रतापं जिनं**
**श्रीवीरं नवनिर्मितेऽत्र भवने ताम्रागमे स्थापितुम्।**
**ख्याता धर्ममयी सुपद्यरचना सद्भावनाश्रेयसे**
**भव्यानां सुकृतादराञ्चितहृदामानन्दसिन्धुप्रभा[2] ॥१०७॥"**

**શ્રમણ-ધર્મ-સહસ્રી**માં હજાર પદ્યો છે અને એ દ્વારા શ્રમણ-ધર્મના ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દસ પ્રકારો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એનું આદ્ય પદ્ય નીચે મુજબ છે :—

**"धर्मो मङ्गलमुत्कृष्टमित्युक्तं [3]दशकालिके ।**
**शय्यम्भवैः सूरिवर्यैस्तत्र धर्मो विचार्यते ॥१"**

આનાં છેલ્લાં બે પદ્યો નીચે મુજબ છે:—

**एवं स्वाख्यातधर्मे जिनपतिगदिते मोक्षसिद्ध्येयेकहेता-**
**वुक्ता क्षान्त्यादिरूपान् दशविधसुविधीन् देशितुं शुद्धधर्मान्।**
**पद्यानां सत्पदानां प्रकटमतिजुषां सत् सहस्रं विरच्य**
**तुष्ट्यै ध्येयेयमार्यश्रमणगुणवती सत्सहस्री समग्रा ॥१००१॥**

---

૧. નગરના અર્થમાં આ શબ્દ જેમ આગમોદ્ધારકે અહીં વાપર્યો છે તેમ એમણે કેટલીક પ્રસ્તાવના વગેરે પણ વાપર્યો છે.

૨. કર્તાએ પોતાનું નામ 'આનન્દસાગર' સૂચવ્યું છે.

૩. 'દશવૈકાલિક'ને 'દશકાલિક' પણ કહે છે. જુઓ મારું પુસ્તક નામે **આગમોનું દિગ્દર્શન** (પૃ. ૧૬૪, ટિ. ૧).

"[1]सूर्ये व्रङ्गे सुरम्ये जिनपतिभवनैर्नैकसत्रैः समृद्धे
ताम्राङ्काऽत्रागमानां ततिरतिरुचिरा वर्धमानार्हदग्रे ।
तस्मिंश्चक्रे स्थितेनागमपगणहिता साधुनाऽऽनन्दनाम्ना
पद्यानां सत्सहस्री श्रमणहृदयगा [2]युग्मशून्यद्विबाणे ॥१००२॥"

'તિથિદર્પણ' એ નામ જ કહી આપે છે કે એમાં તિથિ વિષે નિરૂપણ છે.

દેવોએ **મહાવીર**સ્વામીને જે નામ આપ્યું તેને અંગેનો ઊહાપોહ એ "શ્રમણ-ભગવાન્ મહાવીરઃ" નામની લઘુ કૃતિનો વિષય છે એમ એના નીચે મુજબના પ્રારંભમાં અપાયેલા મંગલાચરણરૂપ પદ્ય ઉપરથી જાણી શકાય છેઃ—

"नत्वा वीरं जगद्वन्द्यं जिनेशं शासनेश्वरम् ।
देवैर्दत्ताऽभिधा तस्य चर्च्यते बोधिशुद्धये ॥"

આગમોદ્ધારકે આગમોને અંગે જે પરિશીલન કર્યું છે તેના ફળરૂપે એમણે તૈયાર કરેલ બાર ઉવંગ અને દસ પઇણ્ણગની ગાથાઓનો અકારાદિ અનુક્રમ અને આ બાવીસ આગમોના લઘુ તેમજ વિસ્તૃત એમ બે જાતના વિષયાનુક્રમ "આગમોદ્ધારસંગ્રહ ભા૦ ૨" તરીકે હાલમાં પ્રસિદ્ધ થયેલા છે. આગમોદ્ધારસંગ્રહ ભા૦ ૮ તરીકે **આગમીય-સૂક્તાવલી** લગભગ છપાઈ રહેવા આવી છે. વ્યાકરણ અને કોશના પ્રાથમિક કક્ષાના અભ્યાસીઓને ઉદ્દેશીને આ વ્યાખ્યાતાએ જે **લઘુસિદ્ધપ્રભા** અને **લઘુતમ-નામકોશ**ની રચના કરી હતી એ બંને એક પુસ્તકરૂપે આગમોદ્ધારસંગ્રહ ભા૦ ૬ તરીકે પ્રસિદ્ધ થયેલ છે.

---

૧. સુરત શહેરમાં.

૨. આ દ્વારા વિક્રમસંવત્ ૨૦૦૫નો રચના-વર્ષ તરીકે ઉલ્લેખ કરાયો છે.

આ પ્રમાણે આ પ્રસ્તાવનાના એક અંગરૂપ વ્યાખ્યાતાનો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે હવે હું બીજી ત્રણ બાબતો વિચારીશ : (૧) **ષોડશક**ના કર્તા **હરિભદ્રસૂરિ**નો જીવન-વૃત્તાન્ત, (૨) **ષોડશક**ની આછી રૂપરેખા અને (૩) એને અંગેનાં આ વ્યાખ્યાનો વિષેનું મારું વક્તવ્ય. આ પૈકી વચલી બાબત હું સૌથી પહેલાં હાથ ધરું છું.

## ષોડશક-પ્રકરણ

આ હારિભદ્રીય કૃતિ વિષે મેં **અનેકાન્તજયપતાકા** (ખણ્ડ ૨)ના મારા ઉપોદ્ઘાત (પૃ. ૪૪-૪૬)માં સંક્ષિપ્ત નોંધ લીધી છે પણ એ અંગ્રેજીમાં છે એટલે આ ભાષાથી અપરિચિત જનોને ઉદ્દેશીને આ કૃતિની આછી રૂપરેખા ગુજરાતીમાં આલેખું છું.

આ સંસ્કૃતમાં પદ્યમાં [૧]'આર્યા' છંદમાં રચાયેલી નાનકડી કૃતિ છે. એ સોળ વિભાગોમાં વિભક્ત છે. દરેક વિભાગને 'અધિકાર' કહેવામાં આવ્યો છે. પહેલા પંદર અધિકારોમાં સોળ સોળ પદ્યો છે, જ્યારે સોળમામાં—છેલ્લામાં સત્તર પદ્યો છે. આમ પદ્યની સંખ્યાને લઇને આ કૃતિનું નામ 'ષોડશક' પડાયું છે એમ જોઈ શકાય છે. નામની બાબતમાં એ પૂર્વગામી **સિદ્ધસેન દિવાકર**ની **દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**ને અનુસરે છે. ગ્રન્થકારે પોતે આ નામ **ષોડશક**માં તો આપ્યું નથી. પ્રત્યેક અધિકારને 'ષોડશક' કહેવા ઉપરાંત એ દરેકનું વિશિષ્ટ નામ છે. સોળ ષોડશકનાં નામ નીચે મુજબ છેઃ—

(૧) ધર્મપરીક્ષા, (૨) દેશના કિંવા સદ્ધર્મદેશના, (૩) ધર્મ-લક્ષણ, (૪) ધર્મેચ્છુલિંગ, (૫) લોકોત્તર—તત્ત્વપ્રાપ્તિ, (૬) જિનમંદિર, (૭) જિનબિમ્બ, (૮) પ્રતિષ્ઠાવિધિ, (૯) પૂજાસ્વરૂપ, (૧૦) પૂજાફલ, (૧૧) શ્રુતજ્ઞાનલિંગ, (૧૨) દીક્ષાધિકાર, (૧૩) ગુરુવિનય, (૧૪) યોગભેદ, (૧૫) ધ્યેય-સ્વરૂપ અને (૧૬) સમરસ.

---

૧. હરિભદ્રસૂરિની કોઈ બીજી કૃતિ સળંગ આર્યામાં રચાયેલી હોય તો તે હજી સુધી મળી આવી નથી.

[1]આ નામો દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી છપાયેલ **ષોડશક**ના ૯૬આ પત્રમાં છે. આ નામો તે તે ષોડશકના વિષયની ઝાંખી કરાવે છે એટલે મારે આ સોળ ષોડશકને અંગેની કેટલીક વિશિષ્ટતા જ નોંધવાની રહે છે.

**વિશિષ્ટતા**—પહેલા ષોડશકના દસમા પદ્યમાં બૌદ્ધ પરિભાષા સાંકળી લેવાઇ છે.

ષો૦ ૧૧ના શ્લોક ૫માં કોઇ ઊંઘતા રાજાની કથા વિષે નિર્દેશ છે. આ ષોડશકના શ્લો૦ ૭–૯માં પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એ સુપ્રસિદ્ધ સંજ્ઞાઓને બદલે વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થ એવી અભિનવ સંજ્ઞાઓ જોવાય છે કે જે હકીકત **ઉવએસપય**નાં ૮૫૯–૮૬૫માં પદ્યમાં પણ નજરે પડે છે. હરિભદ્રસૂરિની પહેલાં કોઈ જૈન પ્રણેતાએ આવી સંજ્ઞા યોજી હોય તો તે જાણવામાં નથી. ૧૧મા શ્લોકમાં 'ચારિ–ચરક–સંજીવની'નો ઉલ્લેખ છે.

ષો૦ ૧૨, શ્લો૦ ૧માં 'વસન્તનૃપ'નો ઉલ્લેખ છે. આ અહીં જે પહેલાં 'ઘીસ' નીકળતી હતી તેના વરરાજાનું સ્મરણ કરાવે છે.

ષો૦ ૧૫, શ્લો૦ ૧૪ના શબ્દો **શુક્લ યજુર્વેદ** (૩૧)ના નિમ્નલિખિત પદ્યના પ્રતિબિમ્બ જેવા જણાય છે:

**"वेदाहमेतं पुरुषं महान्त-**
**मादित्यवर्णं तमसः परस्तात् ।**
**तमेव विदित्वाऽतिमृत्युमेति**
**नान्यः पन्था विद्यतेऽयनाय ॥१८॥"**

**વિવેચન—ષોડશક**ના પર ત્રણ સંસ્કૃત વિવેચન છે : (૧) **યશો**ભદ્રનું વિવરણ, (૨) **યશો**વિજયની વ્યાખ્યા અને (૩) **ધર્મ**સાગરની વૃત્તિ.

---

૧. આ નામો ગ્રન્થકારે આપ્યા નથી તેમ એની ઉપરનાં બે પ્રકાશિત વિવેચનમાં પણ નથી. એ તો કોઈકની હાથપોથીમાંથી નોંધાયા છે.

ઉપર્યુક્ત વ્યાખ્યા 'યોગદીપિકા' તરીકે ઓળખાય છે. આ વ્યાખ્યા તેમજ વિવરણ સહિત મૂળ કૃતિ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૧માં પ્રસિદ્ધ થઈ છે. આ આવૃત્તિના અંતમાં મૂળ કૃતિ **ષોડશક** છપાયેલી છે.

**યશો**ભદ્રના વિવરણ અને **યોગદીપિકાને** આધારે યોજાયેલ ટિપ્પણ સહિત **ષોડશક** ઋષભદેવજી કેસરીમલજી જૈન શ્વેતાંબર સંસ્થા (રતલામ) તરફથી વિ. સં. ૧૯૯૨માં છપાયેલ છે. આના સંપાદક મહાશય પ્રસ્તુત વ્યાખ્યાતા છે. એમણે પ્રત્યેક ષોડશકના વિષયો વિષે પત્ર ૩–૪માં ઉલ્લેખ કર્યો છે.

જૈન ગ્રન્થ પ્રકાશક સભા તરફથી ઇ. સ. ૧૯૩૯માં "શ્રી-હરિભદ્રસૂરિગ્રન્થસંગ્રહ"ના નામથી જે અગિયાર ગ્રન્થો પ્રસિદ્ધ થયા છે તેમાંનો ત્રીજો ગ્રન્થ તે **ષોડશક** છે.

ઋ. કે. સંસ્થા તરફથી જે ષોડશક યશોભદ્રસૂરિકૃત વ્યાખ્યા વગેરેથી યુક્ત છપાયું છે[1] તેનો ઉપક્રમ આગમોદ્ધારકે સંસ્કૃતમાં લખ્યો છે. એમાં એમણે એવું અનુમાન કર્યું છે કે આ **ષોડશક** કોઈ વૈયાવૃત્ત્ય કરનાર અને આગમરૂપ સાગરની અવગાહના કરવામાં અશક્ત વ્યક્તિના બોધને માટે અને આત્માના [2]અનુસ્મરણાર્થે સાધુના યથાર્થ પ્રતિવૃત્તને લક્ષીને રચાયું હોવું જોઈએ. એથી તો હરિભદ્રસૂરિએ ધર્મપરીક્ષક જીવલક્ષણનું પ્રારંભમાં નિરૂપણ કરી સિદ્ધિની પ્રાપ્તિનું અંતમાં વર્ણન કર્યું. આમ એમણે પ્રારંભમાં દર્શાવવા લાયક પરિણામવાદને અંતે કહ્યો. આ ગ્રંથમાં 'સંવાદ' શૈલીનો જ આશ્રય લેવાયો છે.

---

૧. આ આવૃત્તિમાં **ષોડશકનો** વિષયાનુક્રમ સંસ્કૃતમાં અપાયો છે.

૨. હરિભદ્રસૂરિએ સોળમા ષોડશકના અંતમાં કહ્યું છે કે ભવવિરહરૂપ સિદ્ધિના ફળને આપવાવાળા આ ભાવો મન્દ મતિના હિતને માટે અને આત્માના અનુસ્મરણ માટે પ્રવચનમાંથી ઉદ્ધૃત કરાયા છે.

**ભાષાન્તર**—પહેલાં આઠ ષોડશક ગુજરાતી ભાષાન્તર અને વિવેચન સહિત કેશવલાલ જૈન તરફથી ઇ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ થયેલા છે. બાકીનાંનું કંઈ નહિ તો ગુજરાતીમાં ભાષાન્તર થવું ઘટે.

## હરિભદ્રસૂરિ : જીવન અને કવન

હરિભદ્રસૂરિના જીવનવૃત્તાન્તની સામગ્રી રજૂ કરનાર સાધનોનો—વિવિધ ભાષામાં રચાયેલા ગ્રન્થાદિનો ઉલ્લેખ મેં **અનેકાન્તજયપતાકા** (ખણ્ડ ૧–૨)ના મારા અંગ્રેજી ઉપોદ્‌ઘાતમાં કર્યો છે એટલે એ વાત અહીં હું જતી કરું છું.

**જન્મસ્થાન ને જન્મદાતા**—ભદ્રેશ્વરે રચેલી અને હજી સુધી નહિ છપાયેલી **કહાવલીમાં** કહ્યું છે કે **હરિભદ્રસૂરિ** પિવંગુઈ (?) નામની કોઈ બ્રહ્મપુરીના રહેવાસી હતા. એમના પિતાનું નામ **શંકરભટ્ટ** હતું અને માતાનું નામ **ગંગા** હતું. કેટલાકના મત પ્રમાણે **હરિભદ્રસૂરિ ચિત્રકૂટ** (ચિત્તોડ)ના વતની હતા.

**જ્ઞાનાદિનો ગર્વ**—પ્રભાચન્દ્રસૂરિએ વિ. સં. ૧૩૩૪માં રચેલા **પ્રભાવકચરિત્ર**માં હરિભદ્રસૂરિનો પ્રબંધ છે. એમાં એમનો, **ચિત્રકૂટ**ના રાજા **જિતારિ**ના માનનીય પુરોહિત તરીકે ઉલ્લેખ છે. અહીં કહ્યું છે કે આ પુરોહિત કુશળ બુદ્ધિવાળા અને ચૌદ વિદ્યામાં પ્રવીણ એવા અગ્નિહોત્રી હતા. એમને પોતાના જ્ઞાનનો મહાગર્વ હતો. પૃથ્વી, જળ અને આકાશમાં રહેલા વિબુધોનો પરાભવ કરવાની ઇચ્છાથી એઓ [1]કોદાળી, [2]જાળ અને [3]નિસરણી એમ ત્રણ વસ્તુઓને સાથે લઇને ફરતા. વળી શાસ્ત્રના પૂરથી પેટ કદાચ ફાટી જાય એ બીકે પેટ પર એઓ સોનાનો પટો બાંધતા. આ **જંબૂદ્વીપ**માં મારા સમાન કોઈ

---

૧–૩ પાતાળમાં વાદી પેસી ગયો હોય તો પૃથ્વી ખોદવા માટે કોદાળી કામ લાગે, જો વાદી જલાશયાદિમાં ભરાઈ બેઠો હોય તો તેને પકડી પાડવા જાળનો ઉપયોગ કરી શકાય, અને જો ઊંચે આકાશમાં કોઈ વાદી નાસી ગયો હોય તો તેને પહોંચી વળવા નિસરણી ખપ લાગી શકે.

ચતુર નથી એ દર્શાવવા માટે એઓ જંબૂલતા રાખતા. પોતે કલિકાલમાં સર્વજ્ઞ છે એમ એઓ માનતા.

**દીક્ષાનો પ્રસંગ ને આચાર્ય-પદ—કહાવલી**માં આ પ્રસંગ નીચે મુજબ વર્ણવાયો છે:—

યજ્ઞમાં જેનો હોમ કરાય તે સ્વર્ગે જાય એમ **વેદ**માં કહેલું છે. જો એમ હોય તો સ્વજન કે બાંધવને એ પ્રમાણે કેમ મોકલાતા નથી? વળી (બકરો કહે છે): મારે સ્વર્ગની ઇચ્છા નથી અને મેં તમને એ અપાવવા પ્રાર્થના પણ કરી નથી. હું તો ઘાસ જેવા આહારની તૃષ્ણાવાળો હોઈ એ મળતાં સંતોષ માનું છું. જો બીજાને સ્વર્ગ મળે એ માટે યજ્ઞ કરતા હો તો માતા, પિતા, પુત્ર વગેરે વડે કેમ યજ્ઞ કરતા નથી?

આ પ્રમાણેનાં વાક્યોથી વિચારમાં પડેલા પંડિતાભિમાની **હરિભદ્ર** તીર્થયાત્રાર્થે ઘેરથી નીકળ્યા.

જેનું કહેલું હું નહિ સમજી શકીશ તેનો હું શિષ્ય થઈશ એવી પ્રતિજ્ઞા કરીને ચાલતા તેઓ '**ચિત્રકૂટ**' નામના શ્રેષ્ઠ દુર્ગમાં આવી ચડ્યા. તે સમયે ત્યાં **જિનદત્ત** નામના આચાર્ય હતા અને તેમને **યા**કિની નામની શિષ્યા મહત્તરા હતી. સ્વાધ્યાયપ્રદેશમાં રહેલી **યા**કિની ગંભીર સ્વરે "**चक्किदुगं**"[1]વાળી ગાથા બોલતી હતી. એ સાંભળી **હરિભદ્ર** એમની પાસે ગયા. અને બોલ્યા: હે ભગવતી! શું બહુ ચક ચક છે. આનો અર્થ જણાવો. **યા**કિનીએ કહ્યું કે હે વત્સ! અર્થ કરવાનો અધિકાર અમારો નથી, પરંતુ ગુરુ મહારાજનો છે. **હરિભદ્રે** પૂછ્યું કે ગુરુ મહારાજ ક્યાં છે? પ્રવર્તિની **યા**કિનીએ જવાબ આપ્યો કે વસતિમાં.

---

૧ "**चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की।**
**केसव चक्की केसव दु चक्की केसी य चक्की य॥**"
આ આવસ્સયનિજ્જુત્તિની ૪૨૧મી ગાથા છે.

હરિભદ્રે ત્યાં જવા ઉત્કંઠા દર્શાવી એટલે **યાકિની** એમને ત્યાં લઇ ગઈ. **જિનદત્તને** હરિભદ્રે પ્રણામ કર્યા. એ આચાર્યે ઉપર્યુક્ત ગાથાનો વિસ્તારથી અર્થ હરિભદ્રને સમજાવ્યો. હરિભદ્ર એ સાંભળી રાજી થયા અને એમણે પોતાની પ્રતિજ્ઞા આચાર્યને કહી. ત્યારે આચાર્યે જણાવ્યું કે હે ભદ્ર! જો એમ જ છે તો તું આ પ્રવર્તિનીનો ધર્મપુત્ર થા.

હરિભદ્રે ધર્મનું ફળ પૂછ્યું ત્યારે આચાર્યે કહ્યું કે સકામ વૃત્તિવાળાને દેવલોકાદિ સુખસંપત્તિ અને નિષ્કામ વૃત્તિવાળાને-નિઃસ્પૃહને ભવવિરહનું સુખ મળે છે. હરિભદ્રે કહ્યું કે મને ભવવિરહ પ્રિય છે માટે મને એ મળે તેમ કરો. આ ઉપરથી આચાર્યે એમને સર્વ સાવદ્ય યોગની વિરતિરૂપ પ્રવ્રજ્યા અંગીકાર કરાવી. હરિભદ્ર ભદ્ર પાત્ર હોવાથી જલદી ગીતાર્થ થયા. **જિનદત્તે** એમને આચાર્ય-પદે સ્થાપ્યા.

**દીક્ષા-ગુરુ વગેરે**—આપણે જોઈ ગયા તેમ **યાકિની** મહત્તરાને હાથે ધર્મનો બોધ થવાથી એ સાધ્વીને હરિભદ્રસૂરિ પોતાની 'ધર્મ-જનની' ગણતા હતા. આ હકીકતના સમર્થનાર્થે હું હરિભદ્રસૂરિની **આવસ્સય** ઉપર રચેલી અને ઉપલબ્ધ ટીકા નામે **શિષ્યહિતાની** નીચે મુજબની પુષ્પિકાનો નિર્દેશ કરીશ:—

**"समाप्ता चेयं शिष्यहिता नाम आवश्यकटीका। कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो 'विद्याधर' कुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो जाइणीमहात्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य।"**

આ પુષ્પિકા ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે એઓ 'વિદ્યાધર' કુળના **જિનદત્ત** આચાર્યના શિષ્ય હતા. એમણે આ **શિષ્યહિતા** શ્વેતામ્બર આચાર્ય **જિનભટનાં** વચનને અનુસરીને રચી છે. અહીં જે 'નિગદ' શબ્દ છે તેનો અર્થ 'આજ્ઞાકારિત્વ' અર્થાત્ આજ્ઞાંકિતપણું એમ કરવાનો નથી એમ **વિસેસાવસ્સયભાસ**

ઉપરની કોટ્યાચાર્યકૃત ટીકાની સંસ્કૃત પ્રસ્તાવના (પત્ર ૪)માં આગમોદ્ધારકે કહ્યું છે. અહીં એમણે એ વાત પણ કહી છે કે કોટ્યાચાર્યે **જિનભટ**ની ટીકાનો ઉપયોગ કર્યો છે. **વીર**ની દસમી સદીમાં આ **કોટ્યાચાર્ય** થયા છે અને તેઓ **હરિભદ્રસૂરિ**ના પૂર્વગામી હોય એવો ઘણો સંભવ છે એમ પણ એમણે કહ્યું છે.

**સમરાઇચ્ચચરિય**ની પ્રશસ્તિના ત્રીજા પદ્યમાં **હરિભદ્રસૂરિ**એ પોતાને **જિનદત્ત** આચાર્યના અવયવ તરીકે ઓળખાવ્યા છે.

**પણ્ણવણા** ઉપર **હરિભદ્રસૂરિ**એ જે **પ્રદેશવ્યાખ્યા** રચી છે તેમાં [1]પુષ્પિકામાં એમણે પોતાને **જિનભટ**ના શિષ્ય તરીકે જણાવ્યા છે. અહીં 'શિષ્ય'થી શું સમજવું ?

**લલિગ—કહાવલી**માં એવો ઉલ્લેખ છે કે **હરિભદ્રસૂરિ**ને **લલિગ** નામનો પિતરાઈ હતો. એ ગરીબ હતો. એને પૈસાદાર બનાવવા માટે **હરિભદ્રે** બજારમાં આવેલ માલની ખરીદી કરવાનો સંકેત કર્યો, કેમકે **હરિભદ્ર** ચૂડામણિ જ્યોતિઃશાસ્ત્રમાં કુશળ હતા. એટલે નિમિત્ત સ્થાપી ધનિક થવાનો એનો યોગ એમણે વિચારી જોયો હતો.

આગળ જતાં **લલિગે** એને મળેલાં રત્નોમાંથી એક ઉત્તમ રત્ન વડે રાત્રે પણ અજવાળું રહે તેવો પ્રબંધ ઉપાશ્રયમાં કર્યો. એને લઇને **હરિભદ્રસૂરિ** ભીંત, પાટી વગેરે ઉપર રાત્રે ગ્રન્થની રચના કરી શકતા.

**'ભવવિરહ'સૂરિ તરીકેની પ્રસિદ્ધિ**—હરિભદ્રસૂરિના ભોજન સમયે **લલિગ** હમેશાં શંખ વગાડતો. એ સાંભળીને જે યાચકો આવતા એમને **લલિગ** ઇચ્છિત ભોજન અપાવતો. ભોજન કર્યા બાદ એ યાચકો **હરિભદ્રસૂરિ**ને પ્રણામ કરતા. એ વખતે 'ભવનો વિરહ થાય તેવો ઉદ્યમ કરતા રહેજો' એમ **હરિભદ્રસૂરિ** એમને કહેતા. પછી પેલા

---

૧ **"आचार्यजिनभटस्य हि सुसाधुजनसेवितस्य सि(शि)ष्येण"**

પાચકો 'ભવવિરહસૂરિ ચિરકાળ જીવો' એમ કહી વિદાય થતા. આમ નિરંતર બનતું હોવાથી **હરિભદ્રસૂરિ** 'ભવવિરહસૂરિ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

**જિનભદ્ર અને વીરભદ્ર—કહાવલી**માં કહ્યું છે કે હરિભદ્રસૂરિને બે વિદ્વાન્ શિષ્ય હતા. એમનાં નામ **જિનભદ્ર** અને **વીરભદ્ર** હતાં. એમના સમયમાં **ચિત્રકૂટ**માં બૌદ્ધોનું વિશેષ જોર હતું. એ બૌદ્ધો **હરિભદ્રસૂરિની વિદ્વત્તાથી** બળી જતા હતા એટલે લાગ મળતાં તેમણે એમના આ બે શિષ્યોને મારી નાખ્યા. આ અશુભ સમાચાર મળતાં હરિભદ્રસૂરિને ખૂબ શોક થયો અને એમણે અનશન આદરી જીવનનો અન્ત લાવવાનો નિર્ણય કર્યો. એઓ પ્રવચન-પ્રભાવક હતા એટલે એમને આ નિર્ણય ફેરવવા માટે સમજાવાયું અને એઓ માની ગયા. એમણે અનેક કૃતિઓ રચી અને તેને જ શિષ્યરૂપે ગણી લીધી.

**હંસ ને પરમહંસ—પ્રભાવકચરિત્ર** પ્રમાણે હરિભદ્રસૂરિને [1]**હંસ** અને [2]**પરમહંસ** એ નામના બે શિષ્યો હતા. એ બંને શિષ્યો સંસારપક્ષે એમના ભાણેજ થતા હતા. આ શિષ્યોનો શાસ્ત્રાભ્યાસ, **બૌદ્ધ** તર્ક ભણવા માટે બૌદ્ધોના નગરમાં એમનું ગમન, તેમની જૈન તરીકેની પરીક્ષા, તેમનું પલાયન અને બૌદ્ધો સાથે એમની લડાઇ, **હંસ**નું મૃત્યુ, **પરમહંસ**નું **સૂરપાળ** રાજાને શરણે જવું, બૌદ્ધો સાથે એમણે કરેલો વાદ, **ચિત્રકૂટ**માં એમનું નાસી આવવું અને **હંસ**નો અને પોતાનો વૃત્તાન્ત કહેતાં એમનું થયેલું મરણ, **હરિભદ્રસૂરિ**નો ક્રોધ, બૌદ્ધોની સાથે એમનો વાદવિવાદ, મતાંતર પ્રમાણે મહામંત્રના પ્રભાવથી **હરિભદ્રસૂરિની** તપેલા તેલમાં બૌદ્ધ મતના સાધુઓને હોમવાની તૈયારી, અને **જિનભટસૂરિ** દ્વારા તેમને મળેલો સદુપદેશ એ બાબતો **પ્રભાવકચરિત્ર**માં અપાઇ છે, પણ તે કેટલે અંશે વિશ્વાસપાત્ર છે તે વિચારવા જેવું છે. એની સત્યતા સાબિત ન થાય ત્યાં સુધી તો હું **કહાવલી**માંની હકીકતને પસંદ કરું છું.

---

૧-૨. શું હંસ અને પરમહંસ એવાં નામ પ્રાચીન સમયના જૈન શ્રમણનાં હોય ખરાં કે પછી આ તો ઉપનામ છે?

**ઉદ્દ્યોતનસૂરિ**—**કુવલયમાલા**ના રચનાર ઉદ્દ્યોતનસૂરિ છે. આ પાઇય કૃતિની પ્રશસ્તિનું ત્રીજું પદ્ય વિચારતાં એમ ભાસે છે કે હરિભદ્રસૂરિએ એમને ન્યાયનો અભ્યાસ કરાવ્યો હતો. આ **કુવલયમાલા** **શક**સંવત્ ૭૯૯માં એક દિવસ ઓછો હતો ત્યારે પૂર્ણ કરાઈ હતી એટલે કે એ વિ. સં. ૮૩૫ (ઇ. સ. ૭૭૮)ની રચના છે.

**સિદ્ધર્ષિ**—એમણે વિ. સં. ૯૬૨માં **ઉપમિતિભવપ્રપંચકથા** રચી છે. એની પ્રશસ્તિના પંદરમા પદ્યમાં એમણે હરિભદ્રસૂરિને **"मे धर्मबोधकरो गुरुः"** કહ્યા છે. આગળપાછળનો વિચાર નહિ કરનારા આ ઉપરથી **હરિભદ્રસૂરિ** અને **સિદ્ધર્ષિ**ને **સમકાલીન** માનવા પ્રેરાયા છે અને પ્રેરાય, પણ એ એમની ભ્રાન્તિ છે એ વાત આ પ્રશસ્તિનું ૧૭મા પદ્ય વગેરે લક્ષ્યમાં લેનાર સહેજે સમજી શકશે.

**સમયનિર્ણય**—હરિભદ્રસૂરિની કોઈ પણ ઉપલબ્ધ કૃતિમાં એનું રચના-વર્ષ જણાવાયું નથી, પરંતુ કેટલીક કૃતિમાં કેટલાક અજૈન ગ્રન્થકારોનાં નામ તેમજ કેટલીક અજૈન કૃતિઓનો ઉલ્લેખ છે. આવી પરિસ્થિતિમાં એમના સમય માટે અનુમાન તેમજ અન્ય સાધનોનો ઉપયોગ કરી એમના સમયનો નિર્ણય વિદ્વાનોએ કર્યો છે, પરંતુ તેમાં એકવાક્યતા નથી. **આ**ગમોદ્ધારકાદિને મતે હરિભદ્રસૂરિ **વી**રસંવત્ ૧૦૫૫ અર્થાત્ **વિ**ક્રમસંવત્ ૫૮૫માં હતા. આમ માનવા માટે બે પાઇય પદ્યો તેમજ પૂર્વશ્રુતરૂપ દીપકનો સહેજસાજ પ્રકાશ હરિભદ્રસૂરિના સમયમાં પડતો હતો એવું અનુમાન આગળ કરાય છે. બીજી બાજુ હરિભદ્રસૂરિને **કુવલયમાલા**ના કર્તાના વિદ્યાગુરુ માનતાં તેમજ **ધર્મ**કીર્તિ, **ધર્મ**પાલ, **શુ**ભગુપ્ત વગેરે બૌદ્ધોનો ઉલ્લેખ વિચારતાં જિનવિજયજી વગેરે વિદ્વાનોનું કહેવું એ છે કે હરિભદ્રસૂરિનો જીવનકાલ વિ. સં. ૭૫૭થી ૮૨૭ છે. **ભ**ગવદ્દત્તની માન્યતા મુજબ **આ**ગમોદ્ધારકનો મત બરાબર છે, કેમકે આ વિદ્વાનની માન્યતા પ્રમાણે **ધર્મ**કીર્તિ અને કુમારિલ ઇ. સ. ૬૦૦ પહેલાં થઈ ગયાં છે, અને **ધર્મ**પાલનું મૃત્યુ ઈ. સ. ૫૭૦માં થયું છે.

જયન્ત ભટ્ટની **ન્યાયમંજરી**માંથી **ષડ્દર્શનસમુચ્ચય**માં ઉદ્ધરણ થયું છે એમ કેટલાક સાક્ષરોનું માનવું છે. આથી એક દિગંબર સાક્ષરે તો હરિભદ્રસૂરિ ઇ. સ. ૮૧૦ સુધી વિદ્યમાન હતા એવો મત ઉચ્ચાર્યો છે, કેમકે એમના મતે **ન્યાયમંજરી** ઇ. સ. ૮૦૦ની લગભગમાં રચાઈ છે. આ સંબંધમાં મેં બે પ્રશ્નો **અનેકાન્તજયપતાકા** (ખણ્ડ ૨)ના ઉપોદ્ઘાત (પૃ. ૪૨)માં રજૂ કર્યા છે. એ તરફ બહુશ્રુતોનું હું સાદર લક્ષ્ય ખેંચું છું. સાથે સાથે આ ઉપોદ્ઘાત (પૃ. ૧૨૨)માં નોંધેલી બે બાબતો વિચારવા જેવી હોવાથી એ હું અહીં આપું છું અને આ પ્રશ્નના વાસ્તવિક ને અંતિમ ઉકેલ માટે અભિલાષી વિદ્વાનોને એ સંબંધમાં પોતાનું વક્તવ્ય સપ્રમાણ રજૂ કરવા વિનવું છું:—

**આવસ્સય**ના ઉપરની હરિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૬૩૪ આ) ઉપરના ટિપ્પણમાં 'મલધારી' હેમચન્દ્રસૂરિ કહે છે:—

**"इह वक्ष्यमाणान्युत्तरादीनि नक्षत्राणि पञ्चचत्वारिंशन्-मुहूर्तभोक्तृणि सार्धक्षेत्राण्युच्यन्ते. सार्धदिनभोक्तृणि यावत्, एवमश्विन्यादीन्यप्येकदिनभोक्तृणि समक्षेत्राण्युच्यन्ते, शतभिषगादीनि त्वर्धदिनभोक्तृणि अपार्धभोगीण्याख्यायन्ते, तेषां च किल चिरन्तनज्योतिष्कग्रन्थेष्वित्थमेव भुक्तिरासीत्, न तु यथा साम्प्रतं सर्वाण्यप्येकदिनभोगीनीति भावः"**

આ દ્વારા એ વાત સૂચવાઈ છે કે અહીં ઉત્તરા વગેરે નક્ષત્રોનો ભોગકાળ ૪૫ મુહૂર્તનો એટલે કે દોઢ દિવસનો, અશ્વિની વગેરેનો એક દિવસનો અને શતભિષગ્ વગેરેનો અડધા દિવસનો દર્શાવેલ છે. આ પ્રમાણેનો ભોગકાળ જ્યોતિષના [1]પ્રાચીન ગ્રન્થોમાં હતો, પરંતુ અત્યારે તો બધાં નક્ષત્રોનો ભોગકાળ એક દિવસનો જ ગણાય છે.

આથી સવાલ એ ઊભો થાય છે કે કેટલાંક નક્ષત્રોનો ભોગકાળ જે પૂર્વે ૪૫ મુહૂર્તનો, કેટલાંકનો ૩૦નો અને કેટલાંકનો ૧૫ એમ

૧. દા. ત. **દેવિંદથય** (ગા. ૧૦૨-૪)માં નક્ષત્રોનો ભોગકાળ પ્રાચીન રીતિએ દર્શાવાયો છે.

હતો તેને બદલે બધાંનો એક દિવસનો ક્યારથી થયો? હરિભદ્રસૂરિએ જે ભોગકાળ લખ્યો છે તે શું એમના સમયની માન્યતા છે કે એમની પૂર્વેની માન્યતાને એમણે રજૂ કરી છે?

હરિભદ્રસૂરિએ **આવસ્સય**ની ટીકાના પત્ર ૭૯૪ આમાં નીચે પ્રમાણે કથન કર્યું છે:–

**"संवच्छरिए य आवस्सए कए पाओसिए पज्जोसवणाकप्पो कड्ढिज्जति । सो पुण पुव्विं च अणागयं पञ्चरत्तं कहिज्जइ य । एसा सामायारि त्ति ।"**

આ ઉપરથી એમ લાગે છે કે સંવત્સરીને દિવસે રાતે છેલ્લો વખત આવે ત્યારે **પજ્જોસવણાકપ્પ (કલ્પસૂત્ર)**નું કર્ષણ (કથન) કરાય છે. આ પણ રાત્રિએ જ અને તે પણ સાધુઓમાં અર્થાત્ સભામાં કે સંઘ સમક્ષ કર્ષણ કરવાનું એ સમયે ન હતું. આથી પ્રશ્ન ઉદ્ભવે છે કે **પજ્જોસવણાકપ્પ** સ્થળે સ્થળે સભાની સમક્ષ વાંચવાનું કોણે ક્યારથી શરૂ કર્યું?

એમ જણાય છે કે **નિસીહ**ની ચુણ્ણિની રચના પહેલાં–અર્થાત્ એના કર્તા **જિનદાસગણિ** મહત્તરના સમય પૂર્વે **પજ્જોસવણાકપ્પ** [1]'**આ**નંદપુર' નગરમાં મૂળ ચૈત્યમાં સર્વ જનોની સમક્ષ વંચાતું હતું[2]

---

૧. અહીં મુનિઓના મેળાવડા થયા હતા. આ નગર ક્યાં સુધી વિદ્યમાન હતું અને એની પ્રધાનતા ક્યાં સુધી રહી?

૨. આના સમનાર્થે હું **નિસીહ** (ઉ. ૧૦)ના ભાસ અને એની ચુણ્ણિના પાઠ અનુક્રમે રજૂ કરું છું:—

**"दिवसतो ण चेव कप्पति, खेत्तं च पडुच्च सुणेज्जमण्णेसिं ।**
**असती य व इयरेसिं, दंडिगमभत्थितो कड्ढे ॥ ६०९ ॥"**

**"पज्जोसवणाकप्पो दिवसतो कड्ढिउं ण चेव कप्पति, जत्थ वि खेत्तं पडुच्च कड्ढिज्जति, जहा दिवसतो आणंदपुरे मूलचेतियघरे सव्वजणसमक्खं कड्ढिज्जति, तत्थ वि साहू ण कड्ढेति, पासत्थो. कड्ढति, तं साहू सुणेज्जा, ण दोसो, पासत्थाण वा कट्ठगस्स असति डंडगेण वा अब्भट्ठिओ सड्ढेहिं वा ताहे दिवसतो कड्ढति" (हाथपोथी भा. १, पत्र ३५५)**

અને બીજે બધે તો સાધુઓ રાત્રે સમુદાયની અંદર મોઢેથી કહેતા હતા.[1] પરંતુ અવસ્થાનરૂપ પર્યુષણમાં પાંચ દિવસ અગાઉના પહેલાંના) પાંચ રાત્રિ અગાઉના કર્ષણને માટે ઉલ્લેખ છે.

## હરિભદ્રસૂરિ અને સિદ્ધસેનગણિમાં પહેલા કોણ ?

પ્રસ્તુત **હરિભદ્રસૂરિ**[2] **તત્ત્વાર્થસૂત્ર**ના ટીકાકાર **સિદ્ધસેનગણિ** કરતાં પહેલા થયા છે કે પછી એ પ્રશ્ન કેટલાકે ઉઠાવ્યો છે. આથી એમને નીચે મુજબની બાબતો વિચારી પોતાનું મંતવ્ય સપ્રમાણપણે રજૂ કરવા વિનવું છું:—

૧. **वीरं प्रणम्य**થી શરૂ થતું પદ્ય ત૦ સૂ૦ની દેવગુપ્તસૂરિકૃત ટીકા (પૃ. ૧)માં છે. તે નહિ જેવા ફેરફાર સાથે હારિભદ્રીય ટીકા (પત્ર ૧)માં પણ જોવાય છે. તો આ એમાંથી શું એકે બીજામાંથી લીધું છે કે કેમ? જો લીધું હોય તો કોણે કોનું અનુકરણ કર્યું છે?

૨. ઉપર્યુક્ત પદ્ય જે હારિભદ્રીય ટીકામાં છે તેમાં જે **संक्षेपतः** શબ્દ છે તેને સિદ્ધસેનીય ટીકા (શ્લો. ૩, પૃ. ૧૯) સાથે સંબંધ છે કે કેમ?

૩. સંબંધકારિકાની વ્યાખ્યા વિસ્તારથી હારિભદ્રીય ટીકામાં જ જોવાય છે એમ કહેવું બરાબર છે? એમ હોય તો તેનું શું કારણ છે?

---

૧. અહીં એ પ્રશ્નો નોંધવાનું મન થાય છે:—

(આ) ુવસેન રાજાના સમય પર પ્રકાશ પાડનાર સાધનોમાં **મુનિસુન્દરસૂરિ**કૃત **જિનસ્તોત્રરત્નકોશ** (પ્રસ્તાવ ૧, સ્તોત્રરત્ન ૫, શ્લો. ૧૧; જૈનસ્તોત્રસંગ્રહ ભા. ૨, પૃ. ૫૬) સૌથી પ્રાચીન સાધન છે કે એથી વધારે પ્રાચીન અન્ય સાધન છે?

(આ) મુનીશ્વર **સ્થૂલભદ્ર**નાં જે વિવિધ ચરિત્રો મળે છે એ પૈકી કોઈમાં પણ પર્યુષણની આરાધનાનું નિરૂપણ કરતી વેળા **પજ્જોસવણાકપ્પ** સાંભળવાની વાત છે? જો ન જ હોય તો એમ કેમ?

૨. આ નામ **મલયગિરિસૂરિ**એ **જીવાજીવાભિગમ**ની વૃત્તિ (પત્ર ૯ આ-)માં આપ્યું છે.

૪. સિદ્ધસેનીય ટીકા (પૃ. ૨૯)ની પહેલી પંક્તિમાં "**पूर्वस्य लाभ इति**"થી શરૂ થતો અને છટ્ઠી પંક્તિમાં **व्याख्यायि**થી સમાપ્ત થતો પાઠ હારિભદ્રીય ટીકા (પત્ર ૧૬)માં મળે છે તે શું સૂચવે છે?

૫. સિદ્ધસેનીય ટીકા (પૃ. ૧૭૬)માં "**हेतुकाल**"થી શરૂ થતો અને "**उत्तरम्**"થી પૂર્ણ થતો પાઠ **નંદી**ની હારિભદ્રીય ટીકા (પત્ર ૮૦)માં મળે છે એનું શું કારણ?

૬. સિદ્ધસેનગણિકૃત ટીકા (પૃ. ૫૭–૫૮)માં **तदावरणीय**ની જે વ્યાખ્યા છે તેનો હારિભદ્રીય ટીકા (પત્ર ૪૨)ગત વ્યાખ્યા સાથે શો સંબંધ છે?

**વગ્ગકેવલિયસુત્તની વૃત્તિ**—વારાણસીમાં વાસુકિ નામે એક શ્રાવક હતો. તેને કોઈ સ્થળેથી **વગ્ગકેવલિયસુત્તની** હાથપોથી મળી, પરંતુ એ એનો અર્થ સમજી શક્યો નહિ.

એક વેળા આ શ્રાવક ચિત્રકૂટમાં આવ્યો અને એણે આ પોથી હરિભદ્રસૂરિને આપી. સંઘે એની વિવૃતિ રચવા એમને વિજ્ઞપ્તિ કરી અને આચાર્યે એ સ્વીકારી.

આગળ જતાં સંઘમાંના પ્રતિષ્ઠિત પુરુષોને એમ લાગ્યું કે આવા પાપગ્રન્થનું પ્રકાશન આ કાળમાં ઉચિત નથી એટલે આ વિવૃતિનો નાશ કરવા એમણે હરિભદ્રસૂરિને વિનવ્યા અને એમણે એમ કર્યું.

આ પ્રમાણે આ પાપગ્રન્થની પ્રાપ્તિ તેમજ એની વિવૃતિની રચના અને એના નાશની વાત **કહાવલી**માં અપાઈ છે.[1]

પૃ. ૨૬ માં મેં જે વર્ગકેવલિવૃત્તિનો નિર્દેશ કર્યો છે તે આ જ વિવૃતિ છે.

**ગ્રન્થોની સંખ્યા**—અભયદેવસૂરિ, મુનિચન્દ્રસૂરિ અને વાદિદેવસૂરિએ પોતપોતાની કૃતિમાં હરિભદ્રસૂરિને ૧૪૦૦ ગ્રન્થોના પ્રણેતા કહ્યા છે.

---

૧. આને લગતો પ્રસ્તુત ભાગ જૈનયુગ" (વ. ૧, અં. ૩)માં છપાયો છે.

રાજશેખરસૂરિએ પ્રબન્ધકોશ યાને ચતુર્વિંશતિપ્રબન્ધમાં હરિભદ્રસૂરિના ગ્રન્થોની સંખ્યા ૧૪૪૦ની જણાવી છે.

રત્નશેખરસૂરિએ અને વિજયલક્ષ્મીસૂરિએ આ સંખ્યા ૧૪૪૪ની દર્શાવી છે.

શંકરાચાર્યના પુરોગામી અને મહાનિસીહના એક ઉદ્ધારક હરિભદ્રસૂરિએ જે ગ્રન્થો ખરેખર રચ્યા છે તેમજ જે એમની કૃતિ તરીકે કેટલાક કોઇક કારણસર ગણે છે તેનાં નામ વગેરે હું નીચે મુજબ રજૂ કરું છું:—

*(૧) અનુયોગદ્વારસૂત્રવિવૃતિ યાને શિષ્યહિતા. આ અણુઓગદ્દાર નામના આગમની સંસ્કૃતમાં વિવૃતિ છે. (૫૩)[1]

*(૨) અનેકાન્તજયપતાકા. અનેકાન્તવાદ યાને સ્યાદ્વાદનું આમાં નિરૂપણ છે. 'યોગાચાર' નામની બૌદ્ધ શાખાના મંતવ્યનું અહીં ખંડન છે. (૧૭-૨૦)

*(૩) અનેકાન્તજયપતાકોદ્દ્યોતદીપિકા. અ૦ જ૦ પ૦ની આ સ્વોપજ્ઞ વૃત્તિ છે. (૨૦-૨૧)

(૪) અનેકાન્તપ્રઘટ્ટ. આ વિષે કશું ખાસ જાણવામાં નથી.

*(૫) અનેકાન્તવાદપ્રવેશ. અ૦ જ૦ પ૦નો આ સંક્ષેપ હોય એમ લાગે છે. એમ હોય તો પણ આમાં 'યોગાચાર' મતના ખંડનને સ્થાન અપાયું નથી. (૨૨)

(૬) અનેકાન્તસિદ્ધિ, અ૦ જ૦ પ૦માં આનો ઉલ્લેખ છે. આનો વિષય સ્યાદ્વાદ હોય એમ લાગે છે. (૨૩)

(૭) અર્હચ્છ્રીચૂડામણિ. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

---

* આ ચિહ્ન એ સૂચવે છે કે આ છપાયેલ છે.

૧. આ અંક અ. જ. પ.ના ખંડ ૨ના ઉપોદ્ઘાતના પૃષ્ઠનો છે કે જ્યાં આને અંગે થોડીક માહિતી અપાયેલી છે.

*(૮) અષ્ટકપ્રકરણ (વિરહાંકિત). આમાં ક્ષણિકવાદ, નિત્યવાદ વગેરે અનેક વિષયો છે.[૧] (૨૩)

(૯) આત્મસિદ્ધિ. આમાં આત્માની સિદ્ધિ કરાઈ હશે. (૨૩)

(૧૦) આવશ્યકસૂત્રબૃહદ્વૃત્તિ. આ આવસ્સય નામના આગમની મોટી વૃત્તિ છે. એ મળતી નથી. (૫૪)

(૧૧) આવશ્યકસૂત્રવિવૃતિ યાને શિષ્યહિતા. આ આવસ્સયની ટીકા છે. (૫૪–૫૬)

*(૧૨) ઉપદેશપ્રકરણ. આ ઉવએસપયપગરણ (ઉપદેશપ્રકરણ) તો નથી ને ?

*(૧૩) ઉવએસપયપગરણ (વિરહાંકિત). આ ૧૦૩૯ પદ્યોમાં આર્યામાં રચાયેલી ધર્મકથાનુયોગની કૃતિ છે. (૨૩–૨૪)

(૧૪) ઓઘનિર્યુક્તિવૃત્તિ. આ ઓહનિજ્જુત્તિની વૃત્તિ છે. એ મળતી નથી. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

(૧૫) કથાકોશ. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

(૧૬) ક્ષેત્રસમાસવૃત્તિ. આ ક્ષેત્રસમાસની ટીકા છે. જેસલમેરમાં આની પ્રત છે. (૬૯)

(૧૭) ચૈત્યવન્દનભાષ્ય. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯) શું આ લલિતવિસ્તરાથી ભિન્ન કૃતિ છે ?

(૧૮) જંબુદ્દીવસંગહણી. આમાં જંબૂદ્વીપ વિષે અધિકાર હશે.

(૧૯) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા. આ જંબુદ્દીવપણ્ણત્તિની ટીકા હોવી જોઈએ.

---

૧. 'ધર્મવાદ' નામના તેરમા અષ્ટકમાં પાંચમાં પદ્ય તરીકે **ન્યાયાવતાર**નો બીજો શ્લોક અપાયો છે. એના ચોથા પદ્યમાં આના કર્તા તરીકે 'મહામતિ'નો ઉલ્લેખ છે. આના ઉપર વિ. સં. ૧૦૮૦માં **જિનેશ્વરસૂરિએ** વૃત્તિ રચી છે અને એમાં 'મહામતિ' એટલે 'સિદ્ધસેન દિવાકર' એવો ઉલ્લેખ છે.

(૨૦) જિણહરપડિમાથોત્ત (જિનગૃહપ્રતિમાસ્તોત્ર). આમાં ત્રૈલોક્યમાં રહેલી જિનપ્રતિમાનો નિર્દેશ છે. (૧૨૩)

(૨૧) જીવાજીવાભિગમસૂત્રલઘુવૃત્તિ. આ જીવાજીવાભિગમ નામના આગમની વૃત્તિ છે. આ હજી સુધી અપ્રસિદ્ધ છે. (૫૯)

(૨૨) તત્ત્વતરંગિણી.

*(૨૩) તત્ત્વાર્થસૂત્રલઘુવૃત્તિ યાને ડુપડુપિકા. આ તત્ત્વાર્થસૂત્રની અપૂર્ણ ટીકા છે. (૬૩–૬૪)

(૨૪) ત્રિભંગીસાર.

*(૨૫) દંસણસુદ્ધિ (દર્શનશુદ્ધિ) યાને સમ્યક્ત્વસપ્તતિકા. આમાં સમ્યક્ત્વનો અધિકાર છે. (૨૪)

(૨૬) દરિસણસત્તરિ (દર્શનસપ્તતિ) યાને સાવગધમ્મપગરણ. આમાં શ્રાવકધર્મ વર્ણવાયો છે. (૨૪–૨૫)

*(૨૭) દશવૈકાલિકસૂત્રટીકા યાને શિષ્યબોધિની. આ દસવેયાલિય નામના આગમની મોટી વૃત્તિ છે. (૫૯–૬૦)

(૨૮) દશવૈકાલિકસૂત્રલઘુવૃત્તિ. આ દસવેયાલિયની નાની ટીકા છે. એ મળતી નથી. (૫૯)

(૨૯) દિનશુદ્ધિ.

(૩૦) દેવેન્દ્રનરેન્દ્રપ્રકરણ.

(૩૧) દ્વિજવદનચપેટા. આમાં વૈદિકોની હાસ્યાસ્પદ બાબતોનું નિરસન હશે.

*(૩૨) ધમ્મસંગહણિ (ધર્મસંગ્રહણિ) (વિરહાંકિત). આમાં ચાર્વાક મતનું ખંડન તેમજ પાંચ પ્રકારનાં જ્ઞાન, સર્વજ્ઞતાની સિદ્ધિ, મુક્તિમાં સુખ વગેરે બાબતોનું નિરૂપણ છે. (૨૫–૨૬)

*(૩૩) ધર્મબિન્દુ (વિરહાંકિત). આમાં ગૃહસ્થનો–શ્રાવકનો તેમજ સાધુનો ધર્મ સમજાવેલ છે. (૨૬–૨૭)

(૩૪) ધર્મલાભસિદ્ધિ. આ સુમતિગતિએ નોંધેલ છે. (૬૯)

(૩૫) ધર્મસાર. પુરુષાર્થ વગેરે બાબત ઉપર પ્રકાશ પાડનારી આ કૃતિ પર મલયગિરિસૂરિએ ટીકા રચી છે. શું એ પણ મળતી નથી?

*(૩૬) ધુત્તક્ખાણ (ધૂર્તાખ્યાન). વૈદિક દેવોનો અને મંતવ્યોનો આમાં વિનોદવૃત્તિએ ઉપહાસ છે. (૧૨૩–૧૨૭)

(૩૭) ધ્યાનશતકવૃત્તિ. આ શું આવશ્યકસૂત્રવિવૃતિનો ભાગ નથી?

*(૩૮) નંદીસૂત્રટીકા યાને નન્દ્યધ્યયનટીકા. આ નંદી નામના આગમની ટીકા છે. (૬૦–૬૧)

*(૩૯) નાણાપંચગવક્ખાણ (જ્ઞાનપંચકવ્યાખ્યાન). આમાં પાંચ જ્ઞાનનો અધિકાર છે. (૭૦)

(૪૦) નાણાયત્તક. આની ચતુર્વિંશતિપ્રબન્ધમાં નોંધ છે. (૭૦)

(૪૧) નાણાચિત્તપયરણ (નાનાચિત્રપ્રકરણ). આમાં ધર્મનું સ્વરૂપ છે. (૭૧)

*(૪૨) ન્યાયપ્રવેશકવ્યાખ્યા યાને શિષ્યહિતા. આ ન્યાયપ્રવેશક નામની બૌદ્ધ કૃતિની ટીકા છે. (૫૬–૫૯)

(૪૩) ન્યાયવિનિશ્ચય.

(૪૪) ન્યાયાવતારવૃત્તિ. આ ન્યાયાવતારની ટીકા મળે છે? (૬૪)

(૪૫) પંચનિયંઠી. આ પં. હરગોવિંદદાસે નોંધેલ છે. (૭૦)

(૪૬) પંચલિંગી. આની ચતુર્વિંશતિપ્રબન્ધમાં નોંધ છે. (૭૦)

*(૪૭) પંચવત્થુગ (પંચવસ્તુક). આમાં દીક્ષા, સાધુઓનો દૈનિક આચાર, ગચ્છવાસ વગેરે બાબતો છે. (૨૭–૨૮)

*(૪૮) પંચવસ્તુકટીકા (વિરહાંકિત). આ પંચવત્થુગની ટીકા છે. (૨૭–૨૮)

*(૪૯) પંચસૂત્રવ્યાખ્યા. આ પંચસુત્ત નામના પ્રાચીન અને પાઇયમાં રચાયેલી નાનીસરખી પણ મહત્ત્વની કૃતિની ટીકા છે. (૬૪–૬૫)

(૫૦) પંચસ્થાનક.

*(૫૧) પંચાસગ (પંચાશક) (વિરહાંકિત). આમાં શ્રાવકધર્મ, દીક્ષા, ચૈત્યવંદન, પૂજા વગેરે અનેક બાબતો છે. (૨૮–૨૯)

(૫૨) પરલોકસિદ્ધિ. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

(૫૩) પિણ્ડનિર્યુક્તિવૃત્તિ. આ પિંડનિજ્જુત્તિની ટીકા છે. એ શું મળે છે? (૬૧)

*(૫૪) પ્રજ્ઞાપનાસૂત્રપ્રદેશવ્યાખ્યા. આ પણ્ણવણાની ટીકા છે. છે. એનો થોડોક ભાગ છપાયો છે. (૬૧–૬૨)

(૫૫) પ્રતિષ્ઠાકલ્પ.

(૫૬) બૃહન્મિથ્યાત્વમથન. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

(૫૭) બોટિકપ્રતિષેધ. આમાં દિગંબર મતનું ખંડન છે. (૭૧)

(૫૮) ભાવનાસિદ્ધિ. આમાં ભાવનાનો કે વૈરાગ્યનો અધિકાર હશે. (૨૯–૩૦)

(૫૯) ભાવાર્થમાત્રાવેદિની. આ અ૦ જ૦ પ૦ની ટીકા છે. (૨૧)

(૬૦) યતિદિનકૃત્ય.

(૬૧) યશોધરચરિત. આમાં યશોધરનું વૃત્તાન્ત હશે.

*(૬૨) યોગદૃષ્ટિસમુચ્ચય. આમાં ઇચ્છા–યોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્ય–યોગનું નિરૂપણ છે. (૩૦–૩૧)

*(૬૩) યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ. આ યોગદૃષ્ટિસમુચ્ચયની ટીકા છે. (૩૧)

*(૬૪) યોગબિન્દુ (વિરહાંકિત). આનો વિષય અધ્યાત્મ છે. (૩૧–૩૩)

(૬૫) યોગશતક. આની ચતુર્વિંશતિપ્રબન્ધમાં નોંધ છે. (૭૦)

(૬૬) લગ્ગકુંડલિયા (લગ્નકુણ્ડલિકા) યાને લગ્ગસુદ્ધિ (લગ્નશુદ્ધિ). આ જ્યોતિષનો ગ્રન્થ છે. (૩૪)

(૬૭) લઘુક્ષેત્રસમાસ.

(૬૮) લઘુક્ષેત્રસમાસવૃત્તિ. આ લઘુક્ષેત્રસમાસની વૃત્તિ હોવી જોઇએ.

*(૬૯) લલિતવિસ્તરા યાને ચૈત્યવન્દનસ્તવવૃત્તિ (વિરહાંકિત).

આ ચૈત્યવંદનસૂત્રની વૃત્તિ છે. એમાં અનેક અજૈન મંતવ્યોનું નિરસન છે. (૫૬–૫૯)

*(૭૦) લોકતત્ત્વનિર્ણય યાને નૃતત્ત્વનિગમ. આમાં વિષ્ણુ વગેરે વૈદિક દેવોનાં દુષ્કૃત્યોની નોંધ છે. આમાં લોકનું સ્વરૂપ સમજાવાયું છે. (૩૪–૩૫)

(૭૧) લોકબિન્દુ.

(૭૨) વર્ગકેવલિવૃત્તિ. આ ટીકા છે. (૬૫–૬૬) વિશેષ માટે જુઓ પૃ. ૨૯–૨૧.

(૭૩) વિશેષાવશ્યકવૃત્તિ. આ વિસેસાવસ્સયની વૃત્તિ હોવી જોઇએ.

(૭૪) વીરથય.

*(૭૫) વીસવીસિયા (વિંશતિવિંશતિકા). આમાં દાન, પૂજા વગેરે અનેક બાબતો છે. (૩૫–૩૮)

(૭૬) વેદબાહ્યતાનિરાકરણ. આ દ્વિજવદનચપેટા તો નથી ?

(૭૭) વ્યવહારકલ્પ.

*(૭૮) શાસ્ત્રવાર્તાસમુચ્ચય. આમાં આત્મા, હિંસા, સર્વજ્ઞતા ઇત્યાદિ વિષેની જૈન માન્યતા અપાઇ છે. વળી વૈદિક, બૌદ્ધ, સાંખ્ય, બ્રહ્માદ્વૈત વગેરેનાં કેટલાંક મંતવ્યોનું નિરસન છે. (૩૮–૪૧)

*(૭૯) શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકા યાને દિક્પ્રદા. આ શાસ્ત્રવાર્તા-સમુચ્ચયની ટીકા છે. (૩૮–૪૧)

(૮૦) શ્રાવકધર્મતન્ત્ર.

(૮૧) શ્રાવકધર્મસમાસવૃત્તિ. આ સાવગધમ્મસમાસની ટીકા છે. (૧૨૭)

(૮૨) શ્રાવકપ્રજ્ઞપ્તિ. આની ચતુર્વિંશતિપ્રબન્ધમાં નોંધ છે. આ જ શું સાવયપણ્ણત્તિ છે ? (૭૦)

*(૮૩) શ્રાવકપ્રજ્ઞપ્તિટીકા. આ શ્રાવકપ્રજ્ઞપ્તિની ટીકા હોવી જોઇએ.

(૮૪) શ્રાવકપ્રજ્ઞપ્તિસૂત્રવૃત્તિ

*(૮૫) ષડ્દર્શનસમુચ્ચય. આમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય વગેરે દર્શનોનો સંક્ષેપમાં પદ્યમાં પરિચય અપાયો છે. (૪૧–૪૪)

*(૮૬) ષોડશક (વિરહાંકિત). આ માટે જુઓ પૃ. ૮–૧૧.

*(૮૭) સંસારદાવાનલસ્તુતિ. આ ચાર પદ્યોની સ્તુતિ છે. (૪૬)

(૮૮) સંસ્કૃતાત્માનુશાસન. આ સુમતિગણિએ નોંધેલ છે. (૬૯)

(૮૯) સંકિતપંચસી.

(૯૦) સંગ્રહણીવૃત્તિ. આ સંગ્રહણીની ટીકા છે. આની પ્રત જેસલમેરમાં છે. (૬૯)

*(૯૧) સમરાઇચ્ચચરિય (સમરાદિત્યચરિત્ર). આ સમરાદિત્યનું ચરિત્ર છે. તેમાં વેરની પરંપરાનો આબેહુબ ચિતાર છે. (૪૬–૫૦)

(૯૨) સંપંશ્રસિત્તરિ. આ નામ અશુદ્ધ જણાય છે. એ હરગોવિંદદાસે નોંધેલ છે. (૭૦)

(૯૩) સંબોધસિત્તરિ.

*(૯૪) સંબોહપયરણ (સંબોધપ્રકરણ) યાને તત્ત્વપયાસગ (તત્ત્વપ્રકાશક) (વિરહાંકિત ?). આમાં દેવ, ગુરુ, વગેરેનું નિરૂપણ છે. (૫૦)

*(૯૫) સર્વજ્ઞસિદ્ધિ. આમાં સર્વજ્ઞતા સિદ્ધ કરાઈ છે. (૫૦–૫૧)

(૯૬) સર્વજ્ઞસિદ્ધિટીકા. આ સર્વજ્ઞસિદ્ધિની ટીકા છે. (૫૦–૫૧)

(૯૭) સાવગધમ્મ (શ્રાવકધર્મ). આમાં સમ્યક્ત્વ, શ્રાવકનાં ૧૨ વ્રત વગેરે હકીકત છે. (૧૨૭–૧૨૮)

(૯૮) સાવગધમ્મસમાસ (શ્રાવકધર્મસમાસ). આનું બીજું નામ સાવયપણ્ણત્તિ (શ્રાવકપ્રજ્ઞપ્તિ) છે. આમાં શ્રાવકનો ધર્મ સમજાવાયો છે.(૧૨૭)

(૯૯) સાસયજિણકિત્તણ

(૧૦૦) સ્યાદ્વાદકુચોદ્યપરિહાર. આમાં સ્યાદ્વાદ ઉપર કરાયેલા ખોટા આક્ષેપોનું નિરસન છે. (૫૧)

*(૧૦૧) હિંસાષ્ટક. આમાં હિંસાનું તેમ જ અહિંસાનું સ્વરૂપ વિચારાયું છે. (૫૧–૫૨)

*(૧૦૨) હિંસાષ્ટકાવચૂરિ. આ હિંસાષ્ટકની અવચૂરિ છે–નાની સરખી ટીકા છે. (૫૧–૫૨)

**નોંધ:**—૪, ૨૨, ૨૪, ૨૯, ૩૦, ૪૩, ૫૦, ૫૫, ૬૦, ૬૧, ૬૭, ૬૮, ૭૧, ૭૪, ૭૭, ૮૦, ૮૯, ૯૩ અને ૯૯ આ ક્રમવાળા ગ્રન્થો વિષે માહિતી મેળવવી બાકી છે. વિશેષમાં ઉપર્યુક્ત ગ્રન્થો પૈકી કેટલાક અભિન્ન હોય એમ લાગે છે, પણ એ વિષે અત્યારે નિર્ણય થઈ શકે તેમ નથી.

# વ્યાખ્યાનોનું વિહંગાવલોકન

પૃ. ૧૭૬માં કહ્યા મુજબ બાળ જીવો, મધ્યમ જીવો અને પંડિત જીવો આ ત્રણને ઉદ્દેશીને રચાયેલા **ષોડશક**ના બીજા ષોડશકના બારમા પદ્યના વિવરણરૂપ આ વ્યાખ્યાનો તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે વચનની [1]આરાધના [2]વડે ખરેખર ધર્મ છે એ વાત વિસ્તારથી દાખલા-દલીલો અને કિસ્સા-કહાનીઓ દ્વારા સમજાવાઇ છે. જેમ **ઠાણુંગ** (સ્થાનાંગ)નાં વ્યાખ્યાનોના અંતમાં પ્રશ્નો સૂચવી તેનો ઉત્તર આગળ ઉપર આપવાની વૃત્તિ વ્યાખ્યાતાએ દાખવી છે તેમ અહીં પણ પ્રત્યેક વ્યાખ્યાનના અંતે સવાલો રજૂ કરી એના ઉત્તર આગળ વિચારાશે એમ કહ્યું છે. અહીં જે પ્રત્યેક વ્યાખ્યાનના અંતમાં "અગ્રે વર્તમાન" એવો જે નિર્દેશ છે તેનો અર્થ આપણે વિચારીશું.

**અગ્રે વર્તમાન**—"આગળના કાળે જે બને તે ખરું" આમ આનો અર્થ કરાય છે. સાધુ કે સાધ્વીને ભિક્ષાર્થે ગૃહસ્થ તરફથી વિનંતિ કરાય ત્યારે તેમની તરફથી 'વર્તમાન જોગ' એવો ઉત્તર અપાય છે. ખપજોગી ભિક્ષા આપ્યા બાદ વિશેષ આપવાને માટે કે અન્ય કોઈ એષણીય પદાર્થ આપવા માટે વિનંતિ કરાય ત્યારે પણ તેઓ 'વર્તમાન જોગ' કહે છે. આનો પણ અર્થ 'અગ્રે વર્તમાન' છે.

**લક્ષણો**—કોઇ પણ વસ્તુનો બોધ મેળવવો હોય તો તેનું લક્ષણ જાણવાથી એ કાર્ય સુગમ થઇ પડે છે તો લક્ષણ શુદ્ધ સ્વરૂપમાં સચોટ રીતે રજૂ કરવું એ બાળકનો ખેલ નથી, કેમકે એ તો વસ્તુનો પૂરેપૂરો ખ્યાલ જેને હોય તેજ આ કામ કરી શકે. તેમાં સ્પષ્ટપણે અને સાદી ભાષામાં લક્ષણ આપવાનું કાર્ય વધારે મુશ્કેલ છે. તેમ છતાં આ વિકટ કાર્ય પણ વ્યાખ્યાતાને મન તો જાણે રમત છે, કારણ

---

૧ વચનની આરાધનાનું સ્વરૂપ પૃ. ૭માં વિચારાયું છે.

૨ કર્મણિ તૃતીયાનો હેતુ પૃ. ૬માં દર્શાવાયો છે.

કે એમનો અભ્યાસ ઉપરચોટિયો નથી, પણ ખરેખર તલસ્પર્શી છે. આની પ્રતીતિ કરાવવા માટે આ વ્યાખ્યાનોમાં અપાયેલાં લક્ષણોમાંથી કેટલાંક હું અહીં રજૂ કરું છું:—

**અતિશય**—દુનિયામાં બીજે ન હોય ને તે કોઇક જ બતાવી શકે તે 'અતિશય' (પૃ. ૭૦).

**અરિહંત**–વીસ સ્થાનક આરાધી જિનનામકર્મ બાંધી (પ્રાયઃ) દેવલોકમાં ગયા ને ત્યાંથી આવીને થયા તે અરિહંતો પૃ. (૯૧).

જેમની પુણ્યપ્રકૃતિ વિચિત્ર હોય તે 'તીર્થંકર' યાને 'અરિહંત' (પૃ. ૯૯).

**આરાધના**—શાસ્ત્રોનું કથન અને તે કથનની લેશ્યા સાચી માનીને અમલ કરવાની ધારણા રાખીને જે પ્રવૃત્તિ કરાય તેનું નામ 'આરાધના' (પૃ. ૨૩૧).

**આર્ય ને અનાર્ય**—થોડા અપરાધમાં હકાર, વધારે અપરાધમાં મકાર અને બહુ અપરાધમાં ધિક્કાર એ ત્રણ નીતિઓ જેમાં (જે જગ્યા પર) પ્રવર્તે તે 'આર્ય' તે સિવાયનો 'અનાર્ય' (પૃ. ૮).

જ્યાં ધર્મની પ્રવૃત્તિ હોય, સ્વપ્નામાં પણ ધર્મના અક્ષરો હોય તે 'આર્ય'; અને[1] જ્યાં સ્વપ્નામાં પણ 'ધર્મ' એવા અક્ષરો ન આવે તે 'અનાર્ય' (પૃ. ૯).

**આર્ય દેશ**—જ્યાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો ઉત્પન્ન થાય (થયા), થાય છે અને થશે તેવા જ દેશો 'આર્ય' ગણાય;[2] અને તે સિવાયના બીજા બધા 'અનાર્ય' (પૃ. ૮).

---

૧ આ હકીકત **શીલાંકસૂરિએ સૂયગડ** (સુય. ૧, અ. ૫, ઉ. ૧)ની ટીકામાં નીચે મુજબના અવતરણદ્વારા આપી છે:—

**"धम्मो अक्खराइं जेसु न णज्जति सुविणे वि"**

૨ આ વાત પણ અવતરણદ્વારા અપાઈ છે. એ નીચે મુજબ છે:—

**"...आरियं भणियं जत्थुप्पत्ति जिणाणं चक्कीणं राम-कण्हाणं ॥"**—એજન

**કાયા**—જીવના ભાગીદાર જે હોય તે 'કાયા' (પૃ. ૬૮).

**ક્રોધ**—ક્રોધ એટલે આત્મજ્વર (પૃ. ૬૫).

**ચિત્ત**—ચલાયમાન વિચારોનું સ્થાન તે 'ચિત્ત' (પૃ. ૨૪૬).

**જડ જીવન**—આ જીવે પોતાનું જીવપણું, આને ત્યાં ગરાણે મૂક્યું માટે તેનું નામ 'જડ જીવન' (પૃ. ૨૬૫).

**જેલ**—જેમાં જગતનો વ્યવહાર ન હોય તે 'જેલ' (પૃ. ૧૨૨).

**જૈન**—કર્મબંધના કારણ તરીકે અજ્ઞાન અને અવિરતિને માનનાર તે 'જૈન' (પૃ. ૨૭).

**દ્રવ્ય-શ્રુત**—સર્વજ્ઞ ભગવાન સિવાય બીજો બોલે તેનું નામ 'દ્રવ્યશ્રુત' (પૃ. ૨૨૭).

**ધર્મ**—દુર્ગતિમાં જતા જીવોને રોકે તેવું અનુષ્ઠાન કે જે સદ્ગતિ ન મળતી હોય તો મેળવી આપે તેનું નામ 'ધર્મ' (પૃ. ૨૩૫).

**ધ્યાન**—ચિત્તનો જે સ્થિર અધ્યવસાય તે 'ધ્યાન' (પૃ. ૨૪૬).

**નાસ્તિક**—શૂન્ય સરવાળાના સરવૈયાવાળા (તે) 'નાસ્તિકો' (પૃ. ૨૭).

**પુણ્ય**—જે (શુભ વસ્તુ)ને અંગે નિકાશનો પ્રતિબંધ ન હોય તે 'પુણ્ય' (પૃ. ૧૧૨).

**પુરુષાર્થ**—અનિષ્ટ દૂર કરી પ્રતિબંધોને દૂર કરીને ઇષ્ટ સિદ્ધ કરે તો જ 'પુરુષાર્થ' (પૃ. ૫૮).

**ફૂવડ**—રસોઈ થયા પછી ચૂલો સળગાવે તો તે 'ફૂવડ' (પૃ. ૨૫૬).

**બાળક, મધ્યમ બુદ્ધિ અને બુદ્ધ**—ચાલુ રિવાજને માત્ર દેખે તે 'બાળક'; રીતિને તપાસે, અવારનવાર પ્રસંગ પડયે જે કરવાનું હોય તે કરે તે દેખે તે 'મધ્યમ બુદ્ધિ'; અને તત્ત્વને પરખે તે 'બુદ્ધ' (પૃ. ૩૮-૩૯).

**બુધ**—આગમના રહસ્યની પરીક્ષામાં ઉતરનાર તે 'બુધ' (પૃ. ૬૨).

**ભક્તિ**—સર્વશક્તિમાન તીર્થંકરનાં વચનને અંગે પ્રવર્તવું તેનું નામ 'ભક્તિ' (પૃ. ૬).

**ભટકતી ને રખડતી પ્રજા**—મેળવીને લઈ જનાર તે 'ભટકતી પ્રજા' અને મેળવેલું મેલી જાય તે 'રખડતી પ્રજા' (પૃ. ૪૩).

**મહેલ**—જેમાં જગતનો વ્યવહાર હોય તે 'મહેલ' (પૃ. ૧૨૨).

**વચનની આરાધના**—વચનમાં કહેલી વાત સમજવી અને તે પ્રમાણે વર્તાવ કરવો તેનું નામ 'વચનની આરાધના' (પૃ. ૨૩૧).

**શ્રુત**—તીર્થંકરે જે વચનયોગથી કહ્યું તે 'શ્રુત' (પૃ. ૨૨૭).

**સિદ્ધપણું**—કાળનો કોળિયો કરનાર એક જ વસ્તુ તે સિદ્ધપણું' (પૃ. ૨૬૩).

**સૂક્ષ્મ નિગોદ**—કોઇ પણ જગ્યા પર શરીરની ભાગીદારી હોય તો તે 'સૂક્ષ્મ નિગોદ' (પૃ. ૨૩૩).

**હિન્દુ**—એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, ચોથે ભવ, પાંચમે ભવ આમ ભવાંતર કરનાર આત્મા તે 'હિન્દુ' (પૃ. ૧૬૯).

**મૂળ**—વ્યાખ્યાતા પોતાના ગાંઠની કોઇ વાત કહેતા નથી. જાણે કોઇ ને કોઇ પ્રૌઢ અને પ્રાચીન ગ્રન્થનો આધાર લીધા વિના તેઓ એક ડગલું પણ ભરવા ઇચ્છતા ન હોય એમ લાગે છે. દા. ત. પૃ. ૩૫માં "દાન શીલ,...લાવવામાં ગણે એ હકીકત જે એમણે કહી છે તે **અધ્યાત્મકલ્પદ્રુમ** (અધિ. ૯)ના નિમ્નલિખિત નવમા પદ્યને લક્ષ્યીને છે.

**"वशं मनो यस्य समाहितं स्यात्**
**किं तस्य कार्यं नियमैर्यमैश्च।**
**हतं मनो यस्य च दुर्विकल्पैः**
**किं तस्य कार्यं नियमैर्यमैश्च ? ॥९॥"**

## દાર્શનિક મુદ્દાઓ

**જૈન દર્શનની વિશિષ્ટતા**—જૈન દર્શન ઈતર દર્શનોથી કઇ કઇ બાબતમાં જુદું પડે છે તે હકીકત પ્રસંગોપાત્ત અપાઇ છે—સમજાવાઇ છેઃ

(૧) પરમેશ્વરની બાબતમાં જૈનોએ એને 'બતાવનાર' તરીકે માન્યો છે, જ્યારે બીજાઓએ એને 'બનાવનાર' તરીકે માન્યો છે. (પૃ. ૮૧)

(૨) કર્મ બાંધ્યાં તે ભોગવવાં જ પડે એ સિદ્ધાંત જૈનોનો નથી. (પૃ. ૧૧૫)

આ જ હકીકત પૃ. ૨૬માં વિસ્તારથી નીચે મુજબ અપાઇ છેઃ–

જૈનેતરો તમામ કહે છે કે 'કરે તે ભોગવે'[૧] તે જૈનો નહિ કહે. જૈનો તો એમ કહે કે જેટલો છૂટે નહિ, જેટલાં પચ્ચક્ખાણ ન કરે તેટલો ભારે થાય અને તેટલો જ ભોગવટો કરવો પડે.

(૩) [૨]જૈનેતરોને જ્ઞાન તે ભાડૂતી; જૈનને જ્ઞાન તે ઘરનું ગણાય. (પૃ. ૩૧ અને ૨૬૬)

(૪) જૈનોનો મોક્ષ તે ગુણનો દરિયો ત્યારે બીજાઓનો મોક્ષ તે શૂન્ય. (પૃ. ૩૨)

**કેવલીનું સ્વરૂપ અને સામર્થ્ય**—કેવલજ્ઞાનીનું સ્વરૂપ વિચારતાં પૃ. ૮૨માં કહ્યું છે કે "કેવલજ્ઞાની થયા હોય તેને સૂત્રનું આલંબન ન હોય."

"કેવલજ્ઞાનીને શાસ્ત્રમાં આમ કહ્યું છે માટે હું કહું છું તેમ નહિ." (પૃ. ૧૩૭)

---

૧ જુઓ પૃ. ૨૦.

૨ આ વાત કેટલાક વેદાંતીઓને લાગુ પડતી નથી, પણ ઇતર અજૈન દાર્શનિકોની સંખ્યાદિને લક્ષ્યમાં રાખી આમ ઉલ્લેખ કરાયો હોય એમ લાગે છે.

"કેવલી નિસર્ગ સમકિતવાળા છે, માટે તે શ્રોતાનો વિષય નથી." (પૃ. ૮૩)

"કેવલજ્ઞાનીઓ પણ પુણ્ય પ્રકૃતિએ સરખા હોતા નથી; આત્માના ગુણો અંગે સરખા હોય. (પૃ. ૯૯)

"જ્યારે કેવલી 'ક્ષપક' શ્રેણિ માંડે ત્યારે એમની એટલી બધી તાકાત છે કે જગતના સર્વ જીવોનાં જેટલાં કર્મો છે તે બધાં ભેગાં થઇને એકજ આત્મામાં આવે તો તેને એઓ અંતર્મુહૂર્તમાં બાળી નાંખે". આમ એમનું સામર્થ્ય પૃ. ૧૧૩–૧૧૪માં નિરૂપાયું છે.

**સામાન્ય કેવલી અને તીર્થંકરમાં ફરક**—આ ફરકની બાબત પૃ. ૯૮–૯૯ અને ૧૦૨માં વિચારાઈ છે.

**તીર્થંકર-નામકર્મ**—આ એક પ્રકારનું નામ-કર્મ છે. એની કેટલીક વિશેષતા પૃ. ૧૦૯માં વિચારાઇ છે.

(૧) આ નામ-કર્મ બંધાય ત્યારથી પોષાતું જાય. 'ક્ષપક' શ્રેણિ માંડે, કેવળજ્ઞાન જ થવા માટે બે ઘડી બાકી હોય ત્યાં સુધી એ પોષાવું જોઇએ. આ કર્મ સિવાયના કોઈ પણ કર્મમાં બંધ ઉદયથી પોષાવાનો નિયમ નથી.

(૨) આ તીર્થંકર-નામકર્મ ત્રીજે ભવે નિયમિત થાય અને એ પોષાતું રહે. વળી એ લાગલાગટ રહે.

(૩) જગતના ઉદ્ધારની ભાવના માટેનું તીર્થંકર-પદ એ અનેક જન્મની લાગલાગટની કમાઈ છે.

(૪) પૃ. ૧૧૭માં કહ્યું છે કે શાસ્ત્રકારોએ ૧૨૦ પ્રકૃતિઓનો જે બંધ જણાવ્યો તેમાં આહારક-શરીર, આહારક-અંગોપાંગ અને તીર્થંકર-નામ કર્મ એ ત્રણને જ સારી ગણી. આ ત્રણ જ પ્રકૃતિઓ આત્માની નિર્મળતા થાય ત્યારે જ બંધાય, જ્યારે બાકીની ૧૧૭ આત્માની મલિનતાથી બંધાય. વળી ઉપર્યુક્ત ત્રણ પ્રકૃતિ પૈકી

પહેલી બેમાં સંયમ કારણ છે, જ્યારે ત્રીજીમાં—તીર્થંકર-નામકર્મમાં સમ્યક્ત્વ કારણ છે.

**અભવ્યનું સ્વરૂપ**—આ વિચારમાં પૃ. ૬૦માં એમ કહેવાયું છે કે જ્ઞાન તો દરેક આત્મામાં સર્વજ્ઞપણાનું રહેલું છે. એ હિસાબે તો અભવ્યોને પણ 'કેવલજ્ઞાનાવરણીય' કર્મ છે એમ મનાયું છે.

પૃ. ૬૧માં એ વાત છે કે અભવ્યોને શાસન રુચતું નથી, પણ શાસનમાંથી માન-સન્માન મળતું હોવાથી એનાથી છૂટાતું નથી.

અભવ્ય જીવને સાધુપણું—મહાવ્રતપણું આવે તે ઢીંગલીના શણગાર જેવું છે એમ પૃ. ૨૧માં કહી અહીં જ એનું કારણ પણ અપાયું છે.

**નિક્ષેપ**—ચાર અને દસના નિક્ષેપને બદલે એકનો નિક્ષેપ કરાયાની વાત પૃ. ૨૬૧માં અપાઇ છે.

**ભવની ગણત્રી**—ભવની ગણત્રી સમ્યક્ત્વથી છે, નહિ કે ચારિત્રથી. (પૃ. ૨૨).

**ગણધરવાદ અને અનુમાન**—ગણધરવાદ વખતે અનુમાન આપવાં પડયાં તેનું કારણ પૃ. ૧૯૦માં વિચારાયું છે.

**સ્થાનકવાસી**—પૃ. ૧૩૫માં કહ્યું છે કે [1]બુદ્ધિના વિષયમાં મતભેદ હોય છે. આ મતભેદનો એક પ્રસંગ તે સ્થાનકવાસીઓનો મૂર્તિપૂજા સામેનો વિરોધ છે. આ વિષેનો ઊહાપોહ 'ઢુંઢિયા' એવા નામપૂર્વક પૃ. ૧૭૬માં કરાયો છે. વળી આ ઢુંઢિયા યાને સ્થાનકવાસીઓને "**तिक्खुत्तो आयाहिणं पयाहिणं**" નો અર્થ શો ઇત્યાદિ પ્રશ્નો પૃ. ૨૩૦માં પૂછાયા છે.

**તેરાપંથી**—તેરાપંથીની માન્યતા વિષે પૃ. ૧૭૭–૮માં વિચારાઇ છે. એમનો 'દયાના શત્રુ' તરીકે અહીં નિર્દેશ છે.

---

૧. પૃ. ૨માં '૩૯ બુદ્ધિશાળી નહોતા' એમ જે છપાયું છે તે વ્યાખ્યાન ઉતારનારની ભ્રાન્તિને આભારી હોય એમ લાગે છે.

**મદ્દુક અને કાલોદાયિ**—મદ્દુક શ્રાવકે મિથ્યાત્વી કાલોદાયિને કેવી યુક્તિ-પ્રયુક્તિનાં વચનો ઉચ્ચારીને પરાસ્ત કર્યો એ બાબત પૃ. ૧૮૫-૭માં વિચારાઈ છે. વળી એણે ઉચ્ચારેલાં વચનો આરાધકને છાજે તેવાં હતાં એ વાત પૃ. ૧૮૭-૮માં નિર્દેશાઈ છે, આ મદ્દુક અને કાલોદાયિનો પ્રસંગ **વિયાહપણ્ણત્તિ** (સ. ૧૮, ઉ. ૭; સુ. ૬૩૪)માં આલેખાયો છે.

**જીર્ણ અને અભિનવ શેઠ**—ધમ્મસંગહણિ (ગા. ૧૦)માં બે શેઠનો નિર્દેશ છે. આની વૃત્તિ (પત્ર ૯ અ)માં મલયગિરિસૂરિએ આ બે શેઠનો જીર્ણ શેઠ અને અભિનવ શેઠ તરીકે ઉલ્લેખ કર્યો છે.

**હિન્દુ અને કાફરના અર્થ**—આના અર્થ સમજાવતાં નીચે મુજબ પ્રશ્ન પૂછાયા છે:—

'સિન્ધુ નદીની આ બાજુએ રહેનારા હિન્દુ' એમ ભલે બલુચિસ્તાન અને અફઘાનીસ્તાનના લોકો માને પણ ચીનવાળાની દૃષ્ટિએ આ વાત ઘટે ખરી? (પૃ. ૧૬૮).

મુસલમાનો હિન્દુને 'કાફર' કહે છે તો કાફર અને સિન્ધુને શો સંબંધ છે?

**વિયાહપણ્ણત્તિ** (સ. ૨૧, ઉ. ૨; સુ.)માં જીવાસ્તિકાયનાં ૨૧ અભિવચન અપાયાં છે. તેમાં '[1]હિંડુઅ' પણ છે. એનો અર્થ એક ભવથી અન્ય ભવ કરનાર છે એમ વ્યાખ્યાતાએ કહ્યું છે. વિશેષમાં એમણે હિંડુ અને હિન્દુ એ બેને એક ગણેલ છે. આ દૃષ્ટિએ જૈનો પણ 'હિન્દુ' છે.

**નિસીહ** (ઉ. ૧૦)ના ભાસ (ગા. ૨૮૪૮)ની ચુણ્ણિ (ગ્રન્થાંક ૩, પૃ. ૫૭૨)માં કાલકાચાર્યની કથામાં "**एहि हिन्दुगदेसं**" છે.

---

૧ "**हिण्डुकत्वेन हिण्डुकः**" એમ આની ટીકા (પત્ર ૭૭૬ આ)માં અભયદેવસૂરિએ કહ્યું છે.

આમ હિન્દુસ્તાન માટે 'હિન્દુઓનો દેશ' એવો પ્રયોગ–અર્થ આ ચુણ્ણિ કરતાં પ્રાચીન કોઈ જૈન કે અજૈન ભારતીય કૃતિમાં હોય એમ જાણવામાં નથી.

અવેસ્તન વેન્દિદાદ (૧,૧૮)માં 'હપ્ત હિન્દુ' એવો ઉલ્લેખ છે[1] અને ડેરિયસ (Darius) કે જે ઇ. સ. પૂર્વે ૫૨૨–૪૮૬માં થઇ ગયો તેના બહિસ્તાન ખડક પરના શિલાલેખમાં 'સ્પષ્ટપણે' હિ(ન્) દુ એવો ઉલ્લેખ છે.

**હિન્દુકુશ**—'હિન્દુ' સંબંધી વિચાર કરતાં મને 'હિન્દુકુશ' શબ્દનું અને 'હિન્દુઓને લગતો અંકુશ' એવી એની રમુજમાં સૂચવાતી વ્યુત્પત્તિનું પણ સ્મરણ થાય છે. આવું નામ **નિસીહચુણ્ણિ**માં કોઇ સ્થળે વપરાયું છે એમ સ્ફુરે છે.

હિન્દુકુશને પરાપમિમોસ (Parapamisos)[3] કહેલ છે. એને [4]માટેનું સંસ્કૃત નામ ઉપરિ-શ્યેન છે, જ્યારે અવેસ્તામાં એને 'ઉપાઇરિ-સએન' કહેલ છે.[5]

મેગાસ્થનિસના ઇન્ડિકા (Indica)ના જે. ડબલ્યુ. મેક–ક્રિન્ડલ (Ma.Crindle) દ્વારા કરાયેલા અંગ્રેજી અનુવાદ નામે Ancient India as described by Megasthenes and Arrianમાં પૃ. ૧૮૬માં હિન્દુકુશ વિષે ઊહાપોહ છે. આને કેટલાક ઇન્ડિકસ

૧ જુઓ The Cambride History of India Volume I Ancient India (P. 324).

૨ જુઓ C. H. I. (Vol. I. p. 335).

૩ આનાં બીજાં પણ રૂપો છે : Paropamisos, Paropamissos અને Paropanisos.

૪ જુઓ C. H. I. (Vol. I. p. 327).

૫ જુઓ ડૉ. સ્તાઇનનો લેખ એ સાતમી પ્રાચ્યવિદ્યા મહાસભા વિએનામાં મળી તેને અંગે લખાયો હતો.

કૉકેસસ (Indicus Cancasus)નું અપભ્રષ્ટ રૂપ ગણે છે. આ નામ આ પર્વતની હારમાળાને મેસેડોનિયનોએ–ગ્રીકોએ આપ્યું હતું. કાબુલ નદીની ઉત્તરે આવેલી હારમાળાના પર્વતોને 'નિષધ' કહે છે. આ 'નિષધ' શબ્દ પરોપનિસોસમાં હોય એમ મનાય છે. ગ્રીકના પરોપનિસદે (Paropanisadae) પરુ અને નિષધ એ બે શબ્દોની વચ્ચે 'પ'નો પ્રક્ષેપ કરવાથી બન્યું છે એમ પણ સૂચવાય છે.

**યશ્ત** (૮, ૩૨) માં ઉશ્-હિન્દવનો અને પહ્લવીમાં ઉશ્-ઈન્દ અને ઉશ્-ઇન્દમનો જે ઉલ્લેખ છે[1] તે શું હિન્દુકુશને અંગે છે?

**આત્માની શક્તિ**—અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળે અને ચૌદમે ગુણસ્થાને જાય એવી આત્માની અજબશક્તિ છે. (પૃ. ૨૦૨).

**સંખ્યા**—સર્વ જીવોમાં ગર્ભજ મનુષ્યની રાશિ સૌથી ઓછી છે.[2] ૨૯ આંકથી વધારે નથી (પૃ. ૧૮૧).

**આરાધના**—વચનની આરાધના અને વક્તાની આરાધના વચ્ચેનો સંબંધ તેમજ ગુણ અને ગુણીની આરાધના વચ્ચેનો સંબંધ પૃ. ૨૩૭માં દર્શાવાયેલ છે.

**'નમો' કેમ?**—'નમસ્કાર' સૂચવનાર ક્રિયાપદ ન લેતાં અવ્યયરૂપ **નમો** કેમ લીધું એ પ્રશ્નનો ઉત્તર પૃ. ૨૪૧–૨માં અપાયો છે.

**ધર્મધ્યાનના ચાર પાયા**—આનું સ્વરૂપ પૃ. ૨૫૫–૬માં છે.

**ચમકપાષાણ યાને લોહચુંબક**—'ચમક' શબ્દના ચાર અર્થ થાય છે. એમાંનો એક તે 'લોહચુંબક' છે. ચમકપત્થર, ચમકપહાણ અને ચમકપાષાણ એ ત્રણેનો તેમજ ચમકબાણનો અર્થ પણ લોહચુંબક છે. લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય તે 'લોહ-

---

૧ જુઓ C. H. I. (Vol. I. p. 326).

૨ આ હકીકત અર્ધચ્છેદ (logarithm)ના જાણકારને સહેલાઇથી સમજાશે.

ચુંબક' છે. એને અંગ્રેજીમાં lode-stone તેમજ magnet કહે છે. આને અંગે પૃ. ૧૦૩માં કહ્યું છે કે લોહચુંબક લોઢાને ખેંચે પણ પિત્તળ વગેરેને ન ખેંચે.

ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત **ઋષભજિનસ્તવનમાં** નીચેની છઠ્ઠી કડીમાં 'ચમકપાષાણ' છે:—

**"ચમકપાષાણ જિમ લોહને ખેંચશે**
**મુક્તિને સહજ તુજ, ભક્તિ રાગો"**[1]

આ ગણિવરે "રાજનગરમંડન શ્રીમહાવીરજિનસ્તવન"ની ચોથી કડીમાં પણ 'ચમકપાષાણ' શબ્દ વાપર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છે:—

**"ચમકપાષાણ ખંચસ્યે સંચસે લોહને રે કે સંચસે.**
**તિમ તુજ ભગતિ મુગતિનિં ખંચસે મોહને રે કે ખંચસે"**[2]

રત્નમંડનગણિએ **સુકૃતસાગર** (પત્ર ૧૮અ)માં અને મલયગિરિસૂરિએ **આવસ્સય** ઉપરની વૃત્તિ (પત્ર ૨૫ અ)માં 'લોહચુંબક'ના અર્થમાં [3]'અયસ્કાન્ત' શબ્દ વાપર્યો છે

હરિભદ્રસૂરિએ **ધમ્મસંગહણિ** (ગા. ૩૭૨)માં આ અર્થમાં 'લોહોવલ' શબ્દ વાપર્યો છે, અને એની શક્તિ પણ દર્શાવી છે. આ રહી એ ગાથા:—

**"लोहोवलस्स सत्ती आयत्था चेव भिन्नदेसं पि।**
**लोहं आगरिसंती दीसइ इह कज्जपच्चक्खा ॥३७२[4]॥"**

---

૧ જુઓ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય વિરચિત **ગૂર્જર સાહિત્ય સંગ્રહ** (પ્રથમ વિભાગ, પૃ. ૧૪૬).

૨ એજન, પૃ. ૧૦૮.

૩ કાલિદાસે આ શબ્દ **રઘુવંશ** (સ. ૧૭, શ્લો. ૬૩)માં તેમજ **કુમારસંભવ** (સ. ૨, શ્લો. ૫૯)માં વાપર્યો છે.

૪ "ચમકપાષાણ અને એના પર્યાયોના ઉલ્લેખો" નામના લેખમાં મેં આ હકીકત વિસ્તારથી વિચારી છે.

**પારસમણિ**—પારસમણિને લોઢું અડે તો સોનું થાય[1]. પણ ચાંદી અડે તો કંઇ ન થાય". એમ એનું સ્વરૂપ પૃ. ૧૦૩માં દર્શાવી પદાર્થના સ્વભાવની વિચિત્રતાનું પ્રતિપાદન કરાયું છે.

'પારસમણિ' એ શબ્દ 'સ્પર્શમણિ'નું રૂપાંતર છે એમ કહેવું ઉચિત જણાય છે, કેમકે જિનમંડનગણિએ વિ. સં. ૧૪૯૨થી ૧૪૯૮ના ગાળામાં **શ્રાદ્ધગુણવિવરણ** નામના ગ્રન્થના આઠમા ગુણના પ્રારંભમાં 'સ્પર્શપાષાણ' તરીકે જે નીચે મુજબ ઉલ્લેખ પત્ર ૨૬અમાં કર્યો છે તે આ 'પારસમણિ'ને લગતો છે એમ લાગે છે:—

**"पश्य सत्सङ्गमाहात्म्यं स्पर्शपाषाणयोगतः ।**
**लोहं स्वर्णीभवेत् स्वर्णयोगात् काचो मणीयते ॥"**

**સોમસુન્દરસૂરિ**ના શિષ્ય **જિનકીર્તિસૂરિ**એ જે **દાનકલ્પદ્રુમ** રચ્યું છે તેના ચોથા પલ્લવમાં ૧૧મા પદ્યમાં 'સ્પર્શાશ્મન્' અર્થાત્ સ્પર્શ-પાષાણનો એટલે કે પારસમણિનો ઉલ્લેખ છે અને એના પછીના પદ્યમાં 'તેજન(મ)તૂરિકા'નો ઉલ્લેખ છે કે જેને આ સ્પર્શપાષાણોની ખાણની પાસે રહેલી મરોડી તરીકે ઓળખાવી છે.

**નૃસિંહ શર્મા** દ્વારા સંકલિત **ચમત્કારિક દૃષ્ટાંતમાલા** (નવરાત્રિ-મહોત્સવ)ની ત્રીજી આવૃત્તિનાં પૃ. ૧૮૦–૧૮૧માં 'લોઢાની ડબ્બીમાં પારસ' એ નામની એક વાર્તા છે.

---

૧ આવી હકીકત 'સિદ્ધરસ' માટે પણ કહેવાય છે. જેમકે 'કલિકાલ-સર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિ**એ **યોગશાસ્ત્ર** (પ્ર. ૧૨, શ્લો. ૧૨)માં નીચે મુજબ કહ્યું છે:–

**"अयते सुवर्णभावं सिद्धरसस्य स्पर्शतो यथा लोहम् ।**
**आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽऽप्नोति ॥ १२ ॥"**

અર્થાત્ જેમ સિદ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણપણું પામે છે તેમ પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્માપણું પામે છે.

ઉપર્યુક્ત ઋષભજિનસ્તવનની ત્રીજી કડીમાં 'કનકમણિ'નો જે નીચે મુજબ ઉલ્લેખ છે તે જ 'પારસમણિ' હોય એમ લાગે છે:—

"કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે ?"

## પ્રકીર્ણક બાબતો

**વિદ્યુન્માલીએ બનાવેલી મૂર્તિ**—પૃ. ૧૦૪માં એવો ઉલ્લેખ છે કે વિદ્યુન્માલીએ મહાવીરસ્વામીની પ્રતિમા બનાવી હતી. આ હકીકત **નિસીહ** (ઉ. ૧૦)ના ભાસ ગા. ૫૭૪માં 'પડિમા' શબ્દથી સૂચવાઇ છે અને એની ચુણ્ણિ (ભા. ૩, પૃ. ૧૪૨)માં રત્નાદિ વડે એને અલંકૃત કરવા વગેરેની વાત છે.

**મનઃપર્યવજ્ઞાન ક્યારે ?**—ધન, માલમિલકત વગેરેનું રાજીનામું આપીને નીકળે તેને જ મનઃપર્યવજ્ઞાન થાય (પૃ. ૧૦૩).

**રાવણનું અભિમાન**—[1]રાવણે [2]**સી**તાનું શીલ ખંડિત કર્યું નથી, કેમકે મરજી વગર એનો એ સ્વીકાર કરવા ઇચ્છતો ન હતો. એણે તેમ છતાં **સી**તાને પાછી ન આપી તેનું કારણ પૃ. ૨૧૦માં એ દર્શાવાયું છે કે 'હું નિર્બળ છું કે એને લાવ્યા પછી આપી દઉં ? એવા અભિમાનને ખાતર એણે રામને **સી**તા ન સોંપી'.

**માખીના ચાર પ્રકાર**—માખીના ચાર પ્રકારો પૃ. ૧૭૪માં ગણાવાયા છે. આ હકીકત પુણ્યના પુણ્યાનુબંધી અને પાપાનુબંધી એ બે પ્રકાર અને પાપના પણ એ બે પ્રકાર સાથે પણ ઘટાવાય છે એમ સાંભળ્યું છે.

**આજ્ઞા**—આણા (આજ્ઞા)નું મહત્ત્વ પૃ. ૧૭૨-૫માં દર્શાવાયું છે.

**'દહેરાવાસી' શબ્દ**—'દહેરાવાસી' શબ્દ અનુચિત છે એ વાત પૃ. ૧૪૧માં વિચારાઈ છે.

---

૧-૨ જૈન મંતવ્ય મુજબ રાવણ જૈન છે, અને **સી**તા એ એની પુત્રી થાય. દશરથ-જાતક નામના બૌદ્ધ ગ્રન્થમાં રાવણ જેવી કોઈ વ્યક્તિ જ નથી. વળી ત્યાં **સી**તાને રામની બેન ગણી છે.

**હિંસા એટલે ?**—'હિંસા પાપનું સ્થાનક છે પણ પાપ નથી' એ વાત પૃ. ૧૩૯ અને ૧૪૩માં દર્શાવાઈ છે.

**વ્યવહારુ જ્ઞાન**—મરચાંની બળતરા મટાડવાનો ઉપાય (પૃ. ૨૦૨), ખાજાં ખાતાં એની કરચ પડે (પૃ. ૧૮૦), સિંહ આવે ત્યારે કેટલાંક જાનવરો આંખ મીંચે (પૃ. ૧૯), ડુંગળીને બાળવા છતાં ગંધ ન જાય (પૃ. ૨૨૮), ઘાસની ગાંડડી એવી બંધાય છે કે તેમાં તણખો પડે તો ઉપરનું બળે પણ અંદરનું બચે (પૃ. ૨૬૪) ઇત્યાદિ બાબતો, ખેડૂતનું ઉદાહરણ (પૃ. ૨૪૯), ગોરના [1]બે પ્રકાર (પૃ. ૨૧૫), અને શેરિફ એટલે કોણ અને એનું કાર્ય શું (પૃ. ૫૩), એ હકીકત વ્યાખ્યાતાના વ્યવહારુ જ્ઞાનની વિશાળતાનો ખ્યાલ કરાવે છે. બીજી પણ કેટલીક હકીકતો આ બાબતનું સમર્થન કરે છે:

**રામને સી**તા ઉપરાંત બીજી પત્ની હતી એમ **પઉમચરિય** નામનું જૈન રામાયણ તેમજ **વાલ્મિકીનું** પણ **રામાયણ** જોતાં જણાય છે. જોકે સામાન્ય જનો તો **રામ**ને એક જ પત્ની હતી એમ માને છે.

**પારખ**—કીડી એક જોજને રહેલી ચીજની ગન્ધને પારખે છે (પૃ. ૨-૩). કીડીમાં ગંધ પારખવાની જેટલી શક્તિ છે એટલી આપણામાં નથી એમ પૃ. ૧૪૭માં કહ્યું છે.

રસ્તો પારખવાની તાકાત જે કૂતરામાં છે તે ભલભલામાં નથી (પૃ. ૩).

સોનું છે કે પિત્તળ તેની પારખ માટે કસોટી છે (પૃ. ૧૨૦).

ચાંદી છે કે કલાઇ છે તેની પારખ માટે લીંપણ છે (પૃ. ૧૨૦).

પ્રાચીન કાળમાં રાજાઓ ખાવા બેસતા ત્યારે 'ચકોર' પક્ષી રાખતા, કેમકે એ પક્ષીનો સ્વભાવ એવો કે ઝેરી વસ્તુ હોય તો

---

૧ અહીં જે એક પ્રકારના ગોરને 'કાઇટિયો' કહ્યો છે તેને 'કાયટિયો' પણ કહે છે. 'કાયટું' કરાવનાર બ્રાહ્મણ તે 'કાયટિયો' કહેવાય છે. 'કાયટું' એટલે મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતી ક્રિયા કે જમણ.

રાડારાડ પાડે (પૃ. ૧૪૭). આને અંગે **સમરાઇચ્ચચરિય** (ભવ ૪, પત્ર ૩૦૬)ની સાક્ષી અપાઇ છે.

**ઉપદેશપ્રાસાદ** (સ્તમ્ભ ૨; વ્યાખ્યાન ૨૩)માં અવતરણ રૂપે નીચે મુજબનું પદ્ય છે:—

**"दृष्ट्वाऽन्नं सविषं चकोरविहगो धत्ते विरागं दृशो-**
**हंसः कूजति सारिका च वमति क्रोशत्यजस्रं शुकः ।**
**विष्टां मुंचति मर्कटः परभृतः प्राप्नोति मृत्युं क्षणात्,**
**क्रौञ्चो माद्यति हर्षवांश्च नकुलः प्रीतिं च धत्ते द्विकः॥"**

આનો અર્થ એ છે કે ઝેરવાળું અન્ન જોઇને ચકોર પક્ષી નેત્રમાં વિરાગ ધારણ કરે છે અર્થાત્ આંખ મીંચે છે, હંસ કૂજન કરે છે—શબ્દ કરે છે, સારિકાને વમન થાય છે, પોપટ વારંવાર આક્રોશ કરે છે, વાંદરો વિષ્ટા કરે છે, કોયલ ક્ષણવારમાં મરણ પામે છે, ક્રૌંચ રાજી થાય છે, નોળિયો આનંદ પામે છે અને કાગડો પ્રસન્ન થાય છે.

હેમવિજયગણિએ વિ. સં. ૧૬૫૭માં **કથારત્નાકર** રચ્યો છે. એમાં ૨૬મા પત્રમાં આને અંગે અવતરણરૂપે નીચે મુજબનાં પદ્યો છે:–

**"विषयदुष्टाशनस्वादात्, काकः क्षामस्वरो भवेत् ।**
**लीयते मक्षिका नात्र, विलीना च विपद्यते ॥१॥**
**अन्नं सविषमाघ्राय, भृंगः कूजति चाधिकम् ।**
**सारिका सविषेऽन्ने तु, विक्रोशन्ति तथा शुकः ॥२॥**
**विषान्नदर्शनान्नेत्रे, चकोरस्य विरज्यतः ।**
**म्रियते कोकिलो मत्तः, क्रौंचो माद्यति तत्क्षणात् ॥३॥**
**नकुलो हृष्टलोमा स्यान्मयूरश्च प्रमोदते ।**
**अस्य चालोकमात्रेण, विषं मन्दायते क्षणात् ॥४॥**
**उद्वेगं याति मार्जारः, पुरिषं कुरुते कपिः ।**
**गतिः स्खलति हंसस्य, ताम्रचूडो विरौति च ॥५॥"**

**મુદ્રારાક્ષસ** (અંક ૨, પૃ. ૧૧)માં સોનાના પાત્રમાં યોગચૂર્ણથી યાને વિષમિશ્રિત ઔષધને રખાતાં એ ઔષધનો રંગ બદલાઇ ગયાનો ઉલ્લેખ છે.

**સંપ**—સંપ કરનાર, વધારનાર અને ટકાવનારમાં કઈ ત્રણ વસ્તુઓ જોઈએ તે નીચે મુજબ પૃ. ૮૫માં દર્શાવાઈ છેઃ—

(૧) કોઇને નુકસાન ન કરવું.

(૨) બીજાએ કરેલા ગુનાની ગાંઠ બાંધવી નહિ.

(૩) ઉપકારનો વખત જવા દેવો નહિ.

**કુસંપનાં કારણો**—(૧) આપણા (પોતાના) ગુનાને ઢાંકવા, (૨) પારકાના ગુનાને મોટો ગણીને ગાંઠ બાંધવી અને (૩) ઉપકારનો બદલો જવા દેવો એ કુસંપનાં ત્રણ કારણો છે (પૃ. ૮૯).

**વિચારની સફળતા ક્યારે?**—જેનામાં (૧) વસ્તુ કરવાની (**कर्तुम**), (૨) વસ્તુ થતી બંધ કરવાની (**अकर्तुम**) અને (૩) વસ્તુ ઉથલાવવાની-ઉલટાવવાની (**अन्यथा कर्तुम्**) એમ ત્રણ પ્રકારની તાકાત હોય તે મનુષ્ય વિચાર કરે તો એ સફળ થાય (પૃ. ૧૨૫).

**કાર્યની સિદ્ધિ**—નિશ્ચય એ કાર્યની પહેલામાં પહેલી ભૂમિકા છે. કાર્યનાં સાધનોની સાચી અને પૂરી સમજ એ એની બીજી ભૂમિકા છે. એમાં પ્રવૃત્તિ કરવી એ એની ત્રીજી ભૂમિકા છે. આમ નિશ્ચય, સમજ અને રચના ત્રણ થાય તો જ કાર્ય થાય (પૃ. ૨૧૨).

અત્યારની લુવારિયા જાત 'ભટકતી પ્રજા' ગણાય છે (પૃ. ૪૦).

ભટકતી પ્રજા ટોપલે ઘર રાખી શકે (પૃ. ૪૦).

રત્નના દીવડા વિષે પૃ. ૫૯માં ઉલ્લેખ છે.

**કિસ્સા-કહાનીઓ**—સાંઢણી અને ડોસીની વાત[1] પૃ. ૩૩-૪માં, 'આ ફસા આ ફસા'નો કિસ્સો પૃ. ૬૧માં, **અકબર અને બીરબલની**

---

૧ કલ્પના ભાસની વૃત્તિ (પીઠિકા, પૃ. ૧૧૧-૨)માં વૈદ્યરાજ અને યમરાજની કથાનું આ સ્મરણ કરાવે છે.

વાત પૃ. ૧૮૦માં, લુચ્ચી વહુનું દૃષ્ટાંત પૃ. ૨૬૨માં અને ચિતારા અને ભરવાડની કથા પૃ. ૨૩૮-૯માં અપાયેલ છે.

'કાણી હાથણી અને બે વિદ્યાર્થીઓ' નામની જે [1]વાર્તા પૃ. ૧૫૪-૫માં અપાઇ છે તે જૈન શાસ્ત્રમાં જે [2]ચાર પ્રકારની બુદ્ધિ પૈકી 'વૈનયિકી' બુદ્ધિના ઉદાહરણરૂપ છે. આ વાર્તા સંક્ષેપમાં પાઇયમાં **આવસ્સય-ચુણ્ણિ** (ભા. ૧, પત્ર ૫૫૩)માં છે. હરિભદ્ર-સૂરિની **આવસ્સય**ની ટીકા (પત્ર ૪૨૩ આ)માં પણ લગભગ આ જ વાર્તા છે. **નંદી** (ગા. ૬૭)ની **મલયગિરિસૂરિકૃત** વૃત્તિ (પત્ર ૧૬૦ અ)માં આ વાર્તા સંસ્કૃતમાં છે. આ વાર્તાનું સૂચન **આવસ્સય-નિજ્જુત્તિ** (ગા. ૯૪૪)માં 'નિમિત્ત' શબ્દથી કરાયું છે.

**વિશિષ્ટ શબ્દો**—વ્યાખ્યાનોમાં કોઇ કોઇ વાર એવા શબ્દો વપરાયા છે કે જે કેટલાકને અપરિચિત હોઈ અપ્રચલિત જણાય અને એનો અર્થ સમજતાં મુશ્કેલી પડે. આવા કેટલાક શબ્દો અહીં હું નોંધું છું:—

**આયંદે** (પૃ. ૧૪૮)—આ ફારસી શબ્દ છે. એના (૧) હવે પછી, ભવિષ્યમાં અને (૨) સરવાળે એમ બે અર્થ છે. પહેલો અર્થ અત્ર પ્રસ્તુત છે.

**ઓંધણ** (પૃ. ૧૨૮)—જેને અહીં સુરતમાં 'આધરણ' કહે છે તેને અન્યત્ર સ્પધરણ, આધણ, આંધણ કે ઓંધણ કહે છે. આનો અર્થ 'અનાજને બાફવા કે રાંધવા માટે ઊકળવા મૂકેલું પાણી' થાય છે.

---

૧ મૂલ સર્વાસ્તિવાદના વિનયવસ્તુ (પૃ. ૨૯-૩૦)નું આ સ્મરણ કરાવે છે. અહીં ચતુર શિષ્યનું કામ રાજા બિંબસારનો પુત્ર જીવક કરે છે.

૨ **રાયપ્પસેણઇજ્જ** અને **પણ્હાવાગરણ**ની ટીકાની મદદથી જેમ **અર્થશાસ્ત્ર** (અધિ. ૨, અ. ૧, પૃ. ૪૬)માંના દ્રોણમુખ અને ખાર્વટિક શબ્દો સમજાય છે તેમ આ **અર્થશાસ્ત્ર** (અધિ. ૫, અ.૫ પૃ. ૨૫૩) માંના ક્રૌંચ, અપસવ્ય, તૃણ, શીતા ઇત્યાદિનું સ્વરૂપ સમજવામાં આ ચાર પ્રકારની બુદ્ધિનું વિવરણ સહાયક બને છે.

**દદ્દો** (પૃ. ૫૪)—અડધું આપવાની અને અડધું છોડી દેવાની વાત કરવી તેને 'દદ્દો' શબ્દ ઉચ્ચારવો એમ કહે છે.

**દમગોટીલો** (પૃ. ૧૬૫)—આ છોકરાંની એક રમત છે.

**પાટડો** (પૃ. ૧૨૮)—આનો અર્થ વહેરેલો પાસાદાર ભારવટિયો છે.

**ફેરંદો** (પૃ. ૪૩)—આનો અર્થ અહીં અપાયો છે.

**બચુરિયાં** (પૃ. ૧૮૩)—નાનું બચ્ચું એ અર્થમાં 'બચોળિયું' શબ્દ છે. એને જ અહીં 'બચુરિયું' કહ્યું છે.

**વતેરડું** (પૃ. ૧૬૧)—આનો અર્થ 'વક્રતા' અપાયો છે.

આ પ્રસ્તાવના હવે પૂર્ણ થાય છે એટલે અંતમાં સૌ કોઇને સાચા ધર્મની પ્રાપ્તિ થાઓ એમ ઇચ્છી વિરમીશ, કેમકે પૃ. ૧૫૩માં કહ્યા મુજબ 'ધર્મ' એ એવી ચીજ છે કે એ ભવિષ્યની સદ્દગતિને કરે, ભવિષ્યની દુર્ગતિને રોકે અને પહેલાં અજ્ઞાનને લઇને જે કર્મો બાંધ્યાં હોય, તેને ઉથલાવી નાંખે.

## પૂરવણી

પૃ. ૯, પં. ૪–"શ્રીસિદ્ધચક્ર" (વર્ષ ૭)ના અંક ૧ (પૃ. ૮–૧૩), અં. ૨ (પૃ. ૩૦–૩૫) અને અં. ૩ (પૃ. ૪૮–૫૨)માં "ષોડશક પ્રકરણ અને ભગવાન્ હરિભદ્રસૂરિ" એ નામનો આગમોદ્ધારકનો લેખ છપાયો છે.

પૃ. , પં. ૩૫, ૧૦–"શ્રીસિદ્ધચક્ર" (વ. ૩, અં. ૭, પૃ. ૧૬૨)માં છપાયેલા વ્યાખ્યાનમાં "હિંદુ શબ્દની વ્યુત્પત્તિ" સમજાવાઇ છે.

ગોપીપુરા, **સુરત.** તા. **૧૨–૧–૪૯.**

# શુદ્ધિપત્રક

| પૃ. | લી. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬ | ૧૩ | सिद्ध्येयेक | सिद्ध्येक |
| ૬ | ૧૮ | વગેરે | વગેરેમાં |
| ૧૩ | ૨૦ | महात्तरा | महत्तरा |
| ૩૧ | ૧૯ | લાવવામાં ગણે | લાવવા" |
| ૩ | ૧ | બીજાના રસને | બીજાની ગંધને |
| ૧૦ | ૨૧ | તયાર | તૈયાર |
| ૧૫ | ૧૩ | અ | અને |
| ૧૯,૨૭ | ૧,૧૩ | છૂટી | છૂટી |
| ૨૬,૩૨, ૮૪,૧૧૬, ૧૨૩,૧૬૧ | ૨૩,૨૩, ૧૫,૧૦, ૭,૧૫ | જનો | જૈનો |
| ૩૦,૩૯ | ૧૧,૧૨ | જનો | જૈનોએ |
| ૪૧ | ૨૦ | ચો | કૂચો |
| ૪૭ | ૭ | મુશ્કેલ | મુશ્કેલી |
| ૫૮ | ૮ | જેટલું | ગમે તેટલું |
| ૭૨ | ૨૩ | બે | કૂએ |
| ૮૧ | ૧૨ | છટાય | છૂટાય |
| ૮૫ | ૬ | તેથી | તેવી |
| ૯૧ | ૨૨ | જનોને | જૈનોને |
| ૧૦૩ | ૯ | લોઢા વગેરેને | લોઢાને |
| ૧૦૬ | ૧૫ | પ્રાર્શ્વનાથ | પાર્શ્વનાથ |

| પૃ. | લી. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૧૮ | ૭ | સમકતી | સમકિતી |
| ૧૨૫ | ૧૦ | જીવનની | જીવની |
| ૧૩૫ | ૧૯ | છે | નથી |
| ૧૪૭ | ૨ | ગર્ભ | ગર્ભજ |
| ૧૫૦ | ૬ | મયુષ્યપણામાં | મનુષ્યપણામાં |
| ૧૬૨ | ૪ | मिच्छघिट्ठी | मिच्छद्दिट्ठी |
| ૧૭૬ | ૧૪ | કરવાનું | કરવાનો |
| ૧૮૯ | ૨ | १७१८ | १६१९ |
| ૨૨૯ | ૩ | છટનો | છૂટનો |
| ૨૩૨ | ૨૩ | શરીને | શરીરને |
| ૨૩૬ | ૨૩ | ધી | સુધી |
| ૨૪૦ | ૧૯ | વેયક | ગ્રૈવેયક |
| ૨૬૭ | ૧૭ | ારાએ | દ્વારાએ |

## ધીર પુરુષનું આચરણ કયું ?

# પરોપકાર

**परउवयारमईए संताएवि य अहत्र सामत्थं ।**
**थोवाण तत्थ केसिंपि. पुन्नपब्भारकलियाणं ॥**
**तम्हा अत्तुवगारंमि साहिए परोवयारमूलंमि ।**
**धीरपुरिसाणुचिन्ने परोवयारंमि जइयव्वं ॥**

ભાવાર્થ—કેટલાક ભાગ્યશાળીઓને જો કે પરોપકારની બુદ્ધિ હોય છે, તો પણ તે પરોપકાર કરવાને લાયકનું સામર્થ્ય કોઇકજ મહાભાગ્યશાળીઓને હોય છે, માટે પરોપકારના મૂળ કારણભૂત આત્માનો ઉપકાર સિદ્ધ કરીને બુદ્ધિશાળી (એવા) ધીર, વીર પુરુષોએ અનેક પ્રકારે સતતપણે આચરેલા પરોપકારને વિષે પ્રયત્ન કરવોજ જોઈએ.

'મલધારીય હેમચંદ્રસૂરિ'

# મુનિ શ્રી રત્નાકર વિજય મહારાજ

ડામરેલ (વાળા)


## શ્રીમહાવીરસ્વામિને નમઃ

શ્રીવિંશતિસ્થાનક તપ, વર્ધમાન તપ આદિ કરેલ તપસ્યા
નિમિત્તે સુરતવાસ્તવ્ય **ચોકસી મોતીચંદ કસ્તુરચંદ**
તરફથી વાંચકોને સાદર સમર્પણ.

**વિંશતિસ્થાનક તપ આરાધન નિમિત્તે**



આગમોદ્ધારક—આગમદિવાકર—શ્રીતીર્થાધિરાજસિદ્ધક્ષેત્રે
શ્રીવર્ધમાનજૈનાગમમંદિરસંસ્થાપક શ્રીસૂર્યપુરે
શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિરસંસ્થાપક
શ્રીદેવસૂરતપાગચ્છ સંરક્ષક



શ્રીમદ્ આનન્દસાગરસૂરીશ્વરજી.

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| વર્તમાનનું સુખ ગૌણ કે ભવિષ્યનું ? | ૧ |
| કોનો જન્મ જેલ જેવો અને કોનો મહેલ જેવો ! | ૨ |
| દુનિયામાં હરામખોર કોણ ? | ૩ |
| ખેડૂત જેવું બીજ વાવશે તેવું ઊગશે | ૪ |
| જૈન અને જૈનેતરની માન્યતામાં ભેદ | ૪ |
| ભક્તિના બે પ્રકાર | ૫ |
| અનારાધના અને વિરાધનામાં ભેદ | ૬ |
| મહાવીરસ્વામીની સત્યતા વિષે ગોશાલકનો અંતમાં એકરાર | ૬ |
| આર્ય અને અનાર્ય તે કોણ ? | ૮ |
| સુદેવાદિ અને કુદેવાદિના વિભાગની આવશ્યકતા | ૧૦ |
| શેઠનું ઉદાહરણ, ચોથો તે ત્રીજો | ૧૧ |
| સંસાર મોચકનું સ્વરૂપ | ૧૨ |
| પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત | ૧૪ |
| કર્મબંધ ક્યારે ? | ૧૪ |
| બંધનો આધાર અને એનું સ્વરૂપ | ૧૪ |
| આર્ય અને અનાર્યનાં લક્ષણ | ૧૫ |
| ભાડાનું ઘર | ૧૬ |
| રાજા ને સાંઈબાવાનો સંવાદ | ૧૭ |
| આસ્તિક અને નાસ્તિક વિષે ઊહાપોહ | ૧૮ |
| અજ્ઞાન એ પણ ગુનો | ૧૮ |
| શણગારેલી ઢીંગલીના જેવી અભવ્યની દશા | ૨૧ |
| બંધ ક્યારે નહિ ? | ૨૨ |
| પાપ માટીનું કે લીલોતરીનું ? | ૨૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સરકવાની ટોળીના સભ્ય | ૨૩ |
| સંસારી કોને કહેવાય ? | ૨૪ |
| આચાર્યનું ઉદાહરણ | ૨૪ |
| ધર્મ શેનો વિષય ? | ૨૮ |
| સાચા વૈદાનું ને સાચા વૈદનું સ્વરૂપ | ૨૮ |
| 'જીવ' સંબંધી જૈનોનું મંતવ્ય | ૩૦ |
| કર્મ કોને માનવાં પડે ? | ૩૦ |
| જૈનોને મોક્ષ તે ગુણનો દરિયો ને બીજાને મોક્ષ તે શૂન્ય | ૩૧ |
| સાંઢણી ને ડોસી | ૩૩ |
| 'બ્રહ્મ તે હું જ' એ કહેવાનો હક્ક કોને ? | ૩૫ |
| દેશના પાપસ્વરૂપ ક્યારે ? | ૩૭ |
| ધર્મની પરીક્ષા કેટલી રીતે થાય ? | ૩૮ |
| પરમેશ્વરનું લક્ષણ | ૩૯ |
| ભટકતી અને રખડતીમાં તફાવત | ૪૦ |
| આસ્તિક ફૂચા મેલે ત્યારે નાસ્તિક સાંઠા મેલે | ૪૧ |
| સારાંશ | ૪૩ |
| આ ભવનો ખ્યાલ નથી તો ગયા ભવનો ક્યાંથી ? | ૪૩ |
| જન્મથી કર્મ અને કર્મથી જન્મ | ૪૪ |
| પહેલાં ઇંડું કે કૂકડી ? | ૪૫ |
| જૈનોનું લક્ષણ | ૪૫ |
| શક્તિ આત્માની કે દેહની ? | ૪૭ |
| કીમતી ચીજની પાછળ નકલોનો દરોડો હોય | ૪૮ |
| જન્મ શાના પ્રભાવે ? | ૪૯ |
| ધર્મની સૂક્ષ્મ બુદ્ધિ વડે પરીક્ષા | ૫૦ |
| ડોશી ને વાછરડું | ૫૧ |
| વદ્દક કરતાં વૈદું મુશ્કેલ | ૫૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઢંઢેરો વાંચવાનો હક્ક કોને ? | ૫૩ |
| ભરતે ઊભી કરેલી સાધુસંસ્થાની ફેક્ટરી | ૫૪ |
| નાગડા બાવાનું લશ્કર | ૫૬ |
| કેસરિયા કોણ કરે ? | ૫૭ |
| હાથીનું ઉદાહરણ | ૫૮ |
| પ્રતિબંધકનો અભાવ તે મોક્ષ | ૫૮ |
| સમ્યક્ત્વ એ રત્નનો દીવડો | ૫૯ |
| ભવ્ય જીવો અને કમળ | ૬૦ |
| કોને આફ્રસા આફ્રસા ? | ૬૧ |
| જૈન ધર્મમાં વૈદ્ય અને વૈદક | ૬૨ |
| વૈદું અને વૈદકની સમજણ | ૬૩ |
| જાત જાતના તાવ | ૬૩ |
| અનાદિ કાળનો ક્રોધરૂપી તાવ | ૬૪ |
| સ્મૃતિતાવ ને વિકૃતિતાવ | ૬૫ |
| ક્રોધે ક્રોડ પૂર્વતણું સંજમ ફળ જાય | ૬૫ |
| સાચા ભાગીદાર કોણ ? | ૬૭ |
| તું મારી નથી અને હું તારો નથી | ૬૮ |
| "બૂઝ ચંડકૌશિક બૂઝ" | ૬૯ |
| ક્રોધને ટાળવાની ચાવી | ૭૧ |
| વચનની આરાધના | ૭૩ |
| વૈદું તે શું ? | ૭૪ |
| કથની અને કરણી | ૭૪ |
| 'અવતાર'માંથી 'ઈશ્વર' કે 'ઈશ્વર'માંથી અવતાર | ૭૬ |
| મૂર્તિ એટલે આત્માનો આરિસો | ૭૭ |
| એકની પૂજા તે સર્વની પૂજા અને એકની હેલના તે સર્વની હેલના | ૭૭ |
| **अरिहंताणं** કેમ ને **अरिहंतस्स** કેમ નહિ ? | ૮૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વ્યક્તિ પરમેશ્વર કે ગુણો ? | ૮૩ |
| શબ્દની પ્રીતિ, નહિ કે પદાર્થની | ૮૫ |
| સંપ કરનારની લાયકાત | ૮૫ |
| સંપ જાળવવાના ત્રણ રસ્તા | ૮૭ |
| અપકાર ઉપર ઉપકાર | ૮૮ |
| કુસંપનાં કારણો | ૮૯ |
| જૈન અને જૈનેતરોની પરમેશ્વર સંબંધી માન્યતા | ૯૦ |
| સર્વ કાળમાં કોણ ? | ૯૦ |
| નવપદ અને વીશ સ્થાનક–અરિહંતની આરાધના એટલે શું ? | ૯૧ |
| કર્મની ગુલામી કોને ? | ૯૨ |
| ઈશ્વરનું દોર | ૯૪ |
| પરમેશ્વરની શક્તિનું માપ | ૯૭ |
| સામાન્ય કેવળી અને તીર્થંકરમાં ફરક શો ? | ૯૮ |
| અરિહંતપણું એટલે અનેક ભવની કમાણી | ૯૯ |
| ફકીરનો બાદશાહને જવાબ | ૧૦૦ |
| સાધુએ આપેલું રાજીનામું | ૧૦૦ |
| તીર્થંકર પરમાત્મા દીક્ષા કેમ લે ? | ૧૦૧ |
| મનપર્યવજ્ઞાન ક્યારે થાય ? | ૧૦૨ |
| રાજકુટુંબમાં પણ મહાવીરસ્વામીનું ત્યાગી જીવન | ૧૦૩ |
| દીક્ષાપર્યાય ક્યારથી ? | ૧૦૪ |
| પ્રથમ વહેણ કોણે શરૂ કર્યું ? | ૧૦૫ |
| દૃષ્ટિ શેની રાખવી સાધ્યની કે સંયોગની ? | ૧૦૬ |
| મરીચિનું વૃત્તાંત | ૧૦૭ |
| લુલીબાઈની છૂટ | ૧૦૮ |
| તીર્થંકર નામકર્મની વિશેષતા | ૧૦૯ |
| નિકાસના પ્રતિબંધ વગરની ચીજ | ૧૧૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આસ્તિકનો પ્રયાસ | ૧૧૧ |
| નાસ્તિક હરામખોર ખરોને ? | ૧૧૨ |
| કેવળી મહારાજા હાથ ઘસે છે | ૧૧૩ |
| દેવાદિની જડ | ૧૧૪ |
| જૈન શાસનનો નિયમ | ૧૧૫ |
| ત્રણ જ પ્રકૃતિ સારી કેમ ? | ૧૧૭ |
| શેઠની ભાવના કેવી ? | ૧૧૭ |
| સાચો સમકિતી કોણ | ૧૧૮ |
| અ, બ, ક, ડ, એ આંધળું અનુકરણ | ૧૧૯ |
| ધર્મની પરીક્ષા શી રીતે ? | ૧૨૦ |
| આ જીવન જેલરૂપ છે કે મહેલરૂપ ? | ૧૨૨ |
| જૈનો જ જીવનને મહેલરૂપ બનાવી શકે | ૧૨૨ |
| જોખમદારી અને જવાબદારી | ૧૨૩ |
| મુસાભાઇના વા ને પાણી | ૧૨૪ |
| વિચાર કરવાને હકદાર કોણ ? | ૧૨૫ |
| જીવની ત્રણ શક્તિ | ૧૨૫ |
| જૈન સિદ્ધાંતની વિશિષ્ટતા | ૧૨૭ |
| સુથારનું મન બાવળીએ | ૧૨૮ |
| સારા શબ્દનું આકર્ષણ | ૧૨૯ |
| ધર્મનું સ્વરૂપ | ૧૩૦ |
| સિદ્ધાંતના પ્રકાર | ૧૩૧ |
| અધિકરણ સિદ્ધાંત | ૧૩૨ |
| આર્યનું લક્ષણ | ૧૩૩ |
| આર્ય શબ્દની સમજણ | ૧૩૪ |
| મતભેદ ક્યાં હોય ? | ૧૩૫ |
| ધર્મનું નિરૂપણ કોણ કરી શકે ? | ૧૩૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કર્મના બંધનાં દ્વાર | ૧૩૮ |
| કર્મબંધ ક્યારે ન થાય ? | ૧૩૮ |
| હિંસા પાપનું સ્થાનક છે, પાપ નહિ | ૧૩૯ |
| દેરાસવાસી કે મંદિરમાર્ગી ? | ૧૪૧ |
| ભાટ અને ચારણ | ૧૪૧ |
| 'સ્થાનક' શબ્દનો ઉપયોગ | ૧૪૨ |
| રેવતીનું ઉદાહરણ | ૧૪૨ |
| જીભને હાડકું નથી | ૧૪૨ |
| વીતરાગ પરમાત્માનો તડાકો | ૧૪૪ |
| મનુષ્યપણાની વિશેષતા | ૧૪૬ |
| દીર્ઘકાલિકી સંજ્ઞા અને તત્ત્વદૃષ્ટિમાં ભેદ | ૧૪૭ |
| પરાધીન જીવન કોનું ? | ૧૪૯ |
| વિચાર શાનો કરવો ? | ૧૫૦ |
| જીવની તાકાત | ૧૫૧ |
| જૈન દૃષ્ટિએ જીવ અને દેવ | ૧૫૨ |
| ધર્મ એ એક અપૂર્વ સાધન | ૧૫૩ |
| કાણી હાથણી અને બે વિદ્યાર્થીઓ | ૧૫૪ |
| ઉત્કૃષ્ટ આરાધના કઈ ? | ૧૫૭ |
| શાસ્ત્ર એ ધર્મનો કાંટો | ૧૫૮ |
| ૨૪ને આગળ કેમ કર્યા ? | ૧૫૯ |
| જ્ઞાન સાથે શુદ્ધ વર્તનની આવશ્યકતા | ૧૬૦ |
| ઉપદેશ કરવાને લાયક કોણ ? | ૧૬૩ |
| સાચો વિચારવાળો કોણ ? | ૧૬૪ |
| ધર્મનું બીજ ક્યાં ? | ૧૬૭ |
| હિન્દુ શબ્દનો અન્ય જનોએ કરેલો અર્થ | ૧૬૮ |
| ગડબડ તિથિ અને ગડબડ વાર | ૧૬૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| હિંદુ એટલે ? | ૧૬૯ |
| ત્રણ સંજ્ઞાઓ | ૧૭૧ |
| ચકરીનો ઉપાય | ૧૭૨ |
| સ્વતંત્ર ધર્મ | ૧૭૨ |
| જ્ઞાન, શીલ અને તપની બીજ સાથે તુલના | ૧૭૩ |
| સાક્ષીના ચાર પ્રકાર | ૧૭૪ |
| 'ઇચ્છાકારેણ' શબ્દનું મહત્ત્વ | ૧૭૫ |
| વચન એટલે શું ? | ૧૭૫ |
| ભૂતકાળ પહેલાં, પછી ભવિષ્ય | ૧૭૮ |
| બાદશાહ અને બીરબલ | ૧૮૦ |
| દેવપણું મુશ્કેલ કે મનુષ્યપણું ? | ૧૮૧ |
| 'રાશિ' કોની ઓછી ? | ૧૮૧ |
| એક શરીરમાં અનંતા જીવ | ૧૮૨ |
| ચાર આંગળની દલાલણ | ૧૮૩ |
| મદ્દુક અને મિથ્યાત્વીઓ | ૧૮૪ |
| ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિષે સમજણ | ૧૮૫ |
| વીતરાગ પરમાત્મા એ જ પ્રમાણિક સાધન | ૧૮૬ |
| મદ્દુક અને ભગવાન | ૧૮૭ |
| વિરાધક કોણ ? | ૧૮૮ |
| સાબિત શું કરવું ? | ૧૮૯ |
| નિગોદનો અનંતમો ભાગ | ૧૯૦ |
| જિનેશ્વરનું વચન ક્યારે રુચે ? | ૧૯૧ |
| ભવસ્થિતિ પાક | ૧૯૨ |
| ઢળીઢળીને ઢાંકણીમાં | ૧૯૪ |
| મહેનતનું ફળ મીઠું ! | ૧૯૫ |
| જીવને ગુલામ કોણ ગણે ? | ૧૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આત્માની બંને પ્રકારની તાકાત | ૧૯૭ |
| મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ? | ૧૯૯ |
| અર્થનો અનર્થ | ૨૦૦ |
| એક તણખલું ગામ બાળે | ૨૦૧ |
| આડા ઊભા લીટામાંથી એકડો ! | ૨૦૨ |
| અનંતા દ્રવ્યચારિત્ર વગર સીધું ભાવચારિત્ર માત્ર મરૂદેવા માતાને | ૨૦૩ |
| આત્માનો વીમો ઉતારનાર મોક્ષ | ૨૦૪ |
| વચનનો મહિમા | ૨૦૬ |
| રખડપટ્ટીને ક્રોધની ઉપમા | ૨૦૭ |
| એક પુદ્‌ગલપરાવર્તમાં રખડપટ્ટી બંધ | ૨૦૮ |
| રાવણ પવિત્ર કેમ ? | ૨૧૦ |
| 'કાં તો' કાંતનારીનો સિદ્ધાન્ત | ૨૧૧ |
| કાર્યની સફળતાનો આધાર | ૨૧૨ |
| નિશ્ચયનુ બખ્તર | ૨૧૩ |
| દુરાચારી વેશ્યાને વખાણે | ૨૧૩ |
| નિશ્ચયવાળો ન ડગે | ૨૧૪ |
| બે પ્રકારના ગોર | ૨૧૫ |
| સમ્યક્ જ્ઞાન અને ચારિત્રની જરૂર | ૨૧૬ |
| કર્મરૂપી શત્રુ સામે જિનેશ્વરનાં વચનરૂપી જનરલો | ૨૧૭ |
| વચન, આજ્ઞા અને હુકમમાં ભેદ | ૨૧૭ |
| આવવું હોય તો આવ | ૨૧૮ |
| છેવટે તો છેહ | ૨૧૯ |
| ભવ્યમાં લાયકાત છે ત્યારે અભવ્યમાં નથી | ૨૨૧ |
| ભરોસો કોનો રાખવો ? | ૨૨૨ |
| મતિજ્ઞાન અને કેવળજ્ઞાનમાં તફાવત | ૨૨૪ |
| વિધવિધ દૃષ્ટિ | ૨૨૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સર્વજ્ઞ ભગવાનનાં વચનની વિશિષ્ટતા | ૨૨૭ |
| જયણાની શરૂઆત | ૨૨૮ |
| આરાધના વિષે સ્પષ્ટીકરણ | ૨૩૦ |
| આરાધનાની દૃષ્ટિ વિષે સૂચન | ૨૩૧ |
| જીવની વિવિધ સ્થિતિઓ | ૨૩૨ |
| નિગોદમાં તો શરીરની પણ ભાગીદારી | ૨૩૨ |
| સૂક્ષ્મ નિગોદમાં જ અનાદિપણું | ૨૩૩ |
| મનુષ્યપણાની સાર્થકતા ક્યારે ? | ૨૩૩ |
| છેલ્લા પુદ્ગલમાં મનુષ્યની સ્થિતિ | ૨૩૫ |
| ઉદ્યમ પણ ગેરરસ્તે થતાં કર્તાને નુકસાન | ૨૩૬ |
| અંત્ય પુદ્ગલ સાથે જિનેશ્વરના વચનની આવશ્યકતા | ૨૩૬ |
| યથાર્થ પૂજન કયું ? | ૨૩૭ |
| ચિતારો અને ભરવાડ | ૨૩૮ |
| છેલ્લા પુદ્ગલપરાવર્તમાં ભગવાનનું વચન પરિણમે | ૨૩૯ |
| વચન નહિ પણ વ્યક્તિ જ આરાધવા લાયક | ૨૪૦ |
| 'નમો' પદની સમજૂતી | ૨૪૧ |
| ગુણી જ સીધા લીધા | ૨૪૨ |
| પર્યુપાસનાને લાયક ચીજ કઈ ? | ૨૪૨ |
| નકામો આડંબર નથી | ૨૪૩ |
| ઘડામાં માટી મુખ્ય, બીજાં સહકારી | ૨૪૪ |
| આધિ, વ્યાધિ ને ઉપાધિમાં જબરજસ્ત કોણ ? | ૨૪૫ |
| કેવી અજબ સ્થિરતા ? | ૨૪૫ |
| બાહ્ય દુઃખોના ઉપાય તે તો બહારની રૂઝ | ૨૪૬ |
| આધિ અને વ્યાધિ તે તો કર્મના કાંટાઓ | ૨૪૭ |
| મૂળમાં જોવાની જરૂર | ૨૪૮ |
| બાહ્ય ઉપચારો તે કર્મના વાયદા | ૨૪૮ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| પૂંજણી નહિ પણ સાવરણીનું કામ | ૨૪૯ |
| તપસ્યાને ઉરાડવાનું જૂઠાણું | ૨૫૦ |
| જન્મે પાપી પણ પાપની કબૂલાત નહિ | ૨૫૧ |
| માનતા નથી તે બચાવ નહિ | ૨૫૧ |
| જિનેશ્વરનાં વચનો એ ઉપાધિનું ઔષધ | ૨૫૨ |
| પહેલો પાયો તે તો વચન | ૨૫૩ |
| કોનો અજબ પ્રભાવ? | ૨૫૪ |
| ધર્મધ્યાનનું પહેલું પગથિયું તે આજ્ઞાવિચય | ૨૫૫ |
| વચનની આરાધના વગર તરાય નહિ | ૨૫૬ |
| કરણ અને કારણમાં તફાવત | ૨૫૭ |
| દર્દ મટાડે છતાં ગુનેગાર | ૨૫૮ |
| મડદાના અને જીવતાના શણગારમાં ફરક | ૨૫૯ |
| એકેન્દ્રિય આદિમાં શું? | ૨૬૦ |
| કાળ અનંતો ખરો કે નહિ? | ૨૬૧ |
| બોલવાની લુચ્ચાઇ | ૨૬૨ |
| કાળનો કોળિયો કરનાર કોણ? | ૨૬૨ |
| પુદ્ગલ-પરાવર્તનું સ્વરૂપ | ૨૬૪ |
| જડ-જીવન શાથી? | ૨૬૫ |
| આત્મા જ્ઞાનમય કે જ્ઞાનનો આધાર? | ૨૬૬ |
| જિનેશ્વર ભગવાનના વચનની મહત્તા | ૨૬૭ |
| જીતનો આધાર શાના ઉપર? | ૨૬૭ |

श्रीआगमोद्धारसंग्रह भाग : ७

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

# ષોડશક-પ્રકરણ

## (સદ્ધર્મદેશના)

દેશનાકાર—

આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

---

### વ્યાખ્યાન : ૧

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया स्त्वधर्म इति।**
**इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥ षो० २-१२ ॥**

#### વર્તમાનનું સુખ ગૌણ કે ભવિષ્યનું ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા જણાવી ગયા કે આ સંસારમાં બુદ્ધિમાન કોણ ગણાય ? કેટલાક વર્તમાન કાળના સુખમાં સંતોષ માનનારા તો કેટલાક વર્તમાન સુખને ગૌણ કરીને ભવિષ્યના સુખને પ્રધાનપદ આપીને વર્તનારા હોય છે. વર્તમાનના

સુખમાં પ્રવર્તવાવાળા જીવોની મૂળ જડ શાસ્ત્રકાર ક્યાં ગણે છે? વિકલેન્દ્રિયમાં જેઓને મન–વિચારશક્તિ નથી તે માત્ર વર્તમાન સુખને દેખનારા છે. ભવિષ્ય ન જોવું તેમજ ભવિષ્ય ઉપર દૃષ્ટિ ન કરવી પણ વર્તમાનની દૃષ્ટિ રાખવી તેની જડ મનની શક્તિ વગરની ઇન્દ્રિયની ન્યૂનતાને આભારી છે. મનની શક્તિવાળાનું કાર્ય ભવિષ્યને વિચારવાનું છે. "**फलानुमेयाः प्रारम्भा मतिमताम्**" બુદ્ધિશાળીઓ ફળના જ અનુસારે ક્રિયામાં પ્રવૃત્તિ કરે. અર્થાત્ વર્તમાનની સુંદરતા–અસુંદરતા ન જુએ. બુદ્ધિશાળી જે પ્રયત્નો કરે તેમાં તત્કાલ શું તે દેખવાનું નહિ, પણ તેનું ફળ અને તેનું પર્યવસાન યાને પરિણામ ક્યાં આવે છે તે વિચારવાનું હોય છે. તેને દેખીને તે કરનારાને 'બુદ્ધિશાળી' ગણીએ છીએ. ૩૯ બુદ્ધિશાળી નહોતા. જગતમાં ડાહ્યા પુરુષો–અક્કલવાન્ મનુષ્યો ભવિષ્યનું ફળ–પર્યવસાન અને પરિણામ ગણે તેને આધારે પ્રવૃત્તિ કરે અને તેને 'બુદ્ધિશાળી' ગણે.

## કોનો જન્મ જેલ જેવો અને કોનો મહેલ જેવો?

વિકલેન્દ્રિયની જે દશા છે તે જ વર્તમાનના સુખને માનનારાની દશા છે. તેની સંજ્ઞા કઈ? હેતુવાદિકી. જગતમાં દીર્ઘકાલની સંજ્ઞાવાળા તે જ કે જેઓ ઇન્દ્રિયો અને મનની સંપૂર્ણ શક્તિવાળા છે. તેમને જ દીર્ઘકાલની દૃષ્ટિ ધારણ કરનારા ગણાય, અને એને સમજનારા હોય તેને 'સંજ્ઞી' કહેવામાં આવે. જેઓ લાંબા કાળનો વિચાર કરનારા હોય તેને જ વિચારવાળા ગણ્યા. કીડી એક જોજનથી ગંધને પારખે ત્યારે આપણે તો મુઠ્ઠીમાં હોય તો પણ ન પારખીએ. કીડી એક

ભોજન રહેલી ચીજના રસને પારખે છે. તેવી જ રીતે રસ્તો પારખવાની તાકાત જે કૂતરામાં છે તે ભલભલામાં નથી હોતી. કારણ ? તો કે એક વખત જે રસ્તે ગયો હોય ત્યાંથી તેને પાછા આવતાં વાર લાગતી નથી. અર્થાત્ તે ભૂલે નહિ ત્યારે આપણે બે ચાર વાર જઈએ ત્યારે રસ્તો યાદ રહે. ઇન્દ્રિયની તાકાત વિચારમાં. હજી સંજ્ઞી પંચેન્દ્રિયને વિચારવાળા ગણીએ, પણ જેઓની દૃષ્ટિ ભવને 'જેલ' તરીકે બનાવનારી હોય તેને વિચારવાળા ગણતા નથી. જેની દૃષ્ટિ ભવને 'મહેલ' તરીકે બનાવનારી હોય તેને વિચારવાળા ગણીએ છીએ. જેલ શું અને મહેલ શું ? વાત ખરી. પણ તત્ત્વને વિચારો તો માલમ પડશે. જેલ એટલે ચારે બાજુ બારીબારણાં, જાળી વગેરે કંઈ નહિ તેમજ દુનિયા સાથે વ્યવહાર નહિ. હું ગયા ભવમાં હતો અને આવતા ભવમાં કાંઈક થઈશ તેવી તાકાતવાળાનો જન્મ 'મહેલ' જેવો ગણાય. આવતી જીંદગી જેની ભવિષ્યમાં નથી તેનું જીવન બારીબારણાં વગરની જેલ જેવું છે.

### દુનિયામાં હરામખોર કોણ ?

જેને હું કેવો હતો, ક્યાં કાર્યો કર્યાં જેથી આ મનુષ્યપણું પામ્યો. એવી સમજણ ન પડે, અને જો કર્મને ન માનતો હોય ને પરભવ ન માનતો હોય તેને કહીએ કે તું કોટીધ્વજને ત્યાં જન્મ્યો, તેનો માલિક થયો પણ એ ક્રોડ તું ક્યાં કમાવવા ગયો હતો ? તેથી હરામખોરને પણ જેને પુણ્ય માનવું છે તેને તો કહેવાનું કે મેં પુણ્ય કર્યું હતું માટે માલિક થયો છું. દુનિયામાં હરામખોર કોણ ગણાય ? વગર હકની મિલ્કતનો જે માલિકી–કબ્જો કરે તે.

## ખેડૂત જેવું બીજ વાવશે તેવું ઊગશે

પુણ્ય કર્યું હોય, સારાં કાર્યો કર્યાં હોય તેને ક્રોડ મળ્યા માટે તેને હક્ક; પણ કર્મ નહિ માનનારાને શું? કયા પુણ્યના ઉદયે મનુષ્યપણું, સંપૂર્ણ પંચેન્દ્રિયપણું, દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયું? કોને આધીન ગર્ભમાં આવ્યા? પહેલાં કઈ નિશાળમાં ભણ્યા હતા કે નાક આમ બનાવવું, તેને આમ ગોઠવવું, મોઢું આમ બનાવવું, તેને અમુક જગ્યા પર ગોઠવવું, કાન, નાક, જીભ ને આંખ આવી જ બનાવવી અને આ જ જગ્યા પર ગોઠવવી? તો આ બન્યું કોના પ્રતાપે? તો કહેવું પડશે કે પુણ્યના પ્રતાપે. તે સિવાય બીજો રસ્તો નથી. ગયા ભવના પુણ્યનો વિચાર કરીને આવતા ભવનો વિચાર કરવો જોઈએ.

## જૈન અને જૈનેતરની માન્યતામાં ભેદ

જૈનેતરો આ જીવને સુખને મેળવવામાં અને દુઃખ આવે તેને નિવારવામાં પરાધીન ગણે છે. અને આવતો જન્મ લેવાની તેનામાં તાકાત નથી એમ માને છે. એટલે આ જીવ તો મૂર્ખ છે; ઇશ્વર તેને સ્વર્ગે લઈ જાય તો સ્વર્ગે જવાનું અને નરકે લઈ જાય તો નરકે જવાનું. ઇશ્વરથી બધું થાય તે માન્યતા જૈનેતરોની છે. ત્યારે જૈનોની માન્યતા કઈ? જીવ જ પોતાના કરેલાં કૃત્યોને અંગે જવાબદાર છે અને તેનાં ફળ ભોગવવાને અંગે જવાબદાર છે. દુનિયામાં પણ કહેવાય છે ને કે માલ લેવો હોય ત્યારે આપનાર જણાવે કે તમારા નામે અને તમારા જોખમે. તેમ જીવે જે પુણ્યનાં કાર્યો કર્યાં હોય તો તેનાં ફળ ભોગવવાની જવાબદારી

ને જોખમદારી જીવની. તેવી જ રીતે પાપનાં કાર્યો કર્યાં હોય તો તેની જવાબદારી અને જોખમદારી પણ જીવની જ. માટે પુણ્ય કર્યું હોય તો ફળરૂપે સુખ પોતે મેળવે અને પાપ કર્યું હોય તો દુઃખ પણ પોતે જ પામે. જીવને જવાબદાર અને જોખમદાર મનાવનાર હોય તો જૈનો જ છે. જીવને જવાબદાર અને જોખમદાર ગણનાર મનુષ્ય ભવિષ્યનો તો જરૂર વિચાર કરે.

### ભક્તિના બે પ્રકાર

જેઓને ભૂતકાળ અને ભવિષ્યનો વિચાર હોય તેવા વિચારવાળાને '[1] દીર્ઘકાલિકી' સંજ્ઞાવાળા માને છે. બીજાને 'દીર્ઘકાલિકી' સંજ્ઞા ગણે છે, પણ તે વિકલેન્દ્રિયના ભાઈ જેવી. કારણ કે પૌદ્‌ગલિક સુખને માનનારા છે. સંજ્ઞાવાળો-વિચારવાળો કોણ ? ભવિષ્યના પરિણામને આત્માના સ્વરૂપના પરિણામને વિચારનારો હોય તેને જ 'વિચારવાળો' અને 'દીર્ઘકાલિકી સંજ્ઞાવાળો' ગણે છે. તેનું કર્તવ્ય થવું બે પ્રકારે છે: એક શક્તિથી અને બીજું ભક્તિથી. કાં તો શક્તિવાળા થવું; કાં તો ભક્તિવાળા થવું. જે શક્તિ અને ભક્તિવાળા ન હોય તે 'સાધક' થવા જાય તો નકામું. આપણામાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા ને મોક્ષ જાણવાની તાકાત નથી. માટે જરૂર છે ભક્તિની. ભક્તિના બે ભેદ છે: (૧) શારીરિક ને (૨) માનસિક. શ્રદ્ધા, પરિણામની દૃઢતા, અનાચરણ રહિત કાયા આપોઆપ થાય. જે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા લોકાલોકને સર્વ પદાર્થને

---

૧ તાત્ત્વિક પ્રશ્નોત્તર-પ્રશ્ન ૩૨ નું અવતરણ પૃ. ૭૭ જુઓ.

સર્વકાળને દેખનારા છે તેવા સર્વશક્તિમાન્ તીર્થંકરનાં વચનને અંગે પ્રવર્તવું તેનું નામ ભક્તિ. આ ઉપરથી અહીં એક વાતનો ખુલાસો થઈ ગયો. કઈ વાતનો ? '**वचनाद्यदनुष्ठानं**' એ જગ્યા પર કેવલજ્ઞાની મહારાજ સર્વજ્ઞનાં વચનને ધારીને પ્રવર્તતા હશે. તે પ્રમાણે પ્રવર્તતા ન હોય ત્યારે તેના આત્માને '**ધર્મ**' નહિ. આ કથન ભક્તિવાળા માટે છે. શક્તિવાળા માટે નથી. **वचनाराधनया खलु.** જે ધર્મ પોકારવામાં આવે તે ચીજથી વચનની આરાધના. જેની જેટલી બુદ્ધિ તેટલી જ ધર્મ આરાધનાની અધિકતા. એ ધર્મની અધિકતા અને ન્યૂનતા એ સમજવાની છે. માટે જ કર્મણિ તૃતીયા અત્રે જણાવી.

**અનારાધના અને વિરાધનામાં ભેદ**

તીર્થંકર પરમાત્માનાં વચનની આરાધનાથી ધર્મ થાય અને અનારાધનાથી વિરાધના થાય. શાસ્ત્રોમાં કહેલાં વાક્યોને ધ્યાનમાં રાખવાં. અનારાધનાવાળાને વચનને અંગે તેમાં શું કરવું તેનો વિચાર નથી, માટે 'અનારાધના'; પણ વચનમાં જે છે તે મારે કરવું નથી પણ વિરુદ્ધ કરવું માટે તેનું નામ 'વિરાધના'. અને વિરાધના તે તો અધર્મ છે. અનારાધનામાં અધર્મનો નિયમ નહિ. તેથી અનારાધક યથાભદ્રિક મિથ્યાત્વીઓ સમકિત પામે ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય.

**મહાવીરસ્વામીની સત્યતા વિષે ગોશાલાનો અંતમાં એકરાર**

**ગોશાલાએ** છેલ્લી અવસ્થામાં શું કહ્યું ? જેને **મહાવીર** પ્રભુ સામે આખડી બાંધી હતી, **મહાવીર**

પ્રભુને ઉપસર્ગ કર્યા હતા તેવો આ **ગોશાલો** પોતાના મતવાળાને એકઠા કરીને કહે છે કે **મહાવીર** મહારાજા સાચા છે, હું ખોટો છું અને મેં તમને ખોટે રસ્તે દોર્યા તે મોટું પાપ કર્યું. માટે તેના પ્રાયશ્ચિત્ત તરીકે મારા પગે દોરડું બાંધીને ચોરાશી ચૌટામાં આ પ્રમાણે બોલીને ઘસડજો. "આ **ગોશાલો** ખોટો છે ને **મહાવીર** સાચા છે; આને બહુ પાપ કર્યું છે વગેરે" (**ભગ૦ સૂ૦** ૫૫૫). હવે આમાં કંઈ બાકી રહ્યું ? આવી પરિણતિવાળો છતાં દુર્લભ બોધિ અને જન્મોજન્મ રખડશે, હજી ધર્મ નહિ પામે. વિરાધનાવાળો આવી સ્થિતિમાં આવે તો આરાધક અને સુલભ બોધિ થાય. તેથી જિનેશ્વરનાં વચનમાં જેટલી વિરાધના તેટલો જ અધર્મ.

વિચારવાળાએ ડગલે ને પગલે વિચારવાનું કે જિનેશ્વરનું વચન કેમ છે? ધર્મની આરાધના કરવી હોય તેને વચન ઉપર રહેવું જોઈએ. ધર્મના દાન, શીલ, તપ અને ભાવ તેમજ હિંસા, જૂઠ, અપ્રમાણિકપણું વગેરેનું નિવારણ, ત્યાગ, વૈરાગ્યના પ્રકારો સાંભળો છો પરંતુ ધર્મનું ગુહ્યમાં ગુહ્ય તત્ત્વ હોય તો આ વચનની આરાધના છે. આ પણ તત્ત્વ વગરનું હોય તો તેમ નહિ; પણ આ ધર્મના સર્વસ્વ માટે બધું છોડીને ધર્મની આરાધના કરવી જોઈએ. જેઓ આ પ્રમાણે વચનની આરાધના કરશે તેઓ આ ભવ પરભવની અંદર મંગલિક માલા વિસ્તારીને મોક્ષસુખ વિષે બિરાજમાન થશે.

## વ્યાખ્યાન : ૨

### આર્ય ને અનાર્ય તે કોણ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જે કોઈ આર્ય પ્રજા છે તે ધર્મની ચાહનાવાળી છે. તેટલા માટે આચાર્ય ભગવાન **શ્રીભદ્રબાહુસ્વામી** કે જેઓ યુગપ્રધાન શ્રુતકેવલી છે એવા તેમણે આર્ય–અનાર્યનું છેલ્લું લક્ષણ કર્યું તે કેમ? આર્ય ને અનાર્ય કોને કહેવા તે જણાવતાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે જે જગ્યા પર હકાર, મકાર અને ધિક્કારવાળી નીતિઓ જે કુળકરોએ ચલાવેલી પ્રવર્તે તે આર્ય. થોડા અપરાધમાં હકાર, વધારે અપરાધમાં મકાર અને બહુ અપરાધમાં ધિક્કાર એ ત્રણ નીતિઓ જેમાં પ્રવર્તે તે 'આર્ય;' તે સિવાયનો 'અનાર્ય. આવી રીતે **ઋષભદેવ** ભગવાનના તીર્થની ઉત્પત્તિ પહેલાં બીજી રીતે આર્ય ને અનાર્યની વ્યવસ્થા હતી. ભગવાન **ઋષભદેવજી**થી માંડીને ભગવાન **મહાવીરસ્વામી** સુધીમાં દેશ પરત્વે આર્ય ને અનાર્યની વ્યવસ્થા કહી એટલે જ્યાં [1]તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો ઉત્પન્ન થાય, થાય છે અને થશે તેવા જ દેશો આર્ય ગણાય અને તે સિવાયના બીજા બધા અનાર્ય. ત્યારે ભગવાન્ [2]શીલાંકાચાર્યે પ્રાચીન ગાથાથી સૂયગડાંગજીમાં

---

૧ બૃહત્કલ્પ ગા૦ ૩૨૬૩. ૨ સૂયગડાંગ (પુંડરીકાધ્યયન વ્યા૦)નું પૃ. ૧૯૪ જુઓ.

ચાલુ કાળને અંગે વ્યવસ્થા કરી કે જ્યાં ધર્મની પ્રવૃત્તિ હોય, સ્વપ્નામાં પણ ધર્મના અક્ષરો હોય તે 'આર્ય' અને જ્યાં સ્વપ્નામાં પણ ધર્મ એવા અક્ષરો ન આવે તે 'અનાર્ય'. આ જનપદની અપેક્ષાએ આર્ય અનાર્યની વ્યવસ્થા કરી તે અત્યારે પણ ચાલુ અનુભવીએ છીએ.

જગતમાં નિયમ છે કે જે પદાર્થ વહાલો હોય તેના જૂઠા શબ્દો પણ વહાલા લાગે, અળખામણો હોય તેના જૂઠા શબ્દો પણ અળખામણા લાગે. આપણે ત્યાં ચપટી લોટ લેવા આવેલો હોય તે કહે કે અખંડ સુખવાળા થજો, અખૂટ ભંડાર ભરાજો, છોકરાને ત્યાં છોકરા થજો. આ કહેવાથી થવાનું નથી છતાં આંખ લાલ કેમ નથી થતી? કહો કે તે વહાલું છે માટે. આપણે કોઈ સાથે લઢ્યા હોઇએ ત્યારે સામો ગાળ દે તો આંખ લાલ થાય છે. કેમ? તે કંઈ સિદ્ધ પુરુષ નથી. તેના કહેવાથી ગાળો લાગવાની નથી, પણ તે અળખામણું છે માટે આંખ લાલ થાય છે.

હવે આર્યોને અંગે વિચારીએ. જે મનુષ્ય સામાયિક, પ્રતિક્રમણ પૂજા ને પૌષધ વગેરે કંઇ કરતો નથી તેને 'ધર્મી' કહો તો તેમાં નાખુશ થતો નથી, પણ રાજી થાય છે. ઇષ્ટ પદાર્થના જૂઠા શબ્દો પણ વહાલા લાગે તેવી રીતે જે સામાયિક, પૂજા વગેરે કરતો હોય છતાં તેને 'પાપી' કહો તો તેની આંખ લાલ કેમ થાય છે? અધર્મ ખરાબ છે તેથી. માટે કહે છે કે આર્ય પ્રજા માત્ર ધર્મને સારો ગણનારી છે. પછી તે કરી શકે કે ન કરી શકે તે વાત જુદી છે. તેમ અધર્મને ખરાબ ગણનારી છે, માટે 'પાપી' શબ્દ ગમતો નથી. ધર્મ

વહાલો હોવાથી 'ધર્મ' શબ્દ ગમે છે. 'ધર્મ' શબ્દની વ્યાપકતા તે આત્માના કલ્યાણને કરનારી. ધર્મ ધારીને ધર્મ થયો તેથી કલ્યાણ થઈ જાય તેમ ન બને. પણ 'ધર્મ' થાય તો કલ્યાણ. હવે લોકોમાં ચાલતું વાક્ય વિચારીએ કે "ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ." કર્મનો બંધ પરિણામે. પરિણામ ધર્મના તો દરેક આર્યના અને આસ્તિકોના છે. દરેક આસ્તિકો જુદી ક્રિયા કરે છે, પણ પરિણામ ધર્મના છે. બધાને ધર્મના પરિણામ છે માટે બધા આસ્તિકોને ધર્મ થવો જોઈએ ને? પછી તે આશ્રવની, સંવરની, પુણ્યની, પાપની, બંધની, નિર્જરાની, મોક્ષહેતુની કે ભવહેતુની પ્રવૃત્તિવાળા હોય, પણ પરિણામે બંધવાળા હોય તો બધા આસ્તિકો ધર્મવાળા હોવા જોઈએ; પરંતુ આકસ્મિક સંયોગના લીધે જ્યાં વિભાગ પડયો ત્યાં કહેલું વાક્ય જ્યાં ત્યાં લગાડે તો તે શા કામનું?

## સુદેવાદિ અને કુદેવાદિના વિભાગની આવશ્યકતા

દુનિયામાં કંઠો ગળે લગાડવાનો હોય છે તેને ગળે ન લગાડતાં પગે લગાડે તો તે ન શોભે. તેમ આ વચન કઈ સ્થિતિનું છે? જો એ વચન સાર્વત્રિક મુદ્દાનું હોત તો શાસ્ત્ર-કારને સુદેવ, સુગુરુ ને સુધર્મ અને કુદેવ, કુગુરુ ને કુધર્મનો વિભાગ ન કરવો પડત. કુદેવ, કુગુરુ અને કુધર્મ માનનારા તેમને તો સુદેવ, સુગુરુ અને સુધર્મ તરીકે માને છે; પણ તેમને કુદેવાદિ ધારીને સેવવા તયાર નથી. સુદેવાદિને માનનારા અને કુદેવાદિને માનનારા બન્ને ધારણામાં સરખા છે; પણ કોઈ પોતાના દેવાદિને કુદેવાદિ ધારીને સેવે છે? ના, ત્યારે પરિણામે બંધમાં સુદેવ, સુગુરુ અને સુધર્મનો તેમજ કુદેવ,

કુગુરુ અને કુધર્મનો વિભાગ નકામો. ત્યારે આ સુદેવાદિ અને કુદેવાદિનો વિભાગ શા માટે પડયો? ત્યારે શાસ્ત્રકાર કહે છે કે ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ કહેનારે આ સુદેવાદિ અને કુદેવાદિનો ભેદ પાડયો તે કેમ?

## શેઠનું ઉદાહરણ, ચોથો તે ત્રીજો

એક શેઠ છે. તેને ત્રણ છોકરા અને એક ભાણેજ છે. ભાણેજ જન્મ્યો પણ શેઠને ત્યાં અને મોટો પણ ત્યાં જ થયો. મામો માંદો પડયો ત્યારે ભાણેજને અફસોસ થયો ત્યારે પેલા ત્રણ ભાઈઓને અફસોસ નહિ. તેથી ભાણેજ રોવા લાગ્યો. તેને રોતો જોઈને મામાએ કહ્યું કે જેવું ત્રણને મળશે તેવું જ તને મળશે. વીલ (will)માં ભાણેજને માટે ચોથો ભાગ લખ્યો. હવે શેઠ મરી ગયો.

પૈસો એવી ચીજ છે કે મા–દીકરીનો અને બાપ–દીકરાનો સ્નેહ તોડાવી નાખે. ભાણેજનું ત્યાં કંઈ લાગતું ન હતું, પણ જેટલું મળતું હતું તે ભાગ્યનું હતું. મને મામાએ ત્રીજો ભાગ આપવાનું કહ્યું હતું તમે ચોથો ભાગ કેમ આપો છો? કજિયા દલાલોને કજિયા લાવનાર જોઈએ. તે તો તૈયાર છે. વાદી અને પ્રતિવાદીના વકીલો કાયદા જે હતા તે જ ભણ્યા છે. હવે કેસ (case) ચાલ્યો. કોર્ટ (court)માં ગયા. જજ (judge) ન્યાયવાળો અને બુદ્ધિશાળી હતો અને સાથે નીતિને સમજનારો હતો. કાયદો શું કહે છે તે મારે જોવાનું. ત્યારે કેટલાક ન્યાય અને નીતિ બંને જાણનારા હોય છે. કાયદાનું ધ્યેય નીતિ; માટે બંને પક્ષનું તપાસ્યું તેથી નક્કી કર્યું કે તે બંને સરખું છે. ચોથો અને ત્રીજો ભાગ

બંને સરખા છે. ત્યારે વકીલોએ કહ્યું : કેવી રીતે ? સો રૂપિયા હોય તેનો ચોથો ભાગ કરીએ તો પચીશ અને પંચોતેરનો ત્રીજો ભાગ કયો રહે તો પચીશને ? અ ત્રીજો ભાગ તે ચોથો ભાગ, અને ચોથો ભાગ તે ત્રીજો ભાગ છે. શેઠે જે લખ્યું છે તે બરાબર છે. જજ બોલ્યા કે–શેઠ ભાણેજને પોતાના છોકરા કરતાં વધારે ગણે ખરા ? ના. પણ બધાની વચમાં કહ્યું કે સમુદાયના જેવા ભાગ પડે તેવો તને મળશે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે સમુદાયનો જે ચોથો તે શેષનો ત્રીજો. સોનો ચોથો ભાગ ૨૫. પંચોતેર રહ્યા તેનો ત્રીજો ભાગ પણ પચીશ. એ ત્રણે ભાગે વહેંચે તેમાં જેટલું ત્રીજા ભાગમાં વહેંચે તેટલું જ તને મળે. સાચી વસ્તુ અક્કલ પહોંચાડે તેને ખબર પડે. પણ ચોથો ત્રીજો ભાગ એક માને તે અક્કલ દોડાવે ત્યારે ખબર પડે.

અહીં પણ એના એ શાસ્ત્રકાર ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ કહે છે ને ? ત્યારે તેના તે કુદેવાદિને સુદેવાદિ તરીકે માનવા અને કુદેવાદિને કુદેવાદિ તરીકે માનવા તે ક્રિયાની પ્રવૃત્તિના પરિણામની અપેક્ષાએ. ત્યારે ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ તે આકસ્મિક સંયોગે.

### સંસારમોચકનું સ્વરૂપ

કોઈ મનુષ્ય હતો તે પીડાયો તેથી આજકાલ પક્ષીને મારવામાં હિંસા નહિ માનનાર પણ અહિંસા માનનારા છે. તેમ પહેલાના કાળમાં સંસારમોચક નામની સંસ્થા હતી. તે સાચા ઘરમાંથી ઘાતકીમાં ઉપજશે.

તેને પૂછવામાં આવે છે કે તે વાઘવરુમાં નહિ ઉપજે તેનું સર્ટિફીકેટ (certificate) લાવો. તેં શી રીતે છોડાવ્યો? દુઃખથી કે ભવથી છોડાવ્યો? તો ના. પ્રાણરૂપ જન્મથી છોડાવ્યો. તેવા સંસારમોચક દુઃખીને મારી નાંખે. હવે કોઈને વાળાથી એટલું બધું દુઃખ થયું કે તે સહન નહિ થવાથી તે આ સંસ્થામાં આવ્યો. ત્યારે તેને ઝેરવાળું અફીણ આપવામાં આવ્યું. પેલાએ તે ખાધું એટલે અંદર રહેલા કીડાઓથી તે સહન ન થયું એટલે બધા બહાર નીકળી ગયા. અને એવામાં વૈદ ડૉકટરની (doctor) સહાય જલદી મળી ગઈ તેથી તે બચી ગયો. હવે આ ભવમોચકને દયા થઈ કે હિંસા? ભવમોચકના પરિણામ જીવાડવાના ન હતા તેથી ક્રિયા મારવાની કરી હતી, પણ તે આકસ્મિક રીતે બચી ગયો તેથી તેની ધારણા ન હોય તો તેમાં તેને કંઈ નહિ. તેવી રીતે કોઈ બચાવવા ગયો, છતાં કદાચ તેના યોગે મરી ગયો તો તેને કંઈ પાપ નહિ લાગે, કારણકે તેના પરિણામ બચાવવાના હતા. માટે શાસ્ત્રકારે કહ્યું છે કે **"जयं चरे जयं चिट्ठे"** તું જીવના બચાવની બુદ્ધિથી ચાલ. જેઓ જીવના જીવનને નથી ઈચ્છનારા તેવા લોકોને **"जयं चरे"** એટલે શું? યતનાપૂર્વક ચાલવું. કેમ? તો રખે કોઈ જીવ મરે, રખે કોઈ કિલામણા પામે, રખે કોઈને ઉપદ્રવ થાય. તે મરણ વગેરે ટળે એટલે ન થાય માટે **"जयं चरे."** તેવી બુદ્ધિથી જ બેસે, ઊઠે, ખાય, પીએ, બોલે. આ પણ બચાવની બુદ્ધિથી હોવું જોઈએ. બચાવની બુદ્ધિથી પ્રવર્તતો મનુષ્ય પાપકર્મ બાંધતો નથી. **"अजयं चरमाणो उ, पाणभुआइं. हिंसइ। बंधइ पावयं कम्मं, तं से होइ कडुअं फलं"** (દશ૦ અ૦ ૪ ગા૦૧)॥

જે બચાવ વગરની બુદ્ધિથી પ્રવર્તતો હોય તે પાપકર્મને બાંધનારો છે.

**પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું દૃષ્ટાંત**

**પ્રસન્નચન્દ્ર** રાજર્ષિએ ચારિત્ર લીધું છે. તેઓ કાઉસગ્ગમાં રહ્યા છે. તેમને વચન સાંભળવા માત્રથી પરિણામ બગડયા અને સાતમી નારકીનું આયુષ્ય બાંધ્યું તેવું અહીં નહિ.

**કર્મબંધ ક્યારે ?**

જયણાથી વિરૂદ્ધ બેદરકારીથી પ્રવર્તેલા જીવો જે પ્રવૃત્તિ કરે અને પાપ બાંધે તેનું કટુ ફળ ભોગવવું પડે. **"तं से होइ कडुअं फलं"** આવું ધારીને જે જયણાએ પ્રવર્તે—પણ જતાં હોય ત્યારે નીચું જુએ તે વખતે કંઈ પણ નથી, છતાં જેવામાં પગ મૂકે તે વખતે વચમાં કોઈ જીવ આવી ગયો તો શું થાય ? માટે ઈર્યાસમિતિ રાખી. એટલે જોઈને ચાલજે. પગ ઊંચો કર્યો તે વખતે દેખ્યું. ઈર્યાસમિતિ પૂર્વક પગ મૂકતાં જીવ આવી ગયો અને મરી ગયો તેથી તેને કર્મ બંધ ન થાય. કેમ ? તો જ્યાં ક્રિયા–પરિણામ હિંસા વર્જવાના છે માટે ત્યાં કર્મબંધ ન થાય. આવી પ્રવૃત્તિમાં તેને આકસ્મિક થયું. તો તેમાં તેને કર્મબંધ નથી. તેનું પર્યવસાન દેખીએ તો શાસ્ત્રકારો તેને નિર્જરા માને છે. હિંસાનો છેડો નિર્જરામાં શી રીતે ? [1]**जाजयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स। सा होइ निज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स॥ (ओघनि०**

[1] આ ગાથા ઉપાધ્યાય યશોવિજયજીએ દાન–દ્વાત્રિંશિકા (શ્લો૦ ૩૧)ની સ્વોપજ્ઞ ટીકામાં અવતરણ રૂપે આપી છે અને એ સંબંધમાં વિશિષ્ટ ઊહાપોહ કર્યો છે.

ગા૦ ૭૩૦) વિરાધના વર્જવાની બુદ્ધિ જેવી જોઈએ તેવી રીતે તે પ્રવર્ત્યો.

સૂત્રકારે કહ્યું કે આવી રીતે પડિલેહણ, વિનય, વૈયાવચ્ચ વગેરે કરવું. તેમાં પ્રવર્તેલો હોય ત્યારે અધ્યાત્મમાં હિંસા વર્જવાની ચારિત્ર આરાધવાની બુદ્ધિ. ચારિત્ર આરાધવાની બુદ્ધિ તેથી નિર્જરા થાય છે. હિંસાથી નિર્જરા નહિ પણ હિંસા થાય છે તે જયણા વગરનાને. જયણા ધ્યાનમાં રાખીને આત્માની શુદ્ધિમાં પ્રવર્તે તેથી તેનું નિર્જરારૂપી ફલ આવે. એ તો આકસ્મિક છે. તેને તો દયા માટે પ્રવૃત્તિ કરી હતી. ઈર્યાસમિતિવાળાએ જોઈને પગ ઉપાડયો. જોઈને પગ મૂકે તે વખતે ઓચિંતો જીવ આવી ગયો, છતાં તેમાં તેના પરિણામ શુદ્ધ હતા.

## બંધનો આધાર અને એનું સ્વરૂપ

ક્રિયા અને પરિણતિ તે બેમાં જે વખતે પલટો થાય ત્યાં પરિણામ ઉપર બંધ રહે છે. જયણાથી પ્રવર્તવાવાળાને વિરાધના વર્જનનું ફળ મળ્યું. "ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ." સરખા સંયોગે બંનેની શરૂઆત હોય. અને આકસ્મિક સંયોગે પલટો થયો હોય ત્યાં પરિણામે બંધપણે સાતાવેદનીયનો બંધ નહિ પણ પરિણામથી બંધ રહે. ક્રિયાના પલટાના આધારે બંધનો પલટો ન થાય. કયાં ? તો આકસ્મિક પલટો હોય ત્યાં. તે જો ન માનીએ તો આસ્તિક માત્ર ધર્મના આરાધક થાય. પણ વિરાધક ન રહે. તાપસ પરિવ્રાજક વગેરેને શાસ્ત્રકારે વિરાધક ગણ્યા. તેથી આકસ્મિક પલટો હોય તે વખતે પરિણામે બંધ ગણાય. સારા પરિણામ હોય

અને ક્રિયા પલટે તો સારો બંધ. આ વાકય ક્રિયાની શરૂઆતને અંગે નથી. આસ્તિક માત્ર 'ધર્મ, ધર્મ' એમ પોકારે પણ તેના હેતુઓ કયા, તેનું સ્વરૂપ કયું, તે કરવાથી શું ફળ પામ્યા, તે ન કરવાથી કયું નુકશાન પામ્યા તેનાં દ્રષ્ટાંતો આ ચારે તપાસીએ અને તે જેમાં શુદ્ધ નીકળે તેને 'ધર્મ' ગણી શકીએ. તે ચારે શુદ્ધ કયારે, તે કેવી રીતે તપાસવા તે વગેરે જે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૩

### આર્ય અને અનાર્યનાં લક્ષણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવને સારી સ્થિતિને અંગે દવા દેવાવાળો જોઇએ. વૈદ અને ડૉકટર (doctor) બધા રોગોના નિરાકરણમાં-ચિકિત્સામાં દવાઓમાં પ્રવીણ હોય છતાં જો દર્દીને ન ઓળખે-તેના દર્દને ન ઓળખે તો તેઓ રોગોની ચિકિત્સામાં પ્રવીણ હોવા છતાં ઉપકાર કરનાર ન થઈ શકે. તેમ આ જગતમાં જીવો ધર્મની અભિલાષાવાળા હોય તેને માટે કાલે જણાવી ગયા કે જનસમુદાયને અંગે આર્ય-અનાર્યનું એ લક્ષણ કહેવામાં આવ્યું કે જ્યાં ધર્મની પ્રવૃત્તિ તે 'આર્ય જનસમૂહ' અને જ્યાં ધર્મ સ્વપ્ને પણ ન હોય તે 'અનાર્ય જનસમૂહ કહેવાય.

## ભાડાનું ઘર

કાલે નક્કી કર્યું કે આર્ય માત્રને ધર્મ વહાલો છે. સામાન્ય રીતે જેઓ જીવને માનનારા છે તેવા આસ્તિકો સ્પષ્ટ રીતે સમજે કે આપણે અહીં ભાડાના ઘરમાં રહેલા છીએ. આપણું ઘર, કાયા, કુટુંબ વગેરે ભાડાને અંગે ખરીદેલું છે. ધર્મશાળામાં જે વાસણ, ગોદડાં વગેરે જે નંબરવાળી ઓરડી હોય તેના નંબર પ્રમાણે. તેમ આ કંચનાદિ ચારે મળેલા તે ભવના નંબરના; બીજા નંબરના નહિ. ચહાય જેવાં કંચન, કુટુંબ, કાયા ને કામિની હોય તે બધા આ ભવના નંબરના. ધર્મશાળા તે સ્થિર રહેવાનું સ્થાન ન ગણાય. તે માટે જણાવે છે:—

## રાજા ને સાંઈબાવાનો સવાદ

એક રાજા છે. તે ઝરૂખામાં બેઠો છે. તેવામાં એક ફકીર આવીને રસ્તા ઉપર બેઠો ત્યારે રાજા આવ્યો અને પૂછયું: 'સાંઈબાવા, ઈધર કયું ઠેરે હો?' સાંઈબાવાએ કહ્યું: 'કયું ઈધર ઠેરનેકા નહિ હૈ?' તબ રાજાને કહા કે જહાં સરાઇ હોવે વહાં જાવ. તબ સાંઇને કહા કે યહ સરાઈ હી હૈ. રાજાને કહા. 'કૈસે એ સરાઈ હૈ?' તબ સાંઇને કહા, 'સરાઈ ઇસિકો કહેતે હૈં જહાં આવે, ઠેરે, પીછે ચલ જાવે ઉસિકો. ઇસિ તરહસે ઈધર તુમેરા દાદા કે દાદા થા, વો ઈધર ઠેરા કે ચલ ગયા. વૈસે તુમારા દાદાજી, તુમારા બાવાજી ઈધર ઠેરા કે ચલ ગયા વો ઈસ્કુ સાથ મેં લે ગયે? જબ વો ન લે ગયા તબ તુમ કયા સાથમેં લે જાવેગા? ઈસ લીયે જહાંસે નીકલને કા હોવે ઉસ્કુ 'સરાઈ' કહેતે હૈ. ઈસ્કુ લોક

જગ્યા કહતે હૈ. પણ ઉસ્કા માઈના કયા હૈ તો જાયગા. પણ હમ જાને વાલે નહિ હૈ. લેકિન અમારા જો હોયગા વો જાવેગા.

## આસ્તિક અને નાસ્તિક વિષે ઊહાપોહ

અહીં કેટલાક રાજાઓ આવ્યા અને ગયા પણ જગ્યા ન ગઈ. તમે પૈસા ખર્ચો યા ન ખર્ચો, તમે લો યા ન લો, પણ હું નથી જવાની પણ અમારા માલિક જવાના. એમ જગ્યા પોતે ચોખ્ખું જણાવે છે. તેમ આસ્તિક માત્ર જીવને માનનારા છે અને નાસ્તિકો નથી માનતા પરંતુ એક વાતમાં આસ્તિક અને નાસ્તિકમાં મતભેદ નથી. આસ્તિક જીવ, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ ને મોક્ષ માને છે; નાસ્તિક તે ન માને. પણ આ વાતમાં મતભેદ નહિ. કઈ વાતમાં? મેળવ્યું તે મેલવા માટે; આવ્યો તે જવા માટે; ઉઠાંતરી કરવાની આસ્તિક હોંશે ઉઠાંતરી કરે ત્યારે નાસ્તિક 'હો હો' કરતો ઉઠાંતરી કરે. હોંશે કેમ? જેમ આ જીવે પુણ્ય કર્યાં હોય તેથી મારી સારી ગતિ થશે, તેથી હોંશે કરે. ત્યારે નાસ્તિકને તેમાંથી કંઈ નથી. માટે તે 'અરેરે અરેરે' કરતો નીકળે. નાસ્તિક ઉઠાંતરી કરે તે મીંડું વાળીને; આસ્તિક એકડાના આધારે. આ દેહ બળી ગયા પછી કઈ નથી એટલે મીંડું. તેને આમ દ્રષ્ટિ રાખીને નીકળવાનું. પણ નીકળવાનું તે ચોક્કસ.

## અજ્ઞાન એ પણ ગુનો

શિયાળ સિંહને માને કે ન માને, ગણે કે ન ગણે પણ સિંહ શિયાળનો શિકાર ન કરે તે નિયમ નહિ. તેમ અહીં પણ નાસ્તિકો જીવ, કર્મ, દુર્ગતિ, સદ્ગતિ, મોક્ષ, પુણ્ય ને પાપ માને કે ન માને તેથી તે દુર્ગતિથી છૂટી ન

જાય. ન માનવાથી છૂટી શકાતું નથી. કેટલાંક જાનવરો એવાં હોય છે કે સિંહ આવે એટલે આંખો મીંચી દે છે તેથી કંઇ તે બચી જાય? ના. તેમ અહીં તે જીવ પુણ્ય, પાપ, નરક કે સ્વર્ગ ન માને તેથી તે તેનાથી બચી ગયો? ના. પણ તેનાં કારણો દૂર કરે તો બચી જવાય. ધ્યાન રાખજો. તે જાણે અને તે ન કરે. જાણકારની ગુનેગારી અને અજાણ-કારની ગુનેગારી સરખી ન ગણાય. દુનિયામાં પણ અજાણને ગુનેગાર નથી ગણતા. તેવી રીતે જેઓ જીવ નથી જાણતા ને માનતા નથી. દુર્ગતિ કર્મ વગેરે જાણતા નથી–માનતા નથી તેને કર્મ બંધાય શાથી? વ્યવહારથી કે નિશ્ચયથી?

જાણ હોય કે અજાણ હોય તે ઝેર ખાય તો મરે કે નહિ? ઝેરથી અજાણ હોય તો તે અજાણ કેમ મરે છે? સુખ–દુઃખ થાય છે કે નહિ? પણ અજ્ઞાનતા એ કર્મ સિદ્ધાંતમાં બચાવ નથી. દુનિયાદારીના વિભાગમાં બચાવ તરીકે ભલે રહે. અહીં અજ્ઞાન એટલે પહેલો ગુનો. અજ્ઞાન ક્યાંથી થયું તો તેને કર્મો તેવાં કર્યાં તેથી. ને વ્યવહારમાં અજ્ઞાન સ્વભાવનું માન્યું તેથી ગુનો નથી. આસ્તિકોએ તો આત્માને સચ્ચિદાનંદ જ્યોતિરૂપવાળો માન્યો. અજ્ઞાન આવ્યું ક્યાંથી? વિકારથી. તેથી તેને દોષ માનવો જોઇએ. કેમ? તે પાપ સ્વરૂપ છે માટે. પહેલાં અજ્ઞાનને મોટું પાપ માન્યું. જૈન શાસને અજ્ઞાનથી બચાવ નથી રાખ્યો. તે અજ્ઞાન જો બચાવશે તો મિથ્યાત્વ ને અવિરતિથી કર્મનું આવવું ગણાત જ નહિ. જેમ [1]મિથ્યાત્વ ને અવિરતિ કર્મબંધનાં કારણ છે તેમ અજ્ઞાન

[1]તાત્ત્વિક પ્રશ્નોત્તર જુઓ પૃ૦ ૮૧.

એ પણ કર્મબંધનું કારણ છે. મિથ્યાત્વાદિને કર્મબંધનું કારણ કોઈ માનતા નથી, પણ તેને જો કર્મબંધનું કારણ માનનાર કોઈ પણ હોય તો તે માત્ર જૈન શાસન.

પરિણતિ અને પ્રવૃત્તિ તે બંને કર્મબંધનું કારણ. કરે તે ભોગવે તે સિદ્ધાંત અન્ય મતનો; જૈનનો નહિ. આપણે તેના સંસર્ગમાં આવ્યા છીએ તેથી 'કરે તે ભોગવે' એમ બોલીએ છીએ. પણ તે વાક્ય આપણું નથી. પણ જે વિરતિ ન કરે તે કર્મબંધ કરે. હવે 'કરે તે ભોગવે' લઈએ તો ઝાડના જીવોને, પૃથ્વીકાયાદિના જીવોને કર્મબંધ ન થવો જોઈએ. એક જગ્યા પર ગુમડું થયું તેને માટે આપણે પરુ કરવા તલમાત્ર તૈયાર નથી. ગુમડું ન થવા દેવું તેનાં સાધનો કરીએ પણ ગુમડું થયા પછી વિકાર માટે તમારૂં મન હોય યા ન હોય. પણ તે પરુ તમારા ખોરાકમાંથી થાય છે. તેમ મિથ્યાત્વ ને અવિરતિ પોતે મનો યા ન માનો પણ તે જ્યાં સુધી જાય નહિ ત્યાં સુધી કર્મો લાગ્યાં જાય. તમારે મન, વચન અને કાયાથી વિચારવાનું ન બને એ પ્રવાહ બંધ નથી થયો. મિથ્યાત્વ ને અવિરતિપણું હોય, મન, વચન, કાયા શુદ્ધ હોય તો પણ કર્મબંધ થયા જ કરે.

'કરે તે ભોગવે' એ વાક્ય જૈનના ઘરનું નથી પણ ઇતર ધર્મના ઘરનું છે. જેટલાંનાં પચ્ચક્ખાણ ન કરે તેટલાંનાં કર્મ ભોગવે. વિરતિ ન કરે તે ભોગવે. એટલે અવ્રત તે કર્મબંધનું કારણ અજ્ઞાન તે પણ કર્મબંધનું કારણ તમે બોલો, વિચારો, પ્રયત્ન કરો તો જ કર્મબંધ થાય તેમ નહિ. મિથ્યાત્વ જ્યાં હોય ત્યાં અવિરતિ હોય; હોય ને હોય જ. જેમકે અભવ્યો

પાંચે મહાવ્રત પાળે છે. હવે આપણે જ્ઞાની મહારાજને પૂછવા ગયા કે અભવ્યને અવિરતિ કેટલી ઓછી થઇ ? તો જરાકે નહિ તેમ જવાબ મળે કારણ ? અજ્ઞાન છે. અજ્ઞાન ન ખસે ત્યાં ક્રિયા કરે તો પણ અવિરતિ ખસે નહિ. નવ ગ્રૈવેયક સુધી જાય તો પણ અવિરતિ બારે બાર. તેનો બંધ કોને ઓછો ને કોને વધારે ? કોને મંદ ને કોને તીવ્ર તે વાત જુદી. માટે અજ્ઞાન એ જૈન શાસનમાં બચાવ નથી; પણ જ્ઞાન હોય, સમ્યક્ત્વ, વિરતિ હોય તો જ બચાવ, તે કેટલો બધો તે વિચાર કરો.

## શણગારેલી ઢીંગલી જેવી અભવ્યની દશા

અભવ્યો મહાવ્રતો કેવલી મહારાજ જેવાં શુદ્ધ પાળે, છતાં તેના છેડા સુધી કંઈ નહિ. કેમ ? તે તેનાથી નવ ગ્રૈવેયક સુધી જાય ને ત્યાંથી પાછો આવીને સંસારમાં રખડે. એટલે તે ચાલ્યું જાય. ઓચ્છવમાં ઢીંગલી શણગારે, પણ તે બજારમાં ફેરવવા જાય તો ન શોભે. તેમ અભવ્ય જીવને સાધુપણું-મહાવ્રતપણું આવે તે ઢીંગલીના શણગાર જેવું. કારણ ? તેને શાસ્ત્રકારના વચન ઉપર શ્રદ્ધા-પ્રીતિ નથી. તે ભલે સાધુપણું પાળતો હોય, પણ તેની માન્યતા કઈ ? આ બધું ખોટું છે, જૂઠ્ઠું છે, હું આમાં રહ્યો છું માટે બોલવું પડે છે. મહાપુરુષો આમ કહે છે, આમ ફરમાવે છે તે બોલવું પડે. શ્રોતાઓ તેના હાથે પ્રતિબોધ પામે છે, છતાં તે તો આ મોક્ષમાર્ગ ખોટો છે એમ માને છે. સમોસરણ જ્ઞાન, દર્શન ને ચારિત્ર સાચું ? ના. તે મોક્ષને સાચો ન માને. કારણ ? અભવ્યને મોક્ષની શ્રદ્ધા કોઈ દિવસ ન થાય. મોક્ષની ઇચ્છા ભવ્યને જ થાય. મોક્ષ ન માને તો ધર્મ

ક્યાંથી ? ધર્મ ન થાય તો જ્ઞાન, દર્શન ને ચારિત્ર ક્યાંથી થાય ? પોતે જૂઠાં અસિદ્ધ અપ્રમાણ ગણે અને લોકોને ઠગવા માટે ભગવાનનું નામ લે. ક્રિયામાત્રથી નવ ગ્રૈવેયક સુધી જાય. ત્યાંથી જ્યારે પડયો ત્યારે તે જ્યાં હતો ત્યાંનો ત્યાં જાય. એટલે શણગારેલી પૂતળી જેમ ખૂણામાં પડી રહે તેમ આ અભવ્યની દશા. સમ્યક્ત્વ પામેલો–સમ્યગ્જ્ઞાન પામેલો જીવ કંઈ પણ ન કરે, ૧૭ પાપસ્થાનકમાંથી એકે છોડયું ન હોય છતાં તેનો એકડો. સમ્યક્ત્વથી ભવની ગણત્રી, પણ ચારિત્રથી નહિ.

**બંધ કયારે નહિ ?**

જ્યાં અજ્ઞાન ત્યાં વ્રત, ક્ષમા વગેરે હોય તો તે નહિ જેવાં. જ્ઞાન વગરના મનુષ્યને અવિરતિનો, કષાયનો ને યોગનો બંધ ટળે નહિ તે નિયમિત. પણ જ્યાં મિથ્યાત્વ ને અવિ-રતિનો બંધ રોકયો ત્યાં કષાય ને યોગનો બંધ હોય પણ ખરો અને ન પણ હોય. જે જયણાની બુદ્ધિવાળો છે તે જયણાથી ચાલે છે. તેના પગ નીચે જીવ મરી ગયો તેમાં કર્મબંધ નહિ તે જણાવી ગયા તેમ શ્રાવકને અંગે અવિરતિ ટળે તો બંધ નહિ.

**પાપ માટીનું કે લીલોતરીનું ?**

[1]એક શ્રાવકે લીલોતરી નહિ કાપવી તેવી પ્રતિજ્ઞા કરી. ઝાડનાં જે મૂળિયાં હોય તે કઈ જગ્યાએ ગયાં હોય તેનો પત્તો નથી ખાતો. હવે માટી કે ખાડો ખોદતાં તેનાથી મૂળિયું કપાઈ ગયું તો તેને વનસ્પતિની હિંસા થઈ. ત્યારે

---

૧સ્થાનાંગસૂત્ર (વ્યા૦) ભાગ ૧લાનું જુઓ પૃ૦ ૨૨૨

કોઈએ શાસ્ત્રકારને પ્રશ્ન કર્યો કે મહારાજ! એને પાપ માટીનું કે લીલોતરીનું? ભગવાને સાફ કહ્યું કે માટીનું પાપ પણ વનસ્પતિનું નહિ. કેમ? માટી ખોદતાં વનસ્પતિ કપાઈ, તેથી માટીનું પાપ. વનસ્પતિની હિંસા વર્જવાની દાનતથી તે પ્રવર્તેલો છે. તેમાં પેલી વનસ્પતિ વચમાં આવી ગઈ તે કેવલ તેનો કર્મોદય એમ કહી શકીએ. કોને બચાવ કર્યો? કાયાની પ્રવૃત્તિ વનસ્પતિની હિંસામાં છે ને? આ 'તો કરે તે ભોગવે' તેમાં. પણ જ્યારે કહે કે અવિરતિના ત્યાગને કરવાવાળાને બચાવ છે. અને નહિ કરવાવાળાને બંધ છે. એને મન થકી કર્યું. હવે મન થકી નહિ કરનારા તે અવિરતિ રહ્યા તો બંધ.

**સરકવાની ટોળીના સભ્ય**

એક જ વર્ગ એવું માને છે કે સંસાર એટલે ૧૮ પાપસ્થાનકની કમિટિ એ ટોળીમાં આ મેંબર (member) હું મેશનો. એનાર્કિસ્ટ (anarchist)ની ટોળીમાં મેંબર તરીકે નોંધાયલો બે મહિના ઘેર રહ્યો હોય ને મીટિંગ (meeting)માં હાજરી પણ ન આપતો હોય તો યે તે ગુનેગાર કે દેશદ્રોહી ગણાય. પણ રાજીનામું આપીને નીકળી જાય તો જ છૂટે. એમ અહીં પણ આ જીવ અઢાર પાપસ્થાનકની ટોળીમાંનો મેંબર છે. એણે વેપાર કર્યો. કયો? પાપનો. પાપ-સ્થાનક કર્યા વગર પણ આપણે તો તે ટોળીના મેમ્બર છીએ. તે મનથી, વચનથી ને કાયાથી કહી શકીએ કે નહિ? હા. મેમ્બર તેના, તેથી તે ટોળીમાંથી રાજીનામું દઈને નીકળે અથવા તો હું આ ટોળીને દેશદ્રોહી ગણું છું તેમ કહીને નીકળે તો જ છૂટે.

આપણે જાહેર રીતે સંસારી. પણ સંસારીનો અર્થ માલમ ન પડે તો? જેમ ચળવળોમાં વાનરસેના છોકરાને માટે વાપરીએ છીએ. વાંદરો હૂપ હૂપ કરે છે તેમ આ છોકરાઓ તેમ કરે છે. વાંદરા કોને કહેવાય તે વિચારો.

## સંસારી કોને કહેવાય?

આપણે કોણ? સંસારસેના. [1]'સંસાર' એટલે શું? અત્યંત 'સૃ' એટલે સરકવું. આ તો સંસ્કૃત પુસ્તકના પહેલા ભાગમાં 'સૃ' એટલે સરકવું આવે છે. એટલે સરક્યા જવું. સંસાર એટલે સરકવાની ટોળી. એક ગતિમાંથી બીજી ગતિમાં, ત્યાંથી વળી ત્રીજી ગતિમાં એમ સરકયો જ જાય. સુખદુઃખના વેદન માટે નહિ. પરમાણુની પણ એવી સ્થિતિ. અધોલોકના છેડે રહેલો પરમાણુ ઊર્ધ્વલોકના છેડે એક ક્ષણમાં ચાલ્યો જાય. તેના ઉપર આચાર્યની મૂર્ખતાની પરીક્ષા થઈ.

## આચાર્યનું ઉદાહરણ

એક આચાર્ય હતા. તેઓ કોઈ ગામમાં ગયા. બીજા મતવાળાએ કહ્યું કે આચાર્ય આવ્યા છે. તેની તપાસ કરો કે તે કેવા છે? ભણેલા કે મૂર્ખ? તેથી બીજા મતનો એક મનુષ્ય રાતે શ્રાવકના રૂપમાં આવ્યો. જેનામાં શક્તિ બરોબર હોય તેજ વધારે કાર્ય કરે. આચાર્યનું જ્ઞાન જાણવા પ્રશ્ન કર્યો. મહારાજ! પરમાણુને કેટલી ઇન્દ્રિયો? આચાર્યે વિચાર

---

**१अ–संसृतिः संसरणं वा संसारः—नरकादि (उत्त० चू० पृ० ११२) आ–संसरणं संसारः–नारकतिर्यङ्नरामरभवभ्रमणलक्षणः (जीवा० टी० पृ० ८); इ–संसरण संसारः–नारकतिर्यग्नरामरभवानुभवलक्षणः (प्रज्ञा० टी० पृ० १८)**

કર્યો કે ક્ષેત્રાંતરમાં સંક્રમવું તેમાં શક્તિ જોઈએ છે. જે પ્રમાણે શક્તિ હોય તે પ્રમાણે સંક્રમણ હોય. જેમ સંક્રમણ વધારે તેમ શક્તિ વધારે. જેટલી ક્રિયા કરે તેટલું વીર્ય ફોરવવું પડે. તેમ વસ્તું લેતાં દેવલોકમાં અસુરેન્દ્રની જેટલી ગમનશક્તિ તેના કરતાં સૌધર્મેન્દ્રની ગમનશક્તિ વધારે કે નહિ? યાવત્ પંચેન્દ્રિય ગમનશક્તિમાં વધારે. પરમાણુ ક્યાંથી ક્યાં સુધી જાય? એક સમયમાં લોકના એક છેડેથી બીજે છેડે. જ્યારે દેવતાને પાંચ ઇન્દ્રિયો છે, પણ તેને ચૌદ રાજલોક એકી સાથે ઓળંગવાની શક્તિ નથી. પણ પરમાણુ ઓળંગે છે માટે તેને પાંચ ઇન્દ્રિયો હોય એમ વિચારી આચાર્યે જણાવ્યું કે પરમાણુને પાંચે પણ ઇન્દ્રિયો હોય. જ્યાં આ પ્રમાણે આચાર્યે જણાવ્યું એટલે પેલો પામી ગયો કે આમને શાસ્ત્રનું જ્ઞાન નથી. પણ વાચાલતા છે ત્યારે પેલાએ વાદનો ઝંડો ત્રીજે દહાડે જાહેર કર્યો. (**बृ० क० गा. ७१७**)

કેટલીક વખત આચાર્ય પણ શાસ્ત્રના જ્ઞાન વગરના હોય. તેમાં સારસંભાળની સમજ ન પડે માટે જ્ઞાનવાળા જ જોઇએ એટલે અજ્ઞાનનો બંધ ટળે ત્યારે જ અવિરતિનો બંધ ટળે. તે ટાળવા માટે આ સંસારમાંથી નીકળી જવાનું. તેમાંથી જ્યાં સુધી નામ ન છેકાવીએ ત્યાં સુધી તે ન છૂટી શકે. અત્યંત સરકનારી ટોળીના મેમ્બર છીએ. તેમાંથી રાજીનામું ન આપીએ અને અહીં આવીને બેઠા છતાં તેમાંથી નથી છૂટયા. રાજીનામું આપીને અહીં આવીને બેસે તો જ છૂટે. અભવ્યને અવિરતિ નરકબંધનું કારણ–કર્મબંધનું કારણ છે.

આ વાત વિચારશો તો **કલ્પસૂત્ર**માં આપણે સાંભળીએ છીએ કે **મહાવીર** મહારાજે દીક્ષા લીધી. **अणगारिअं पव्वइए.**

એમણે સાધુપણું લીધું, ઘરમાંથી નીકળીને. ઘરમાંથી નીકળ્યા તે શા માટે કહેવું પડયું ? અહીં કિંમત કોની ? ઘરનું રાજીનામું દઇને નીકળે તેની; સાધુપણાની નહિ. **न विद्यते अगारं यस्य सः अनगारस्तस्येदमनगारिकं.** ઘરમાંથી નીકળ્યા વગર અણગાર થાય તે કબૂલ નથી. પણ તેમાંથી રાજીનામું દઇને અને આ ખરાબ છે તે કહીને તે છોડીને અહીં આવે તો તે કામનો. માટે અજ્ઞાન તે બચાવ નથી. અજ્ઞાન તે બંધની જડ. મિથ્યાત્વનો બંધ હોય તેને અવિરતિ, યોગ ને કષાય નિયમા. પ્રવૃત્તિ ન હોય—પચ્ચક્ખાણ સુદ્ધાં જ હોય. છતાં અજ્ઞાન ને મિથ્યાત્વ ટળ્યા વગર અવિરતિ, કષાય ને યોગનો બંધ ટળે નહિ. તેમાં ભજના નહિ, પણ નિયમા. જેને અજ્ઞાનનો બંધ ટળ્યો નથી તેને તો ભલે હિંસાદિક પાપસ્થાનને ટાળ્યાં હોય તો તેને બંધ ન થાય પણ તે બંધ ગયો ન ગણાય. કષાય ને યોગ વગેરેની કંઇ પણ પ્રવૃત્તિ ન કરે તો પણ તે બંધ ન ટળે. મિથ્યાત્વનો બંધ રોકાય તો અવિરતિ આદિનો બંધ રોકાય. કષાયનો બંધ ક્યારે રોકાય ? અવિરતિનો બંધ રોકાય ત્યારે. અવિરતિનો બંધ હોય ત્યાં સુધી કષાય અને યોગનો બંધ હોય. આ સ્થિતિ વિચારીએ તો માલમ પડે કે અજ્ઞાન ને અવિરતિ તે આત્માના વિકાર છે. તેનો વિચાર ન કરીએ તો પણ તેનાં કર્મો બંધાયાં જ જાય. ગુમડામાં પરુ થાય તેવો મનમાં વિચાર નથી; છતાં પણ તેનો વિકાર બંધ ન થાય. ક્યાં સુધી વિકાર થાય ? તે પરુ બંધ ન થાય ત્યાં સુધી. તેમ અહીં પણ અવિરતિ કર્મબંધનું કારણ. જૈનેતરો તમામ કહે છે કે 'કરે તે ભોગવે.' તે જૈનો નહિ કહે. જૈનો તો એમ કહે કે જેટલો છૂટે નહિ, જેટલાં પચ્ચક્ખાણ ન કરે તેટલો

ભારે થાય અને તેટલો જ ભોગવટો કરવો પડે. અવિરતિને કર્મબંધનું કારણ માન્યું. તેથી. માટે કર્મબંધના કારણ તરીકે અજ્ઞાન અને અવિરતિ માની. હોય તો તે જૈનોએ જ. અજ્ઞાન દુનિયામાં બચાવ માન્યું. ધર્મમાં, સુખમાં, દુઃખમાં ને કર્મમાં અજ્ઞાન બચાવ નથી. તેમાં જાણ્યે કે અજાણ્યે પણ કર્મનો બંધ થવાનો. શિયાળ સિંહને ન દેખે, ન જાણે ને ન માને, છતાં તે સિંહનો શિકાર થવાનો. ન જાણવાથી કે ન માનવાથી તે બચી શકતો નથી. તેમ તમે જીવ છે, દુર્ગતિ સદ્‌ગતિ છે તેમ માનો કે ન માનો તો પણ કર્મ બંધાય. તેમાં બચાવ નથી. સુખ–દુઃખમાં અજ્ઞાનનો બચાવ છે ? સુખ થવામાં કે દુઃખ થવામાં કોઈ જાણતું નથી. તેથી તે દુઃખસુખ બંધ થઈ ગયાં ? જીવને, કર્મને ને દુર્ગતિને ન માને તેટલા માત્રથી તેનાથી છૂટી જતો નથી. દરેક નાસ્તિકને છેવટે તો 'ઓય રે'માં જ જવાનું થાય. જેમ પિયરથી સાસરે જવાવાળી બાઈ દેખાવમાં રોવાનું વગેરે કરે પણ સાસરાવાળા ન તેડાવે તો પોતાની મેળે જાય. તેમ આપણે ગત્યંતરનો વિચાર શો ? આપણે સારાં કર્મો કર્યાં તેથી સારી ગતિમાં જવાનું છે. તે કોને ? આસ્તિકને. આ શરીરરૂપ મુસાફરખાનું છોડીને બીજે જવાનું કોને થાય ? આસ્તિકને. ત્યારે નાસ્તિકને મીંડું, સરવાળે શૂન્ય. શૂન્યવાળું સરવૈયું નાસ્તિકને હોય, પણ આસ્તિકને ન હોય. આસ્તિકને તો એ હોય કે હું આરાધક બનું–આવતા ભવે ધર્મ પામું. શૂન્ય સરવાળાના સરવૈયાવાળા નાસ્તિકો. તેથી આસ્તિક માત્રે કે આર્ય માત્રે એ વિચાર કર્યો કે અમારી આવતી જીંદગી નહિ બગાડી દેનાર પણ

તેને સુધારનાર જો કોઈ હોય તો તે માત્ર ધર્મ જ છે. આવી રીતે આસ્તિક અને આર્ય માત્રે ધર્મ માન્યો છે.

**ધર્મ શેનો વિષય?**

અહીં એક વાત વિચારવાની કે ધર્મ તે મનનો, ઇન્દ્રિયનો કે અક્કલનો વિષય નથી. કેમ? તો નથી તેની કાનથી પરીક્ષા, નથી તે આંખથી દેખાતો, નથી તે નાકથી સૂંઘાતો, નથી તે રસનાથી ચખાતો અને નથી તે સ્પર્શથી જણાતો. સ્પર્શ, રસ, ગંધ, રૂપ ને શબ્દની પરીક્ષા કરી શકીએ. કેમ? તો તે ઇન્દ્રિયનો વિષય છે માટે. પણ આવતી જીંદગી તે ઇન્દ્રિય કે અક્કલનો વિષય નથી. ત્યારે તે વિષય કોનો છે? જ્ઞાની પુરુષનાં વચનનો વિષય. જ્ઞાની પુરુષ મળ્યા માટે તેનું વચન સાંભળું તો આવતી જીંદગી બગડતી સુધારી શકાય. માટે ધર્મ ક્યાં? વચનની આરાધનામાં. હવે ધર્મનું સ્વરૂપ કર્યું, તેનું ફળ કર્યું, તેને માટે સાધન અને સામગ્રી કઈ અને અહીં વચનની આરાધના કેમ વાપરી તે વગેરે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૪.

### સાચા વૈદ્યનું ને સાચા વૈદનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સાચો વૈદ તમામ રોગોના નિદાનને સમજે, તેના સ્વરૂપને જાણે

અને તેની ચિકિત્સાને સમજે, પણ સાચું વૈદું ક્યાં? તમામ રોગો, તેનાં કારણો ને તેની ચિકિત્સા સમજવાથી સાચું વૈદું ગણાતું નથી. પણ દર્દી હોય તેના દર્દને સમજે, તે રોગ કેમ થયો તેનાં કારણો વિચારે, અને તે શાથી શાંત થશે તે શમાવવા માટે જે દવા જોઇએ ને જે ચિકિત્સા જોઈએ તે પ્રમાણે કરીને શમાવે ત્યારે સાચું વૈદું ગણાય. ડૉકટરને ત્યાં જેટલા બાટલા તે બધા રોગને શમાવવાળા, છતાં રોગોને ન જાણે તો? હવે તેના રોગો જાણે ને તેનાં નિદાનો જાણે પણ આવેલો દર્દી ગરમીવાળો અને તેને ગરમ દવા આપવામાં આવે તો શું થાય? આવેલા દર્દીના દર્દને જાણીને દવા આપે તેમાં સાચું વૈદું ગણાય. વૈદ રોગો, દવા વગેરેને જાણીને બને છે; પણ રોગનાં કારણો અને તેની દવા જાણે ત્યારે વૈદ.

આવી રીતે અહીં સર્વજ્ઞના શાસનમાં સર્વ કર્મરૂપી રોગો, તેનાં કારણો, તેનાં સ્વરૂપ ને સર્વ રોગોની શાંતિની દવા બતાવવામાં આવે છે. એટલે સર્વજ્ઞના શાસનને જાણનારો કર્મરોગને, તેના સ્વરૂપને ને તેની ચિકિત્સાને જાણે; પણ દર્દી કેવા કર્મરોગથી પીડાય છે તે ન જાણે. કેટલાક શ્રદ્ધાવાળા હોય છતાં જ્ઞાનમાં થોડા હોય. કેટલાક જ્ઞાનમાં પૂરા હોય અને શ્રદ્ધામાં ન હોય. કેટલાક શ્રદ્ધા અને જ્ઞાનવાળા હોય, છતાં પ્રવૃત્તિમાં મીંડાવાળા હોય. કેટલાક શક્તિમાં મીંડાવાળા હોય. તેમ કર્મની પ્રકૃતિઓમાં જ્ઞાનાવરણીયને અંગે કોઇને મતિજ્ઞાનાવરણીય તીવ્ર હોય અને શ્રુતજ્ઞાનાવરણીય મંદ હોય ત્યારે કોઇને મતિજ્ઞાનાવરણીય મંદ અને શ્રુતજ્ઞાનાવરણીય તીવ્ર હોય. આવી રીતે દરેક કર્મમાં સમજવું. કેટલાક મતિ-

જ્ઞાનની તીવ્રતાવાળા હોય તો શ્રુતજ્ઞાનની મંદતાવાળા હોય. કેટલાક શ્રુતજ્ઞાનની તીવ્રતાવાળા તો મતિજ્ઞાનની મંદતાવાળા હોય. કેટલાક ક્રોધાદિની મંદતાવાળા હોય ત્યારે કેટલાક ક્રોધાદિની તીવ્રતાવાળા હોય. કેટલાક ભોગાંતરાયદિવાળા હોય. આ બધું કર્મના પ્રભાવે છે. તેમાં કર્મ સિવાય બીજું કારણ નથી.

**'જીવ' સંબંધી જૈનોનું મંતવ્ય**

જૈનેતરોમાં 'જીવ' શબ્દ માનીને ચાલ્યા કર્યું છે, પણ જીવના સ્વરૂપમાં ધબડકો. તેઓ જો જીવનું સ્વરૂપ માનવા જાય તો આઠે કર્મ માનવાં પડે. જૈન સિવાય કોઈ મતવાળાએ આઠ કર્મ માન્યાં નથી. [1]જીવને જ્ઞાનસ્વરૂપવાળો માન્યો હોય તો જનોએ. અન્ય મતમાં જીવ તે જ્ઞાનનો દાબડો. તેમાં ફરક શો ? હીરામાં જે તેજનું સ્વરૂપ છે તે જુદું નથી. દાબડામાં મૂકીએ તો ઘરેણું અને અંદર તે ઘરેણું ન મેલીએ તો ખાલી હોય. તેમ અહીં બીજાએ આત્માને 'જ્ઞાનનો દાબડો' માન્યો ત્યારે જૈનોએ આત્માને જ્ઞાનસ્વરૂપ માન્યો. તેથી જ્યારે જ્ઞાનસ્વરૂપ છે ત્યારે સર્વજ્ઞસ્વરૂપ માનવો પડે છે. પરિણામ સર્વજ્ઞપણું આવવાનું છતાં સંપૂર્ણ કેમ થતું નથી ? જ્ઞાનને રોકનારાં કર્મો છે તેથી.

**કર્મ કોને માનવાં પડે ?**

જેઓ આત્માને જ્ઞાનસ્વરૂપ અને દર્શનસ્વરૂપ માને તેઓ જ જ્ઞાનવરણીય અને દર્શનાવરણીય કર્મ માની શકે. જેઓ જીવને શુદ્ધ માન્યતાવાળો માને તેને જ દર્શનમોહનીય કર્મ માનવાનો, વીતરાગપણાવાળો માને તેને જ કષાય–ચારિત્રમોહનીય કર્મ

---

1 जीवो उवओगलक्खणो (उत्त० अ० २८, गा० १०)

માનવાનો તેમજ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યવાળો માને તેને જ અંતરાય કર્મ માનવાનો વખત છે. પણ જેને આત્મામાં જ્ઞાન, દર્શન, વીતરાગપણું, દાન, લાભ કંઈ નથી આવેલું એવું માન્યું છે તેને ઉપર કહેલાં કર્મો માનવાનો વખત જ નહિ.

## જૈનોને મોક્ષ તે ગુણનો દરિયો ને બીજાને મોક્ષ તે શૂન્ય

**ज्ञानस्याधिकरणमात्मा.** [1]જ્ઞાનનું અધિકરણ આત્મા એટલે જ્ઞાનનો દાબડો. તે આવે તો રહે અને ન રહે તો ખાલી. આત્મામાં બહારથી જ્ઞાન આવે છે. જેને શરીર ને ઇન્દ્રિયો ન હોય તેથી જ્ઞાન ગયું. શરીર અને ઇન્દ્રિયોએ કરેલું જ્ઞાન આત્મામાં આવે છે માટે જૈનેતરો શરીર અને ઇન્દ્રિયોથી પ્રગટ થયેલું જ્ઞાન આત્મામાં માનનારા છે. આપણે જ્ઞાનમય આત્મા માન્યો તો પેલાએ જ્ઞાનનું સ્થાન આત્મા માન્યો. જૈનેતરોને જ્ઞાન તે ભાડૂતી. જૈનને જ્ઞાન તે ઘરનું ગણાય. તેથી જ્યાં મોક્ષનો વિચાર કરીએ, ત્યાં જૈનો મોક્ષમાં ગયેલા જીવને કેવલજ્ઞાન, કેવલદર્શન, વીતરાગપણું અને અનંતશક્તિવાળો માને છે. તે બીજા મતવાળાથી ન મનાય. ઇન્દ્રિયો અને શરીર હોય ત્યાં સુધી જ્ઞાન હોય છે; તે ગયા પછી જ્ઞાન નથી. મોક્ષ પામે ત્યારે આત્મામાં અજ્ઞાન એટલે મોક્ષમાં જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, વીતરાગતા અને અનંતવીર્ય નહિ, ત્યારે શૂન્યમય આત્મા. આવો કોને? જૈનેતરોને. મોક્ષમાં સર્વજ્ઞતા, સર્વદર્શીપણું, વીતરાગતા અને અનંતવીર્ય તે એકસરખું-પરાવર્ત વગરનું, ન્યૂન નહિ

---

[1] તાત્ત્વિક પ્રશ્નોત્તરનું જુઓ પૃ૦ ૨

તેમજ અધિક પણ ન થાય તેવું, નાશ નહિ પામનારૂં એવું આત્માનું સર્વકાલનું સર્વ આત્માનું ભાન કરાવનારૂં માન્યું હોય તો જૈનો એ જ. જૈનોનો મોક્ષ તે ગુણનો દરિયો ત્યારે બીજાઓનો મોક્ષ શૂન્ય.

સોનું સો ટચનું, પણ તેની ઉત્તમતા શામાં? તો કષમાં. તેમ આત્માની ઉત્તમતા શામાં? મોક્ષ મેળવવામાં. જેને આત્મા 'શૂન્ય' માનવો છે તેને મોક્ષ શા માટે? જેટલું જ્ઞાન છે તેટલું કાઢવા માટે ને? આત્માનું સ્વરૂપ તે જ જ્ઞાન છે. જેઓ જીવને જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, વીતરાગતા ને અનંતવીર્ય સ્વરૂપ નથી માનતા તેવાઓને જ્ઞાનાવરણીય આદિ કર્મો માનવાં હોય ક્યાંથી? હીરાની વીંટી અને હીરો. હીરો તે નંગ; તે હીરા સ્વરૂપ અને તે વીંટીમાં જડેલું તે ખરૂં ને? એટલે ખલાસ છે. પેલાને જ્ઞાનસ્વરૂપ આત્મા નહિ. તેથી તેને રોકવાવાળાં કર્મો ન માન્યાં, અને મોક્ષમાં જ્ઞાનનો અભાવ માનવો પડ્યો. જૈનેતરો આત્માને જ્ઞાન, દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, વીતરાગપણું ને વીર્યસ્વરૂપ માનવા તૈયાર નથી. આવ્યું ત્યારે તેમાં તે રહે, પણ કારણ જાય ત્યારે જાય. સૂર્યનો તડકો પડતો હોય તે વખતે લાલ પડદો હોય તેમાં પ્રકાશ પડે તો લાલ દેખાય. તેમ અહીં ઇન્દ્રિયો અને શરીર હોય ત્યાં સુધી જ્ઞાન હોય; નહિ તો જ્ઞાન નહિ. પણ જે જ્ઞાનસ્વરૂપ માને તેને હીરો જેમ તેજસ્વરૂપ, મોતી પાણીસ્વરૂપ, સોનું કષસ્વરૂપ તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેથી તેને જ્ઞાનાવરણીય આદિ કર્મો માનવાનું બને. તે જનો જ માને તેથી જૈનો જ ગુણમય આત્મા માને. તે છતાં કોઈ તીવ્ર જ્ઞાનાવરણીય કર્મવાળો હોય,

કોઈ મંદ દર્શનાવરણીય કર્મવાળો હોય, કોઈ તીવ્ર ચારિત્ર-મોહનીય કર્મવાળો હોય, કોઈ મંદ વીર્યવાળો હોય તેમ કોઈને કર્મનો ક્ષયોપશમ સારો હોય છતાં તેને રોગ કયો? રોગ તો બધા જોવા. ૧૫૮ પ્રકૃતિબંધના હેતુ, સત્તા, ઉદય વગેરે બધા જોયા. આપણે જે જીવને ઉપદેશ આપીએ તે કયા રોગવાળો છે તે ન જાણીએ તો જિનેશ્વરનું શાસન જાણ્યું, કર્મરોગ જાણ્યા, તેનું સ્વરૂપ જાણ્યું, દવા જાણી, છતાં કયા રોગના દર્દી છે તે ન જાણીએ તો વૈદ બન્યા, છતાં વૈદું જાણનારા ન ગણાઈએ. તેને જ 'ઊંટવૈદુ' કહીએ. કેમ બરાબર છે ને? કઈ જગ્યા પર વૈદું કરવાનું હતું?

## સાંઢણી ને ડાસી

એક વૈદ હતો. તેને ત્યાં એક નોકર હતો. હવે કોઈ વખત વૈદ અને નોકર બહાર જતા રસ્તા ઉપર થઈ જાય છે. તેટલામાં રસ્તામાં એક સાંઢણીવાળો આવતો હતો. તેવામાં તેની સાંઢણીના ગળામાં કોઇ ચીજ ભરાઈ જવાથી તે તરફડવા લાગી. જેમ રબારીને બકરીઓ સર્વસ્વ, જેમ ગોવાળને ગાયો સર્વસ્વ, તેમ સાંઢણીવાળાને સાંઢણી સર્વસ્વ. તે સાંઢણીવાળો પોતાના કુટુંબ કરતાં તેનાથી જીવન વધારે ગણતો. તેથી જ્યારે વૈદ ત્યાં થઈને પસાર થાય છે ત્યારે પેલા સાંઢણીવાળાએ પૂછયું, 'ભાઈ, તમે કોણ છો?' ત્યારે પેલાએ કહ્યું કે 'વૈદ' છું. એટલે તરત જ સાંઢણીવાળાએ કહ્યું કે જો મારી સાંઢણીનું કંઈક થશે તો મારૂં આખું કુટુંબ અને મારૂં નભશે કઈ રીતે? તેથી તે અકળાયો હતો ત્યાં વૈદ મળ્યા. તેથી તેને કહ્યું કે મારી ઉપર મહેરબાની કરશો. મારી સાંઢણીની સ્થિતિ

આવી છે. વૈદે બધે તપાસી જોયું, પણ કંઈ માલમ પડયું નહિ. ગળામાં, નસોમાં, શરીરમાં કંઈ વિકાર નથી, ત્યારે વૈદે પૂછયું કે તારી સાંઢણી કયે રસ્તે આવી? પેલાં ખેતરો દેખાય છે ને ત્યાંથી આવી. વૈદે તે તરફ જોયું. ત્યાં ચીભડાં હતાં તેથી આ સાંઢણીએ ચીભડું લીધું જણાય છે તેથી તે ગળામાં ભરાઈ ગયું છે. પેલા ચારેને કહ્યું કે સાંઢણીને બરાબર પકડજો. તેમ કહી વૈદ જરાક છેટો ગયો અને ત્યાંથી દોટ કાઢતો આવીને ગળા ઉપર લાત મારી તેથી ચીભડું ભાંગી ગયું તેથી ગળામાં ઊતરી ગયું અને સાંઢણી સારી થઇ.

આ બાજુ પેલા નોકરે વિચાર કર્યો કે વૈદું ઠીક છે તેથી તે વૈદથી જુદો પડયો. અને પોતે દવાનો કોથળો લઈ વૈદું કરવા ચાલ્યો. ચાલતાં ચાલતાં કોઈ ગામમાં ગયો. હવે તે ગામના ઠાકોરની માને ગળે ગુમડું થયું હતું. ગામના લોકોએ કહ્યું કે નવા વૈદ આવ્યા છે. તેમને બોલાવ્યા. પેલાએ ચારે બાજુથી ડોસીને બરાબર પકડાવી અને પોતે લાત મારી તેથી ડોસી મરી ગઈ.

આ જેમ દર્દી જાણ્યા વગર દવાનો પ્રયોગ કરનાર 'ઊંટ દ'. તેમ આપણે સર્વજ્ઞના શાસનને જાણીએ, કર્મના રોગો જાણીએ, સ્વરૂપો જાણીએ, ઔષધો જાણીએ પણ સામો કયો દર્દી છે તે વિચાર વગર કરાય તો શું થાય? તેથી જ શાસ્ત્રકાર કહે છે કે–**"यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने"** (ષોડશ૦ ૧ શ્લો૦ ૧૪) વીતરાગ ભગવાનની દેશના દેનારા હોય, પણ ઘરનું કહેનારા ન હોય. જો ઘરનું કહે તો કેવલ પાપ, તે દેશના ગણાય? ચમકશો નહિ.

ક્યારે ? 'પરસ્થાને.' જીવની જે યોગ્યતા હોય તે પ્રમાણે દેશના નહિ દેતાં તેની યોગ્યતા બહાર દેવામાં આવે તો કેવલ પાપ જ છે. ધર્મમાં પ્રવર્તતો હોય ને ક્રિયા કરતો હોય તેને સ્થિર કરવા માટે કહી શકીએ કે દાન, તપ ને યમથી શું મન વશ ન આવે તો ? આનું તત્ત્વ ક્યાં ? દાન, શીલ, તપ ને યમના ઢાંગ છોડવામાં કે મન વશ લાવવામાં ? તેને અત્યારે વ્રત–નિયમ, મન વશ કર્યા વગર શા કામનાં ? મનને વશ કરવાની તીવ્રતામાં જે દેશના અપાઈ તેને તે વ્રત–નિયમની નિષ્ફળતામાં લઈ ગયો. શાસ્ત્રકારે તો મનને વશ કરવા માટે તીવ્ર ઉદ્યમ કરવો જોઈએ તેને માટે આ વાત કહી. ત્યારે પેલો પાત્ર નથી–સામો સમજી શકતો નથી. તેને અર્થ શો કર્યો ?

વ્રત–નિયમ શા કામનાં ? જેને મન વશ હોય તેને જ કામનાં. જેને મન વશ ન હોય તે વ્રત–નિયમ કરે તો તેથી શું થવાનું ? દેશના દેનારે પાપ જોયું નહિ. અને દેશનાનું પરિણામ આ મનને વશ કરવામાં કે વ્રત–નિયમ તોડવામાં લઈ જશે તે ન વિચાર્યું.

**'બ્રહ્મ તે હું જ' એ કહેવાનો હક્ક કોને ?**

આ વિચારશો તો 'કલિકાલસર્વજ્ઞ' ભગવાન **હેમચંદ્ર સૂરીશ્વરજી** મહારાજે **યોગશાસ્ત્ર**ના ત્રણ પ્રકાશ વ્યવહાર-ચારિત્રના કહ્યા અને ચોથા પ્રકાશની શરૂઆતમાં કહ્યું કે "**आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यत्तेः । यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति ॥ १ ॥** આ આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્ર-રૂપ. જીવાદિકની શ્રદ્ધા તે 'સમકિત.' તેનું જે જ્ઞાન તે 'જ્ઞાન'. ઈર્યાસમિતિ વગેરે તે 'ચારિત્ર.' એ કહી દીધું પણ એક વાત

"**अहं ब्रह्माऽस्मि, सोऽहं.**" આવું કહેનારા ઢોંગી. ત્યારે આ વાકય ખોટું ? ના. પણ સાચું કઈ અપેક્ષાએ ? જેને સમકિતનું, જ્ઞાનનું, ચારિત્રનું ઠેકાણું નથી તે કહે કે હું બ્રહ્મ, હું જ તે તે કહેનારને પૂછવું જોઈએ કે તું કયાંથી થયો ? શુદ્ધ ચિદાનંદસ્વરૂપી હું અને તું કહે છે એ બેનો સંબંધ ક્યાં ? માટે ઠગારાપણું. જ્યાં આત્મા અનંત જ્ઞાન, દર્શન, વીતરાગતા, અનંત વીર્યસ્વરૂપ ત્યારે તું કયાં ? અનંત પુદ્ગલોના પાંજરામાં પૂરાયેલો એવો તું ક્યાં ? હું બ્રહ્મ છું તે હું છું. આ માન્યું કયાંથી ? જેમ ગધેડો પોતાને 'હાથી' છું તેમ કહેવા માત્રથી હાથી થતો નથી. તેમ તું 'અહં' 'બ્રહ્માઽસ્મિ' કહે છે પણ તે બ્રહ્મના તેજ, સ્વરૂપ, અને નિર્મળતા આગળ તું કોણ ? 'અહં' બ્રહ્માસ્મિ' તે કેવી રીતે કહે છે તે બોલને ? આત્મા છે ચિદાનંદસ્વરૂપ, ત્યારે તું કર્મનો કેદી. માટે શ્રી-**હેમચંદ્રસૂરિ** મહારાજે રસ્તો કાઢયો. 'અહં' બ્રહ્માસ્મિ' '**सोऽहं**' કહેવાનો હક્ક કોને ? સંસારની માયા છોડીને ઊંચી દશામાં આવેલો છે તેને હું જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છું તે કહેવાનો હક્ક. સર્વ પ્રકારના આરંભ, પરિગ્રહ, કષાય ને પ્રમાદમાં લીન રહીને **सोऽहं** શું જોઈને કહે છે ? દુનિયામાં સૂર્ય ને આગિયા સાથે સરખાવો તો તે ન ઘટે. છતાં તેજદાર ખરો. પણ મેશ જોડે ઘટાવીએ તો તે કેવી રીતે શોભે ? તેમ હું 'બ્રહ્માસ્મિ' તે આરંભ–પરિગ્રહાદિમાં મગ્ન થયેલો કેવી રીતે બોલે છે ? કંઈક જ્યોતસ્વરૂપમાં તો આવને ? દરિયા અને ખાબોચિયા જેટલી જલાશયની સ્થિતિ હોય તો જલાશય કહી શકાય. માટે '**यतेः**'. શા માટે યતિના આત્માને જ્ઞાન, દર્શન ને ચારિત્ર કહો છો ? તે પોતાના શરીરને પોતાનું

નથી ગણતા, પણ પોતાનું અધિષ્ઠાન ગણે છે. હું પોતે જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વીર્યસ્વરૂપ છું માટે તે શરીરમાં અધિષ્ઠિત છું. એવા હોય તેને 'હું બ્રહ્મ તે હું' એમ કહેવાનો હક્ક છે. પણ જેને હું દર્શન–જ્ઞાનાદિવાળો છું અને આ શરીર તો અધિષ્ઠાન છે તે ન માને તેને 'અહં બ્રહ્માસ્મિ' બોલવાનો હક્ક નથી. આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ કોનો? યતિનો. કેમ? તો તેનો આત્મા આરંભાદિમાં લીન નથી. પણ જ્ઞાન ને દર્શનમાં જ તન્મય થયેલો છે. એવા સ્વરૂપવાળો આત્મા શરીરમાં રહેલો છે માટે સાધુનો આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છે. આ ઉપદેશ ક્યારે આપ્યો? ચોથા પ્રકાશમાં આપ્યો કે જ્યાં શુદ્ધ સમ્યક્ત્વ, જ્ઞાન ને ચારિત્ર થયું પછી પ્રમાદમાં ન પડે માટે આ કહેવું પડયું.

**દેશના પાપસ્વરૂપ ક્યારે?**

"**कृतस्य करण नास्ति', 'पापं खलु देशना.**" ભલે તે ધર્મની કે શાસ્ત્રની દેશના હોય પણ સંવર, નિર્જરાને માર્ગે જોડનારી ન હોય તો તે દેશના પાપ જ છે. કારણ? કયો દર્દી છે અને તેને કયું ઓસડ આપવું જોઈએ તે વૈદ સમજતો હોય. તેમ આ સર્વજ્ઞનું શાસન તમામ કર્મોના રોગો રૂપી દર્દો માટે ખરેખર દવાખાનું છે. પણ તેના દર્દને પિછાણીને અને તેના દર્દના લાયકની દવા આપવી જોઈએ. તે જ પ્રમાણે દેશના આપવામાં સમજવું. કેમ? કોઈ બાળક હોય, કોઈ મધ્યમ હોય, કોઈ પંડિત હોય. બાળકને બાળકના જેવી, મધ્યમને તેને યોગ્ય હોય તેવી ને પંડિતને પંડિતના લાયકની દેશના

આપવી જોઈએ. વ્યવહાર, નિશ્ચય, જ્ઞાન ક્રિયા, ઉત્સર્ગ ને અપવાદ આ બધું ધ્યાન રાખીને દેશના દેવી પડે. કેમ? પરસ્થાન નથી. પરસ્થાને શ્રોતાની લાયકાત વગર તેની લાયકાત જાણ્યા વગર બોલી દેવું તે તરીકે જે ધર્મનું દેશન તે તો પાપસ્વરૂપ છે. માટે પહેલાં દર્દીને જાણો, તેનું દર્દ કયું છે તે જાણો. ધર્મની પરીક્ષા કરતાં શીખ્યો તે દર્દની પરીક્ષા અને દવા આપતાં શીખ્યો. જગતમાં નાનાં બચ્ચાં રંગ ચળકતો દેખે તો છબી સારી છે પછી ચાહે પરમેશ્વરની હોય, ચાહે દેશનેતાની હોય કે ચાહે દેશદ્રોહીની હોય તે તેને જોવાનું નહિ. સમજુ હોય તે છબીની કિંમત સ્વરૂપ જોઈને કરે, તેનાથી આગળ વધેલો હોય તો ગુણદોષ વિચારીને કરે.

## ધર્મની પરીક્ષા કેટલી રીતે થાય?

ધર્મની પરીક્ષા ત્રણ રીતે થાય, પરમેશ્વરનું સ્વરૂપ, શાંત મુદ્રા વગેરે જોવામાં આવેલી હોય તો તેની કિંમત કરે. જેમ છબીને દેખનારા ત્રણે છે. બાળક રંગને, મધ્યમબુદ્ધિ આકારને અને સમજુ આકારના રહસ્યને સમજે છે. તેમ અહીં ધર્મને અંગે પણ જાણવું. કેટલાક ધર્મના રિવાજને દેખનારા, કેટલાક રીતિને દેખનાર તો કેટલાક તત્ત્વને દેખનારા હોય છે. જેમ છબીમાં રંગ કાચો હોય, હાથ લગાડવાથી બગડી જતો હોય તો પણ ઝગઝગતો હોય તો બચ્ચાંને ગમે. આ રંગ ટકાઉ છે કે નહિ? આ કાગળમાં કેમ તે ન જુવે. તેમ બાળકો ધર્મની પરીક્ષા કરવા તૈયાર થાય તો કયા દ્વારાએ? રિવાજ દેખવાથી. ચાલુ રિવાજને માત્ર દેખે તે 'બાળક.' મધ્યમબુદ્ધિ કોનું નામ? રીતિને તપાસે,

અવારનવાર પ્રસંગ પડે જે કરવાનું હોય તે કરે તે દેખે. બુદ્ધ કોનું નામ? તત્ત્વને પરખે તે. ધ્યાન રાખો કે ધર્મને સાંભળનારા આવા ત્રણ પ્રકારના હોય છે. ધર્મના રિવાજને દેખીને ધર્મમાં જોડાય; કેટલાક નીતિ–રીતિ વિચારીને જોડાય; ને કેટલાક તત્ત્વને પારખીને પછી ધર્મમાં જોડાય. પરંતુ ખરી રીતે ફળની દશા ક્યાં? તત્ત્વની પરીક્ષા કરે ત્યાં. તત્ત્વની પરીક્ષા એ ખરું રહસ્ય છે. વસ્તુ તત્ત્વથી શું જોવાનું હોય? જીવ, કર્મ ને મોક્ષ. જીવને કર્મ બંધાય છે, જીવ કર્મને રોકે છે, જીવ કર્મને તોડે છે, જીવ કર્મનો સંપૂર્ણ નાશ કરે છે તે બધુંએ તપાસીને ગ્રહણ કરે માટે કહ્યું–**आगमतत्वं तु बुधः** આગમ–તત્ત્વની પરીક્ષા કરીને ધર્મ કરે. માટે જ કહ્યું કે વચનની આરાધના તે જ 'ધર્મ' છે. જે અતીન્દ્રિય જ્ઞાની મહારાજે આત્માને સુધારવા માટે પોતે જે પ્રમાણે કર્યું તે પ્રમાણે જણાવ્યું.

**પરમેશ્વરનું લક્ષણ**

જૈનો પરમેશ્વર કોને માને? પોતે ત્યાગ–વૈરાગ્ય આચરીને આપણને જણાવે. પણ તે ત્યાગ, વૈરાગ્યને કોરણે મૂકે અને કહે કે "ચઢ બેટા શૂળીએ લ્યો ખુદાકા નામ" તેમ નહિ, પણ પોતે પહેલાં ત્યાગ, વૈરાગ્ય લઈને શુદ્ધ સ્વરૂપ પામીને કહે કે તમે આમ કરો. જો તમે આમ કરશો તો આમ ફળ પામશો. માટે જૈનોએ કથની અને કરણી બેવાળાને દેવ માન્યા. કરણી પછી કથની. તે કરવાવાળા એવા તેમના વચન પ્રમાણે ન ચાલીએ તો કથનીનું ફળ કેવી રીતે મેળવી

શકે? કરણીથી ફળ તેમને મેળવ્યું છે એવા જે કહે તે 'કથની.' તે કથની સાંભળીને આપણે કરીએ તો તેનું ફળ પામી શકીએ. અહીં વચન શા માટે લીધું? આજ્ઞા શા માટે ન લીધી? આજ્ઞા એક ચીજ છે તે કેમ ન લીધી? તે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૫

### ભટકતી અને રખડતીમાં તફાવત

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી જન્મ–મરણ, જન્મ–મરણ કરતો કરતો ભટકતો રહેલો જ છે. એટલે કહેવાનું તત્ત્વ એ કે ઇતિહાસમાં ભટકતી પ્રજા કહેવાય છે તે કેવી? એક જગ્યા પર સ્થિર ન રહે તેવી. જેમકે અત્યારની લુવારીઆ જાત કે જે ભટકતી પ્રજા તરીકે ગણાય છે. શાસ્ત્રકાર કહે છે કે એ ભટકતી પ્રજા છે ત્યારે આ રખડતી પ્રજા છે. ભટકતી અને રખડતીમાં ફેર શો? જ્યારે ભટકતી પ્રજા એક સ્થાનેથી બીજે સ્થાને જાય ત્યારે ટોપલામાં પોતાની મિલકત તેમજ કુટુંબ પોતાની સાથે લઇને જાય. પ્રાચીન કાળમાં ટોપલે ઘરવાળા હતા. ભટકતી પ્રજા ટોપલે ઘર રાખી શકે ત્યારે આ પ્રજા ટોપલે ઘરવાળી નહિ. પેલા તો શરીર તેમજ જે કુટુંબ, ધન, માલ વધેલ હોય તે સાથે લઇ જવાવાળા. ફક્ત સ્થાનોનો ફેરફાર કરે છે પણ

આ તો રખડતી પ્રજા. મેળવે આખો જન્મારો કરોડોની મિલકત, કરોડોનું કુટુંબ, અને લાખો સ્ત્રીઓ. અને મોટી કાયા જાળવી તે આખો જન્મારો જહેમત ઉઠાવીને. એ ચારે ચીજમાંથી એકે ચીજ સાથે લઈ જવાની નહિ. ભટકતી પ્રજાને નિકાશનો પ્રતિબંધ નહિ. આ પ્રજાને નિકાશનો પ્રતિબંધ. કરોડો મેળવ્યા હોય, જાદવની માફક કરોડોનું કુટુંબ મેળવ્યું હોય, ચક્રવર્તીની માફક લાખો સ્ત્રીઓ મેળવી હોય, ભીમસેન જેવી કાયા મેળવી હોય, પણ જ્યારે જાય ત્યારે લઇ જવાનું નહિ. જ્યારે ભટકતી પ્રજા જે મેળવે તે લઇ જાય. ત્યારે આ પ્રજાને જે મેળવ્યું તે મેલવું. દરેક જન્મમાં આ જ ધંધો કર્યો છે.

### આસ્તિક કૂચા મેલે ત્યારે નાસ્તિક સાંઠા મેલે

જેઓ નાસ્તિક હોય તે તે ભવમાં જીવ, પુણ્ય, પાપ કે નરક વગેરે ન માનતો હોય; તો પણ તેને આ વાત માનવી પડે છે કે આસ્તિક નાસ્તિકની વચમાં એક જીવ, પુણ્ય, પાપ ને પરભવ વગેરે માને ત્યારે એક તે નથી એમ માને તેથી તેમાં મતભેદ હોય પણ અહીંથી ઉઠાંતરીમાં મતભેદ નહિ. મેલવ્યું તે મેલવા માટે તેમાં મતભેદ નહિ. ફરક કેટલો ? આસ્તિક કૂચા મેલે ત્યારે નાસ્તિક સાંઠા મેલે. પણ કેમ ? નાના છોકરાં પણ શેલડી ચૂસ્યા પછી ચો ફેંકવો હોય તે વખતે વિચાર ન કરે, પણ શેલડીનો કકડો લઇ લે તો ? રોવા બેસે. તેમ આસ્તિક વિચારે કે જીંદગીમાં ચાર વસ્તુ મેળવી તે આત્મકલ્યાણને માટે; તેમાંથી જેટલો રસ લેવો હતો તે લઇ લીધો; હવે કૂચા રહ્યા તે ભલે ચાલ્યા જાય.

પણ નાસ્તિકે ભલે તે મેલવ્યું પણ તેનો રસ લેવાનો નથી માટે સાંઠો મૂકયો ગણાય. આસ્તિકને મળેલાનું સાર્થક કરવાનો વખત છે અને ઇચ્છા છે. નાસ્તિક જીંદગી સુધી મરીને મેલવે પણ મેલે ત્યારે સામટું મૂકી દે. જીંદગીની જહેમતમાં મેળવ્યું અને પળના પલકારામાં પલાયન થાય. કોને ? નાસ્તિકને. ત્યારે આસ્તિકને રસ લઇ લેવાયો. હવે વાંધો નહિ. આસ્તિક નાસ્તિકમાં આ ફરક છે. તે માટે પહેલે દહાડે વાત જણાવી હતી ને કે નાસ્તિક જન્મનો હરામખોર. કેમ ? હરામખોર કોણ? જેને મિલકત પોતે મહેનત કરીને મેળવેલી ન હોય તે તેનો માલિક અને કબજો કરવા જાય તો તેને દુનિયામાં શું કહેવાય ? તેમ કોટિધ્વજને ત્યાં છોકરો જન્મ્યો. હવે તે છોકરો ક્રોડ કમાવવા કયાં ગયો હતો ? કબજો કરવાની ને રક્ષણ કરવાની મહેનત તેને કયારે કરી હતી ? જ્યારે આ નથી કર્યું તો હક્કદાર તેનો શાથી ? માટે કહો કે 'હરામખોર.' આસ્તિકને હરામખોર નહિ કહેવાય. કેમ ? તો તે કહેશે કે મેં પુણ્ય કર્યું હતું તેથી મેળવ્યું છે. આસ્તિક પોતાની મહેનતનો બદલો માને તેથી એમ કહી શકે કે મેં ક્રોડ મેળવ્યા, કબજે કર્યા ને રક્ષણ કર્યા. નહોતા મેળવ્યા છતાં હક્કદાર કેમ ? તો પહેલાં કરેલાં પુણ્યથી. નાસ્તિકને પુણ્ય ને પરભવ નથી માનવો. તે ક્રોડનો માલિક શાનો થઇને બેઠો ? માટે કહો કે તે 'હરામી.' નાસ્તિકને મરતી વખતે એમને એમ મેલવું પડે. અને જન્મ પામતી વખતે હરામી બનવું. આસ્તિકને મેલતી વખતે કૂચા મેલવાના; જન્મતી વખત પુણ્ય મેળવવાનું. આ વાતને ટૂંકી કરીને મૂળ વાતમાં આવીએ.

**સારાંશ**

કહેવાનું તત્ત્વ એ કે જીવે ભવોભવ જન્મ-મરણો કર્યાં તેમાં આ ચારે વસ્તુ મેળવતો ગયો અને મેલતો ગયો. મેળવેલું મેલીને સ્થાનાંતર જાય તે કેવો અને મેળવેલું લઈ જાય તેને કેવો કહેવો? મેળવીને લઈ જનાર ભટકતી અને મેળવેલું મેલી જાય તે રખડતી પ્રજા. તમે દુનિયામાં કે બજારમાં રખડતો ને ફરંદો કોને કહો છો? જે બે પૈસા કમાતો હોય ને આખો દહાડો રખડે તે 'ફરંદો'; અને જે બે પૈસા ન કમાતો હોય ને એક દુકાનેથી બીજી દુકાને પગથિયાં-ઘસતો હોય તો 'રખડતો.' તેમ અહીં વિચારો. આ જીવ રખડતો છે કે ફરંદો? કહો કે રખડતો છે. ફરંદો હોય તો તે કમાણી કરે જ. કમાણી ઘર ભેગી કરે તે 'ફરંદો.' ત્યારે આ જીવ અનાદિ કાલથી જન્મ-મરણો કર્યાં ગયો. અનાદિ કાળથી મેળવેલું મેલ્યું.

**આ ભવનો ખ્યાલ નથી તો ગયા ભવનો ક્યાંથી?**

પ્રશ્ન—હવે કદાચ પાનાભાઈ જેવા કહે કે આ ભવનો ને જન્મનો ખ્યાલ નથી તો ગયા ભવનો ને જન્મનો ખ્યાલ ક્યાંથી હોય? આ ભવમાં દરેક માને છે કે અમે માતાની કૂખમાં સવા નવ મહિના ઊંધે માથે રહેલાં છીએ. હવે જન્મની વાત. દરેકે માતાનું દૂધ પીધેલું છે તે સિવાય કોઈ ઉછરેલું નથી. પણ તેનો ખ્યાલ અમને નથી. જ્યારે આ ભવ કે જન્મનો ખ્યાલ અમને નથી તો ગયા ભવનો ને જન્મનો ખ્યાલ આવે ક્યાંથી? જ્યારે તે ખ્યાલમાં ન આવે તો અમને અનાદિની વાત ક્યાંથી ખ્યાલમાં આવે? આ તો ભેંસ આગળ

**ભાગવતને?** જેમ ભેંસ આગળ **ભાગવત** વાંચવું નકામું ગણાય તેમ અમારી આગળ તું અનાદિથી રખડે છે તે વાત કહેવી નકામી છે.

ઉત્તર—તારી વાત સાચી. પણ કેટલીક વાતો સામાન્યથી જણાય પણ વિશેષથી ન જણાય. પણ બુદ્ધિશાળી મનુષ્ય સામાન્ય જણાવવાથી પણ સમજી શકે. આપણા હાથમાં બાજરીનો દાણો આવ્યો. તે કયાંથી આવ્યો? કયાં ઊગ્યો છે? કોને વાવ્યો? કોને લણ્યો? આ બધું માલમ નથી. પણ વિચાર કરીએ તો માલમ પડે કે અંકુરો હતો તો જ આ બીજ થયું. તે અંકુરો પણ પહેલાં બીજ હતું તેથી થયો. ન્યાયની ખાતર વિચાર કરે તો માલમ પડે. **बीजांकुरन्यायेन संसारोऽयमनादिः** [1]"બીજ–અંકુર"ના ન્યાયે આ સંસાર અનાદિનો છે. તેમ અહીં જન્મ અને કર્મ.

## જન્મથી કર્મ અને કર્મથી જન્મ

કર્મ કયારે? જન્મ હોય તો. તે વિચાર, આચાર, કે વર્તન હોય તો. તે જન્મ કયારે? પહેલાં કર્મ હોય તો. તે કર્મ કયારે? પહેલાં જન્મ હોય તો. તેથી જન્મ અને કર્મ બેય અનાદિની પરંપરાવાળા છે. તે ન માનીએ તો બીજ વગર અંકુરો થયો અને અંકુરા વગર બીજ થયું તેમ માનવું પડે. તે તો નથી માનતા. તેમ અહીં જન્મ વગર કર્મ અને કર્મ વગર જન્મ થયો તે પણ ન માની શકીએ. જન્મ વગર કર્મ અને કર્મ વગર જન્મ માનીએ તો સિદ્ધ મોક્ષ જેવી ચીજ માનવાનો વખત જ ન રહે. કેમ?

---

૧ સૂયગડાંગસૂત્ર (પુંડરીકાધ્યયન વ્યા૦)નું જુઓ પૃ૦ ૧૪૩.

વગર પ્રયત્ને કર્મ લાગી જાય માટે વગર કર્મે જન્મ કે વગર જન્મે કર્મ પણ ન માની શકીએ. માટે જન્મથી કર્મ અને કર્મથી જન્મ. આ વિચારીએ તો આત્માનાં જન્મ અને કર્મ અનાદિનાં માનવાં પડે.

## પહેલાં ઈંડું કે કૂકડી ?

કેટલાક જીવોને મૂંઝવવા કહીએ કે પહેલો જન્મ કે પહેલાં કર્મ ? ત્યારે સામો કહી દે કે પહેલાં ઈંડું કે પહેલી કૂકડી ? તો તેમાં તું પહેલાં ઈંડું હતું અને પછી કૂકડી હતી અથવા પહેલાં કૂકડી હતી અને પછી ઈંડું હતું તેમ અહીં પણ ન કહી શકે.

## જૈનનું લક્ષણ

અનાદિથી જ જીવ જન્મ કર્મ કરતો આવ્યો, એ મેળવતો ગયો અને મેલતો ગયો. દરેક વખતે સરવાળે શૂન્ય. જીંદગીની જહેમત ઉઠાવીને કંચન, કામિની, કુટુંબ અને કાયા ચાર મેળવ્યાં પણ નીકળતી વખતે સાથે કંઈ નહિ. માટે સરવાળે શૂન્ય આવ્યું. આ તો જગતનો સ્વભાવ છે તે બન્યા કરે છે. બીજું શું કહીએ ? તે પ્રમાણે હોય તો બચાવ કરી શકે. જગતનો સ્વભાવ હોય તો મહાપુરુષો જાગ્યા શી રીતે ? તરવાનો સ્વભાવ કેવા મહાપુરુષોનો છે ? આસ્તિક હોય તો તેને મહાપુરુષો તર્યા એમ માનવું પડશે. જો તરવાનાં કારણો મેળવે તો તરે; રખડવાનાં કારણો મેળવે તો રખડે. માટે જૈનેતરો કરતાં જૈનોમાં કોઈ વિશિષ્ટતા હોય તો એ કે જૈનો જીવને જવાબદાર ને જોખમદાર માને છે.

ભવિષ્યની જીંદગીને કર્મો માટે જવાબદાર અને જોખમદાર કોણ ? જીવ છે. જીવને પોતાનાં કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર માનનારો જૈન. બીજાને ઇશ્વરને માથે જવાબદારી જોખમદારી નાંખવાની. તમે કોઈના માથે તમારી જવાબદારી અને જોખમદારી ખસેડી શકો તેમ નથી. પણ તમે પોતે જ જવાબદાર અને જોખમદાર છો. જન અને જૈનેતરોમાં આ ફરક છે. દેવ, ગુરુ ને ધર્મ આ ત્રણને વ્યક્તિ, વસ્તુ તરીકે બધાં માને છે. પણ ફરક શેમાં ? જૈનો જીવને જવાબદાર ને જોખમદાર માને, જ્યારે બીજાઓ તે નથી માનતા. ઊલટું જો દુનિયાદારીમાં કહીએ તો 'ઇશ્વરના ઢોર'. ઢોરને ક્યાં રહેવું તે નક્કી નહિ. જનને ત્યાં તો તેનું નસીબ હોય ત્યાં. વ્યવહારથી જાનવર તો બીજાના દોરાયાથી જાય અને રહે. જૈનેતરોના મુદ્દા પ્રમાણે આ જીવ 'ઇશ્વરનું ઢોર.' ઇશ્વર જેમ દોરે તેમ જવાનું; ઇશ્વર જેમ રાખે તેમ રહેવાનું. ત્યારે જૈનના મુદ્દાએ જીવ પોતે જ પોતાનાં કૃત્યોને અંગે જવાબદાર અને જોખમદાર. જેઓ આત્માને સુધારવા માંગતા હોય તો તેઓએ પ્રયત્ન કરવો જોઈએ. જેઓએ આત્માનું સાધન કર્યું અને મોક્ષ મેળવ્યો, તેમને જન્મ ને મરણ નહિ ? જન્મની જંજીર અને પુદ્ગલની પરાધીનતામાં મોક્ષે જનારા આત્માને રહેવાનું નહિ. પુદ્ગલની પરાધીનતા અને જન્મની જંજીરનો ત્યાગ કરવો તેનું નામ 'મોક્ષ.'

આપણે જન્મીએ ત્યારે જ્ઞાન જન્મે, અને મરીએ ત્યારે જ્ઞાન મરે. કયું ? શરીર અને ઇન્દ્રિયોથી જ્ઞાન થાય તે. એટલે ભવમાં શરીર અને ઇન્દ્રિયોની સ્વાસ્થ્યતા ઉપર બુદ્ધિ અને જ્ઞાનનું ટકવું અવલંબેલું છે.

**શક્તિ આત્માની કે દેહની ?**

નાસ્તિકે શંકા કરી કે જ્ઞાન જો આત્માનો સ્વભાવ હોય તો જો ઇન્દ્રિયો શુદ્ધ હોય તો દેખાય, અશુદ્ધ હોય તો ન દેખાય. મીંચીએ તો ન દેખાય, ઊઘાડી રાખીએ તો દેખાય. બાળકને નાની ચીજ ઉપાડવી હોય તો મુશ્કેલ. તો તે શક્તિ આત્માના ઘરની કે શરીરના ઘરની ? જો આત્માના ઘરની કહો તો મુશ્કેલ ન પડવી જોઈએ. જેમ પુદ્‌ગલો વધે તેમ ઇન્દ્રિયોની તાકાત વધે. અન્વય કે વ્યતિરેક પુદ્‌ગલમાં રહે છે તો કેમ તે તેનું કાર્ય નહિ ? વાત ખરી. પણ તારા હાથમાં સોય આપીએ અને કહીએ કે લાકડાને કાપ. તારામાં કાપવાની શક્તિ છે છતાં તે કેમ નથી કપાતું ? પણ કુહાડો કરવત હોય તો જ કાપે ને ? સોય વખતે તારામાં શક્તિ ન હતી ? હતી. પણ સાધન ન હતું. સાધન જેવું મળે તેવું જ કાર્ય સિદ્ધ કરી શકે. સાધકને શક્તિ જોઈએ તે ચોક્કસ. પણ કાર્ય કેટલું કરે તો જેટલું સાધન મળે તેટલું જ. સાધન મળ્યા વગર સાધકની શક્તિનો ઉપયોગ થતો નથી. જ્યારે દીવો ન હોય ત્યારે કંઈ નથી દેખતા. દીવો થાય ત્યારે દેખે. તે દીવો દેખનારો કે આંખ ? જેવું અજવાળું હોય તેવું દેખાવવું થાય. દીવો દેખનારો પદાર્થ નથી, પણ સાધન છે. તેમ ઇન્દ્રિયો અને શરીર જ્ઞાનનાં સાધનો છે, પણ સાધક તો આત્મા. જેઓ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે જાય તેનો આત્મા સંપૂર્ણ જ્ઞાન, દર્શન, વીતરાગતા, સુખ અને અનંત શક્તિનો માલિક હોય છે.

એક ખોળે રહેવાવાળા અને એક ખોરાક ખાવાવાળા બે ભાઈ વચ્ચે શક્તિનો ફેર કેમ ? તેમ પુદ્‌ગલ સાધન હોય

ત્યાં સુધી કામ કરી શકીએ. જે ભવમાં જન્મીએ ત્યારે બુદ્ધિ ભેગી કરીએ અને મરીએ ત્યારે છોડીને જઇએ. જ્યારે મહાપુરુષો અહીં મેળવે અને બધું લઈ જાય માટે કેવલજ્ઞાનમાં એક ભેદ માનીએ. જેમાં ઓછુંવત્તું ન થાય–પરાવર્તન ન પામે. આવું જ્ઞાન આ જીવ મેળવી શકે છે.

## કીમતી ચીજની પાછળ નકલોનો દરોડો હોય

મેળવવું શું ? તે મેળવી શકાય છે કે નહિ ? આત્માની શુદ્ધિ મેળવાય છે તે અનંતાએ મેળવી તેનું સાધન કયું ? આત્માની શક્તિ ખીલવવાનું સાધન કયું ? આત્માની અવ્યાબાધ શક્તિ મેળવવાનું અને તે રહે તેવું સાધન કયું ? તે સાધન જો કોઈ હોય તો માત્ર 'ધર્મ' છે. તે સિવાય બીજું કોઈ સાધન નથી. આ બધો ધર્મ મોક્ષને અંગે, ભવાંતરને અંગે કે દુનિયાનાં સાધનોને અંગે કીમતી ? એ વિચારો તો જરૂર માલમ પડે કે કીમતી ચીજની પાછળ નકલોનો દરોડો હોય. નકલીનો દરોડો કોની પાછળ ? કોઇએ જગતમાં બનાવટી ધૂળ, લોઢું, તાંબું વગેરે ન બનાવ્યું, પણ બનાવટી ચાંદી, સોનું, હીરા, મોતી વગેરે બનાવ્યાં. જેની કીમત હોય તેની જ દુનિયા નકલ કરે. જે કીમતી ચીજ તેમાં નકલોનો દર. આ વસ્તુ જગતની સિદ્ધ છે. તો અવ્યાબાધ સ્થિતિને પ્રાપ્ત કરાવનાર, ભવોભવ સુખ દેનાર, ભવોભવ દુઃખને દૂર કરનાર ધર્મ છે.

જે એકથી અનેક મળે તે અનેક કરતાં એક કીમતી ગણાય છે. જેમ પૈસાની ત્રણ પાઈ મળે માટે પાઈ કરતાં પૈસો કીમતી. જેમ આનાના ચાર પૈસા મળે તેથી પૈસા કરતાં

આનો કીમતી. જેમ રૂપિયાના સોળ આના મળે છે માટે આના કરતાં રૂપિયો કીમતી. તેમ અહીં એક નસીબ કેટલું કામ કરે છે ?

**જન્મ શાને પ્રભાવે ?**

આપણે રખડતા હતા ને મનુષ્યપણું જોયું કે ? નિશાળે ગયા અને શીખ્યા ? તેવી રીતે જન્મ્યા ત્યારે કેટલાં શરીરવાળા તે બધું કઈ નિશાળમાં ભણીને બનાવ્યું ? ત્યારે કહો કે નસીબથી બન્યું. જેવું જીવે પુણ્ય કર્યું હોય તેવું શરીર બને. તમારૂં જીવન તમારે આધીન છે ? ના, પણ જેટલું નસીબ હોય તેટલું જીવાય. ઇન્દ્રિયો ને જન્મ તે પણ નસીબથી. આ જન્મ શું પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો કે તમારી ઇચ્છાનો થયો ? ના. આપણે રખડતા હતા અને બાપે જોયા અને તેથી સારો લાગ્યો અને તેથી પ્રાર્થના કરી કે બેટા, મારા કુળમાં આવજે અને તેથી આવ્યા છો ? તેમ નથી બન્યું. તેવી રીતે માતાએ જોયો ને સારો લાગ્યો તેથી માતાએ વિચાર કર્યો કે આ મારી કૂખમાં આવે તો સારૂં. તેથી આવ્યા ? ના. તેમ જીવે પોતે રખડતા માબાપને જોયાં અને સારાં લાગ્યાં તેથી હું ત્યાં જાઉં તો સારૂં તેથી તમે આવ્યા ? ના. ત્યારે કહો કે આ જન્મ નથી પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો કે નથી જીવની ઇચ્છાનો. તો પછી આ જન્મ થયો શાથી ? તો કેવલ નસીબથી. ધર્મના–પુણ્યના પ્રભાવે.

આખા જીવનમાં પુણ્ય અને નસીબને અંગે દેખી શકીએ છીએ કે અગમ્ય કાર્યો કે જે આપણી નજરમાં–કલ્પનામાં ન આવે તેવા બને છે. તો પછી એક ધર્મની કીમત કેટલી ?

જે એકથી અનેક મળે તે અનેક કરતાં એક કીમતી હોય. તો પછી ધર્મથી આ બધું મળે છે માટે ધર્મની કિંમત સમજીને માનવી પડે. તેથી આમાં બનાવટ ઘણી હોવી જોઇએ. માટે સાચો ધર્મ પકડવો જોઇએ. ધર્મ કીમતી હોવાથી તેની પાછળ નકલોનો દરોડો.

### ધર્મની સૂક્ષ્મ બુદ્ધિ વડે પરીક્ષા

આ માટે તો શાસ્ત્રકારે કહ્યું છે કે "**सुक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्माथिभिर्नरैः । अन्यथा धर्मबुद्ध्यैव; तद्विघातः प्रसज्यते ॥ (अष्ट० २१, हारि० श्लो० १)** જેને ધર્મની ઇચ્છા હોય તેને ધ્યાનમાં રાખવું કે અંધપણામાં વેસપણું કરીને પેટ નહિ ભરાય તેમ બુદ્ધિ ન ફેરવવી અને ધર્મ લેવો તે નહિ બને. માટે બારીક બુદ્ધિથી ધર્મ તપાસવો જોઈએ. જેમ શાકમાં ગફલત થાય તો એક વખતનું ભોજન બગડે, લૂગડામાં ગફલત થાય તો એક ઋતુ બગડે, અથાણામાં ગફલત થાય તો વર્ષ બગડે અને બાયડી લેવામાં ગફલત થાય તો આખી જીંદગી બગડે પણ ધર્મમાં ગફલત થાય તો ? જન્મોજન્મ બગડે. માટે ધર્મની થાપ ખાધી પાલવે તેમ નથી. માટે બારીક બુદ્ધિથી ધર્મ જાણવો જોઈએ. કોને ? જેને ધર્મની ઇચ્છા હોય તેને. આ વસ્તુ અત્યારના હિસાબે માનો છો? ના. પણ જે કોઈ કાલ ગણે તે કાલમાં ધર્મને બારીક બુદ્ધિથી પારખવાનો છે. ઇન્દ્રિયોના વિષયો અને કષાયોના યોગો કયા જન્મારામાં ન હતા ? દરેક જન્મમાં હતા. પણ તે બારીક બુદ્ધિથી પરીક્ષા કરે તો ધર્મને સારો ગણે. ચાહે તો સત્યુગ હોય, ત્રેતાયુગ, દ્વાપરયુગ કે કળિયુગ હોય, છતાં ધર્મને બારીક બુદ્ધિથી

તપાસવો પડશે. નહિ તપાસાય તો આના જેવું થશે. અમે આડુંઅવળું કંઈ ન જાણીએ, પણ બુદ્ધિ તો ધર્મની છે ને? તો તે અહીં ન ચાલે. ધર્મ હશે ને માનશો અને કરશો તો કામ લાગશે, પણ તે નહિ હોય તો નકામું. જો ધર્મને બારીક બુદ્ધિથી જોવામાં નહિ આવે તો બુદ્ધિ ધર્મની રહેશે અને ઘાત થશે ધર્મનો.

### ડોશી ને વાછરડું

કોઈ ગામમાં વ્યાસજી કથા કરતા હતા. તેમાં તેમણે જણાવ્યું કે જે અનાજ આપે છે તે સુખ પામે છે. પાણી આપે છે તે આવતા ભવમાં સુખ પામે છે. વ્યાસજી આવતા ભવની વાત કરે છે, પણ અનાજ માટે મારી પાસે સાધન નથી પણ પાણી છે. ત્યારે પાણી એવી ચીજ છે કે જે ગમે ત્યારે આપી શકાય. માટે તે પાવાનું હું રાખું. આ પ્રમાણે એક ડોશીએ નક્કી કર્યું. ડોશી કોઈ દહાડો કૂવા ઉપર પાણી ભરવા ગઈ. તે વખતે બધી સ્ત્રીઓ પાણી ભરીને ચાલી ગયેલી. ત્યાં કોઈ ન હતું. આવે વખતે ડોશી પાણી ભરવા આવી હતી. તેવામાં એક વાછરડું તરસ્યું થયેલું. તે કૂવા આગળ આવ્યું અને તરફડવા લાગ્યું ત્યારે ડોશીએ વિચાર્યું કે આ તરસ્યું થયેલું છે. જો તેને થોડું થોડું પાઈશ તો તરસ નહિ મટે. એકદમ પાઈશ તો આફરો થશે માટે કૂવામાં ઊતારી દઉં. તેને જ્યારે પીવું હશે ત્યારે પીશે. આમ વિચારીને વાછરડાને કૂવામાં ઊતારી પોતે પાણી ભરીને મલકાતી મલકાતી જાય છે. તેવામાં સામે પાડોશણ મળી અને ડોશીને મલકાતી જોઈને પૂછ્યું કે આજ આટલા બધા

હરખમાં ? ડોશીએ કહ્યું કે એક જીવને અખંડ પાણી પાયું. ઉપકારની બુદ્ધિ, પણ પરિણામ શું આવ્યું ? તેમ બુદ્ધિને નહિ ફેરવનારા મનુષ્યો ધર્મનો ઘાત કરનારા થાય. જે લોકો ધર્મ કહેનારા તે ધર્મ કહે, પણ બારીક બુદ્ધિથી ધર્મ તપાસશો તો ધર્મ થશે; નહિ તો ધર્મની બુદ્ધિ હશે અને ધર્મનો નાશ થશે.

હવે તે ધર્મ તપાસવો કઈ રીતે ? દુનિયાની વસ્તુ સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રથી માલમ પડે, પણ ધર્મની પરીક્ષાનું સ્થાન કયું ? જેની પરીક્ષાનું સ્થાન ન હોય તેની પરીક્ષા કરવી શી રીતે ? ધર્મની પરીક્ષા નથી થઈ શકતી તેમ નથી. તે થાય છે તો ધર્મની પરીક્ષા કેવી રીતે થાય છે ? તેનું સ્થાન કયું ? અને તેથી આત્માનું કલ્યાણ થાય છે તે કેવી રીતે ? તે જે અધિકાર જણાવાશે તે અગ્રે વર્તમાન.

▲

## વ્યાખ્યાન ૬

### વૈદક કરતાં વૈદું મુશ્કેલ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં વૈદક સહેલું નથી તો પણ તે સહેલું છે. વૈદક કરતાં વૈદું મુશ્કેલ. તે વળી શું ? વૈદક ને વૈદું તે કઇ ચીજ ? રોગોનાં કારણો, તેનાં સ્વરૂપો ને તેની ચિકિત્સાને જાણવાં. હવે ધારો કે કોઈ દર્દી આવ્યો. તેનો રોગ, તે રોગનાં કારણો અને તેની દવા જાણે. વૈદક બન્યા છતાં વૈદું ન જાણે તો તે 'ઊંટવૈદુ' ગણાય. કાલે જણાવી ગયા કે ઊંટના ગળા ઉપર લાત મારી

અને ચીભડું ફાટી ગયું અને સોજો બેસી ગયો. તેનો ભાવાર્થ નહિ જાણનારે ગળે ગુમડું થયું ત્યાં ગયો અને લાત મારી તો શું પરિણામ આવ્યું ? વૈદક મુશ્કેલ, છતાં વૈદક કરતાં વૈદું મુશ્કેલ તેમ અહીં શાસ્ત્રકાર કહે છે કે ધર્મ દેશનાનો અધિકાર મુશ્કેલ.

**ઢંઢેરો વાંચવાનો હક કોને?**

દુનિયામાં શહેનશાહી ઢંઢેરો. તે વાંચે કોણ ? જે શેરીફ (sheriff) હોય તે. તે શેરીફ કોણ હોય ? તો શહેનશાહ તરફ સંપૂર્ણ વફાદાર રહેતો હોય; અને શહેનશાહની આબાદીએ પોતાની આબાદી ને શહેનશાહની આઝાદીએ પોતાની આઝાદી ગણતો હોય. વળી શહેનશાહની આબાદી અને આઝાદી માટે પોતાની આબાદી અને આઝાદીનો ભોગ આપે ત્યારે 'શેરીફ' તરીકે નીમાવવા માટે લાયક થાય. તેવાના હાથે જ શહેનશાહનો ઢંઢેરો વંચાય. રસ્તા ઉપર જેટલા ચાલનારા છે તે વાંચી શકનારા છે, છતાં વાંચવાનો અધિકાર કોનો ? શહેનશાહની આબાદી અને આઝાદીમાં તમન્નાવાળો હોય તેનો. તેમ આ જિનેશ્વર ભગવાને છ કાયની હિંસાની વિરતિનો, સર્વથા જૂઠ નહિ બોલવાનો, સર્વથા ચોરી નહિ કરવાનો, અબ્રહ્મવ્રતની વિરતિનો, સર્વથા મમતા નહિ રાખવાનો, થોડું સચિત્ત અને વધારે સચિત્ત, થોડું-અલ્પ રાખવાનો, ત્યાગ કરવાનો ઢંઢેરો જાહેર કર્યો, પણ તે વાંચવાને લાયક કોણ ? તો દૂધદહિયા હોય તેને અધિકાર નહિ. દૂધદહિયા કોણ ? દેશવિરતિવાળા માત્ર. કારણ ? તેમને સંસાર અને ધર્મ બંને સાચવવાના છે. સંસારને બાધ ન આવે તે રીતે ધર્મ કરવા તયાર થાય.

## ભરતે ઊભી કરેલી સાધુસંસ્થાની ફૅક્ટરી

**ભરત** મહારાજે સાધુસંસ્થા ખોલવા માટે ફેક્ટરી (factory) ઊભી કરી. કેમ? એવાં સેંકડો અને હજારો કુટુંબને ઊભાં કર્યાં. એઓ કંઈ સ્થિતિનાં? મુખ્યતાએ બ્રહ્મચર્યને ધારણ કરે. જેઓ એ ધારણ ન કરી શકે તેઓ પોતાના સંતાનોને–બાળક હોય કે પછી બાલિકા હોય, બાળક હોય તો સાધુને અને બાલિકા હોય તો સાધ્વીને સોંપી દે. તેની મરજી ન હોય અથવા સાધુ કે સાધ્વી તેવા પ્રકારનાં કારણો જાણવાથી ન સંઘરે તો તે કુટુંબ પાછું ફેક્ટરીમાં. તેને પણ જે સંતાન થાય તેને પણ સાધુ સાધ્વીને સોંપવાનાં. આથી શું જણાય? સાધુ–સાધ્વી માટે કારખાનું ઊભું કર્યું. તે લોકોને વેપાર, ખેતી વગેરે કંઈ કરવાનું નહિ, પણ એક ઉચ્ચાર કરવાનો. ક્યાં? ચક્રવર્તીની આગળ. તેની ભયંકરતા કેટલી

બધા આશીર્વાદના શબ્દો સાંભળવા તૈયાર, પણ 'દદો' શબ્દ સાંભળવા તૈયાર કોઈ નથી. ત્યારે આ બધાનો આધાર દદા ઉપર. દદો અક્ષર કેમ? બધાને શું સંભળાવે? તમો હાર્યા. ભય તમારા ઉપર વાજે છે. આ શબ્દો કોને વહાલા લાગે? ચક્રવર્તી જેવા કે જે છ ખંડના માલિક, દેવતાને પણ પોતાની આજ્ઞા મનાવે. અખંડિત શાસન હોય તો જેની આજ્ઞા ન રોકાય તેવી હોય. આવી સ્થિતિ કોની હોય? ચક્રવર્તીની. એ જ ચક્રવર્તીની સ્થિતિ સાંભળીએ તો તેને એવો મદ થાય કે છ ખંડ જીતે ત્યારે મારા જેવો બીજો કોઈ નથી. પણ એ 'ઋષભકૂટ' પર્વત ઉપર નામ લખવા જાય અને ત્યાં નામો લખેલાં વાંચે અને પોતાના નામ લખ-

વાની જગ્યા ન મળે તે વખતે મદ ઓછો થાય. ચક્રવર્તીને મદ ઓછો થવામાં એક જ કારણ ભૂતકાળના નામોના દર્શનથી મદનું ભૂત ભાગી જાય. આવો જે અખંડ શાસનવાળો, ચૌદ રત્નોનો માલિક, નવ નિધાનોનો સ્વામી. તેને કહેવું કે તું હાર્યો, તે કેટલું ભયંકર? વળી કહેવાનું ક્યાં? તે સિંહાસન ઉપર રાજસભામાં બેઠા હોય ત્યારે. તમે હાર્યા તે કહેવું કેટલું ભયંકર?

ટપાલી ખરાબ વસ્તુનો કાગળ આપે પણ કાળી લીટીવાળો આપે પણ વાંચો ત્યારે ખબર પડે. દુઃખદાયક સમાચાર સૂચનાથી ધીમે ધીમે અપાય છે. દેવે પણ સગર ચક્રવર્તીને તેના પુત્રોના મરણના સમાચાર પોતે બ્રાહ્મણનો વેશ લઈ પોતાનું પુત્રનું મડદું બતાવીને પોતે શોક કરવા લાગ્યો ત્યારે સગર ચક્રવર્તી આશ્વાસન આપવા લાગ્યો. તેમ કરતાં કરતાં તેના પુત્રોની ખબર ધીમે ધીમે અપાઈ. દુનિયાના દુઃખદાયી સમાચારો એકદમ અપાય તો? આ ભરસભામાં આગળપાછળના કોઈ પણ મસાલા વગરની તું હાર્યો તે કહેવું કેટલું મુશ્કેલ? કેટલો આઘાત કરનારૂં? છોકરા આગળ બાપ હારે છે. પણ છોકરા આગળ બાપ જીતતો નથી. સ્નેહ હરાવે તેથી હરાય તો તેમાં ભય નહિ. રાણીથી હારે તે તેનો ભય નહિ. ત્યારે આ ભય વગરની હાર નથી. ભયાનક ભયવાળી હાર છે. "**वर्धते भयं**" આ વાક્ય ચક્રવર્તી સભા ભરીને બેઠો હોય તે વખતે સંભળાવાય તે કેટલું મુશ્કેલ? ત્યારે **ભરત** મહારાજે સાંભળવા માટે આ લોકોને રાખ્યા છે. જે મનુષ્ય ચક્રવર્તીને તું હાર્યો, તારા ઉપર

ભય વધી રહ્યો છે, આવું કહેનાર તેના આત્માને આ બુદ્ધિમાં કઈ રીતે રાખે ? માટે સાધુ–સાધ્વી બનાવવાની ફેક્ટરી ઊભી કરનાર **ભરત** મહારાજા. તેમને પણ જ્યાં સુંદરીની દીક્ષાનો પ્રસંગ આવ્યો ત્યાં "રહેવા દે, વિચારો." એવો વિચાર આવ્યો. આ ઉપરથી કહેવાનું તત્ત્વ એ કે દૂધદહિયા ધર્મ સારો ગણે પણ સંસારને સાચવીને. તેઓ સંસારની આઝાદી અને આબાદી સાચવીને ધર્મની આઝાદી અને આબાદી કબૂલ કરે છે.

**નાગડા બાવાનું લશ્કર**

આ તો નાગડા બાવાના લશ્કર જેવા છે. એક રાજ્યમાં લશ્કરની તાણ પડી. તે વખતે તે ગામમાં નાગડાની છત હતી. તે બધાંને તાલિમ વગેરે આપીને લશ્કરમાં જોડયા. કોઈ પ્રસંગે યુદ્ધનો વખત આવ્યો ત્યારે નાગડાને લઢવા પહેલાં મોકલ્યા, ત્યારે તેનો સેનાપતિ કહે કે આપણે લઢવાનું છે, પણ આપણને વાગે નહિ તેમ લઢજો. તેવી રીતે આજે દુનિયાદારીના દેશવિરતિવાળા ધર્મની ઈચ્છાવાળા–મનોરથવાળા ઉન્નત્તિ, આઝાદી, આબાદીને ચાહવાવાળા ખરા, પણ "સંભાળ કે લઢના." તેમ શરીર, સ્ત્રી, કુટુંબ, માબાપ, ઘર, દોકરાં, ધન, માલ–મિલકત, સંબંધ ને ઓળખાણવાળાને સંભાળવાં.

ચોગઠ રમવા બેઠા ત્યારે પોતાની કૂકરી ન મરે તે ખ્યાલ રાખે. પારકી કૂકરીઓને પોતાનો દાવ અપાવીને મારે. પોતાની મરવા આવે ત્યારે 'ગાંડી' કરીને આગળ લાવો છો ને ? દેશવિરતિવાળા પાંચમે ગુણઠાણે બેઠાં, છતાં પોતાની કૂકરી મરવાનો વખત આવે ત્યારે દેવ, ગુરુ અને ધર્મને કોરગે મૂકી દે. આવાને ભગવાન જિનેશ્વર મહારાજે આપેલો

ઢંઢેરો તે જાહેર કરવાને લાયકાત નથી. હું તીર્થંકર ભગવાનને માટે દેશ, વેષ, માલ–મિલકત, બૈરી છોકરાં, માબાપ વગેરેને છોડી દઉં છું.

**કેસરિયા કોણ કરે ?**

કેસરિયા કરીને નીકળનારા બૈરી છોકરાં આગળ આવશે તેથી તેમને બાળીને કેસરિયા કરે છે. તેમ અહીં આગળ 'વોસિરે વોસિરે' કરીને પહેલેથી ચિંતા બંધ કરવાની. પહેલાં સાધુપણું લેનારે ચિંતાની ચિતા સળગાવી દેવી. શેની ? દેશ, વેષ, માલમિલકત, કુટુંબ, પૈસા, બૈરી છોકરાં વગેરેની ચિંતા નહિ. એ બધી ચિંતાની ચિતા ખડકે ને ચિંતાને બાળી નાંખે પછી નીકળે તે જ કેસરિયા કરનારો થાય. તે સિવાય કેસરિયા કરનારો ન થાય. તેમ અહીં આગળ દેશ, વેષ, કુટુંબ સંબંધી, ધન, શારીરિક ચિંતાને પણ બાળી મૂકી તેથી નિવૃત્ત થઇ જાય. અધકચરી સળગાવીને ભાગી જાય તેવી નહિ. પણ વર્તમાન, ભૂત ને ભવિષ્ય કાલને અંગે મન, વચન, કાયાએ કરીને કરવી નહિ, કરાવવી નહિ અને અનુમોદવી નહિ. ઉપર કહેલી ચિંતાને ચિતામાં સળગાવી દઈને નીકળે તે 'દૂધદહિયા' નહિ. ભગવાન જિનેશ્વરનો ઢંઢેરો સંભળાવવાનો અધિકાર દૂધદહિયામાંથી નીકળેલો હોય તેને. તેમાં ક્યાં ફેર પડે? જેમ સોય અને ગઠડીમાં સ્વરનો ફેર પાડયો તેમ દૂધદહિયા સ્વરનો ફેર પાડીને શાસનનું સત્યાનાશ વાળે. માટે જેઓ ચિંતાની ચિતા કરીને નીકળે તે જ ઢંઢેરો સંભળાવવાને હક્કદાર ગણાય. પણ ત્યાગી થયેલો મૂર્ખ હોય તો ? પણ આચારપ્રકલ્પ કે જે નિશીથસૂત્ર કહેવાય છે તેમાં જે દ્રવ્ય, ભાવ, ઉત્સર્ગ, અપવાદ, આપત્તિ ને ઉન્નતિકાલના

વિભાગ કરનારા છે તેને જાણનાર હોય તેઓને ઢંઢેરો જાહેર કરવાનો હક્ક છે. ખુદ શાસ્ત્રકારે જણાવ્યું છે કે–"**भवसयसहस्स (संसारदुक्ख) महणो, विबोहणो भविअपुंडरीआणं। धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेअव्वो ॥"** (**बृ० क० गा० ११४०**)

દહીંનું ઉદાહરણ

જિનેશ્વર મહારાજનો ધર્મ તે અનંતા ભવોને મથન કરનારો ને અનંતા ભવોમાં કરેલાં અનંતા કર્મો તેને પણ મથન કરનાર છે. દહીં જેટલું ચીકાશવાળું હોય પણ જ્યારે તે મથાઈ જાય, જુદું પડી જાય ત્યારે તે કણિયા એવા રહે કે આખી ગોળી ઊંધી વાળો તો ચીકાશ ન રહે. તેમ અનંતા ભવને દેવાવાળાં કર્મો બાંધેલાં હોય તેવા કર્મોવાળો મનુષ્ય જિનેશ્વરના ધર્મને આચરવાવાળો થાય ત્યારે તેને મથી નાંખે.

**પ્રસન્નચંદ્ર** રાજર્ષિએ એક અંતર્મુહૂર્તમાં સાતમી નરકીનાં દળિયાં કેમ મથી નાખ્યાં તે વિચારશો તો માલમ પડશે કે જો ધર્મરૂપી દાવાનળ સળગે ત્યાં ભવોનું ભ્રમણ સળગે તેમાં નવાઈ નથી. અનિષ્ટ દૂર થયું તેટલામાં પુરુષાર્થ નહિ, પણ પ્રતિબંધોને દૂર કરીને ઇષ્ટ સિદ્ધ કરે તો જ 'પુરુષાર્થ."

પ્રતિબંધકનો અભાવ તે મોક્ષ

જૈનોએ 'મોક્ષ' શબ્દ માન્યો. મોક્ષ એટલે છૂટવું. કર્મને બાળવું તે બધું અભાવરૂપ એટલે પ્રતિબંધકનો અભાવ. તેને માનો તેમાં પુરુષાર્થ શો? ઇષ્ટની સિદ્ધિ ન થાય તો પ્રતિબંધક શું અને તે ન હોય તો પ્રતિબંધકનો

અભાવ શા કામનો? માટે પ્રતિબંધકનો અભાવ. માટે તમામ ધર્મવાળાને મોક્ષ માટે કહેવું પડશે કે–"**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि । अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥**"

તમામ કર્મોનો નાશ તેને 'મોક્ષ' કહો. એટલે કર્મને તમે પ્રતિબંધ માનો છો અથવા માનો છો તે પ્રતિબંધક હોય. તો ધ્યેય–ઇષ્ટ સિદ્ધિ બતાવવી જોઈએ. રોકનારા હોય તો ઇષ્ટ સિદ્ધિ આગળ હોવી જોઈએ. તમે એકલો પ્રતિબંધકનો અભાવ તેનાથી મોક્ષ માન્યો, તેથી મોક્ષની કિંમત કોડીની નથી. જૈન સિદ્ધાંત નહિ સમજનાર તે એમ સમજે કે જૈનનો મોક્ષ તે વ્યર્થ. કેમ? કર્મનો નાશ તે 'પ્રતિબંધ.' તે પ્રતિબંધકનો અભાવ નકામો, પણ કર્મોનો અભાવ પ્રતિબંધકતાના અભાવે થઈ જાત.

**સમ્યક્ત્વ એ રત્નનો દીવડો**

કર્મો શુદ્ધ સ્વરૂપને રોકનારાં છે. આવું કહેનારને લગીર સિદ્ધાંતમાં ઊંડા ઉતરવાની જરૂર છે. જૈન સિદ્ધાંતમાં આત્માના સ્વરૂપમાં કોઈ દહાડો ફેર પડતો નથી. જેમ ગોખલામાં દીવો તેમ અહીં સમ્યક્ત્વ રત્નનો દીવડો. જેમાં સાધન, આધાર અને સહાયકની જરૂર નથી. જ્યારે બીજા દીવામાં દીવેટ, દીવેલ, કોડિયું જોઈએ. પણ રત્નના દીવડામાં તે નહિ. રત્નના દીવડામાં કોઈપણ બાહ્ય સાધન, બાહ્ય કારણો અને બાહ્ય આધારોની જરૂર છે? ના. જેમ રત્નનો દીવડો સ્વયં જ્યોતિસ્વરૂપ છે. તેમ આત્મા સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ, સંપૂર્ણ દર્શનસ્વરૂપ, સંપૂર્ણ વીતરાગસ્વરૂપ, સંપૂર્ણ સુખસ્વરૂપ, સંપૂર્ણ શક્તિસ્વરૂપ છે.

ઇષ્ટ સિદ્ધ થયેલું છે તે કોઈ નવું કરી શકતું નથી, કરી શકાતું નથી અને કરી શકાશે નહિ. જ્ઞાન તો દરેક આત્મામાં સર્વજ્ઞપણાનું રહેલું છે, તેથી અભવ્યોને પણ કેવલજ્ઞાનાવરણીય કર્મ માન્યું. તેને કેવલજ્ઞાન ક્યારે થયું ? તો તે પહેલેથી રોકાયલું છે. પાંચે પ્રકારનાં જ્ઞાન નિગોદીઆથી માન્યાં. કેવલજ્ઞાન તે નવી સાધવાની ચીજ નથી. ખીંટી ખેંચવાથી બારણું ઉઘડ્યું. અંદર રહેલો દીવો આપોઆપ કામ કરે છે. તેમ અહીં કેવલજ્ઞાન, કેવલદર્શન, વીતરાગતા, સુખ અને વીર્ય આત્મામાં એકની એક દશામાં હંમેશાં રહેલાં છે. પણ આવરેલાં છે, માટે થતાં નથી. તેમ અહીં આગળ આત્મા કેવલજ્ઞાનાદિ સ્વરૂપવાળો છે. તેથી તે નવું કરવાનું નથી. તેને રોકનારાં જે કર્મો તેને ખસેડવાનું કામ છે. માટે પ્રતિબંધકના અભાવને મોક્ષ માન્યો. પ્રતિબંધકનો અભાવ તે અભાવરૂપ હોય તો તે 'પુરુષાર્થ' જ છે. તે શાને અંગે ગણ્યો ? ઇષ્ટની સિદ્ધિ અંદર રહેલી છે તેથી. તેમ અહીં આગળ પણ અનંતા ભવોનું જૈન ધર્મ મથન કરી નાખે. **विबोहणो भविअपुंडरीआणं...**

**ભવ્ય જીવો અને કમળ**

કમળમાં સ્વાભાવિક વિકસ્વર થવાનો સ્વભાવ છે; માત્ર સૂર્યનાં કિરણોનો સંયોગ મળવો જોઇએ. સૂર્યના કિરણો કુમુદને વિકસ્વર કરી શકતાં નથી. જ્યાં સૂર્યનાં કિરણ અડયાં ત્યાં કમળ વિકસ્વર થાય અને કુમુદમાં સ્વભાવિક કરમાવવાનો સ્વભાવ છે તેથી તે કરમાઈ જાય. તેમ અહીં ભવ્ય જીવો મોક્ષ માર્ગે વિકસ્વર થવાને લાયક છે. તેવા જિનેશ્વરના ધર્મરૂપી સૂર્યનાં કિરણો અડકવાથી વિકસ્વર થઈ જાય, અભવ્યરૂપી

કુમુદો વિકસ્વર ન થાય તેમાં નવાઈ નહિ. તેને શાસન એવું લાગે કે શું કરૂં કે ખસેડી શકાતું નથી. આમાં આવી પડયો.

**કોને આ ફસા આ ફસા ?**

જેમ વાણિયાને હાઈફોસ આવી ભરાણાને અંગે કૂટવું પડયું. તાજિયાંને દિવસે કોઈ વાણિયાને દુકાન બંધ કરતાં વાર લાગી. તેવામાં તાજિયાં ત્યાં આવી લાગ્યાં એટલે આ તો બાંડીઆભાઈ! હિંદુનો વરઘોડો હોય તો બધા શાંતિથી જોઈ શકે, પણ બીજાનો હોય તો ઉલ્કાપાત થયા વગર ન રહે. મ્યુનિસિપાલિટિ આગ લાગે ત્યારે તોડવાનું કામ પહેલું કરે તેમ હિંદુએ સાવચેતી રાખી કે તેને મળવું નહિ. હવે પેલાને મોડું થયું અને તાજિયાં આવી ગયાં પાસે. ત્યારે બાંડીઆભાઈએ પકડયા અને કહ્યું કે ચલ હાઈફોસ કર. બીજાઓ કહે કે હાઈફોસ, ત્યારે તે કહે કે આ ફસા. કેમ ? તો નથી ઘેર જઈ શકતો કે નથી ભળી શકતો. તેમ અભવ્ય જીવોને શાસન રુચતું નથી. અને શાસનમાંથી માનસન્માન મળવાથી છૂટાતું નથી. કોને આ ફસા આ ફસા ? જેને શાસન, શાસ્ત્ર, ધર્મ ને ભગવાન રુચ્યાં નથી તેને આ ફસા આ ફસા. જેવાં ચંદ્રવિકાસી કમળો સૂર્યથી કરમાઈ જાય તેમાં સૂર્ય શું કરે ? તેમ જિનેશ્વર શાસનરૂપી સૂર્ય તે ભવ્યરૂપી જે પુંડરીક-કમલો તેને વિકસ્વર કરનાર છે. તે કહે કોણ ? કોણે કહ્યો, કોણે પ્રરૂપ્યો ? કેવલીઓએ. બીજાની પ્રરૂપવાની તાકાત નથી.

જોયા જાણ્યા વગર જે પ્રરૂપવાવાળા છે તે છોકરાની લીટી જેવા ઇંગ્લીશ (English)વાળા ગણાય. તેમ જેઓ સર્વજ્ઞ

નથી, આત્માને જાણી શકતા નથી, આત્માને કર્મબંધ થાય છે, આત્માનાં કર્મ રોકાય છે, આત્માનાં કર્મ તૂટે છે, આત્માનો સ્વભાવ, આત્માના ગુણો જાણી શકતા નથી તેવું કહેનારા છોકરાની લીટી જેવા. ખુદ કેવલજ્ઞાની મહારાજે બધું જાણીને આત્મા સંબંધી પ્રકારો અને ધર્મ પ્રસિદ્ધ કર્યો. એ કહેવાને હકદાર કોણ ? ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્ય, ભાવ, કાલ, ક્ષેત્ર, જ્ઞાન, ક્રિયા વગેરેને જાણનારા હોય તેઓ.

**જૈન ધર્મમાં વૈદ અને વૈદક**

વૈદ કરતાં વૈદકપણું મુશ્કેલ છે. આ જૈન ધર્મમાં વૈદ અને વદક કોણ બન્યા ? **પ્રકલ્પ**જ્ઞાનવાળો. ચિંતાની ચિતા સળગાવી દેનાર તેવો વૈદ બને પણ વૈદું ક્યારે જાણે તો શ્રોતાજીવોને ઓળખે, તેમના અભિપ્રાયોને ઓળખે, કેવી પ્રકૃતિવાળા છે ? ૧૫૮માંથી તેનો અભિપ્રાય કેવો છે ? તે કેવી રીતે સુધરે છે ? તે પર્ષદામાં બાલ, મધ્યમ કે બુધ પર્ષદાના છે તે તપાસવું. માટે **"आगमतत्त्वं तु बुधः"**

પરીક્ષક ન હોય દેખનારો. મગજના વિચારો દોડાવનારો ન હોય તો પરીક્ષા શાની ? આગમના રહસ્યની પરીક્ષામાં ઉતરનાર તે 'બુધ.' શું સાંભળવા–સમજવા લાયકનું ? જિનેશ્વર ભગવાનનું વચન. તેની આરાધના તે જ 'ધર્મ'. તે સિવાય 'અધર્મ'. આ ધર્મનું રહસ્ય, જિનેશ્વરે શબ્દ કેમ ન કહ્યો ? વચન કેમ કહ્યું ? આરાધના શબ્દ વાપરવાનું કારણ ? તે જણાવીને તેનો વચનની સાથે કેવો સંબંધ થાય છે તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

◆

# વ્યાખ્યાન : ૭

## વૈદું અને વૈદકની સમજણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં વૈદક શીખ્યો એટલે 'વૈદ' કહેવાય, કેમકે વૈદક ચીજ શી? રોગનાં કારણો, તેનાં સ્વરૂપો અને ચિકિત્સાને જાણે એટલે વૈદક શીખ્યો અને 'વૈદ' કહેવાય. પણ 'વૈદુ' તે કઇ ચીજ? તે વૈદકથી જુદી નથી. કયો દર્દી છે? તે કઇ અવસ્થાવાળો છે? તેને રોગ શાથી થયો? તે રોગની દવા કઈ? તે આપવાથી મટશે કે નહિ? આ બધું વિચારીને ચિકિત્સા કરે તો તે 'વૈદુ' કરી શકો ગણાય; નહિતર 'ઊંટવૈદા જેવું' થાય. એ પ્રમાણે અહીં પણ જિનેશ્વર મહારાજનું જે શાસ્ત્ર તે ધ્યાનમાં રાખીને વર્તે તો સાચું વૈદું.

## જાતજાતના તાવ

જગતમાં જે તાવ વીસ દહાડા કે મહિનો રહ્યો હોય તો ઘર ઘાલી દીધું કહીએ, પછી તેને કાઢવો મુશ્કેલ બને. છ બાર મહિનાથી આવતો તાવ તે 'હાડજ્વર' કહેવાય. તો પછી અહીં અનાદિ કાલનો તાવ તેનું શું હોય? આને ક્રોધપ્રકૃતિ ક્યારની? એવી કઈ અવસ્થા છે કે જેમાં ઇષ્ટનો નાશ અને અનિષ્ટનો સમાગમ થાય તો પણ આવેશ ન આવે? તેવી અવસ્થા એકે નહિ. જેમ નાનું બચ્ચું તેને ઇષ્ટ વસ્તુ મળે તો ખુશ થાય અને અનિષ્ટ મળે તો રડવા બેસે. ભલે ઈષ્ટ ન મળે તો શોક કરનાર ન થાય. ઇષ્ટનો

વિઘાત કરનાર હોય તેથી આવેશ ન થાય તેવી એકે અવસ્થા નથી.

જાનવરની સ્થિતિમાં પણ ઇષ્ટ તરફ પ્રીતિ અને અનિષ્ટના સંપાદન તરફ દ્વેષ દેખીએ છીએ. કીડીમંકોડા ભય લાગે તો તે ચટકો કેવો મારે છે? વિકલેન્દ્રિયોમાં અનિષ્ટની સંભાવનામાં અને ઇષ્ટના ઘાતમાં આવેશ કેટલો છે તે આપણે જોઈ શકીએ છીએ. યાવત્ મનુષ્યમાં પણ ઇષ્ટનો ઘાત કરનાર, અનિષ્ટના સંપાદન અને ઇષ્ટના વિઘાત કરનારને જાણીએ ત્યારે ત્યાં મનની પરિણતિ સ્થિર રહેવી અસંભવિત. જગતની દૃષ્ટિએ પૌદ્ગલિક દૃષ્ટિમાં રાચ્યો ત્યાં સુધી ઇષ્ટના વિઘાતને કરનાર ઉપર અને અનિષ્ટના સંપાદન ઉપર ક્રોધ ન થાય તે બને નહિ. પણ મારા આત્માને ઇષ્ટ કે અનિષ્ટ કઈ છે નહિ તેવી દશાએ આવે, વળી પૌદ્ગલિક જે સુખ-દુઃખો આવે છતાં તે મારાં નથી ત્યાં સુધી પ્રીતિ-અપ્રીતિ ન થાય.

## અનાદિ કાળનો ક્રોધરૂપી તાવ

આ જીવને અનાદિ કાળનો તાવ લાગેલો છે. દુનિયામાં તાવ માટે ઘેરેઘેર ક્વીનાઈન (quinine)ની શીશીઓ છે. પણ મનના તાવની શીશીઓ મળે છે. તે પણ મફત મળે છે છતાં કોઈની પાસે છે? ના, એક પણ શીશી રખાતી નથી. તાવને તેડું કોણ મોકલે છે? જે બરોબર પથ્યમાં ન રહેતો હોય તે. ત્યારે આપણે ડગલે ને પગલે તાવને તેડું મોકલીએ છીએ. પૌદ્ગલિક પદાર્થને વહાલો ગણીએ ત્યારે તેના ઘાતક ઉપર રોષ થાય. એ પૌદ્ગલિક પદાર્થ અનિષ્ટ સમજીએ તો

તેને કરનાર ઉપર રોષ થાય ને ? ત્યારે કહો કે આપણે ડગલે ને પગલે તાવને લાવનાર છીએ. ક્રોધને 'તાવ' કેમ કહીએ છીએ ? જેમ તાવમાં માથું દુખે, નસકોરાં ફૂલે, કેડ તૂટે, હોઠ ફફડે, આંખ લાલ થાય છે તેમ ક્રોધ વખતે વિચારો. માથું દુખે છે કે નહિ ? આંખ લાલ થાય છે કે નહિ ?.... તાવનાં બધાં ચિહ્નો છતાં આ દુનિયાદારીનો તાવ જેમ ગણતરીમાં આવે છે, તેમ ક્રોધરૂપ તાવ ગણતરીમાં આવે છે ? તે તાવ કોઈ દિવસ સ્મરણનો નથી પણ આ તાવ તો સ્મરણનો છે.

**સ્મૃતિતાવ ને વિકૃતિતાવ**

કોઈ મનુષ્યે કોઈ દહાડો તમારા ઈષ્ટનો ઘાત કર્યો હોય, તેને યાદ કરો ત્યાં ક્રોધ થાય છે. આ 'સ્મૃતિતાવ' ત્યારે દુનિયાનો વિકૃતિતાવ' છે. આમાં માત્ર સ્મરણ એટલે બુદ્ધિનો તાવ. તે તરફ ખ્યાલ ગયો એટલે યાદ આવ્યું કે ફલાણાએ આમ કર્યું, ફલાણાએ સારૂં થતું હતું તે બગાડી નાંખ્યું. એટલે આ ધ્યાનમાં તો આવીને ઊભો રહે. સ્મૃતિ અને બુદ્ધિના તાવને નિવારવાનું ઔષધ કયું હોય ? દુનિયામાંનો તાવ તો લોહી અને ચામડી પર અસર કરે ત્યારે આ તાવ આત્મામાં અસર કરે. ત્યારે આવી સ્મૃતિ અને બુદ્ધિનો તાવ તે અનાદિનો લાગેલો છે. ક્રોધ એટલે 'આત્મજવર'. હાડકાં જાય તો પણ ન જાય. હાડકાં ખરી જાય તો પણ જોડેને જોડે લાગેલો.

**ક્રોધે ક્રોડ પૂર્વતણું સંજમ ફળ જાય**

ક્રોધવાળાને ઘાતકી રીતે અવતાર કહીએ છીએ તેનો ખુલાસો અહીં થશે. જે મનુષ્ય ક્રોધમાં રાતદિવસ રહેવાવાળો

હોય અને તેમાં મરણ પામે તો ઉપજે ક્યાં? જ્યાં ઘાતકી-સ્થાનો હોય ત્યાં. મનુષ્યને નિરવકાશ ક્રોધ હોય જ નહિ. ક્રોધનો અમલ કરતો હોય તેને મારા શરીરને કે મારા કુટુંબને કે મારી આજીવિકાને નુકશાન થશે કે નહિ તે બધો વિચાર મનુષ્યને થાય. કોઈએ ચૂંટી ભરી તો તેના બદલામાં ધોલ મારીએ, પણ છરો નથી મારતા. મનુષ્યના ગુના અને સજામાં હિસાબ છે. ત્યારે જાનવરની જાતને અંગે તો પાસે મળેલાં હથિયારોનો ઉપયોગ કરવો આ એક જ વાત. ગાયને ભોળી ગણીએ છતાં તે મારકણી હોય અને છોકરે અડપલું કર્યું તો તેને શિંગડું મારી દે. પણ આ કેટલો જુલમ કે અનર્થ કરનાર થશે તે જોવાનું નહિ. સાપ દબાણમાં આવ્યો એટલે ડંખ મારી દે. પણ તેનું પરિણામ શું આવશે તે જોવાનું નહિ. તેને તો તેના હાથમાં જે વખતે જે હથિયાર હોય તે વખતે ગુનો થાય એટલે તેનો ઉપયોગ કરવો, પણ પરિણામ જોવું નહિ. ક્રોધના પરિણામનો પરિપાક જોવાની તાકાત નહિ. ક્રોધના પરિણામ જોવાની દરકાર ન રાખે તેનું પર્યવસાન ક્યાં હોય? તો ત્યાં.

આપણે દરેક વખતે પજુસણમાં સાંભળીએ છીએ અને બોલીએ છીએ પણ જેમ છોકરો પરીક્ષા વગર કોડી કોડીનો હિસાબ ગણે છે અને પરીક્ષા વખતે રૂપિયા મહોરનો હિસાબ ગણે તો તેને શું કહેવું? તેમ આપણે પણ "ક્રોધે ક્રોડ પૂરવ તણું સંજમ ફળ જાય." આ ક્યાં સુધી બોલીએ તો જ્યાં સુધી 'ક્રોધ' કાકો આવીને કબજો ન લે ત્યાં સુધી. કેડના સારા હોય, હથિયાર બાંધીને ફરનારા હોય પણ ધાડ વખતે કામ ન કરે તો તે કેવો ગણાય? તેમ ક્રોધ કાકો

કબજો કરે ત્યારે તે વાક્ય યાદ કરવાનું નહિ. એ ધ્યાનમાં રાખવું કે જે ક્રોધને વખતે આ વચન યાદ ન કરે તે ક્રોધના દાવાનળમાં બળ્યા વગર રહેશે નહિ. શીખેલું વચન બચાવ નહિ કરે, પણ યાદ આવેલું વચન બચાવ કરશે.

પર્યુષણમાં ચંડકોશિયાની વાત સાંભળીએ છીએ. પણ તેનો વિચાર નથી કરતા. ત્યારે જણાવે છે કે જિનેશ્વરના વચનની ખાતર. હવે તે વખત, નથી જિનેશ્વર ભગવાનની હાજરી, નથી તેમને મળવાનું, નથી થતું સાક્ષાત્ દર્શન, નથી સાક્ષાત્ વચન સાંભળવાનું પણ શાસ્ત્રદ્વારાએ વચન સાંભળ્યાં તેથી દેશ, વેષ, કુલ, જાતિ, કુટુંબકબીલો, બૈરી છોકરાં, ધન, માલમિલકત વગેરેને છોડી દીધાં.

**સાચા ભાગીદાર કોણ ?**

કાલે સમજાવ્યું હતું કે કેસરિયા કરનારો જીવતાની ચિંતા રાખીને નીકળે નહિ, પણ ચિંતાના પદાર્થોને બાળીને નીકળે. કુટુંબમાં જે બૈરી છોકરાંઓ હોય તેને બાળી દે પછી કેસરિયા કરવા નીકળી જાય. તેમ આ ચિંતાને સળગાવીને નીકળે. કુટુંબકબીલો, દેશ, વેષ, માલમિલકત ને બૈરી છોકરાંની ચિંતા ન કરવી તેથી તેની ચિતા ખડકી નાંખે. જેમ દુનિયામાં રજપૂતો કેસરિયા કરે તેમ ધર્મ સાધવા નીકળનારા ચિંતાની ચિતા કરે. ચિંતાને સળગાવી દે. તેથી આ સાચા ભાગીદાર. આ દુનિયામાં બીજા બધા ભાગીદારો જૂઠા. કેમ ? તો તે એકલા મૂડી ને આબરૂના ભાગીદાર. પણ સુખદુઃખના ભાગીદાર કોઈ નહિ. પોતાની આંગળીએ ચપ્પુ વાગે, લોહી નીકળે ને વેદના થાય તે

પોતાને; પણ પેલાને ન થાય. તેમ આ દુનિયાના ભાગીદારો માત્ર મૂડી અને આબરૂના, પણ સુખદુ:ખના નહિ. પણ જીવના ભાગીદાર હોય તો આ કાયા છે.

## તું મારી નથી અને હું તારો નથી

કાયાને દુ:ખ થાય તો જીવને દુ:ખ થાય. કાયાને સુખ થાય તો જીવને સુખ. તેમ જીવને દુ:ખ થાય તો કાયાને દુ:ખ. જીવને સુખ થાય તો કાયાને સુખ થાય. એટલે કાયાને દુ:ખે દુ:ખી અને તેને સુખે સુખી જીવ. તેમ જીવના દુ:ખે દુ:ખી ને તેના સુખે સુખી કાયા. આવી ભાગીદારીવાળાની ભાગીદારી છોડવા માંડી. હું તારો નહિ, તું મારી નહિ. શાને અંગે ? તો ફક્ત વચનને અંગે. તે સિવાય તો નહિને ? નોટીસ (notice) આપી કે મારાથી ખેંચાય તેટલું ખેંચવાનું; તને ટકાવી રખાય તેટલું આપવાનું. ભાગીદારને આ જણાવવું કેટલું મુશ્કેલ ? ભાગીદારીમાં કેટલાક પહેલાં ગોટાળો કર્યો અને છૂટા થયા, પણ તું મારી નહિ અને હું તારો નહિ તે કહેવું કેટલું મુશ્કેલ ? આત્માએ દેહનું અનાદિથી રક્ષણ કર્યું, પણ હું તારો હતો કે નહિ તે વાત જુદી. પણ તું મારી હતી. પણ હવે ખુલ્લા શબ્દોમાં કહું છું કે તું મારી નથી અને હું તારો નથી. આપણે હવે જુદા પડવાનું છે. હવે તને પૈસાની પણ આવક થવા દઉં નહિ. જેટલા પૂરતી દુકાન નભાવવી તેટલી વખતે તને આબરૂ રાખીને નભાવીશ. તેમ મહાપુરુષે આવી નોટીસ–જાહેરાત આપી દીધી. પોષણ કરવાનાં પચ્ચક્ખાણ, પણ ટકાવ માટે છૂટ. માટે મહિના મહિનાના ઉપવાસ અને

એક જ દહાડો ખાવું તે ટકાવવું એટલું જ. પોષણ તો નહિ. આ બધું શાના ઉપર ? જિનેશ્વર ભગવાનના શાસનના વચન ઉપર. જે જીવ આટલી જહેમત ઉઠાવનારો તે જીવ ક્રોધના ચક્કરમાં પડ્યો ત્યારે પરિણામ ક્યાં આવ્યું ?

"બૂઝ ચંડકૌશિક ! બૂઝ".

ખુદ **તીર્થંકર** મહારાજા, ચાર જ્ઞાનવાળા ત્યાગી થયા છે. કાઉસગ્ગમાં ઊભા છે, હવે ક્રોધમાં કારણ કોને જોઈએ ? સજ્જનને કે દુર્જનને ? દુર્જનને કારણ ન જોઈએ. દુર્જનને પૂછીએ, કે ભાઈ ! શાંતિ છે ને ? ત્યારે દુર્જન કહે કે, તારૂં ધાર્યું હોય તો મારી નાંખજે. શું આને કંઇ સંબંધ ખરો ? દુર્જનને ખોટું બોલવામાં કંઇ કારણ જોઇતું નથી. અહીં દુર્જનોને ક્રોધ કેમ ચડે તે ન જોવાનું. રાજર્ષિ, મહાત્યાગી ને ચાર જ્ઞાની એવા ખુદ જિનેશ્વર ભગવાન કાઉસગ્ગમાં ઊભા છે. ત્યારે સાપને થાય છે કે, આ અહીં કેમ આવ્યો ? આ તો જંગલ છે; આ કંઇ ખાનગી આવાસ કે નિવાસનું સ્થાને ય નથી. જંગલમાં આવે તેમાં દુર્જનને ક્રોધ થાય તેનું નિવારણ કેવી રીતે ? ભગવાન વિહાર કરતાં કરતાં અહીં કાઉસગ્ગમાં રહ્યા ત્યારે પેલાને થાય છે: આ અહીં આવ્યો કેમ ? આ જંગલ છે; ખાનગી મકાન નથી; પણ મને દેખ્યો અને ખસ્યો કેમ નહિ ? ભાગી કેમ ન ગયો ? એટલે ચડ્યો તેને ક્રોધ. પહેલાં વાત જણાવી ગયા કે જાનવરની જાત એવી કે ગુનો લાગ્યો એટલે હથિયાર ઉગામવું પણ પછી તેના પરિણામને નહિ જોવાનું. સામાન્ય જાનવરમાં પરિણામે જોવાનું ન હોય તો સાપ જેવી જાત

તેમાં પણ કાળા નાગ જેવી જાત તેની અંદર એ વિચારને અવકાશ કેમ હોય? પણ એક જ વિચાર કે એને મારી નાંખું. ગુનો કર્યો? 'આવ્યો કેમ' તે ગુનો. દુર્જનોને આરોપ મૂકતાં વાર લાગતી નથી. સજ્જનની અપેક્ષાએ બિનગુનેગારને ગુનેગાર ગણવો. કોર્ટમાં વાદી, પ્રતિવાદી હોય ત્યાં ગુનેગાર કોણ અને બિનગુનેગાર કોણ તેની ખબર પડે. દુર્જનમાં મોગલાઇ છે.

સારી રીતે તૈયાર કરેલો હોય તે વિખરાઇ જાય. એવી રીતે ડંખ માર્યો, પણ ઝેર જ ત્યાં ન ચડયું. લોહી નીકળ્યું તે પણ જગતમાં અસંભવિત તેવું. લોહીનું સફેદપણું તેથી તેનું નામ 'અતિશય'. દેવતાઇ ચમત્કાર કોને ગણો? તમારાથી જે કાર્ય ન થાય તે થઈ જાય તો તેને 'દેવતાઇ' ગણો. તેમ 'અતિશય' એટલે દુનિયામાં બીજે ન હોય ને તે કોઈક જ બતાવી શકે. કોઈથી નહિ થઈ શકે તેવું આખા શરીરનું દૂધ જેવું ધોળું લોહી તેથી 'અતિશય' ગણ્યો.

જ્યાં સાપ ત્રણ વખત દૃષ્ટિના હલ્લા કરે તેમાં તે ફાવતો નથી. છેવટે ડંખે છે. તે વખતે દૂધ જેવું લોહી નીકળે છે તેથી તે વિમાસણમાં પડે છે. જે વખતે વહેણ નીકળે તે વખતે તે વાળી લેવાય. તેમ તે વખતે ભગવાન **મહાવીરસ્વામી** કહે છે કે ચંડકોશિયા તું સમજ તું સમજ. સમતાના કેટલા દરિયા? આપણને એક ડાંસ કરડે ત્યારે કાઉસગ્ગમાં ચલવિચલ દશાવાળા થઇએ છીએ. ત્યારે અહીં સાપ દૃષ્ટિ નાખે છે, કરડે છે ને ડંખ મારે છે તે વખતે કઈ દશા છે? તે વખતે શાંતિમાં ઊભા રહેવું તે છે. જ્યાં કાળો નાગ,

દૃષ્ટિવિષ સર્પ નીકળે છે, આવે છે, કરડે છે, ડંખ મારે છે ને લોહી નીકળે છે તે વખતે સહન કરીને 'બૂઝ બૂઝ' શબ્દ નીકળવો તે તમે એવી રીતે કલ્પનામાં લો તો તે વખતે તે શબ્દ નીકળે છે? ના. તો અહીં તો કાઉસગ્ગમાં છે, સાક્ષાત્ દૃષ્ટિવિષ સર્પ આવે છે, કરડે છે ને ડંખ મારે છે છતાં 'બૂઝ બૂઝ' એ વાક્ય આ દશામાં કહે છે તે તમારી કલ્પનામાં પણ આવશે નહિ. જે આપણે ન કલ્પી શકીએ તે તે મહાપુરુષ તે સાપને તે વખતે 'બૂઝ બૂઝ' ચંડકોશિયા એમ કહી શકયા. જે જીવે તીર્થંકરના શાસનમાં પ્રવર્તેલા વચનની આતર દેશ, વેષ, કુટુંબકબીલા વગેરેની ચિંતાની ચિતા ખડકાવી તે જ જીવ ખુદ તીર્થંકરને અંગે વિચારે છે કે આ મરતો કેમ નથી? આવી સ્થિતિમાં આવ્યો. બસ, મારું, જીવતો ન રહેવા દઉં.

આ વિપર્યાસ કોના પ્રતાપનો? ક્રોધના પ્રતાપનો. આવો ક્રોધ કઇ ગતિ કે કઈ જાતિમાં નથી? દરેક ગતિ, જાતિમાં ક્રોધની સ્થિતિ દેખીએ છીએ માટે આ 'હાડજ્વર' નહિ પણ 'આત્મજ્વર'. પહેલવહેલો કોઈ છોકરો તાવ લઇને આવ્યો છે? ના. પણ તેના સંસ્કારો લઈને આવ્યો છે.

## ક્રોધને ટાળવાની ચાવી

આ આત્મજ્વરરૂપી રોગને ટાળવાનું ઔષધ સહેલું છે, પણ તે કરવું નથી. જેમ દુનિયાના તાવમાં ગળોસત્વ. ક્રોધ એટલો બધો લજ્જાળુ છે કે તેના તરફ તમે નજર નાંખો એટલે ભાગવા તૈયાર છે. આ ક્રોધ હેરાન કરનાર–

બગાડનાર છતાં તેના તરફ દૃષ્ટિ કરો તો જવાને તૈયાર. પણ તમારે દૃષ્ટિ તો કરવી નથી? ક્રોધ ન હોય ત્યારે બે બે રાગડે બોલો છો કે "ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફલ જાય." આ ક્યાં સુધી? તે ક્રોધ ન આવે ત્યાં સુધી. હથિયાર ક્યાં સુધી? હલ્લો ન આવે ત્યાં સુધી. પણ હલ્લો આવે ત્યારે હથિયાર સંતાડે તેની શી દશા? તેમ આપણી પાસે હથિયારો છે પણ ક્રોધનો હલ્લો આવે ત્યારે તે બધાં ઢાંકી દેવાનાં. આનો અર્થ શો? અર્થાત્ ક્રોધને કાઢવો સહેલો, પણ જ્યાં સુધી કાઢો નહિ ત્યાં સુધી તે જીંદગીઓની જીંદગી સુધી ખસે નહિ. આવા ક્રોધરૂપી તાવને કાઢવાનું ઔષધ બતાવનાર હોય તો તે કેવળ એક જ. કે જેને આ જગતમાં આ પોતાનું, આ પોતાથી વિરૂદ્ધ છે તેવું કશું નથી. આવી રીતે ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય, છતાં તે તરફ રાગ કે દ્વેષ નહિ રાખનાર તેવા જે હોય તે જ આ રોગ ટાળી શકે. એને જગતમાં કંઈ પણ ઇષ્ટ તરીકે કે અનિષ્ટ તરીકે નથી, તેમ જગતમાં કોઇ પણ વસ્તુનો પક્ષપાત નથી. મનુષ્યના પક્ષપાતને ખરાબ ગણી જે મનુષ્ય ગુનેગાર હોય તેને ન્યાયાધીશનો હક્ક ન મળે. તેવી રીતે અનિષ્ટ પદાર્થો–વિષયો તરફ રોષ, જડ તરફ રોષ, જડના પ્રેમમાં પડેલો, જડના દ્વેષથી દાઝેલો તે જગતના ક્રોધને દૂર કરવા માટે સમર્થ ક્યાંથી થાય? માટે ક્રોધરૂપ તાવને દૂર કરનારી ચીજ માત્ર વીતરાગ પરામાત્મા.

તેવી રીતે અભિમાન ક્યાં? જ્યાં ક્રોધ હોય ત્યાં. તેવી જ રીતે માયા ને લોભ. આ ચારેથી બચાવનાર કોણ? જે એનાથી બચ્યા હોય તે. દુનિયામાં એવો કોઈ નથી કે જે પોતે બે અને બીજાને તારે. તેમ જેણે પોતે ક્રોધાદિ દૂર કર્યાં નથી,

નાશ કર્યા નથી તે બીજાના ક્રોધાદિ નાશ કરવાના ઉપાયો બતાવી શકે નહિ. અનાદિથી કષાયોનો રોગ છે તે શાસ્ત્રકારે જણાવ્યું તેમ તેનું ઔષધ જણાવ્યું. કયું ? તેમના વચન પ્રમાણે વર્તાવ કરવો તે.

**વચનની આરાધના ।૯**

રોગની ભયંકરતા દેખીએ. જેમ શેઠ હોય-રાજા હોય અને તેમની તબિયત બગડી ત્યારે વૈદ કે ડૉકટર (doctor) કહે કે તમારે ગરમ પ્રદેશમાં રહેવું પડશે, કે તમારે શરદીવાળા પ્રદેશમાં રહેવું પડશે, તમારાથી ફલાણું નહિ ખવાય, તમારે અમુક જ કરવાનું તો 'હા' કહે તેથી. તે ડૉક્ટરની ગુલામી ગણાય ? તમે તે પ્રમાણે ન કરો તો આંખ લાલ કરીને કહે છે. તે વખતે તેને માટે તમારી ગુલામી ગણો છો ? ના. પણ મારો રોગ મટાડવા, મારું હિત કરવા માટે આ પ્રમાણે કહે છે એમ તમે માનો છો. તેમ અહીં પણ આ આત્મા સમજે કે જિનેશ્વરનું વચન તે મારા હિત માટે છે. માટે મારે વચન પ્રમાણે જ કરવું, ઊલટું ન જ કરવું, વચનથી ઊલટું થાય તે મારી ભૂલ છે.

ધર્મ આત્માનો શોધક પણ સિદ્ધિ કોણ કરે ? જિનેશ્વરનાં વચનમાં દાખલ થાય તે. માટે જિનેશ્વર ભગવાનનાં વચનોની આરાધના કરો. તે કરો તો 'ધર્મ', નહિ તો 'અધર્મ' ગણાય. માટે જિનેશ્વર ભગવાનનાં વચનોની આરાધના તરફ લક્ષ્ય રાખવું જોઈએ. વચનો ક્યાં ? તેની આરાધના કેવી રીતે ? તેથી ધર્મ કેવી રીતે બને ? એ જે અધિકાર બતાવશે તે અગ્રે વર્તમાન.

◆

## વ્યાખ્યાન ૮

### વૈદું તે શું?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સર્વ દર્દોનાં નિદાનોને જાણે. સર્વ દર્દનાં સ્વરૂપને જાણે ને તેની ચિકિત્સાને પણ જાણે તેથી 'વૈદ' બને. પણ વૈદું કરતાં આવડવું જોઇએ. 'વૈદુ" વળી શું? વૈદ બધા રોગો, તેનાં કારણો, તેનું સ્વરૂપ ને તેની ચિકિત્સા જાણવાથી બન્યો. પણ વૈદું ક્યારે? જે આસામી આવ્યો હોય તેની પ્રકૃતિ, રોગ, અવસ્થા, બધું જાણે અને તે પ્રમાણે દવા કરે ત્યારે વૈદું કરનાર ગણાય. વૈદું કરનારને બાળકના રોગો જાણવા બહુ મુશ્કેલ. જુવાનોના રોગો જાણવા માટે વૈદો સહેલા. પણ બાળવૈદો બહુ જ મુશ્કેલ. કેમ? બાળક પાસેથી હકીકત જણાય નહિ તેથી. તેને શું થાય છે તે સમજ ન પડે. કેમ? તે પોતે કહી શકે નહિ. તેમજ પાસે વાળો પણ કહી શકે નહિ. પણ વૈદને પોતાને જાણવું પડે.

### કથની અને કરણી

વૈદક તો બધા, પણ અહીં આગળ આ જૈનશાસન તે કેવળ વૈદક, શાની અપેક્ષાએ? આત્માના રોગોની અપેક્ષાએ. પણ શરીરના રોગોની અપેક્ષાએ **ચરકસંહિતા, સુશ્રુત** વગેરે છે, પણ આત્માના રોગો, તેનાં નિદાન, તેનાં સ્વરૂપ, તેનાં કારણો ને તેની ચિકિત્સાને જણાવનાર હોય તો તે કેવળ જૈન શાસન જ. તમે જૈન શાસનમાં છો તેથી સિક્કો મારો છો?

ના. પણ કરણી કરીને કથની કરનાર હોય તો કેવળ જિનેશ્વર પ્રભુ. બીજા બધા દેવો આરંભ–પરિગ્રહમાં મગ્ન. પણ ઉપદેશ આપે ત્યારે ? **शान्तो दान्तो मुमुक्षु** એમ બોલે. પણ આને લાયક કોણ ? જે ક્રોધાદિથી રહિત હોય, જે ઇન્દ્રિયોને દમનાર હોય, જે મોક્ષની ઇચ્છાવાળો હોય તે. પણ તેના દેવોને અંગે વિચારીએ તો કઈ વખતે શાંત, દાંત અને મુમુક્ષુની અવસ્થા ? ત્યારે જૈનેતરને માત્ર કથની પણ કરણી નહિ.

કરણીને વળગાડવી ન પડે માટે નિત્યવાદ રાખ્યો. સિદ્ધ એવો સ્યાદ્વાદ શા માટે ન માન્યો ? જગતમાં એવી ચીજ નથી કે તમે જેને સ્યાદ્વાદ ન માનો. કપાસ લઇએ. કપાસ વાવ્યો. તેમાં પાણી આવ્યું. તેમાંથી કપાસ થયો. તેમાંથી રૂ થયું. તેમાંથી કપડાં થયાં. તે પાછા માટી થઈ ગયાં. કપડા વગેરેપણા વખતે કપાસીઆ પણું છે ? ના. પણ પુદ્ગલ ક્યાં છે ? જે પુદ્ગલો કપાસીઆપણે હતા તે જ પુદ્ગલો કપાસ, રૂ, કપડા, માટી વગેરેપણે પરિણમ્યા. માટે કથંચિત્ સ્થાયી અને કથંચિત્ પરાવર્ત પુદ્ગલો, અવસ્થાએ પરાવર્ત પામે અને મૂળપણે સ્થાયી રહે. દુનિયામાં એવો કોઈ પણ પદાર્થ નથી કે જે સ્યાદ્વાદની મર્યાદામાં ન હોય. હવે સ્યાદ્વાદ માને ત્યારે તેમને ઇશ્વરને મલિન માનવો પડે. સૃષ્ટિના સર્જનહાર તરીકે માનનારા તે તેના આત્માને કથંચિત્ નિર્મલ યાને કથંચિત્ મલિન માનવો પડે. માટે આત્માને તેમાં કંઈ નથી.

જેમ આરિસામાં પ્રકાશ પડયો તે ચાહે તેનો પડયો હોય પણ જેવો પડયો હોય તેવો દેખાય; પણ કાચને તેમાં શું ? મુક્તિવાળા ક્યાં દોડે છે ? આરિસાનો હીરો કિંમત

કેટલી પામે ? હીરામાં શું ઓછું છે ? ઘાટ, રંગ, તેજ, આકાર પણ તે જ છે; છતાં આરિસાનો હીરો એટલે કંઈ નહિ. આરિસો પોતાના અસલ સ્વભાવમાં છે, પણ ચાહે તેનું પ્રતિબિંબ પડે પણ પોતાના સ્વરૂપમાં તે ફેર નથી પાડતો. તેમ બીજા પોતાના ઈશ્વરને ધર્મની કરણી ન માનવી પડે માટે ઈશ્વરને આરિસા જેવો માનીને તેની લીલામાં પ્રતિબિંબ માનીને ફેંકી દે. પણ એ ખ્યાલ આવે ક્યાંથી ? કે આ છાયાના પુદ્‌ગલો છે કે નહિ ? તે ભાવરૂપ છે કે અભાવરૂપ છે?

તમે છબીઓ ઉતરાવો છો, પણ કાર્ય ઉપરથી આકાર જેવો હોય તેવો કરી દે છે. છાયા, આકાર, પૌદ્‌ગલિક ન હોય, વસ્તુસ્વરૂપ ન હોય તો છબીઓ થઈ ક્યાંથી ? છાયાના પુદ્‌ગલો છે તેથી તે તે રૂપે પરિણમવાના છે. પરંતુ તે માનવું નહિ ? અભાવ બ્રહ્મરૂપ માનીને ચાલવું માટે ઈશ્વરને નિત્ય માની લઈને ચાલવું પડે છે. આ પ્રમાણે ન ચાલે તો ઈશ્વરમાં મલિનતા માનવી પડે અને મલિનતાથી નિર્મલતા માનવી પડે. તેથી નિર્મળતામાં મીંડું છે, માટે માન્યા વગર છૂટકો નથી. તેથી સ્યાદ્‌વાદ ન માનતાં નિત્યવાદ માને છે. સ્યાદ્‌વાદ કહે તો ત્યાગ, વૈરાગ્ય અને તેનાં સાધનો લાવવાં પડે, વિકાર માનવો પડે, તેના નાશ કરવા માટે સાધન લાવવાં જોઈએ. તે ક્યાંથી લાવે ? માટે નન્નો પકડયો. જગતને જીવાડે ને મારે તે છતાં તેમાં કંઈ પણ ફેર નહિ.

## 'અવતાર'માંથી 'ઈશ્વર' કે 'ઈશ્વર'માંથી 'અવતાર'

જૈનો અવતાર અને ઈશ્વર માનનારા છે. જૈનેતરો પણ અવતાર ને ઈશ્વર માનનારા છે. પણ ફરક ક્યાં પડે?

જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે ત્યારે જૈનેતરો ઈશ્વરમાંથી અવતાર માને છે. કેમ? **મહાવીરસ્વામી**ના ૨૭ ભવ, **ઋષભદેવજી** મહારાજના ૧૩, **શાંતિનાથ** ભગવાનના ૧૨, **પાર્શ્વનાથ** ભગવાનના ૧૦ ને **નેમિનાથ** ભગવાનના ૩, તેમ દરેક તીર્થંકરોના આટલા ભવો કહ્યા, તેથી શું થયું? અવતારમાંથી ઈશ્વર થયા ને? બીજાને ઇશ્વરમાંથી અવતાર લેવાના એટલે નિર્મળતામાંથી મલિનતા માનવી પડે, અવિકારીમાંથી વિકારી માનવા પડે ત્યારે જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે. અનંતા તીર્થંકરો થયા, થાય છે ને થશે તે બધા અવતારમાંથી ઈશ્વર. અન્ય મતોને જે જે અવતારો તે ઇશ્વરમાંથી એટલે નિર્મળમાંથી મલિન થવાનું.

**મૂર્તિ એટલે આત્માનો આરિસો**

જૈનો જિનેશ્વરની મૂર્તિ માને છે. તે શાસ્ત્રની વ્યવહારની અપેક્ષાએ મૂર્તિ છે. પણ ઊંડા ઉતરીએ તો એક અપેક્ષાએ ભગવાનની મૂર્તિ ન હોય પણ આત્માને કેવો બનાવવો છે તેનો આરિસો છે. આવો આત્મા બનાવીશ ત્યારે તું સાધી શકીશ. તે મૂર્તિ કેવી છે? "**प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं। वदनकमलमङ्कः, कामिनीसंगशून्यः॥**" આવી સ્થિતિમાં નહિ આવે તો તું તારી અસલ સ્થિતિમાં નહિ આવી શકે. માટે તેમાં ઈશ્વરનો રંગ, માન વગેરે ન રાખ્યાં. રંગ, ઊંચાઈ, રાજ્ય, નીતિ, મકાન સાથે સંબંધ નહિ, પણ **प्रशमरसनिमग्नं** તેની સાથે સંબંધ.

**એકની પૂજા તે સર્વની પૂજા અને**
**એકની હેલના તે સર્વની હેલના**

આ વાત વિચારશો તો એક ચોકસી સેંકડો દાગીનાની

પરીક્ષા કરે પણ એક વખત ખોટો દાગીનો આવે અને તેને કીમતી કહીને થાપ ખાધી તો જીંદગી ધૂળમાં ભળે છે. તેમ અહીં એક વીતરાગની અવજ્ઞા કરે તો બાકીના માન્યા હોય, છતાં તે ધૂળ. આ જ વાત હોવાથી શાસ્ત્રકારે જણાવ્યું કે– **एग्गंमि पूइयंमी, सव्वे ते पूइया होंति'** એક વીતરાગની પૂજા કરીએ તો સર્વની પૂજા કરી ગણાય. એક વીતરાગની હેલના કરી તો સર્વની હેલના કરી ગણાય. આ વાતથી જાતિવાદમાં આવવું પડશે. ક્રિયા, ગુણ એકલાં માન્યાં નહિ ચાલે, પણ ગુણને ક્રિયાવાળી વ્યક્તિ માનો તો જ કામ ચાલે. માટે **आत्मैव ज्ञानदर्शनचारित्राण्यथवा यतेः**–આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છે. જો તે સ્વરૂપ ન હોત તો જ્ઞાનવરણીય આદિ કર્મો ન માનવાં પડત. માટે દરેક આત્માને જ્ઞાનવરણીય, દર્શનાવરણીય ને ચારિત્રમોહનીય કર્મો માન્યાં. ક્યારે માન્યાં ? આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, દાન વગેરે સ્વરૂપ માન્યા ત્યારેને ? આવેલો હોય તો પાછો વાળ્યો કહી શકો તેમ રોકાયું ક્યારે કહેવાય ? તે સ્વરૂપવાળો માનો તો. અભવ્યનો જીવ પણ સિદ્ધસ્વરૂપ છે. સિદ્ધ પરમાત્માનું જે સ્વરૂપ તે અભવ્યના આત્મામાં છે. તેનો આત્મા, કેવલજ્ઞાન, કેવળદર્શન, ચારિત્રવાળો ન ગણો તો તેનાં આવરણો ક્યાંથી માની શકશો ? માટે દરેક જીવ સિદ્ધસ્વરૂપ છે. દરેક આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રવાળો છે.

**'अहं ब्रह्माऽस्मि सोऽहं'** કોણ બોલે ? છ કાયના કૂટામાં રમતો ન હોય તે. પણ તે છ કાયના કૂટામાં રમતો હોય તે ન કહી શકે. કોયલો હોય અને **अहं सूर्योऽस्मि** કહે તો

તેની કીમત શી ? તેમ અઢારે પાપસ્થાનમાં રગડાયલો હોય, જેને તે અઢાર પાપસ્થાનનો નાશ કર્યો ન હોય–તે નાશ કરીને આત્માને સાધવા તૈયાર થયો ન હોય તે **સોऽहं ब्रह्माऽस्मि** કહી શકે નહિ. પણ સર્વ આશ્રવો છોડીને આત્મસાધનમાં લીન બનેલા મહાત્માઓ એમ બોલી શકે કે **સોऽहं ब्रह्माऽस्मि** માટે **यतेः** કહેવું પડયું. જે સાધુ હોય તેનો જ આત્મા જ્ઞાન, દર્શન ચારિત્ર. કારણ ? તેનો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રની પરિણતિવાળો છે. તે શરીરમાં રહેલો છે માટે તે '**સોऽहं**' કહી શકે તે સિવાય કોઈ કહી શકે નહિ. જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ જે આત્મા માને, તેથી તેને રોકવા માટે કર્મો માનવાં પડ્યાં. એવા સ્વરૂપવાળો આત્મા વધે, સંપૂર્ણ સિદ્ધિને પામે, તે સિદ્ધિ પામનારી વ્યક્તિને માને તો તે જ્ઞાન, દર્શન, ચારિત્રને માનનારો ગણાય; નહિ તો તે ન માને તો તો માનનારો ન ગણાય. જેવી રીતે ગુણોને માનો; તેવી રીતે ગુણીને માનો. જેવી રીતે ગુણીને માનો; તેવી રીતે ગુણને માનો; પણ જૈન શાસનને ગુણ અને ગુણી બંનેનું સન્માન પાલવે પણ અપમાન ન પાલવે. એક ગુણનું કે એક ગુણીનું અપમાન કરે તો તે બધાનું અપમાન ગણાયું.

**ગોશાલો ઋષભદેવથી પાર્શ્વનાથ** સુધીના ૨૩ તીર્થંકરોને માનતો હતો પણ ભગવાન **મહાવીરને** નહોતો માનતો. **જમાલિ** તીર્થંકરોને માનતો હતો, પણ તેને **ગૌતમસ્વામી** આદિ ખટકતા હતા. જેથી તેણે ભગવાન **મહાવીરસ્વામીને** કહ્યું કે જેમ તમારા આ **ગૌતમ** વગેરે છદ્મસ્થ અને કેવલજ્ઞાન રહિત ફરે છે તેવી રીતે હું નથી. મને તો

કેવલજ્ઞાન થયેલું છે. હું આવરણ વગરનો છું. આ કોની હરિફાઇ ? **ગૌતમસ્વામી** વગેરેની. તે પણ શાસનને ન પાલવ્યું. માટે એકની પૂજા કરી તે દરેકની પૂજા કરી ગણાય; અને એકની હેલના કરી તો દરેકની હેલના ગણાય. આ પ્રમાણે હોવાથી ભગવાન **ઋષભદેવજી** તરફ દૃષ્ટિ હોય ત્યારે **મહાવીરસ્વામી** વગેરેનું સ્તવન બોલીએ છીએ. પ્રાચીન કાળમાં સ્તુતિ જે તીર્થંકરની હોય તેની થતી. આજ-કાલમાં તે નથી. કેમ ? આ તો લાકડે માંકડું વળગાડો છો ને ? ના. અમે ગુણીની પૂજા ગુણ દ્વારાએ કરીએ છીએ તેથી તે દરેક તે ગુણવાળા છે.

**अरिहंताणं કેમ ને अरिहंतस्स કેમ નહિ ?**

જો એમ છે તો 'નમો અરિહંતાણ' શા માટે ? પણ 'નમો અરિહંતસ્સ' કહોને ? એવા અનંતા અરિહંતો થયા છે. વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ અનંતા થશે. પણ એક થયા નથી, થશે નહિ ને થતા નથી. તેવી કલ્પના ન આવે માટે બહુવચન માન્યું.

જૈન અને જૈનેતરની માન્યતામાં કયો ભેદ ? પરમેશ્વરને તો જૈનેતર તરીકે ગણાતા બધા આસ્તિકો અને જૈનો માને છે. ફરક કયો ? જૈનેતરો પરમેશ્વરને સૃષ્ટિના સર્જનહાર તરીકે માને, ત્યારે જૈનો સ્વાતંત્ર્યના સર્જનહાર તરીકે માને. જૈનો આ સ્થિતિ સમજે કે આ કુદરતી નિયમ છે. ઈશ્વરે ઝાડ રચ્યું તેથી તેને પાંદડાં, ફલ, વગેરે દરેકનો ઘાટ ઘડતો આવ્યો એમ ખરૂં ને ?

સૃષ્ટિના સર્જનહાર માનનારને બધી વસ્તુ માનવી પડે. ત્યારે જૈનો એ બધું કુદરતી સર્જન માને છે અને દેખે છે. લૂણના અગરમાં લોઢું પડયું હોય તો તે કેટલેક કાળે લૂણ થાય છે. પત્થરની ખાણમાં કચરો પડયો હોય તો તે પત્થર થાય છે. કોલસાની ખાણમાં કચરો પડયો હોય તો તે કોલસો થાય છે. અબરખની ખાણમાં કચરો પડયો હોય તો તે અબરખ થાય છે. જો સૃષ્ટિના સર્જનહાર હોય તો કૂતરી અને ભુંડણો માનવી પડશે. માટે સૃષ્ટિનું સર્જન કુદરતી ચાલે છે. ઈશ્વર સ્વાતંત્ર્યનું સર્જન કરે છે. જેઓએ પોતાના આત્માને કર્મના પાંજરામાંથી મુક્ત કર્યો છે-પૌદ્ગલિક પરાધીનતામાંથી મુક્ત કર્યો છે. તેઓ બીજાનો આત્મા કર્મની પંજર અને પુદ્ગલની બેડીમાંથી કેમ છુટાય તે બતાવે. જેમ ચંદ્ર, સૂર્ય દેખાડનારા છે પણ કરનારા નથી. તેમ જૈનોએ ઇશ્વરને બતાવનાર તરીકે માન્યો છે. **બીજાઓએ** એને બનાવનાર તરીકે માન્યો છે. માટે બધાને બનાવનાર અને એક માન્યો એટલે ચાલ્યું. પણ બતાવનારમાં ઉપદેશની અસર સર્વ કાળ, સુધારો સર્વ કાળ, પ્રવૃત્તિ સર્વ કાળ ટકતી નથી. ઉપદેશની અસર બંધ થાય ત્યારે ઉપદેશ કરનારો હોય તો જ જગતનું કલ્યાણ થાય. બતાવનારને વારંવાર મેળવવા પડે. જૈનો પરમેશ્વરને સ્વાતંત્ર્યના સર્જનહાર માને, તેથી તેમને ઘણા પરમેશ્વર માન્યે જ છૂટકો. માટે અનેક પરમેશ્વર માનવાની જરૂર. માટે 'નમો અરિહંતાણ' ત્યાં બહુવચનની જરૂર છે. એકની પૂજા એ સર્વની પૂજા અને એકની હેલના એ સર્વની હેલના.

**ગોશાલાએ** અનંતા તીર્થંકરો માન્યા અને વર્તમાનના ૨૩ માન્યા, તે છતાં તે માર્ગ બહાર ગણાયો. શાસનમાં તે નથી

પાલવતું. શાસનમાં ગુણ ને ગુણી એ બે માને તો જ પાલવે. માટે 'આત્મા' બોલવા માટે ખરેખર હકદાર જૈનો. 'सोऽहं ब्रह्माऽस्मि' બોલવાને હકદાર કોણ ? તો જ્ઞાન, દર્શન, ચારિત્રમાં પ્રવર્તેલો બોલવાને હકદાર. પણ સ્વરૂપ તરીકે દરેક આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ છે તો આ ચારે ગતિમાં ભટકવું શાથી થાય છે ? કર્મથી. કર્મરૂપી રોગને ટાળનાર ઔષધ હોય તો તે જિનેશ્વર ભગવાનનું વચન. માટે **वचनाराधनया खलु.**

ધર્મ ધર્મ દરેક પોકારે છે. ધર્મ ઊંચો છે, કરવા લાયક છે તેમ દરેક ગણે છે. પણ ધર્મ કેવો હોય ? તેનું સ્વરૂપ કેવું ? હીરાનું સ્વરૂપ ઘણા ઓછા જાણે છે. ધર્મનું સ્વરૂપ આસ્તિક માત્ર જાણે. ધર્મ કર્તવ્ય છે તેમ જે કહે તેને ધર્મનો ઓપ ચઢાવવો પડે છે. ધર્મ ચીજ શી ? વચનની આરાધના, પણ તે શાસ્ત્રના આધારે. વચનની આરાધના એ જ ધર્મ ખરો ને ? 'ક્ષપક' શ્રેણીએ ચડયો હોય છે. કેવલજ્ઞાની થયા હોય તેને સૂત્રનું આલંબન ન હોય. આ કેવલજ્ઞાનની વાત કરી.

સમજ બે પ્રકારે. નિસર્ગ અને અધિગમ. અધિગમ સમકિત વચનથી થાય; પણ નિસર્ગ હોય તો વચન ન હોય. તો કેવલીને ધર્મ રહિત માનવા ? કેમ શાસ્ત્રના આધારે પ્રવર્તવું તેને ધર્મ કહેવો તો કેવલી શાસ્ત્રના આધારે પ્રવર્તતા નથી માટે તેમને ધર્મ ન માનવો ? મહાનુભાવ ! વાત વિચાર. તેઓ કેવલજ્ઞાન પામ્યા કયા આધારે ? વચનના આધારે. માટે વચનપ્રયોગ તો બરોબર છે. પણ હંમેશાં શ્રોતાની લાયકાત પ્રમાણે ઉપદેશ કરવાનો હોય. જે વખતે

આઠે કર્મથી ઘેરાયેલાં હોય તે વખતે આઠે કર્મ બંધાયેલાં છે. કેવલી સિવાય જે શ્રોતા હતા તે આઠ કર્મવાળા હતા. શ્રોતાની અપેક્ષાએ શ્રોતાને લાયક ઉપદેશ કરવામાં આવે. ઉપદેશ સાંભળી રહેલા શ્રોતાને વચનની આરાધનાનો નિયમ છે. કેવલી નિસર્ગ સમકિતવાળા છે, માટે તે શ્રોતાનો વિષય નથી. માટે કોઇ પણ પ્રકારે દૂષણ, અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ નથી. શ્રોતાઓ વચનના આધારે પ્રવર્તે તો જ ધર્મ પામે; માટે શ્રોતાને અંગે વચનની આરાધના તે નિયમ. વચન પ્રીતિ અનુષ્ઠાનવાળાને આ નિયમ નહિ. અહીં અધિકાર વચનની આરાધનાવાળો છે, પરંતુ શ્રોતાએ ખ્યાલમાં રાખવું કે જિનેશ્વરનું વચન કેમ છે? જે પ્રમાણે વચન છે તે પ્રમાણે વર્તન છે.

**आणाभंगाउ च्चिय 'धम्मो आणाए पडिबद्धो'।। (पंचा० गा. २९६)**

આજ્ઞા દ્વારાએ આરાધક. જે આજ્ઞા દ્વારાએ આરાધકવાળો તેની અપેક્ષાએ "**वचनाराधनया**" કહેવામાં આવ્યું છે. વચન જે કહ્યું તે કેવું? કોનું લેવું? આરાધના કેમ લીધી? અને તેથી જ ધર્મ થાય તે જે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

▲

## વ્યાખ્યાન : ૯

### વ્યક્તિ પરમેશ્વર કે ગુણો?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ જગતમાં જૈનો અને જૈનેતરો બન્ને પરમેશ્વરને માને છે. આસ્તિક માત્ર

દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ પદાર્થ માટે મતભેદવાળા નથી. દરેક આસ્તિક દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વને માને છે. જ્યારે દરેક આસ્તિક 'દેવ' તત્ત્વને માને છે તો ભેદ શામાં? વ્યક્તિમાં ને? તમે પરમેશ્વરને **મહાવીર, ઋષભદેવ** વગેરે નામે માનો છો ને બીજાઓ **વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા**ને નામે માને છે, માટે નામ કે વ્યક્તિમાં ભેદ કે બીજું કંઈ? વાત ખરી, પણ ફરક ક્યો છે તે વિચારે ત્યારે માલમ પડે. વિચાર ન કરનારને પદાર્થનું સ્વરૂપ માલમ પડતું નથી. ગમારને કાચ–હીરો, સોનું–પિત્તળ, ચાંદી–કલાઈ વચ્ચે ફરક હોતો નથી. ગમારને તો આએ પીળું ને તે એ પીળું. તેને તો પીળું એટલું સોનું. તેમ અહીં પણ એ વ્યક્તિભેદે દેવભેદ માન્યો છે. તમે **મહાવીર**ને માનો તો માનીએ, તેમ અહીં નહિ, કેમકે પ્રથમ તો જૈનો વ્યક્તિને પરમેશ્વર માનતા નથી. ધ્યાન રાખજો. આ વાતનું સમાધાન આગળ આવશે. જૈનો વ્યક્તિને પરમેશ્વર નથી માનતા, પણ ગુણીને 'પરમેશ્વર' માને છે. તેથી જેટલા ગુણવાળા થયા તે બધાને 'પરમેશ્વર' માને છે. તેથી જૈનો અનેક પરમેશ્વરને માનનારા ગણાય. વ્યકિતને પરમેશ્વર માનનારાને એક જ પરમેશ્વર માનવો પડે.

જેમકે એક જ માલિક. તેનું ફલાણું નામ એટલે ખલાસ. ફલાણું આમ કરે તે 'માલિક.' આ ગુણ ઉપર ગયા. તેવા જે હોય તે માલિક ગણાય. જૈનેતરોએ 'પરમેશ્વર'ને વ્યકિત તરીકે માન્યા પણ ગુણ તરીકે નથી માન્યા. તેઓ તો બૈરી, છોકરાં, ધન, માલમિલકત, કુટુંબ આપનારા તેને 'પરમેશ્વર' માને છે. હવે તે ગુણો ક્યા? તેનો વિચાર નથી.

## શબ્દની પ્રીતિ, નહિ કે પદાર્થની

અજ્ઞાની તે પરમેશ્વર કહે, ધારે. ગમે ત્યાંથી બાહ્ય 'પરમેશ્વર' શબ્દ દાખલ કર્યો. જગતમાં શબ્દની પ્રીતિ જબરજસ્ત ગણાય છે, પણ પદાર્થની પ્રીતિ નથી હોતી. તે કેમ જુદા પડે છે? આટલી મોટી સભા જેમાં ચકલું સરખું ન ફરસી શકે તેથી સભામાં બેઠેલા દરેકને પૂછીએ કે સંપ સારો કે કુસંપ? સોએ સો ટકા સંપ સારો એમ કહે, પણ કુસંપ સારો કહેવા કોઈ તૈયાર નથી. હવે તેમને બીજી વખત પૂછીએ કે સંપનાં અને કુસંપનાં કારણો ક્યાં? અને તેનો અમલ અને તેને દૂર કેટલાંએ કર્યો? તે જણાવવામાં ૯૦–૯૫ ટકા નીકળી જશે. પછી ત્રીજી વખત પૂછીએ કે સંપનાં કારણોનો અમલ કોણ કરે છે? એકે નહિ નીકળે. ત્યારે આ શું? શબ્દની પ્રીતિ પણ પદાર્થની પ્રીતિ નહિ.

## સંપ કરનારની લાયકાત

સંપ કોણ કરી શકે? કોણ વધારી શકે અને કોણ ટકાવી શકે? તો જે આ ત્રણ વસ્તુમાં તૈયાર હોય તે. પહેલાં એ કે કોઈના નુકશાનમાં આપણે આવવું નહિ. એ જેની તમન્ના હોય, આપણી માનસિક, કાયિક પ્રવૃત્તિ કોઈને નુકશાન કરનાર ન હોય તો આ સંપનું પહેલું કારણ.

પણ "મેંને પીઆ, મેરા બેલને પીઆ, અબ કૂવા ધસ પડો." તેમ મારા માટે બીજાનો જીવ જાય તો મારે કંઈ નહિ. માટે કેટલાક કહે છે ને કે 'પરની તારે શી પડી? તું તારી સંભાળ.' આવી સ્થિતિવાળો કહે કે સંપને ચાહું છું તે કેવો ગણાય? તેમ આ ઉપાધિવાળા પુદ્ગલો તેની

તારે શી પંચાત? પણ તું તારા આત્માનું સંભાળ. આ વાક્ય અહીં યુક્ત હતું તેને દુનિયામાં આરંભ, પરિગ્રહનું કામ જલદી કરી લેવું. છોકરો અધુરો હોય તો પરણાવી દેવો. ઘર બાંધવાનું હોય તો બાંધી દો. કેમ? તો કાલ મર્યા કે જીવ્યા તેની ચિંતા થાય; પણ ધર્મના કામ હોય તો આ સાલ નહિ પણ આવતી સાલ વાત. ઘડીની કોને ખબર? આ વાક્ય ધર્મના કામમાં આવ્યું ખરૂં? છ મહિના, બાર મહિના પછી કરીશ પણ કાલ કોને દેખી છે? પણ આજ કરી લો. આ સ્થિતિ ધર્મના કામમાં નથી આવતી. આરંભ-વિષયાદિના કામમાં કોને કાલ દેખી તે આવે છે, તેમ પરની તારે શી પડી? તું તારૂં સંભાળ. પુદ્ગલની તારે શી પડી? તું તારા આત્માનું સંભાળ. તેને બદલે અહીં બીજા જીવોની તારે શી પડી છે? પણ તું તારૂં સંભાળ. બીજા માટે શું બોલાય છે? 'જહન્નમમાં જાય, ખાડમાં જાય.' આ બોલનારો, સંપ સારો છે એમ કયા મોઢે બોલે છે? એ ભાન વગરનો છે.

જેમ ફોનોગ્રાફમાં પહેલું ગાયન આનંદનું, બીજું અફસોસનું ને ત્રીજું વિવાહનું હોય તો તે પ્રમાણે તે ગાય. પણ આગળપાછળ તે જોતો નથી. તેમ આપણે એક જાતના ફોનોગ્રાફ છીએ. દુનિયામાં સંપ સારો છે. તેથી તે બોલી દેવો, પણ મારૂં માનસિક, કાયિક ને વાચિક વર્તન કોઇ દિવસ કોઇ કાલે કોઇ પણ જીવને નુકસાન કરનાર ન હોવું જોઇએ. તે સંપનું પહેલું કારણ. પણ તે જહન્નમમાં જાય, ખાડામાં પડે તો તે બીજાના કુસંપનું કારણ. તેથી કુસંપનું બીજ વવાઇ ગયું. માટે સંપનું પહેલું સ્થાન મન, વચન,

જેયાથી હું કોઇના અપકારમાં વર્તવાવાળો ન થાઉં. હું ગુનેગાર ન બનું, ગુણામાં આવું નહિ. બીજા ગુનો કરે છતાં હું ગુનેગાર થાઉં નહિ.

બીજી જડ બીજાએ કરેલા ગુનાની ગાંઠ બાંધું નહિ. જેમ નાનું બચ્ચું ધાવતાં ધાવતાં દાંત મારે.તેથી તેને ઉકરડે કોઇ વૈરીએ મૂક્યો ? લાત મારે છે, વાળ ખેંચે છે. કંઇ નહિ, આપણું છે, બચ્ચું છે તેમ કરો છો ને ?

**સંપ જાળવવાના ત્રણ રસ્તા**

જેને સર્વ આત્મા પોતાના જેવા માન્યા છે તેને સર્વ જીવોને આપણા જેવાં ગણતાં વાર નહિ. તેથી ગુનાની ગાંઠ ન બાંધે. માટે ગુનાની ગાંઠ ન બાંધવી. આ બીજું કારણ. તો પણ સંપનો સંબંધ થયા છતાં એટલે સંપ થવા છતાં ઉપકારનો વખત કોઇ વખત પણ જવા દેવો નહિ. પોતે ગુનેગાર બનવું નહિ, બીજાના ગુનાની ગાંઠ વાળવી નહિ અને ઉપકારનો વખત જવા દેવો નહિ. સંપ સારો ગણનારાએ આ ત્રણ રસ્તા કોઇ દહાડો વિચાર્યા કે નહિ ? સાવચેતી રાખવી નથી. આપણે ગુનેગાર બનીએ તો શું કહીએ છીએ ? હોય, થઇ જાય. બીજા કરે તો નાનો નથી, કાલો નથી, પાણીને 'ભૂ' કહેનાર નથી. તેમ કહેવા તૈયાર થઇએ. પણ પોતાના ગુના વખતે એ વિચાર આવ્યો ? આપણે જેને ગુનેગાર ગણીએ તેને મોટો 'સમજુ' ગણીને ચાલીએ પણ તેને અણસમજુ ગણીએ તો ગુનાની ગાંઠ ન વાળીએ. અણસમજુ ગણીએ તો ગુનાની ગાંઠ વળાય નહિ. તેથી આપણે તેના કરતાં સમજુ ગણાઇએ ? એ જો અણસમજુ છે તો તેની

ગાંઠ શાથી બાંધે છે? અણસમજુ એ ગુનો કરે, તાડન કરે ને મારી નાંખે.

અજ્ઞાનથી અનર્થો ન હોત તો અજ્ઞાનને ખરાબ ગણવાનું કારણ ન રહેત. માટે અજ્ઞાન નિર્વિવેકનું કારણ છે. પોતે કોનો અજ્ઞાન બનીને પોતાનો ગુનો ઉરાડી દે છે. ગુનો કરીને કોર્ટમાં કેસ વખતે અજાણ્યો હતો, બુદ્ધિ ઠેકાણે ન હતી. બીજાને બચાવના આ શબ્દો વાપર્યા. અજ્ઞાનના નામે રોષ. આવી મૂર્ખાઇ કરે અને પાછો ક્રોધ કરે છે. તે ક્રોધ શાના ઉપર કરે તો મૂર્ખાઈ ઉપર. ગુનાથી બચવા માટે આપણે અજ્ઞાનની ઢાલ ધરીએ અને બીજાનો ગુનો હોય તો તેને આવી મૂર્ખાઈ કરી? આમ કહેવાથી અર્થ શો થયો? તો ગુનાને વધારવામાં પણ બચાવમાં નહિ.

જે મનુષ્ય પોતે ગુનેગાર ન બનવું, ન બનવું તેવી સ્થિતિમાં રહે. અને બીજાનો ગુનો થયો હોય તો ગાંઠ ન વાળવી એમ ઇચ્છે તે જ સંપ જાળવી શકે.

### અપકાર ઉપર ઉપકાર

કાલની વાત ધ્યાનમાં લઈએ. **ચંડકોશિયા**એ ત્રણ ત્રણ વખત અગ્નિની જ્વાલાઓ ફેંકી. તેથી ભગવાનને અસર ન થઈ. ભગવાનને અસર ન થાય તો પણ તે તો ઊભો છે. છેવટે ડંખ્યો એટલે તેના આત્માને એટલો બધો ભરોસો કે આ પડવાનો. પડશે તો હું ચગડાઈ જઈશ. આ સાપ આવી દશામાં છે, ત્યારે ભગવાન આવી દશામાં છે, છતાં ભગવાન શું વિચારે છે? આ જીવ અજ્ઞાન દશામાં છે. અજ્ઞાની છે. માટે 'બૂઝ બૂઝ ચંડકોશિયા' એમ બોલે છે.

બીજાના ગુનાને પોષણ કરનારા તે આવા શબ્દો બોલે ખરા ? આપણે મૂર્ખાના ગુનાના પોષણ કરવાવાળા. આવા વખતમાં ઘણા સફળ ઉપયોગ નિષ્ફળ ન થાય તેવો ઉપયોગ કોનો ? ચંડકોશિયાનો. કેમ ? જેની દૃષ્ટિવિષના પ્રતાપે આખું વન બળી ગયું, જાનવરો બધાં ભાગી ગયાં, બગીચા બધા બળી ગયાં તેવો સાપ અહીં જ્વાલા ફેંકે છે. તે પણ ત્રણ ત્રણ વખત. જેની એક વખતની દૃષ્ટિમાં વનોનાં વનો સાફ થઈ ગયાં. તેવી દૃષ્ટિ ત્રણ વખત નાંખી, છતાં સફળ ન થઈ. ત્યારે તે ડંખ્યો. ડંખ મારીને ખસી ગયો. પોતાના કાર્ય ઉપર કેટલો બધો ભરોસો હશે ? ત્યારે ભગવાન **મહાવીર** શું કહે છે ? બૂઝ, બૂઝ, સમજ, સમજ ચંડકોશિયા ! આટલા બધા અપકાર વખતે 'સમજ સમજ' કહેનારા. તેમના આપણે સેવક, તેમની છત્રછાયામાં રહેનારા છીએ, છતાં તેમના છત્રને છૂંદી નાખીએ છીએ !

**કુસંપનાં કારણો**

આપણા ગુનાને ઢાંકવા, પારકાના ગુનાને મોટા ગણીને ગાંઠ બાંધવી અને ઉપકારનો બદલો જવા દેવો. આ કુસંપનાં કારણો છે. સંપ ચાહીએ છીએ તે કયા મોઢાથી બોલાય છે ? સંપનાં સાધનો કયાં તે પૂછીએ તો પાંચ પણ નહિ બતાવે. અને તેના અમલનું પૂછીએ તો કોઈ જવાબ નહિ આપે. જગતમાં શબ્દની પ્રીતિ હોવાથી 'સંપ સારો, સંપ સારો' તેમ ગણાયો, પણ સંપ કેવો તેનો વિચાર નહિ. તેમ જૈનેતરો. જેમ આપણા જૈનો ગણાતા કેટલાક અજ્ઞાની

પરમેશ્વરને માને છે. પણ શા માટે ? આબરૂ, કીર્તિ વગેરે આપશે એ માટે. અન્યમતવાળાએ 'પરમેશ્વર' માટે અંદર ડોકિયું ન કર્યું, પણ પરમેશ્વરનો મહિમા ગાયો. પરમેશ્વર પહેલાં કેવા હતા ? તેમને શું કર્યું ? અને પરમેશ્વર થયા ? તેમાંથી તેમને કંઈ છે ? ના.

## જૈન અને જૈનેતરોની પરમેશ્વર સંબંધી માન્યતા

જૈનેતરોએ વ્યકિતને પરમેશ્વર માનીને તેનાં કારણો તપાસવાનું રાખ્યું નથી. ત્યારે જૈનો વ્યકિતને પરમેશ્વર તરીકે નથી માનતા. તો પછી ભગવાન **મહાવીર, ઋષભદેવ, પદ્મનાભ** તેમને માનો છો ને ? તે વ્યકિત છે. વ્યકિત છે તેથી નથી માનતા. હીરાનો વેપારી હીરાને 'હીરો' માને છે. પણ તે હીરો રાખમાં ગયો તો ઝવેરી તેની કિંમત કરવા નથી બેસતો. નંગના હિસાબે કિંમત નહિ, પણ સ્વરૂપના હિસાબે કિંમત કરવામાં આવી. તેમ અહીં **ઋષભદેવાદિને** વ્યકિત માનીએ છીએ તે વ્યકિત તરીકે નહિ પણ અરિહંતપણા તરીકે. ભૂતમાં અનંતા થયા, વર્તમાનમાં ચોવીશી, વીશી છે અને ભવિષ્યમાં જે થશે તે બધા પરમેશ્વરો વ્યકિતઓ છે. પણ એકેનું વ્યકિત તરીકે શાસનમાં સ્થાન નથી. આ વાત વિચારશો તો જૈનોમાં પરમેષ્ઠીમાં 'નમો અરિહંતાણં' રાખ્યું, પણ **નમો મહાવીરસ્સ** કે **નમો ઋષભસ્સ** ન રાખ્યું. અમે **ઋષભદેવ, મહાવીરને** વ્યક્તિ તરીકે નથી માનતા પણ અર્હત્‌પણાવાળા છે માટે માનીએ છીએ.

## સર્વ કાળમાં કોણ ?

જૈન ધર્મમાં અરિહંતોને શાશ્વતા માનવા લાયક છે.

જેમ વૈષ્ણવમાં વિષ્ણુ, શૈવમાં મહાદેવ, વેદમાં બ્રહ્મા વગેરે સર્વ કાળ ક્યાંથી હોય ? વ્યક્તિઓ સર્વ કાળની હોય જ નહિ. **ઋષભદેવ, મહાવીર** મહારાજા વગેરે સર્વકાળ નથી પણ અરિહંત તે સર્વ કાળ છે. સર્વ કાળમાં ગુણ હોય, પણ વ્યક્તિ ન હોય.

વૈષ્ણવો, શૈવો વગેરેને નિત્ય ધર્મ માનવાનો વખત નથી. તેઓ માનતા નથી. ધર્મને નિત્ય માનવો, સર્વ કાળનો માનવો તે હક કોને ? જૈનોને કે જેઓ ગુણોને અંગે માને છે, પણ વ્યક્તિને નથી માનતા. સર્વને એકસરખો, સર્વ કાળ નમસ્કાર રહે માટે 'નમો અરિહંતાણું' રાખ્યું. ગુણ ઉપરથી એ ગુણવાળા, અરિહંતો–દેવો. જૈનેતરોએ દેવ માન્યા વ્યક્તિગત; જૈનોએ દેવ માન્યા, વ્યક્તિ પણ તે વ્યક્તિ તરીકે નહિ પણ ગુણ તરીકે.

**નવ પદ અને વીશ સ્થાનક–**

**અરિહંતની આરાધના એટલે શું ?**

અરિહંત એટલે શું ? સામાન્ય અર્થ કરી દઈએ કે વીશ સ્થાનક આરાધી જિન–નામકર્મ બાંધી દેવલોકમાં ગયા ને ત્યાંથી આવીને થયા તે. બહારનું સ્વરૂપ તો તેમજ છે. પણ અંદર અરિહંતની જડ, સ્કંધ અને ફળ તે ત્રણ તરફ લક્ષ્ય દેશો તો માલમ પડશે કે અરિહંતની જડ કઈ? આપણામાં નવ પદ અને વીશ સ્થાનકની આરાધનામાં નવું શું હતું ? જનોને આરાધ્ય નવ ચીજ તે સિવાય બીજું કંઇ નથી. વીશ સ્થાનકમાં જુદા જુદા ખેવડાવ્યાં છે તેનાં નામ જુદા રૂપે રાખ્યાં. નવ પદને

છોડીને વીશ સ્થાનકમાં જવાની જરૂર શી હતી? નવ પદ અને વીશ સ્થાનકમાં પહેલી અરિહંતની આરાધના. નવ પદ ને વીશ સ્થાનક જુદાં નથી તો નવ પદ અથવા વીશ સ્થાનક આરાધવાં હતાં. અરિહંતને આરાધતાં, અરિહંતની પૂજા, ભક્તિ, બહુમાન સન્માન કરનારાની બે દૃષ્ટિ હોય. જેમ નાવડીમાં ખલાસી અને મુસાફર બેય બેઠા હોય તો તે બેયની બે દૃષ્ટિ છે. મુસાફરની દૃષ્ટિ એ હોય હું સામે કાંઠે જાઉં ત્યારે ખલાસીની દૃષ્ટિ એ હોય કે આ મુસાફરોને સામે કાંઠે પહોંચાડું. તેમ અહીં આગળ ભવ્ય જીવો શાસનને કેમ સમજે? કેમ શાસનને પામે? કેમ આગળ વધે? કેમ આત્મકલ્યાણમાં જોડાય? અને કેમ ભવાર્ણવાદિનો પાર પામે? આવી ભાવનાએ અરિહંતની આરાધના. પોતે નિરપેક્ષ રહે તો તેમ નહિ, પણ પોતે જોડે હોય. આ દૃષ્ટિની આરાધનાવાળો વીશ સ્થાનકમાં જાય. તે વખતે એમ વિચાર કરે કે ભગવાન અને હું એક છીએ તો તે ભવ્ય જીવોના ઉપકાર કરનારા નહિ. ભવ્ય જીવોને તો માળ ઉપર ચડી કે ભોંયરે બેસીને અરિહંતની આરાધના થઈ શકે, પણ વીશ સ્થાનકની આરાધના માળે કે ભોંયરે બેઠા થાય નહિ. પણ ભવ્ય જીવો કેમ ધર્મમાં વધે? કેમ ટકે? કેમ મજબૂત થાય? તે કેમ આત્મકલ્યાણવાળા થાય? તેમ પોતે અરિહંતની આરાધના કરે તે જીવોને સ્વતંત્રતાના રસ્તે વાળવા.

**કર્મની ગુલામી કોને?**

બીજાઓ પરમેશ્વરને સૃષ્ટિના સર્જનહાર માને ત્યારે આપણે સ્વાતંત્ર્યતાના સર્જનહાર તરીકે માનીએ છીએ. પણ

તે ન હોય તો કૂતરી, ભુંડણ સૃષ્ટિનું સર્જન વધારે કરે છે, માટે સૃષ્ટિનું સર્જન કોઇનું કર્યું થતું નથી, પણ આપોઆપ થાય છે. તેને અંગે ઈશ્વરને દોરવો તે જરૂરનું નથી, પણ સ્વતંત્રતાના સર્જનમાં આત્મા પુદ્ગલથી જુદો છે, કર્મ પાંજરામાંથી મુક્ત થાય તેને માટે અરિહંતની જડ. સ્વતંત્રતાના સર્જન માટે અવતાર લેવો તે ? અવતાર લેવો તે જીવને આધીન છે ? હા. અજવાળું કરવું તે આપણે આધીન નથી, પણ દીવો કરવો તે આપણા હાથની વાત છે. તેમ અંધારૂં કરવાની આપણી તાકાત નથી, પણ બારીબારણાં બંધ કરવાની તાકાત છે. તેમ આવતો જન્મ આપણા હાથમાં નથી, પણ જે કર્મ બંધાય તે આપણા હાથની ચીજ છે. આપણે સારાં કર્મ કરીએ તો તાકાત નથી પરમેશ્વરની કે આપણને દુર્ગતિમાં મેલી શકે. સૃષ્ટિના સર્જનહાર તરીકે પરમેશ્વરને માનનારા તેને કર્મની ગુલામીમાં ચાલવું પડે. જૈન ગુલામી પ્રજા માનતી નથી ત્યારે જૈનેતરો ગુલામી પ્રજા સિવાય બીજું માનતી નથી. આ વસ્તુ કઠણ લાગશે. આ વાત બીજાને ઉતારી પાડવા અને પોતાનો ઉત્કર્ષ જણાવવા માટે કહેવામાં આવી છે ? ના. પણ જૈનો જીવને જવાબદાર અને જોખમદાર માનનારા છે. હિંસા કરે તો તે હિંસાની જવાબદારી જીવની; અને તેના ફળ ભોગવવાની જોખમદારી પણ તેની. તે મેં હિંસા કરી તેમ જવાબદારી ગણે છે. પોતે ધર્મ કર્યો હોય તો સારૂં થયું. આ શાથી ? પોતાની જવાબદારી ગણી તેથીને ? જે પોતાની જવાબદારી નથી માનતો તેને હિંસા કરી કે દાન કર્યું તે પરમેશ્વરે કરાવ્યું તો તેમાં પોતાને શું ? પાનાભાઇ જેવા કહે કે કર્મ તો જડ છે તે કેવી રીતે સારૂ કે ખરાબ ફળ

આપશે ? માટે તે આપનાર બીજો જોઇશે ને ? પણ વિચાર કરે તો માલમ પડે કે આપણે સાકર ખાધી અને ઠંડક થઈ તો તેં કરી કે બીજાએ ? મરચાં ખાધાં અને બળતરાં થઈ તો તે કોને કરી ? તેં કરી કે બીજાએ કરી ? મરચાંએ કરી એમ ન બોલીશ. કેમ ? મરચાં તો જડ છે. ક્વીનાઈન (Quinine)થી તાવ ગયો તો ક્વીનાઇન જડ છે. શરદી થાય તેમાંથી ન્યુમોનીયા થાય યાવત્ મરી જઇએ તો તે કરનાર બીજોને ? કેમ ? શરદી તો જડ છે. જ્યારે તું સાકરથી ઠંડકની, મરચાંથી બળતરાંની, શરદીથી તાવ વગેરેની શક્તિ માને છે તો કર્મ–પુદ્ગલોએ તારૂં શું બગાડયું ? કે કરનાર બીજો જોઇએ તે શું જોઇને બોલે છે ?

**ઈશ્વરનું દ્વાર**

સુખદુ:ખ બધાંને અંગે દેખીએ છીએ તો તે પુદ્ગલ છે ને ? માટે પુદ્ગલ પુદ્ગલ ઉપર અસર કરે છે. પુદ્ગલ સુખદુ:ખ કરે છે. સુખદુ:ખ કોને થવાનું ? પુદ્ગલ(જડ)ને કે ચેતનને ? પુદ્ગલ અસર ન કરતો હોય તો પુદ્ગલને બાંધી રાખો અને કહો કે તું જા. કેમ નથી જતો ? તો તે પુદ્ગલને આધીન છે. જો સાકર, ઘી, મરચાં, ક્વીનાઇન વગેરેના પુદ્ગલોની અસર થતી દેખીએ છીએ તો પછી કર્મ જડ છે એટલે તે શું કરશે એમ તું શું જોઇને બોલે છે ? આંધળાઓ દુનિયામાં પદાર્થો નથી તેમ નહિ બોલતાં હું નથી દેખતો તેમ બોલે; નહિ તો તે કેવો ગણાય ? તેમ આ નજરે દેખે, છતાં જગતમાં નથી તેમ બોલે છે. પુદ્ગલ શું કરે ? જડ છે ને ? પુદ્ગલના આધારે સુખદુ:ખ, જીવન,

મરણ, મન, વચન કાયાને અનુભવે છે, છતાં પુદ્ગલ છે તો જડ તેથી શું કરશે. આ તો "કહેતા ભી દિવાના ઔર સુણતા ભી દિવાના" જેવી સ્થિતિ છે. જો આવી સ્થિતિ ન હોય તો આ બોલે તે આપણે સાંભળીએ કેમ ? પુદ્ગલની જરૂરી શકિત દેખી શકીએ છીએ. કર્મ કેવાં બાંધવાં તે આપણે આધીન. તેથી તીર્થંકરો જાણી જોઇને તીર્થંકરપણું પોતાના હાથે લે છે. અવતાર લેવાનું પ્રભુત્વ છે. પરભવના અવતારને લેવાના પ્રભુત્વ સુધી જવાબદારી અને પર ભવમાં નારક, તિર્યંચ, દેવ, મનુષ્ય ને સિદ્ધિ ગતિમાં જોખમદારી જીવે ભોગવવાની. માટે જીવની જવાબદારી અને જોખમદારી માનનાર હોય તો 'જૈન'; પણ જૈનેતરો જીવની જવાબદારી અને જોખમદારી માનતા નથી. એ તો ઈશ્વરનું ઢોર માને છે. જેમ તમારે ત્યાં ગાય હોય તેને કયાં રહેવું, કયાં ઊભા રહેવું, કયાં જવું, શું ખાવું, શું પીવું, તેનું તેને કંઇ ન હોય પણ તે તો તમારા ઉપર આધાર રાખે તેમ જૈનેતરો જીવને ઈશ્વરનું ઢોર માને છે. પોતાનું ઢોરપણું કબૂલ કરવું. હું જવાબદાર કે જોખમદાર નથી પણ પરમેશ્વર છે તે જૈનેતરોના મતે, જવાબદારી અને જોખમદારીની દશા તે જીવની નહિ પણ પરમેશ્વરની છે તે માનવું જૈનેતરોનું કામ. પરમેશ્વર આપણાં કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર નથી પણ આપણાં કૃત્યો માટે આપણે જવાબદાર અને જોખમદાર છીએ તે માનવું જૈનનું કામ. પણ જેને ગુનેગારીનું ખત લખ્યું હોય તે બોલે કે ઈશ્વરે મને લબાડી, ઘાતકી, જૂઠ વગેરે કરાવ્યું, એનો હુકમ થયો તેથી કર્યું. હું તો હુકમને આધીન. તે કહેવાવાળા અન્ય-મતવાળા. ત્યારે જૈનપણું તેમાં જવાબદારી અને જોખમદારી

આત્માની માને. તેથી પરમેશ્વરનો અવતાર લેવો તેને માટે પોતે પ્રયત્ન કરે અને તેથી વીશ સ્થાનકની આરાધના કરે.

આપણે બોલીએ છીએ ને કે "ત્રીજે ભવે વીશ સ્થાનક તપ કરી જેણે બાંધ્યું જિન નામ." હવે જે વાત કહું છું તે સાંભળીને આશ્ચર્ય ન પામશો. જિનેશ્વર મહારાજા ત્રીજે ભવે સંસારને મૂળથી ઉખેડવા તૈયાર થયા, પણ કેટલો ઉખડે ? તો ત્રણ ભવ બાકી રાખીને ઉખેડે. કેમ ? તીર્થંકર થવાનું છે માટે. અનંતો સંસાર ઉખેડતાં છતાં પણ ત્રણ ભવને રહેવાનો અવકાશ. તીર્થંકરના યોગે રહે, તેથી રાખ્યો છે. માટે કહો કે તીર્થંકરપણું બાંધવું તે હાથની વાત. તેથી તે ત્રણ ભવ રહે. તીર્થંકરના સંયોગે ત્રણ ભવ ન કપાય. તીર્થંકરપણું પોતે મેળવે છે તે ત્રણ ભવને ખસવા દેતું નથી, ત્રણ ભવ ન ખસે તે કબૂલ, પણ તીર્થંકરપણું લેવું છે. માટે [1]**નિર્યુક્તિકારે** જણાવ્યું કે ત્રીજા ભવને જુદો કરીને બાકીના સંસારનો નાશ કર્યો. ત્રણ ભવ રાખીને કહો કે જન્મ સ્વાધીન કરી લીધો. તીર્થંકરોએ જન્મ સ્વાધીન કર્યો. ત્રીજે ભવે અરિહંત થવું તે ત્રણ ભવથી વધારે નહિ. આ કયા દ્વારાએ ? પોતાની જવાબદારી અને જોખમદારી દ્વારાએ. જૈનપણું એ જ કે જીવને જવાબદાર અને જોખમદાર ગણાવવો. જૈનેતરોએ જ કે જીવને ગુલામ ગણાવવો. તે જવાબદારી અને જોખમદારી પરમેશ્વરના નામે ચડાવે, માટે પરમેશ્વરના સ્વરૂપમાં ફરક. જૈનોના પરમેશ્વર જીવને જવાબદારી અને જોખમદારીવાળો

---

१ **बज्झइ तं तु भगवओ तइयभवोसक्कइत्ताणं (आव०नि०गा०१८६)**

માને છે. તે સમજાવાય ત્યારે સ્વતંત્રતાનો રસ્તો લઈ શકાય. માટે જૈનો પરમેશ્વરને સ્વતંત્રતાના સર્જનહાર તરીકે માને છે.

**પરમેશ્વરની શક્તિનું માપ**

તે સ્વતંત્રતાના સર્જનહાર છે તો અનંતા ભટકતા કેમ રહ્યા? અનંતા ભટકતા રહ્યા તે વાત નક્કી છે. આ મળતું શી રીતે આવે? સૂર્ય જગતના બધા પદાર્થોને પ્રકાશ કરે છે, એ એનો સ્વભાવ છે. હવે દુનિયામાં આંધળા વધારે કે દેખતા વધારે? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય બધાં આંધળાં. ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયમાં કેટલાંક આંધળા. આ બધાંને આંધળાં માનો અને સૂર્યના પ્રકાશને ગણો. તે સૂર્ય બીજાની આંખો ઉઘાડીને દેખાડે નહિ. પણ જે આંખો ઉઘાડીને જુવે તે જોઈ શકે, ન ઉઘાડે તો ન જુવે. તેથી સૂર્યના પ્રકાશપણામાં ન્યૂનતા નહિ. તેમ જિનેશ્વર મહારાજા છયે કાયના જીવોના ઉદ્ધાર માટે તૈયાર થયા. તે માટે પ્રયત્ન કરે છે. વચન, ઉપદેશ દ્વારાએ જિનેશ્વરો ઉપકાર કરે, પણ ખરેખર સમજનાર કોણ? જિનેશ્વર ભગવાનના વચનની આરાધના કરવી જોઈએ, વચન આત્માના કલ્યાણનું કારણ છે, મોક્ષ આપનાર વચન જ છે, આ નિશ્ચય થવો જોઈએ. વચનથી નિરપેક્ષ થઈએ અને ધર્મ ન થાય તેમાં નવાઈ શી? પદાર્થ જોવો હોય તો ક્યારે જોઈ શકીએ? આંખ ઉઘાડીએ ત્યારે. તેમ અહીં જિનેશ્વર મહારાજથી ઉપકાર થાય પણ તે ક્યારે થાય? તેમના વચનની આરાધના કરીએ ત્યારે જ. હવે ધર્મ શી ચીજ? વચન શી ચીજ? આરાધના શી ચીજ? તે જે જણાવશે તે અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન : ૧૦

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ જગતમાં દરેક આસ્તિક મતવાળાઓ, આસ્તિક ગણાતા દર્શનો, ધર્મો અને મતો તે બધાં ત્રણ વસ્તુ માનવામાં એકમત છે. કોઈ પણ ત્રણ વસ્તુ માનવાને અંગે મતભેદવાળો નથી. કઈ ત્રણ વસ્તુ? દેવ, ગુરુ અને ધર્મ. કોઈ પણ આસ્તિક દેવ, ગુરુ અને ધર્મ નહિ માનવા એમ કહેવા તૈયાર નથી. એટલે દરેક આસ્તિક દેવ, ગુરુ, ધર્મ આ ત્રણને માનનારો છે. આસ્તિકોમાં જૈનેતર અને જૈન એવો ફરક કેમ? જૈન દર્શન ધર્મની કિંમત ગણે છે. દેવ અને ગુરુની કિંમત પછી. કારણ? જૈનોને દેવ માનવા ધર્મના પ્રભાવે. થયેલા ધર્મને કહેનારા, તેને કરનારા અને તેનો ઉપદેશ દેવાવાળા હોવાથી દેવ માનીએ.

## સામાન્યકેવલી અને તીર્થંકરમાં ફરક શેનો?

ચોવીસને દેવ માનીએ તેનું કારણ? વીતરાગ, સર્વજ્ઞો અસંખ્યાતા છે. અરે, આ અવસર્પિણીમાં વીતરાગની સંખ્યા અસંખ્યાતી. ઋષભદેવ અને અજિતનાથની વચમાં અસંખ્યાતા સર્વજ્ઞો અને વીતરાગો થયા તો પછી અરિહંત ચોવીસ જ કેમ? અરિહંત ચોવીસ માન્યા તેમાં અને વીતરાગ, સર્વજ્ઞ બીજા માન્યા તેમાં ફરક કયો? બે બદામનો યે નહિ. જેવું અરિહંતને કેવલજ્ઞાન તેવું જ સામાન્યકેવલીને કેવલજ્ઞાન. જેવું અરિહંતને કેવલદર્શન, ક્ષાયિક દર્શન, વીતરાગપણું,

અનંત સુખ, અનંત વીર્ય તેવું જ સામાન્યકેવલીઓમાં. આ કારણથી ફેર નથી. પણ ચોવીસને તીર્થંકર કેમ માન્યા? કેવલજ્ઞાનીઓ પણ પુણ્ય પ્રકૃતિએ સરખા હોતા નથી. આત્માના ગુણો અંગે સરખા હોય. આ તીર્થંકરની પુણ્ય પ્રકૃતિ વિચિત્ર છે. તેમને જે વચન કાઢવાં હોય, તેનાથી જે શંકાઓ થવાની હોય તેના સમાધાનો થાય તેવા જ વચનો નીકળે અને શ્રોતાને શંકા તેવી જ થાય. વકતાના હાથમાં શ્રોતાની શંકા. તે શંકા એવી જ થાય કે જે વચન બોલે તેનું તેમના વચનથી સમાધાન થાય. એ શંકા નિયમિત કરે તો તેમનું પુણ્ય કેટલું બધું જબરજસ્ત હોય! તે વચન પુણ્ય બીજા કેવલીઓમાં નહિ. હજારોને જે શંકા થાય તે એક જ વચનથી નાશ પામે. જે વચન બોલવાના હોય તેનાથી જેનાં સમાધાનો થાય તેવી જ શંકા શ્રોતાને ઉપજે. શાથી? પુણ્ય પ્રકૃતિથી. કેમ? સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એક જીંદગીની કમાણીમાં મળી શકે.

## અરિહંતપણું એટલે અનેક ભવની કમાણી

સીધો વનસ્પતિમાંથી આવ્યો હોય તો સિદ્ધ, આચાર્ય વગેરે થાય, પણ અરિહંત ન થાય. અરિહંતપણું તે તદ્‌ભવની કમાણી નથી, પણ અનેક ભવની કમાણી છે. આ પ્રમાણે હોવાથી ત્રીજો ભવ એ તીર્થંકરમાં રાખ્યો, પણ સિદ્ધ, આચાર્યાદિમાં નહિ. માટે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુને અનેક જીંદગીનો નિયમ નહિ. પણ અરિહંતપણું એક જ જીંદગીમાં પામીને સિદ્ધ કરવાની ચીજ નથી. તે અનેક જીંદગીઓએ સિદ્ધ કરવાની છે. તે પણ એક જ વિચારે કરવાની. આ બિચારા

જગતના જીવો જિનેશ્વર મહારાજરૂપી સૂર્ય ઝગઝગતો છે, છતાં અંધકારમાં કેમ કુટાય છે? તે આખા જગતના અંધકારને દૂર કરૂં અને પ્રકાશ આપું માટે મારૂં જીવન. સાધુપણું લેનાર દેશ, વેશ, માલમિલક્ત વગેરેનાં રાજીનામાં દઈ સાધુપણું લઈને સાધુપણાનો વેશ ભજવે તો તે ઠગારો ન ગણાય, પણ શ્રાવક આવો વેશ લઈને ફરે તો ઢોંગ જ ગણાય.

**ફકીરનો બાદશાહને જવાબ**

એક ફકીર બાદશાહને ત્યાં આવી માંગવા લાગ્યો. ત્યારે બાદશાહે સિપાઈને કહ્યું કે અરે સિપાઈ! આને અહીંથી બહાર કાઢો. ત્યારે ફકીર સામો આવ્યો અને કહ્યું કે મને ક્યાંથી નીકાલીશ? અમે તો બધાથી નીકળેલા છીએ. અમે ગામ, દેશ, ઘર, ખેતર વગેરેવાળા નથી. જે વસ્તુ સ્થિર હોય તેને કાઢવાની જરૂર હોય. પણ જે નિયમિત ન હોય તેને કાઢવાની કયાંથી? આ વાતથી બાદશાહને ચૂપ થવું પડયું.

**સાધુએ આપેલું રાજીનામું**

સાધુપણું લેનારે ગામ, નગર, ઘર બધાંનું રાજીનામું આપ્યું છે. સાધુપણું લેનારને દેશ, વેશ, માલ વગેરેનું રાજીનામું આપવું પડે તેથી કાયદો પણ એમને સીવીલી ડેઢ (civilly dead) નામે કહે છે. એટલે તે લેવડદેવડ કંઈ પણ કરી શકે નહિ. માલમિલકત, ધન વગેરેનું રાજીનામું પોતે દીધું છે અને દુનિયાએ તે કબૂલ કરેલું છે. આથી જ શ્રાવકના સામાયિક, પૌષધમાં તમે તે કરતાં શું કહો છો? 'સાવજ્જ જોગં પચ્ચક્ખામિ'. તે રાજીનામું નહિ. કેમ? સામાયિક વગેરે પાર્યા પછી તમે સામાયિકમાં હો તે વખતે તમારા

મુનીમે જે લેવડદેવડ કરી હોય તો મારા મુનીમે કરી. તે વખતે રાજીનામું ન હોય. શ્રાવકના સામાયિક, પૌષધ તે દેશ, વેશ વગેરેનાં રાજીનામાં નહિ. એક કલાક સાધુપણું લઇને પાછો ઘેર આવે અને તે દાવો કરે તો કાયદો તેના નામે ગણે નહિ. વારસના નામે હક્ક ચાલે નહિ. દેશ, વેશ, માલમિલકત કુટુંબકબીલા વગેરેનું રાજીનામું આપ્યું છે. કહેવાનું તત્ત્વ એ છે કે એક લહેણામાં પ્રાચીન કાળનાં રાજ્યોમાં ધરપકડ થતી હતી. તેમાં ન આવવું પડે માટે દેશાંતરે ચાલ્યા જાય. ત્યાં ધરપકડ ન થાય.

મૂળ વાત પર આવીએ. અત્યારે ત્યાગની વાત ચાલે છે. પોતાનાં જે જમીન, માલમિલકત, કુટુંબકબીલો, બગીચો, મહેલ, બંગલો તેમાં માલિકી ન ચાલે. કેમ ? બધું વોસરાવીને નીકળ્યો છે. ગૃહસ્થે ભલે દોઢ મહિનો ઉપધાન વહ્યાં હોય, પણ તે રદ થતું નથી. કેમ ? તેણે રાજીનામું નથી આપ્યું. સામાયિકાદિમાં અનુમોદનાદિ રાખીને છોડયું હતું પણ સર્વથા છોડયું ન હતું. સર્વથાના ભોગો સાધુ થવાવાળાને આપવા પડે છે. આર્થિક, કૌટુંબિક, અને શારિરીક પદાર્થનો ભોગ દરેક સાધુએ આપ્યો છે. ત્યારે તીર્થંકર જે ભોગ આપે તે દુનિયાનું ભલું કરવા, જગતનો ઉદ્ધાર કરવા, અને જગત કર્મબંધથી બંધાયેલું છે તેનાથી છોડાવવા માટે.

## તીર્થંકર પરમાત્મા દીક્ષા કેમ લે ?

શાસ્ત્રકારે કહ્યું કે—**जन्मजरामरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम्। स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥ (तत्वा० का० १८)**

આ જગતને નિરાધાર, અસાર, જન્મ, જરા, મરણથી પીડાએલું દેખીને પોતે દીક્ષિત થયા. જગતની પીડાથી પોતે દીક્ષિત કેમ થયા ? [1]**હરિભદ્રસૂરિ** મહારાજે જણાવ્યું કે તેમનું સાધુપણું તે જગતના ઉદ્ધાર માટે. અન્યલિંગે અને ગૃહલિંગે કેવલજ્ઞાન પામનારાઓ ને મોક્ષે જનારા હોય પણ તીર્થંકરો ન હોય. પણ તે તો સાધુપણામાં કેવલજ્ઞાન પામે અને મોક્ષે જાય. કોઈ પણ કાલે, કોઈ પણ ક્ષેત્રે, સાધુપણા સિવાયના તીર્થંકર કેવલી નહિ. બીજાઓ અન્યલિંગે ગૃહલિંગે, કેવલજ્ઞાન અને સિદ્ધિ પામનારા હોય પણ તીર્થંકર મહારાજા ન થાય. પણ સાધુપણે કેવલજ્ઞાન અને મોક્ષવાળા કેમ ? તીર્થંકર પરોપકાર માટે તીર્થંકર નામકર્મ બાંધીને આવ્યા છે માટે તેમને પરોપકાર માટે દીક્ષા લેવી પડે. તેમનું સાધુપણું, તેમનાં વ્રતો અને તેઓ પરીષહ, ઉપસર્ગ સહન કરે તે પણ પરોપકારને માટે. જગતના સુખને માટે, જગતના કર્મો ખપાવવાં માટે, કર્મક્ષય કરવા માટે, જગતમાં શાંતિ કરવા માટે તેમની દીક્ષા હોય છે. આવી સ્થિતિવાળા, આવી પરિણતિવાળા તે પણ જગતનું કલ્યાણ સાધુપણા દ્વારાએ જ કરી શકે.

**મનઃપર્યવજ્ઞાન ક્યારે થાય ?**

કુદરત પણ ચહાય જેવો ભાવનાવાળો હોય, ત્યાગવાળો હોય પણ સંસારને વોસિરે વોસિરે ન કરે તો તેને કુદરત મનઃપર્યવજ્ઞાન થવા દે નહિ. પારસમણિને લોઢું અડે તો સોનું

---

१ 'शमाय धीमान् प्रवव्राज' शमाय तीर्थप्रवर्त्तनेन प्रक्रान्तजगतः धीमान्–अतिशयवान् 'प्रवव्राज' प्रव्रज्यामभ्युपेतवान् (तत्वा० हारि० टी० पृ० ९)

થાય, પણ ચાંદી અડે તો કંઈ ન થાય. માટે પદાર્થનો વિચિત્ર સ્વભાવ છે. લોહચુંબક લોઢા વગેરેને ખેંચે પણ પિત્તળ વગેરેને ન ખેંચે. માટી–રજ હલકી છતાં તેને નહિ ખેંચે; ફક્ત લોઢાને જ ખેંચે. જેમ ચમક–પાષાણ કે પારસમણિનો આ સ્વભાવ છે તેમ મનઃપર્યવ જ્ઞાન કુદરતી સ્વભાવે જ. ધન, માલમિલકત વગેરેનું રાજીનામું આપીને નીકળે તેને જ થાય.

## રાજકુટુંબમાં પણ મહાવીરસ્વામીનું ત્યાગી જીવન

ભગવાન **મહાવીર** મહારાજા અઠ્ઠાવીસમા વર્ષ પછી જે ઓગણત્રીસ અને ત્રીસમા વર્ષે કેવી દુષ્કર ચર્યામાં રહ્યા? તેમની ચર્યાને રાજકુટુંબમાં મૂકો પછી ખબર પડે. બે ગોઠિયા મળ્યા હોય, ધર્મિષ્ઠ હોય, છતાં બગડતાં વાર નથી લાગતી. ત્યારે અહીં આખું રાજકુટુંબ આરંભ–પરિગ્રહમાં આસક્ત તેની વચમાં ત્યાગીપણે રહેવું, તેમાં પણ તેમની વિરુદ્ધપણે રહેવું તે કેટલું દુષ્કર તે વિચાર કરો તો માલમ પડે. સ્નાન નહિ કરવું. દુનિયા ઢેઢ, ભંગી માટે સ્નાન માને છે. રાજ-કુટુંબમાં સ્નાનનો નિયમ નહિ તેમ નહિ, પણ સ્નાનમાં શોભા માનવાની છે. અલંકાર પહેરવાં, વેશ ચડાવવાનું સ્થાન સ્નાન પછી. જે સ્નાન ન કરે એને રાજકુટુંબમાં રહેવું કેટલું મુશ્કેલ? સચિત્ત દ્રવ્યનો તમારે ત્યાગ કરતાં મુશ્કેલ પડે છે તો પછી રાજકુમારને સચિત્ત દ્રવ્યનો ત્યાગ કેટલો આકરો પડે તે વિચારો. કેમ? રાજકુલ રહ્યું એટલે તેમાં ભેટ વગેરે આવે ત્યારે શું હોય? ત્યાગી થઇને નીકળે તે વાત જુદી, પણ રાજકુટુંબમાં રહીને સ્નાન વગેરે ન કરવું તે કેટલું મુશ્કેલ? બાબુઓમાં શાક, દાળ ઠંડા હોય તો શું કહે? કયા અમારા

ખાણુ ઠંડા ખાયગા? તો રાજકુટુંબમાં શું હોય? તેમાં પણ પોતાના માટે કંઈ પણ નહિ રાંધવું તે પ્રતિજ્ઞા કેમ થઈ હશે? સ્નાન ન કરવું, સચિત્ત દ્રવ્ય ન વાપરવું, મારે નિમિત્તે કરેલું મારે ન ખપે, તે પ્રતિજ્ઞા રાજકુટુંબમાં કેમ પાળી શકયા હશે? સામાન્ય ગરીબની સ્ત્રી હોય અને ચોથું વ્રત લેવા નીકળે તો આડાઅવળા ચાલીશ કહેનારા નીકળે. તો પછી રાજકુટુંબમાં રહીને જે બ્રહ્મચર્ય વ્રત લીધું હોય તેમાં શું ન થાય? કેટલું સહન કર્યું હશે? આટલું બધું બે વર્ષ સુધી સહન કર્યું.

## દીક્ષાપર્યાય ક્યારથી?

કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. કાઉસગ્ગમાં વસ્ત્ર, અલંકાર પહેરીને રહેલા છે. તેમની મૂર્તિ વિધ્નમાલીએ બનાવી છે ને? કાઉસગ્ગ કરવા. આપણે તો પ્રતિક્રમણના કાઉસગ્ગ આવે ત્યારે આટલો મોટો કાઉસગ્ગ આવ્યો છે! ત્યારે આ તીર્થંકરપણામાં સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગ વગર કાઉસગ્ગોમાં મુદત કાઢી હશે તે કઈ પરિણતિએ? છતાં શાસ્ત્રકારે તેનું મીંડું મૂક્યું. ભગવાન **મહાવીર** મહારાજને મનઃપર્યવજ્ઞાન ત્રીશમે વર્ષે થયું, શાસ્ત્રકારે દીક્ષાપર્યાય કયાંથી ગણ્યો? ૨૮મા વર્ષથી કે ૩૦મા વર્ષથી? અત્યારે ભાવ સાધુપણું છે ને? દ્રવ્ય સાધુપણું ન લીધું તેમાં વાંધો શો? આ બોલનાર 'લબાડી' ગણાય, કેમ? **મહાવીર** મહારાજનું વૃત્તાંત વિચાર. શાથી ન ગણ્યું? દેશ, માલ વગેરેનું રાજીનામું ન હતું. '**अणगारियं**' એટલું જ લખવાનું હતું, છતાં ઘરમાંથી નીકળીને સાધુપણું લીધું તે શા માટે કહેવું પડયું? અણગાર

એટલે અગાર નથી તેવી અવસ્થાને પામ્યા તે કહ્યા છતાં અગાર કહેવાની જરૂર શી ? પાંચવીશી કહ્યા પછી ' સો ' કહેવાની જરૂર નથી. તેમ અહીં ઘર છોડીને અણગારપણું લીધું તે કહેવાની જરૂર શી ? અણગારપણું લીધું એટલે ઘર છોડીને તેમ આવી જતું હતું. અગાર તો રાજીનામું દઇને અણગારપણું લે તેને માટે. પણ તે શાને માટે ? કેવલ જગતના હિત માટે. આવા પુરુષો હોય તેમને પણ જગતના કલ્યાણની દશા સાધવી હોય તો આ દશાએ જવું જોઇએ.

એક જ ધ્યેયવાળો આત્મા તે કલ્યાણને સાધી શકે. સંયોગને સહન કરનાર કલ્યાણ સાધી શકે. સંયોગ બાધિત આત્મા કલ્યાણ સાધી શકતો નથી. માટે આ બતાવ્યું. આત્મ-કલ્યાણનો માર્ગ અમલમાં મૂકયો તેટલા માટે આ કર્યું અને દેખાડી આપ્યું. સંયોગની પ્રતિકૂલતામાં સાધ્યને સાધવાવાળા સાધી શકે. પોતાના ગુનાને અંગે દુનિયાના અપવાદમાં આવેલો ન જોઇએ. પણ પોતાનાં સારાં કામોમાં દુનિયા અપવાદ હોય તો પણ તે ન ગણાય તે ન હોય.

**પ્રથમ વહેણ કોણે શરૂ કર્યું ?**

ભગવાન **પાર્શ્વનાથ** કે ભગવાન **મહાવીર** મહારાજા વહેણમાં બેસી જનારા. વહેણ શરૂ કર્યું **ઋષભદેવ** ભગવાને. **ઋષભદેવ** ભગવાન નવું વહેણ ખુલ્લું કરનારા હતા. તેમાં કોઈ ગોચરી આપવાનું સમજતું નથી. અને પાછા 'મુરબ્બી' ગણે છે. આ વખતમાં વહેણ ચલાવવું કેટલું મુશ્કેલ ? તે વખતમાં યુગલિયાની સ્થિતિમાં ત્યાગ, વૈરાગ્ય કેટલો આકરો લાગે ? યુગલિયામાં કર્તવ્ય તરીકે

ભોગ ને ઇન્દ્રિયનાં સુખો હોય છે. તેઓ તેને જ ઇષ્ટ કર્તવ્ય તરીકે ગણી રહેલા હોય તે વખતે પોતે ઉચ્ચાર કરવો કે ભોગો છોડવા લાયક. અકર્તવ્ય છે. ત્યાગ કરવા લાયક તે જ આત્માનો રસ્તો છે. અઢાર કોડાકોડ સાગરોપમે 'ત્યાગ' શબ્દ કાઢયો હોય તો ભગવાન **ઋષભદેવ** મહારાજે. તે સમયમાં કહેનાર ન હોય તો માનનાર, વર્તનાર હોય ક્યાંથી? તેવા વખતે પોતે એકલા પણ સાથે ૪૪,૦૦૦ દીક્ષા લેનારા હતા. પણ પહેલવહેલા ત્યાગની ભાવનાવાળા પોતે એકલા તૈયાર થયા. યુગલિયાની છાયામાં ભોગ ઇષ્ટ. સુખ કર્તવ્ય તે વ્યાપેલાં છે. આ પ્રમાણે દુનિયામાં છે ત્યાં ત્યાગ એ ઇષ્ટ કર્તવ્ય અને સુખનું સાધન છે એમ બોલે એ તે વખતે દુનિયાને ગાંડો લાગે કે બીજું કંઈ? ભોગો એ દુઃખ છે અને છોડવા લાયક છે, અનિષ્ટ છે. તે કેટલી મુશ્કેલીવાળું તે કરી દેખાડયું. એટલે **ઋષભદેવ** ભગવાને વહેણ નવું શરૂ કર્યું. **પ્રાર્શ્વનાથ** વગેરે વહેણમાં ભળ્યા છે.

લોક વિરુદ્ધમાં બાકી ન રહ્યું. દુષ્કૃત્ય ખરાબ છે. જે લોક વિરુદ્ધ હોય તે વર્જવું. લોક વિરુદ્ધ કયું? નિંદા. કોઈની પણ નિંદા કરવી તે લોક વિરુદ્ધ ગણાય. તેથી ગુણવાળાની નિંદા વિશેષે ન કરવી. આ ઉપરથી તત્ત્વ શું? સત્પુરુષોને આપત્તિ આવે તો સહન કરાય છે. અહીં દુષ્કૃત્ય અને લોક વિરુદ્ધ હોય તો તેને પહેલે નંબરે ત્યાગમાં આપવો.

## દૃષ્ટિ શેની રાખવી સાધ્યની કે સંયોગની?

મૂળ વાતમાં આવીએ. **મહાવીર** મહારાજા રાજકુળમાં રાજકુંવરપણામાં આવી પરિણતિમાં બે વર્ષ લાગલાગટ રહેલા

હશે. સંયોગને તપાસ્યા છતાં સાધ્યને તપાસો. સાધ્યને તપાસનાર મનુષ્ય કલ્યાણ સાધશે, પણ સંયોગને સાધનાર મનુષ્ય કલ્યાણ નહિ સાધી શકે. માટે સાધ્યની દૃષ્ટિવાળો સાધ્યને સાધી શકશે. તે ભગવાન **મહાવીર** મહારાજે દેખાડ્યું, છતાં શાસ્ત્રકારે કે કુદરતે તેને જમે ખાતે લીધું નહિ. માટે ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થાનાં ગણ્યાં. તેવી રીતે કુદરતે પણ બે વર્ષ ન ગણ્યાં. એટલે ત્રીસમે વર્ષે મનઃ-પર્યવજ્ઞાન થયું. 'ઘેર બેઠાં ધર્મ ક્યાં થતો નથી" આમ બોલનારે વિચારવું જોઈએ કે કુદરત અને શાસ્ત્રકાર ના પાડે છે. તો તું ક્યાં માનવા તૈયાર થયો ? આ ભગવાન **મહાવીરે** આટલો ત્યાગ કર્યો, છતાં શાસ્ત્રકારે અને કુદરતે હિસાબમાં ન લીધો.

**મરીચિનું વૃત્તાંત**

મરીચિનું એક જ વચન એને ક્રોડાક્રોડ સાગરોપમ ભમાડનાર થયું. તે ખરાબ છતાં ચડતી દશા. કપિલ મરીચિ પાસે પ્રતિબોધ પામે છે. મરીચિ ઘા ખાઈ ગયો છે. તે વખતે વિચાર કર્યો છે. મારા પ્રતિબોધેલા ધર્મગુરુ બની જાય પણ ચહાય જેવું થાય તો પણ તે મારી સેવા કરતા નથી. મરીચિની સેવા કોઇએ ન કરી. તે કરે તે વ્યાજબી નથી. મારે કરાવવી તે વ્યાજબી નથી. કેમ ? હું અવિરતિ છું, તેઓ વિરતિવાળા છે. પેલા ધર્મ માર્ગ દેનારા છે તેવો હું નહિ. તેમને શાસ્ત્રની સરણી કામ લાગશે.

સાધુ સેવા કરતા નથી. મરીચિ આટલો માંદો હોવા છતાં પોતે કહે છે કે તેને કરવું લાયક નહિ. એણે પોતે હજારો

અને સેંકડોને પ્રતિબોધેલા છે. તેઓ સાધુપણામાં હાજર છે. પોતે સજ્જડ બીમારીમાં ઘેરાયલો છે. છતાં વિચારે છે કે મારે એમની પાસે કરાવવું લાયક નહિ. ધર્મ પ્રતિબોધક એવો તે ધર્મ પમાડવાનો દાવો નથી કરતો. પણ તેને એ વિચાર આવ્યો કે આમાંથી સાજો થઉં તો એક માવજત કરનાર જોઇશે. આવી આપત્તિમાંથી ઉઠયો તો પણ તે મનુષ્ય પેલો પ્રતિબોધ પામ્યો ત્યારે અસલની સ્થિતિ પ્રમાણે જ વર્તે છે. તેથી તેને કહ્યું કે જા સાધુ પાસે, ત્યાં દીક્ષા લે, પણ મારો સાથી થા તેમ નહિ. પેલો સાધુ પાસે જઇને આવે છે. ત્યારે કપિલને મરીચિ કહે છે કે હું આવો છું, આવો છું, પણ ધર્મ ત્યાં છે. આ પ્રમાણે કહીને પાછો ત્યાં મોકલ્યો. આમ ત્રણ ત્રણ વખત કપિલ સાધુ પાસે જઇને પાછો આવ્યો. હવે કપિલ કહે છે કે તમારામાં કંઈયે છે કે નહિ તે બોલોને? ત્યારે મરીચિ કહે છે કે પૂરેપૂરૂં ત્યાં છે. કિંચિત્ માત્ર અહીં છે. તે કિંચિત્ માત્ર કહ્યો તેથી કોડાકોડી સાગરોપમ કોટે વળગાડયો. તો પછી 'ઘેર બેઠાં ધર્મ કયાં નથી થતો ?' તે બોલવામાં કેટલો બંધાશે તેનો વિચાર કર્યો? મરીચિના બધા સંયોગો વિચારો તેમાં કિંચિત્ કહેનારા એવા તેણે કોડાકોડી સાગરોપમ્ કોટે વળગાડયો.

**લુલીબાઇની છૂટ**

આ શાસન ક્ષત્રિય સુભટોનું પ્રવર્તાવેલું છે, પણ સ્રીના ચાળાનું નથી. તીર્થંકરના જીવોને બીજો કહે કે નવરો દેખીને નખોદ વાળે તેમ અહીં નહિ. તીર્થંકરના જીવોને આટલા સિવાય મારે ખપે નહિ. તેવામાં કંઈક કહ્યું તેમાં

કોડાકોડ સાગરોપમ કોટે વળગે. તો આપણને શબ્દ બોલવાની છૂટ ! હાડકાનો સંબંધ ન હોય તો માત્ર જીભને ચાહે જેવું બોલો તો પણ ધક્કો વાગવાનો નથી. લોલતી લુલી માની લુલી. તે લુલીને છૂટ એમને ? નહિતર કેવી રીતે બોલાય ? લુલીની છૂટ એટલે વળગ્યાનો ભય નહિ.

## તીર્થંકર નામકર્મની વિશેષતા

મૂળ વિષયમાં આવીએ. તીર્થંકર મહારાજા કેવલ જગતના ઉદ્ધારને માટે પહેલાં ભવથી દીક્ષિત થયા પછી પણ જગતના ઉદ્ધારને માટે. તીર્થંકરપણું એક ભવનું કાર્ય નથી. આચાર્યાદિપણું તે ભવમાં મેળવી શકે. પણ અરિહંત તે તો ત્રીજા ભવે. નહિતર તો અંતઃકોડાકોડી પણ જઘન્ય ત્રણ ભવ તો ખરા. બાંધતી વખતે જોઇએ ? ના. પણ બાંધ્યું સત્તામાં આવે અને ઉદયમાં ન આવે તો ત્યાં કંઈ નહિ. આયુષ્ય બાંધ્યું હોય, સમકિતવાળા હોય તો પણ તેમાં લેવાદેવા નહિ. જેમ બીજાં કર્મો તેવાં આ નહિ. આ તો જ્યાંથી બંધાય ત્યાંથી પોષાતું જવું જોઇએ. જ્યાં સુધી ક્ષપક શ્રેણિ માંડે, બે ઘડી કેવલજ્ઞાનને બાકી હોય ત્યાં સુધી પોષવું જોઇએ. જો એ પડયો ન હોય તો પણ નિકાચિત કર્યા પછી લાગલાગટ પોષાવવું જોઇએ. બીજા એકે કર્મમાં બંધ ઉદયથી પોષાવાનો નિયમ નહિ. ત્યારે તીર્થંકર નામકર્મ ત્રીજે ભવે નિયમિત થાય અને તે પોષાતું રહે. વળી તે લાગલાગટ રહે. તીર્થંકરપદ તે એક જન્મની કમાઈ નથી, પણ અનેક જન્મની લાગલાગટની કમાઈ છે. તે જગતના ઉદ્ધારની ભાવના માટે છે. તે જન્મે ત્યારે તેમનું કર્તવ્ય જગતના ઉદ્ધારનું.

પહેલાના ત્રીજા ભવે ધર્મ આચર્યો તેના પ્રતાપે જૈનો દેવનું દેવપણું ધર્મની જડથી માને છે. ત્યારે કિંમત કોની? અરિહંત ભગવાનની કિંમત ખરી, પણ ધર્મથી અરિહંત થયા. પહેલા ભવમાં ધર્મની બુદ્ધિ, ધર્મનું આચરણ વગેરે હોવાથી 'દેવ' મનાયા. તેમ ગુરુ પણ દેશ, વેશ, જાતિ કુળ વગેરેના અંગે નહિ, પણ ત્યાગ જ ધર્મને લીધે. દેવ, ગુરૂ માનવાના ધર્મના નામે, ત્યારે જૈનેતરો દેવ અને ગુરુ ને ધર્મ સાથે સંબંધવાળા ન માને. અહીં આગળ ગાદીએ બેસવાથી, કુળમાં જન્મ પામવાથી ગુરુપણું નથી, પણ ધર્મને અંગે ગુરુપણું મનાયું. ધર્મ અન્ય મતોએ માન્યો તે જણાવવા માટે. અન્ય-મતવાળા અને જૈનોએ બંનેએ ધર્મ ફળ તરીકે સરખો માન્યો, પણ સ્વરૂપ તરીકે જુદો માન્યો.

**दुर्गति प्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः॥ धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म्म इति स्मृतः॥** આ ફળ દ્વારાએ સકલ મતવાળાને ધર્મ કબૂલ. ધર્મ દુર્ગતિને રોકનાર અને સદ્ગતિને આપનાર તેમાં કોઈને વાંધો નહિ. પણ તેનાં સ્વરૂપમાં આકાશપાતાળનું અંતર. જૈનો વચનની આરાધનામાં ધર્મ માને છે, તે કેમ માને છે તે સ્વરૂપ જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૧૧

### નિકાશના પ્રતિબંધ વગરની ચીજ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક**

નામના પ્રકરણની રચના કરતા થકા આગળ સૂચવી ગયા કે આ જગતભરમાં એક જ ચીજ નિકાશના પ્રતિબંધ વગરની છે. જગતની બીજી બધી ચીજો નિકાશના પ્રતિબંધવાળી છે. આ જગત જે દોરાય છે તે કોને અંગે? કંચન, કામિની, કુટુંબ અને કાયાના નામે દોરાય છે. આ ચારે પદાર્થો તે દોરવણી આપે છે, દોરે છે, જીવનપર્યંત દોરે છે; પણ તે ચારે નિકાશના પ્રતિબંધવાળી છે.

## આસ્તિકનો પ્રયાસ

જેઓ નાસ્તિક છે તેઓ જીવોને માનતા નથી, જેને જીવ બીજે ભવ જાય છે તેમ માનવું હોય તેને આ વસ્તુ બીજે ભવ આવશે કે નહિ તેનો વિચાર હોય; પણ જેને જીવ કે તે બીજે ભવ જાય છે તે માન્યું નથી તેને આ વિચાર ન આવે. તેને તો જીવ નથી તેથી આ બધી મહેનત ધૂળમાં છે. આસ્તિકની અપેક્ષાએ જીવનભરમાં જે મહેનત કરવામાં આવે તો તેનું ફળ ધૂળ. ભિખારી હતો, લાખો, અબજો મેળવ્યાં છતાં મૂકીને જવાના. જાદવોની માફક કરોડોનું કુટુંબ હોય તો તે પણ મૂકીને જવાનું. ચક્રવર્તીની માફક લાખો સ્ત્રીઓ મેળવી તો તે પણ મૂકીને જવાનું. કાયા પણ ભીમસેન જેવી મેળવી છતાં તે પણ મૂકીને જવાનું. આ વસ્તુઓ મેલવા માટે છે એમાં આસ્તિક કે નાસ્તિકને મત ભેદ નથી, પરંતુ આસ્તિક તે સમજે છે કે આ મેલવી પડશે માટે તેમાંથી જેટલો સાર લેવાય તેટલો લઈ લો. જેમ ઘર સળગ્યું હોય તો તેમાંથી બચાવાય તેટલું બચાવી લેવું. તેથી આસ્તિકને પર ભવમાં નિકાશનો પ્રતિબંધ ન

લાગે તેવું લઈ લો પણ નાસ્તિકને તેમાંનું કંઈ નથી. જેને જીવ અને બીજો ભવ માન્યો તે તમામ આસ્તિકો ધર્મને નિકાશના પ્રતિબંધ વગરનો માનનારા છે.

જો કે પાપ પણ નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે પણ તેનો પ્રતિબંધ હોત તો જ સારૂં હતું. આ પુણ્યનો પ્રતિબંધ થાય તો ઇષ્ટ નથી. તે થતું નથી. જેને અંગે નિકાશનો પ્રતિબંધ ન હોય તે માત્ર પુણ્ય. જે નાસ્તિક હોય તેને પૂછીએ કે તારો જન્મ કઈ રીતે થયો? શું પિતાની પ્રાર્થનાથી થયો? માતાના મનોરથથી થયો? કે તારી ઇચ્છાથી થયો? જો એકેથી ન થયો તો થયો શાથી? મનુષ્યમાં આવ્યો શાથી?

### નાસ્તિક હરામખોર ખરો ને?

નાસ્તિકને કહી શકીએ કે તું ખોટું ન લગાડીશ. પણ કહેવું પડશે કે તું હરામખોર. કેમ? તારા બાપની લાખની મિલકત છે તેનો હું માલિક તે તું ક્યાંથી કહેવા લાગ્યો? તેને માટે તેં પ્રયત્ન ક્યારે કર્યો? પ્રયત્ન કર્યા વગર નકામો માલિક થયો. માટે હરામખોર ખરો ને? ત્યારે આસ્તિક હરામખોર નહિ. આસ્તિક કહે કે વસ્તુ માટે ભાગ્ય પેદા કર્યું છે માટે અમને મળ્યું છે. વસ્તુનું ભાગ્ય ન મેળવ્યું હોય તો દરિદ્રને ત્યાં કેમ ન જન્મ્યો? નીરોગી માબાપને ત્યાં કેમ જન્મ્યો. રોગી માબાપને ત્યાં જન્મ પામવાવાળો તે દેખીને આવ્યો છે? ના. આવ્યો શાથી? આનો જવાબ આસ્તિકને છે. મેં પૂર્વભવે પુણ્ય કર્યું હતું તેથી નીરોગી ધનવાનને ત્યાં જન્મ્યો. પાપ કર્યું હતું તેથી રોગી માબાપને

ત્યાં ઉત્પન્ન થયો. નાસ્તિકને તે નથી. પુણ્ય–નસીબ જન્મ્યા પહેલાં ક્યાંથી થયું ? કહો ત્યારે આવતા ભવથી અહીં પુણ્ય–નસીબ આવી શક્યા તેથી. તે પુણ્ય નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે.

દુનિયાદારીની દૃષ્ટિએ ચક્રવર્તી મરી ગયો. દરિદ્રને ત્યાં જન્મ્યો. તેને જાતિસ્મરણ થયું. કેવલીના સંયોગો મળ્યા. બધી વાત મળતી આવી. છતાં છ ખંડમાંથી એક ખંડનું પણ રાજ્ય આપવા તૈયાર છો ? ના, કેમ ? આ ખોળિયામાં હતો ત્યાં સુધી સંબંધ હતો. કુટુંબમાં સસરો 'જમાઈ' ક્યાં સુધી કહે છે ? બીજો ભવ થયો તેમાં ખાતરી થઈ કે આ સસરો ને જમાઈ હતા છતાં તેને સસરા-જમાઈનો સંબંધ ગણે છે ? ના. કેમ ? જ્યાં સુધી ખોળિયા સાથે સંબંધ હતો ત્યાં સુધી ગણો છો. પૈસો, કુટુંબ, સસરો, જમાઈ મા, બાપ વગેરેનો સંબંધ ખોળિયાથી. ત્યારે કહો કે એ બધી નિકાશના પ્રતિબંધવાળી ચીજો છે.

### કેવળી મહારાજા હાથ ઘસે છે

પરંતુ જૈન સિદ્ધાંત એ કે–"**पुढो सत्ता, पुढो कम्मा**" દરેક જીવો જુદા; દરેક જીવોનાં કર્મો જુદાં. કોઈનાં કર્મો કોઈને જતાં નથી. જેમ બે નામવાળી હુંડીમાં પૈસા લઈ જાય. એક તે ન આપે તો બીજાને ભરવા પડે. તેમ કર્મમાં તે નથી. કર્મ પોતાનામાંથી બીજામાં જતાં નથી, બીજાનાં કર્મો પોતાનામાં આવતા નથી. માટે સીધા શબ્દોમાં કહીએ તો કેવલી હાથ ઘસે છે. કેમ ? જ્યારે કેવલી ક્ષપકશ્રેણિ માંડે ત્યારે એમની એટલી બધી તાકાત છે કે જગતના

સર્વ જીવોનાં જેટલાં કર્મો છે તે બધાં ભેગાં થઇને એક જ આત્મામાં આવે તો તે અંતર્મુહૂર્તમાં બાળી નાંખે. તેથી કેવલી હાથ ઘસે છે. કેમ ? કોઈનાં કર્મો કોઈમાં આવતાં નથી, તેથી જગતના જીવોનાં કર્મોને બાળી શક્તા નથી. માટે જીવને તારી શકતા નથી.

દેવ, ગુરૂ, ધર્મ માનવાથી સમકિત કેમ આવ્યું તે વિચાર્યું. આએ દેવ, ગુરૂ, ધર્મ ને આએ દેવ, ગુરૂ, ધર્મ. બીજાઓ પોતાના કુદેવ, કુગુરૂ ને કુધર્મ હોય પણ દેવ, ગુરૂ, ધર્મ ધારીને માને છે. તમે દેવ, ગુરૂ, ધર્મ ધારીને કહો છો તો તમારામાં સમકિત પેઠું અને બીજાઓમાં નીકળી ગયું તો તેનું કારણ શું ? તે તું સમજ્યો ? ઉંડાણમાં વિચાર કરો. અમારા દેવ, ગુરૂ, ધર્મ કઇ ભાવનાથી ઊભા થયા છે તે અને બીજાના દેવ, ગુરૂ, ધર્મ ઊભા થયા છે તેની જડ તપાસ.

**દેવાદિની જડ**

અમારા દેવ, ગુરૂ, ધર્મની જડ આ વિચારવાળી : **"मा कार्षीत् कोऽपि पापानि"** આ જગતમાં–ચૌદ રાજલોકમાં બધા જીવો–પછી તે મારા શત્રુ હો કે મિત્ર હો પણ તે પાપો ન કરો. એ પહેલો વિચાર. આખું જગત પાપ રહિત થાય. એ ભાવના અમારા દેવ, ગુરૂ, ધર્મના મૂળમાં. બીજામાં એ ભાવના લાવો. જ્યાં પાપ વગેરેની જવાબદારી અને જોખમદારી નથી માની ત્યાં જગતના જીવો પાપ ન કરો તે ક્યાંથી ? માટે અમારા દેવાદિમાં જડ એ કે કોઇ પણ જગતનો જીવ પાપ ન કરો.

તમારી ધારાસભાની ધારણા પ્રજા ગુનેગાર ન થાય તે અને જે ગુનેગાર થાય તેને સજા કરવી. એટલે ગુનેગારને સજા થવી જોઇએ પણ ગુનેગાર બચવો ન જોઇએ. બિન-ગુનેગાર ન મરી જવો જોઇએ. તે શાસ્ત્રમાં નહિ. કેમ ? તેનું કારણ તમે ગુનો કરવા જાવ ત્યારે પહેલો સવાલ એ કે જે જગતમાં દયા, મહેર, કરૂણા નજર તે દુઃખી તરફ કે સુખી તરફ ? હવે કરૂણા નજર, દયા, મહેરનું રાજીનામું આપી દો. કેમ ? તમે કહો છો ને કે ગુનેગાર ઉપર દયા ન થવી જોઇએ. તે દુઃખી શાથી ? પરભવમાં હિંસાદિ કર્યાં તેથી ને ? તેથી તે જૂના પાપી અને તે કારણથી દુઃખી. જૂના ગુનેગાર એટલે દુઃખી. ત્યાં દયા, મહેર નહિ પણ તેવા થાવ તો તમારે બોલવું. તમારે કોઇને પણ અરર કરવું જોઇએ નહિ. કુદરતી પાપની સજા. ગુનાની સજામાં તમે 'અરર' કેમ કરો છો ? માટે દયાને દાટી દેવી હોય તે બોલે કે ગુનેગારને સજા; પણ અહીં તો પાપ ન કરો તેની જોડે આ વિચાર "मा च भूत् कोऽपि दुःखितः જેને પાપ કર્યાં હોય તે પણ દુઃખી ન થાવ. આ તો અસંભવિત. પાપ બાંધ્યા પછી તે સજા ભોગવ્યા વિના ન રહે. પાપ બાંધે પણ તેનું ફળ ખરાબ ન આવે તો પાપથી ડરે કેમ ? ત્યારે તમે કહો છો કે કોઈ દુઃખી ન થાવ તે કેમ ? વાત ખરી.

## જૈન શાસનનો નિયમ

કર્મ બાંધ્યાં તે ભોગવવાં પડે તે સિદ્ધાંત જૈનનો નથી. આસ્તિકને પૂછીએ કે કર્મ બાંધ્યાં તે ભોગવવાં પડશે તો ધર્મ વચમાં શું કામ કરશે ? દરેક શાસ્ત્રમાં કહેલાં પ્રાયશ્ચિત્તો,

દાનાદિ વગેરે કહેલાં છે તે શું કામ કરશે? અસંખ્યાત ભવો પછી એક ભવે વિવેકી થયો તો તે વિવેક નકામોને? અસંખ્યાત ભવો સુધી જે અજ્ઞાની હતો તેમાં જે કર્મો બાંધ્યાં તે તૂટે ત્યારે જ જ્ઞાનનો વખત આવે માટે બાંધેલાં પાપોનું ભોગવવાનું ને ન ભોગવવાનું પણ થાય. બાંધ્યાં તે ભોગવવાં નહિ. શાસ્ત્રમાં આ નથી. બાંધ્યાં હોય તે જ ભોગવવાનાં હોય તો ઇરિયાવહિયા, તસ્સ ઉત્તરી, તપસ્યા વગેરે શા માટે? હિંસા કરી, જૂઠ બોલ્યા, અપ્રમાણિકતામાં જે કર્મો બંધાયાં તે ભોગવવાનાં તો પછી ઇરિયાવહિ વગેરે શા માટે કરવાનાં? બંધાયાં પ્રમાણે ભોગવવાં પડે તે નિયમ જૈન શાસન રાખતું નથી.

સમકિતને માર્ગે મોક્ષ પામવાનો વખત આવે. **"कडाण कम्माण न मोक्खो अत्थि"** (उत्त० अ० ४, गा० ३) 'કરેલાં કર્મોને ભોગવ્યા વગર છૂટકો નથી.' આ નિયમ ક્યાં લાગુ થાય? જે ભોગવ્યાં ન હોય, જેનો તપસ્યા વગેરેથી ક્ષય કર્યો ન હોય તેને. **नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा** (दश० अ० ९ उ० ४)

મોક્ષ ક્યારે? કર્મ ભોગવીએ કે તપસ્યાથી ક્ષય કરે ત્યારે છૂટે. માટે પ્રતિક્રમણ, તપસ્યા, આલોયણ તે બધાં સફલ. માટે કહ્યું કે તે બિચારા પાપ બાંધનારા દુઃખી થઇને ભોગવે તે કરતાં તપસ્યા, આલોયણ દ્વારાએ પાપ ભોગવાઇ જાય. પાપથી દુઃખી થવાય છે માટે પાપ કરનારો ન થાય. પણ કદાચ જાણતાં અજાણતાં થઈ ગયું તો તે તપસ્યા, આલોયણથી ખપાવનારાવાળો થાવ. પણ વેદનાને ભોગવવાવાળો ન

થાવ. આ ક્યાં સુધી? જગત કર્મથી છૂટી જાય ત્યાં સુધી. તીર્થંકરપણું મેળવે ત્યાં સુધી.

## ત્રણ જ પ્રકૃતિ સારી કેમ?

શાસ્ત્રકારોએ ૧૨૦ પ્રકૃતિનો બંધ જણાવ્યો. તેમાં ત્રણને સારી ગણી. ૧૧૭ ખરાબ કેમ? કારણ, બીજી બધી પ્રકૃતિઓ કર્મના ઉદયથી બંધાય છે. આ ત્રણ પ્રકૃતિ જણાવીશું તે કર્મના ક્ષયોપશમથી બંધાય છે. આત્માની નિર્મલતા થાય ત્યારે બંધાય; ૧૧૭ આત્માની મલિનતાથી બંધાય. તીર્થંકર-નામકર્મ, આહારક-શરીર અને આહારક-અંગોપાંગ આ ત્રણ જ પ્રકૃતિ આત્માની નિર્મલતામાં. નિર્મલ આત્મા જ તે બાંધી શકે. પહેલામાં સમકિત કારણ; બીજા બેમાં સંજમ. કારણ. આ ત્રણ પ્રકૃતિ નિર્મલતામાં બંધાતી હોવાથી શાસ્ત્રકાર ત્રણને 'સારી' ગણે છે. તે આદરવા લાયક છે. બેમાં સંજમ જડે છે તેથી સમકિત આવી ગયું. સમકિત એમ ક્યાં? જ્યાં ભાવના હોય-જગતનો કોઈ જીવ પાપ ન કરો, દુઃખી ન થાવ ને મોક્ષ પામો એવી ઇચ્છા થાય ત્યાં.

## શેઠની ભાવના કેવી?

આ બાજુની ભાવના જેવું હોય તો? ઓચ્છવ મહોત્સવ હશે. સ્વામી-વાત્સલ્ય થતાં હશે, આપણે પણ કરવાં સારાં છે. માટે મુનીમજીને કહું, 'મુનીમજી! આટલા ખર્ચે આપણે સ્વામી-વાત્સલ્ય કરવું.' મુનીમ તે સાંભળી બધી સાધનસામગ્રી કરીને નોતરાં દઈ આવ્યો. ત્યારે શેઠે કહ્યું કે આ કોનું સ્વામી-વાત્સલ્ય? મુનીમે કહ્યું કે આપનું. મારૂં કેમ? આપે

સવારે કહ્યું હતું ને? ત્યારે શેઠે કહ્યું કે તે મારી ભાવના હતી. આ પણ તમારી બુદ્ધિ.

ભાવના કઈ? આખું જગત મોક્ષે જાવ. તો તમારા શાસ્ત્ર–શાસન ખોટાં. જગતમાં બધા ભવ્ય નથી. તે બધા મોક્ષે જાય નહિ. તો તમે કહો છો કે બધા મોક્ષે જાવ તો તે ખોટું ગણાયને?

**સાચો સમકતી કોણ?**

એક બિમાર પડયો ત્યારે ફેમીલી (family) ડૉકટર કે ગામનો ડૉકટર આવી ગયો. તેને કહ્યું કે બે કલાકમાં જવાનો છે છતાં આપણા મનમાં આવે ખરૂં કે મરે? પરંતુ જીવે તેવી ભાવના આવે છે. તેમ અમારી ભાવના આખું જગત તરે પણ તેમાં લાયકાત હોય તે તરે તે વાત જુદી. અભવ્ય ડૂબતો રહે તેવી ભાવના અમારી નથી, પણ તે તરી જાય તે અમારી ભાવના. પણ તેનું નસીબ ન હોય ને ન તરે તે વાત જુદી. માટે જે સમકિત પામે તેની ભાવના આખું જગત પાપ કરવાથી દૂર રહો ને કર્મથી છૂટું થાવ એ હોય. આવી ભાવનાથી જ દેવ, ગુરુ અને ધર્મ માને તેથી જ 'સમકિત' ગણીએ છીએ. દેવાદિની જડ આખા જગતના કલ્યાણની ભાવનામાં.

કોઈ જીવમાં ઘાતક, દ્રોહ બુદ્ધિ નહિ. ત્યારે બીજામાં "ઊઠો રે મુરારિ! તમારા વિના કંસનો ખોડો કોણ કાઢશે રે." ખોડો કાઢવા માટે પરમેશ્વર માન્યા. દહીંનાં મટકાં ફોડવા અંગે, [1]ગોપીઓનાં ચીર ચોરવાને અંગે દેવ માનવા

---

[1] **नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय। तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय॥ (का० श्लो० १)**

છે તેવાને સમકિત અમે કેવી રીતે કહીએ તે તો તું કહે. જગતની દ્રોહ, ઘાતક દુઃખ બુદ્ધિ ચાલુ હતી.

હવે સૃષ્ટિવાદીને પૂછીએ કે આ બધાં દુઃખી કેમ? કહેશે કે તેમની ઇચ્છા; તેમની લીલા. તો આવું માનનારાએએ અમારી પાસે સમકિત કહેવડાવવું છે તે કેમ કહીએ? કોઈ પાપ બાંધો નહિ, કોઈ દુઃખી થાઓ નહિ ને કોઈ સંસારમાં રખડો નહિ. આવી ભાવનાવાળાને દેવ, ગુરુ, ધર્મ માનવા તૈયાર છીએ. તેવાને માનનારાને સમકિતવાળા માનીએ છીએ.

**અ, બ, ક, ડ, એ આંધળું અનુકરણ**

અમે **મહાવીર**ને માન્યા તેથી બીજાને ન મનાય તેવું નથી. બીજામાં એક માન્યા તેથી બીજા મનાય નહિ. અહીં તો જે જે ગુણી હોય તે બધા 'પરમેશ્વર'. અરે આપણી માતૃભાષાને ઉંધીવાળી. આપણે બોલીએ છીએ અ, બ, ક, ડ. તે આંધળું અનુકરણને? તમારામાં વર્ણની ઉત્પત્તિ ક્રમ હતો. સ્વર વાયુ કંઠમાં આવે ત્યારે બોલાય. ત્યાંથી આગળ વધીએ તો કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય. આ ક્રમ વ્યંજનમાં હતો. આ ઉત્પત્તિક્રમને મેલ ખાડમાં અને અ, બ, ક, ડ કરતાં શીખ્યો. કોનું અનુકરણ? આંધળું અનુકરણ કે બીજું કંઈ. અ, બ, ક, ડ નામ તો જંગલી છે. તે જંગલી છતાં આપણો ધર્મ માને છે અને માન્યો તેથી બન્ને ન મનાય. અમારે તો જે જે ગુણવાળો હોય તેને તેને 'દેવ' માનવામાં અમને વાંધો નથી. ગુણને અંગે દેવ, ગુરુ, ધર્મપણું માનનારા; તેથી ગુણથી દેવાદિ માને તેને 'સમકિત' કહીએ છીએ.

ગુણની દરકાર વગર દેવાદિને રિવાજ માત્રથી માની લે તેવાને અમે 'સમકિત' કહેવા તૈયાર નથી. તેવું જે સમકિત તે દેવ, ગુરુ, ધર્મની જડ અને સમકિતની જડ ઉપર જણાવેલા ત્રણ વિચાર.

## ધર્મની પરીક્ષા શી રીતે ?

આ ધર્મ કે આ અધર્મ તેની પારખ માટે તમારી પાસે કંઈ નથી. સોનું છે કે પિત્તળ છે તેની પારખ માટે કસોટી છે. ચાંદી છે કે કલાઈ છે તેની પારખ માટે લીંપણ છે. પણ ધર્મની પારખમાં તમારી પાસે સાધન કયું? ધર્મની પરીક્ષામાં સ્થાન નથી. બીજી વસ્તુઓને પારખવામાં સ્થાન છે. પર ભવમાં જેનો નિકાશ કરી શકીએ અને જેના ઉપર નિકાશનો પ્રતિબંધ નથી તેવો જે ધર્મ તેની પરીક્ષાનો અવકાશ નથી. ત્યારે શાસ્ત્રકાર કહે છે કે ધર્મની પરીક્ષા કરવાનો અવકાશ છે. કયો ? વીતરાગ ભગવાનનાં વચનો. તે કેવાં જોઈએ ? જે સર્વથા રાગ, દ્વેષ રહિત એટલે ચેતન પદાર્થ તરફ રાગ કે જડ પદાર્થ તરફ દ્વેષ ન હોય. દુનિયામાં ન્યાયાધીશ કોણ બને ? જે વાદી કે પ્રતિવાદી તરફ રાગદ્વેષવાળો ન હોય તે.

આ શુભ કે આ અશુભ, આ આશ્રવ કે આ સંવર, આ બંધ કે આ નિર્જરા, આ મોક્ષ કે આ ભવ. આ બધાં કારણ કોણ કહી શકે ? આખા જગતમાં એક પરમાણું કે મેરુ જેવી ચીજ હોય તેના તરફ રાગદ્વેષ ન હોય માટે તે 'વીતરાગ'; છતાં બોધ ન હોય તો શું થાય ? માટે બોધ વગરનો, જ્ઞાન વગરનો મનુષ્ય તે ચુકાદો આપવાને લાયક

નથી. જે મનુષ્ય વસ્તુને સંપૂર્ણપણે જાણતો હોય તેમાં રાગ, દ્વેષ ન હોય તેથી તે ન્યાય આપવાવાળો અને તે કારણથી તેનું વચન પ્રમાણિક ગણાય. આનું નામ 'વીતરાગ.' તેનું જે કહેલું વચન. તે વચન જગતની જેટલી ચીજો તે બધી જાણનાર તેમજ વર્તમાન, ભૂત, ભવિષ્ય કાળની હોય તેમજ નજીકની હોય કે દૂરની હોય તે બધી ચીજો જાણનારા તેવા મનુષ્યનો ન્યાય તે કોણ ના કબૂલ કરે? જેને શ્રદ્ધા ન હોય, જેનું ભવિષ્ય સારૂં ન હોય તેવા જ ના કબૂલ કરે. ધર્મ થાય શામાં? **હરિભદ્રસૂરિ** મહારાજ જણાવે છે કે– **'वचनाराधनया खलु.'** જિનેશ્વર ભગવાનના વચનની આરાધનામાં જ ધર્મ છે. હવે અહીં કહેવામાં આવે કે વીતરાગની, સર્વજ્ઞની, ગુરુની કે ધર્મની આરાધના ન લીધી પણ વચનની આરાધના કેમ લીધી? વકતા અને તેની આરાધના, તેનાં અનુષ્ઠાન અને તેનાં વચન, તેની આરાધના અને તેના અનુષ્ઠાનમાં તે પ્રધાનપણું છે તો તેમાં કયો ફરક છે તે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૧૨

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ જગતમાં દરેક આસ્તિક, દરેક બુદ્ધિમાન, દરેક દીર્ઘદૃષ્ટિવાળો મનુષ્ય આવતા ભવને અંગે વિચાર કરવાવાળો હોય છે. માટે જણાવી ગયા કે ભગવાન **સુધર્માસ્વામી**એ બાર

અંગની રચના કરી તેમાં પહેલું **આચારાંગ** રચ્યું તેમાં પણ પહેલો શ્રુતસ્કંધ, તેમાં પણ પહેલું અધ્યયન, તેમાં પણ પહેલો ઉદ્દેશક અને તેમાં પણ પહેલું સૂત્ર કહ્યું. **अत्थि मे आया उववाइए ।**

## આ જીવન જેલરૂપ છે કે મહેલરૂપ?

તમે તમારા જીવને જેલરૂપે જન્મોજન્મ બનાવ્યું છે માટે હું તમને કહું છું કે તમે જીવનને મહેલરૂપ બનાવો. તે કેવી રીતે? જેલ એટલે દુનિયાના વ્યવહારથી કપાયેલું સ્થાન. પછી ભલે તેમાં ગાડી, ઘોડા, પલંગ ચાહે તે હોય છતાં નજરકેદમાં; પણ દુનિયાનો વહેવાર બંધ. ત્યારે મહેલ કોને કહીએ? જ્યાં બધી જાતની છૂટ; બહારનો આવે ખરો અને પોતે બહાર જાયે ખરો. મહેલમાં રહેલો ચારે બાજુ દૃષ્ટિ રાખી શકે ખરો. તેમ આપણે અનાદિ કાળથી જન્મ-મરણો કર્યાં ગયાં. આપણો કોઈપણ ભવ જીવન વગરનો નહોતો. આ ભવ પણ જીવનવાળો છે ને? તે જીવન જેલ છે કે મહેલ? કેમ? જેમાં જગતનો વહેવાર હોય તે 'મહેલ' અને જેમાં જગતનો વહેવાર ન હોય તે 'જેલ'.

## જૈનો જ જીવનને મહેલરૂપ બનાવી શકે

અહીં વિચાર કરો કે આ જીવન કેમ મળ્યું? આ જીવનનું ફળ કયું? જે મળેલા જીવનનો, તેનાં કારણો ને મળેલાં ફળોનો વિચાર ન કરે તેવા મનુષ્યનું જીવન કેવળ 'જેલ'. મહેલ કોને? આ જીવનનાં કારણો ને ફળો ક્યાં તેનો વિચાર કરે તે મનુષ્ય પોતાના જીવનને 'મહેલ' બનાવી શકે. તે કોણ બનાવે? કેવળ જૈનો. જૈનો સિવાય

જૈનેતરોને પોતાના જીવનને મહેલ બનાવવાનો હક નથી. તેમને હક કેમ નહિ? શું તમે ઇજારો લીધો છે? અમારે ઇજારો લેવાની જરૂર પડતી નથી. સૂર્યે અજવાળું કરવાનો ઇજારો નથી લીધો, પરંતુ તેનું તેજ એટલું બધું જેમાં ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા ડૂબી જાય. તે ઇજારા દ્વારાએ ડૂબાડતો નથી; પણ પોતાનું તેજ તેવું છે તેથી ચંદ્ર વગેરે આપોઆપ ડૂબી જાય છે. તેમ અહીં આગળ જનો જીંદગીને મહેલ બનાવી શકે; બીજા ન બનાવી શકે અર્થાત્ જેલમાંથી કાઢી શકે નહિ. કારણ શું? બીજા–જૈનેતરોએ જીવને જવાબદાર કે જોખમદાર માન્યો નથી.

## જોખમદારી અને જવાબદારી

જૈનો હિંસાદિ કાર્યો કર્યાં હોય, જૂઠું બોલ્યાં હોય કે અઢારે પાપસ્થાનકમાં પ્રવર્ત્યા હોય તેમાં પાપ કર્યું માને, ભૂલ ગણે, ત્યારે જૈનેતરો ભગવાને સૂઝાડયું તેમ મેં કર્યું. ત્યારે જવાબદાર કોણ? ભગવાન, પોતે નહિ. એવી જ રીતે જવાબદારી ન રાખી તેમ છતાં જોખમદારી રહી પણ જેમ પેઢી ઉપર મુનીમ અવળા સવળા કરે તેમાં જવાબદારી મુનીમની. પણ ગણવા કોને પડે? શેઠને. માટે જોખમદારી શેઠની.

તમે દસ્તાવેજ વગેરે લખો તો તેમાં શું લખો છો? તમારા નામે અને તમારા જોખમે. નામે લખવાથી જોખમ આવતું હતું, છતાં જોખમે લખો છો. છતાં અહીં જવાબદારી કે જોખમદારી નથી વહોરવી. કોણ જાણે ભગવાનની મરજી હશે તો સ્વર્ગે લઈ જશે; તેમ તેમની મરજી હશે તો નરકે લઈ જશે. મારાં સારાં કર્મ હશે તો સ્વર્ગે જઈશ અને

ખરાબ કર્મો કર્યાં હશે તો નરકે જઈશ આ બોલવાનો હક જૈનોને છે. પોતે સત્કર્મ કર્યું તેથી પોતે સુગતિનો ભાગીદાર થશે; દુષ્કર્મ કર્યાં તો દુર્ગતિનો ભાગીદાર પણ હું થઈશ. આથી તેમણે જવાબદારી અને જોખમદારી પોતાના માથે રાખેલી છે.

**મુસાભાઈનાં વા ને પાણી**

ન્યાતનો માલ ન્યાત ખાય અને મુસાભાઈનાં વા–પાણી. એક મુસાભાઈ હતો. તેમને ન્યાત જમાડવાનો વિચાર થયો. તેથી પોતે ન્યાતના અમણાં વાસણો લાવ્યો. તેમાંથી અડધા વેચીને રસોઈ બનાવી અને ન્યાતને જમવા બોલાવી. ન્યાત જમવા બેઠી ત્યારે મુસાભાઈએ પોતાની પત્નીને કહ્યું કે તું બધાને પાણી આપ અને હું બધાને પંખો નાખું. આવી રીતે મુસાભાઈ પંખો નાખતા જાય અને બોલતા જાય કે 'નાતનો માલ (વાસણ) ન્યાત ખાય, મુસાભાઈનાં વા ને પાણી'.

તેમ અહીં આગળ કહે છે કે ઈશ્વર સુગતિ અને દુર્ગતિ મોકલે છે. તો શું ઇશ્વર જીવોને જાનવર માફક દોરતા ? જેને જીવની જવાબદારી અને જોખમદારી નથી પણ જવાબદારી અને જોખમદારી ઇશ્વરની. જેને લીધે બીજાઓએ પોતાના વડવાપણું પશુપતિમાં રાખ્યું. પશુ એટલે જગતના જીવો; પતિ એટલે તેના માલિક તે 'પશુપતિ'. પશુપણું જીવોનું કબૂલ કરવું તે જૈનેતરોમાં. માટે જીવની જવાબદારી અને જોખમદારી નહિ પણ ઇશ્વરની માને છે. કેમ ? એ જીવો મેં આ ગતિ કેવી રીતે મેળવી અને કેવાં કર્મ કરૂં તો સદ્ગતિમાં જાઉં તે વિચાર ક્યાંથી કરે ?

## વિચાર કરવાને હકદાર કોણ?

જેમાં ત્રણ વસ્તુ હોય તે વિચાર કરવાને હકદાર છે. નહિ તો માથું દુખાડવું થાય. ક્યા ? (૧) કર્તુમ્ (૨) અકર્તુમ્ (૩) અન્યથા કર્તુમ્ (૧) જો વસ્તુ કરવાની, (૨) જો વસ્તુ થતી બંધ કરવાની અને (૩) જો વસ્તુ ઊથલાવવાની પોતાનામાં તાકાત હોય તો તે મનુષ્ય વિચાર કરે તો તે વિચાર સફળ થાય. જેની અંદર (૧) કર્તુમ્–બનાવવાની (૨) અકર્તુમ્–રોકવાની અને (૩) અન્યથા કર્તુમ્–ઊલટાવવાની તાકાત નથી તેને અંગે વિચાર કરવા તે માથું દુખાડવા જેવું થાય.

## જીવનની ત્રણ શકિત

શલ્ય કાઢવો એટલે અહીં આગળ પાપનો ઉદય. આપણે પુણ્ય પામવું. પાપથી આવેલા દુઃખો તેના ઉપર કાબૂ મૂકીને સારા વિચારમાં જઇએ. પાપથી પાપ બંધાય છે તે કરનારાએ પાપબંધ રોક્યો અને તે જગ્યા પર પુણ્યનો બંધ લાવી દીધો. એ આપણે ક્રોધાદિ કરનારા, તેને રોકનારા આપણે, તેને રોકીને અન્યથા કરનારા આપણે, તો આ આપણા માટે. તેથી જૈનો જીવની શક્તિ ત્રણ માને છે–(૧) પાપ–પુણ્ય બાંધવાની, (૨) તેને પલટાવવાની અને (૩) તે બંધ કરવાની. આ કેવળ પુણ્ય, પાપનો બંધ રોકી શકે. જ્યાં તેરમે, ચૌદમે જાય ત્યાં પુણ્ય ન બાંધે. પાપના પલટાને રોકીને પુણ્યના પ્રભાવમાં જાય.

માટે શાસ્ત્રકારે કહ્યું કે–**सम्मत्तंमिउ लद्धे पलियपुहुत्तेण सावओ होइ । चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ॥ (वि० आ० गा० १२२२)** જો સમકિતને પામેલો, શુભ પરિ-

ણામવાળો હોય તો વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે. બંધ કરનાર, બંધ રોકનાર અને બંધ પલટાવનાર જીવ. આશ્રવ અને બંધનાં કારણો પલટાવીને સંવર અને નિર્જરાને મોક્ષનાં કારણો બનાવવાં તે કોનું કામ? જીવનું. જૈનો જીવને કરનાર, રોકનાર અને પલટાવનાર માને છે. તેથી તેને વિચાર કરવાની તાકાત. હું શું કરૂં, કેવી જીંદગી આવી, કેવી આવશે અને તે કેવી રીતે આવશે તે વિચાર કરવાનો હક આ ત્રણ વસ્તુવાળાને છે. કર્મને કરનાર, કર્મને રોકનાર અને પાપની જગ્યા પર પુણ્ય તરીકે પલટાવનારો જીવ તે જૈનો માને છે. તેથી તે જીવને અંગે ગયા જન્મનો અને આવતા જન્મનો પોતે વિચાર કરી શકે. ગયા ભવમાં સત્કાર્યોની અનુમોદના અને આવતા ભવનાં સત્કાર્યો તે કરી શકે. કોણ? જે જીવને જવાબદાર, જોખમદાર, કર્તા અકર્તા, અન્યથા કર્તા માનતો હોય તે. આ જે ન માને તેને મારો જીવ કેવો હતો અને કોણ હતો તે વિચારવાનો હક નહિ. જેમ તમારે ત્યાં રહેલો કૂતરો તેને ક્યાં રહેવું, ક્યાં જવું તેને માટે તે હકદાર નહિ; પણ તેના માલિકની મરજી હોય ત્યાં રહે અને ત્યાં જાય.

જૈનેતરોમાં જગતના જીવો તે બધા કર્તા, અકર્તા, અન્યથા કર્તાની શક્તિવાળા ન માન્યા. જૈનોએ ધ્યાનમાં રાખવું કે મુળચંદભાઈ જેવો કહે કે દુનિયામાં બધીએ પ્રજા છે. તેમાં તમે બે પાંચ કરોડમાં નહિ. માત્ર દસબાર લાખમાં. તે શું જોઈને જુદુ લઈને બેઠા છો? ચાહે તેમાં ભળી જાવને? અમને વાંધો નથી. પણ સ્વતંત્ર–પોતાને જવાબદાર અને જોખમદાર સમજનાર માત્ર જૈન પ્રજા છે.

એકલા જૈનો હોય તો અમને ફિકર નથી. પણ તેના સિદ્ધાંતને તમે કોઈ આર્ય માની શકો તેમ નથી. બીજા બધાને ગુલામી માનવી. પહેલાં પ્રજા જ્યારે ગુલામીમાં હતી ત્યારે સ્વાતંત્ર્યના ઉત્થાન કરનારી સંખ્યા મુઠીભરની હતી. મુઠીભર હોવાથી કાર્ય બંધ કરવું તે બુદ્ધિમાનનું કામ નહિ; પણ કાર્ય સાચું છે કે નહિ તે તપાસવું જોઈએ. અહીં આખું જગત, જૈનેતર બધા વર્ગમાં ચાહે આર્ય હોય, અનાર્ય હોય, પૌર્વાત્ય કે પાશ્ચાત્ય વર્ગ હોય પણ તે બધા જીવને જવાબદાર અને જોખમદાર વગરના માનનાર છે; પણ તેઓ જીવને જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તા માનનારા નથી.

## જૈન સિદ્ધાંતની વિશિષ્ટતા

તમારે ત્યાં રેડિયમ (radium) કેટલું ? થોડું છે ને બીજી વસ્તુઓ વધારે છે તો તેમાં નાખી દો ને ? તેને જુદી કેમ રાખી છે ? કહેવું પડે કે તેની સ્થિતિ બધાથી જુદી છે. તેમ અહીં પણ આની સ્થિતિ જુદી છે. માટે જ કહ્યું કે **'एगो साहु एगा य साहुणी सावओ य सड्ढी य। आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ (सं० स० गा० २९)** જૈન સિદ્ધાંતને અનુસરનારો એક સાધુ, એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકા હોય તો પણ જૈન સિદ્ધાંત અલગ રહેવાનો પણ કોઈનામાં ભળશે નહિ. જીવ પોતે પોતાના અંગે જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા અને અન્યથા કર્તામાં શકિતવાળો; માટે ભગવાન **સુધર્માસ્વામીજી**એ જણાવ્યું કે જૈનેતરોમાં તમે જીવનને 'મહેલ' બનાવી શકશો નહિ, પણ 'જેલ' તરીકે રાખવાના. ગયા જીવનનો ને આવતા જીવનનો વિચાર

કરવાનો હક મળવાનો નથી, પણ ગયા ભવનો કે આવતા ભવનો વિચાર કરવાનો હક જૈન શાસન આપે છે.

## સુથારનું મન બાવળીએ

બીજાઓ સદ્‌ગતિ કે દુર્ગતિ વિચારતા નથી. ત્યારે શું વિચારે ? જેમ જગતમાં સુથારનું મન બાવળીએ. સુથાર રસ્તે જતો હોય ત્યાં ઝાડ જુએ ત્યારે વિચાર શું કરે ? આનાં પાટડા, બારણાં વગેરે સારાં થશે. હવે કોનું ખેતર, કોનું થડ તેનો વિચાર તેને નહિ કરવાનો, પણ નથી તેને કરવાની તાકાત, નથી તેને રોકવાની તાકાત કે નથી તેને પલટાવવાની તાકાત. પણ તેની ટેવ પડી છે તેમ જૈનેતરો વિચારે કે આ જીવનું શું થશે તો તે સુથારના બાવળીઆ જેવું.

જીવ જ જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા અન્યથા કર્તામાં સર્જાય છે. માટે **સુધર્માસ્વામીજી** કહે છે કે તમે જૈન થાવ, તેને છોડી દો તેમ કહેતા નથી. પણ તમારા જીવનને 'મહેલ' બનાવો. જે રસ્તે જીવન 'મહેલ' બને, જેમ રસોઇયાને રસોઇ કર તેટલું કહેવું પડે તેથી લાકડાં, ઓંધણ, ચૂલો સળગાવવો તે બધું આવી જાય. તેમ જૈન થાવ તેમ નથી કહેતા, અન્ય ધર્મ છોડી દો તેમ નથી કહેતા પણ તમારા જીવનને મહેલરૂપ બનાવો અને જેલ તરીકે છોડો. જેલનું જીવન તમે વર્તો છો તેનું સ્વરૂપ જોઈ લો. તમારા જીવનને જેલમાંથી કાઢી નાંખો અને મહેલની ગણત્રીમાં લાવો. જૈનોમાં ધર્મ ગણો તેમ દેવ માનવાનું, ગુરૂ માનવાનું અને તત્ત્વ ગણો તેમાં જીવનને જેલપણામાંથી કાઢીને મહેલપણામાં દાખલ કરો. મહેલ ઉપર ઊભા હોઇએ તો ચારે બાજુ દૃષ્ટિ

થાય. તમારૂં જીવન 'મહેલ' બન્યું હોય તો ગયા જીવન અને આવતા જીવનના વિચારો જરૂર આવે.

આ જ ગણધર મહારાજે જીવનને અંગે કહેલું પણ તે મહેલ બને કોને અંગે? જેલપણામાંથી નીકળે શી રીતે? અનાદિ કાળથી આ જીવન જેલપણામાં છે તે મહેલપણે બનાવવું છે તે કઈ રીતે અને કેવી રીતે થાય? તો તેના ઉપાયો સમજુ માણસ જરૂર ખોળે. અન્યમતવાળા દેખાદેખીથી ફસાવવા, ભરમાવવા માટે એ માનનારા છે. આપણું જીવન સારું થાય, ખરાબ ન થાય. શાથી? ધર્મ કરે તો. જ્યાં સુધી પોતાના જીવને જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તા વગેરે ત્રણ સત્તાવાળો જણાવે નહિ ત્યાં સુધી પોતે આવતી જીંદગી સુધારી શકે નહિ. આવતી જીંદગીમાં સદ્ગતિ મેળવવાનાં કારણો ને તે મેળવવાની તાકાત. તેમાં આ જગતમાં નિયમ છે કે સારા શબ્દો સૌને ગમે. ક્રોધ આવ્યો હોય, લાલ આંખ થઈ હોય તે વખતે કોઈ કહે કે ભાઈ! આમ છે તો હો, હો. ક્રોધ ચડયો તો હાં, હાં. ક્રોધ વગરની સ્થિતિ સારી છે, પણ તેથી તેને બોલવું પડે.

### સારા શબ્દનું આકર્ષણ

એક માણસે ખૂન કર્યું. એ પકડાયો. પૂરાવાથી સાબિત થયું કે તે ખૂની છે. કોર્ટે પણ નક્કી કર્યું કે આ ખૂની છે. પણ દુનિયામાં સજાનો અમલ ગુના સાથે નહિ. ગુનો થયો હોય, પણ સાબિત ન થાય ત્યાં સુધી 'બિનગુનેગાર' માનીને ચાલવું પડે. પૂરાવાથી ખૂન સાબિત થયું. કોર્ટે

પણ ગુનેગાર તરીકે માન્યો. ચાર્જ ફાઇલ (file) કર્યું, છતાં પૂછવામાં આવે તો તે કહે કે હું મારી જાતને 'બિનગુનેગાર' જાહેર કરૂં છું. આ શબ્દની પ્રતીતિ. ક્રોધ નહિ હોવો, અભિમાન આવવું નહિ, કપટી નથી, લોભી નથી તે શબ્દ સારો. પછી ભલે પોતે ક્રોધ, માન, માયા, લોભ કરનારો હોય; છતાં ઉપર કહ્યા પ્રમાણે સારો લાગે છે. તેથી હું ક્રોધી વગેરે નથી આવા શબ્દો પોતાના માટે કહેવા તૈયાર છે.

**ધર્મનું સ્વરૂપ**

આ અન્યમતવાળા જીવને જવાબદાર, જોખમદાર, 'કર્તુમ્' આદિ શક્તિવાળો માનતા નથી. છતાં પણ ધર્મ એવી ચીજ છે કે આપણી દુર્ગતિ રોકે ને સદ્ગતિ આપે. ઇશ્વરમાં લઈ લીધો ધર્મ; પછી આ ધર્મધારી કેટલા? માટે ઇશ્વરને કોરણે મેલ. એ તો આમે બોલાય અને આમે બોલાય. ઊંડા ન ઊતરીએ તો શું થાય? હવે એક વસ્તુ કબૂલ કરીને તેના ઉપર ચાલીએ; પછી ગમે તે રીતે કબૂલ કરી હોય. ફલની અપેક્ષાએ બધા આસ્તિકો એક રૂપે છે. કોઈ પણ એમ નથી માનનાર કે મારો ધર્મ સદ્ગતિ નહિ આપે. સદ્ગતિ રોકશે, દુર્ગતિ નહિ રોકે ને દુર્ગતિ આપશે. પણ સદ્ગતિ આપનાર અને દુર્ગતિ રોકનાર એવો ધર્મ છે. એ વાત સર્વ આસ્તિકોએ એકમતે કબૂલ કરેલી છે. હંમેશાં નિયમ છે કે એક વખત કબૂલ કરી લે પછી તેની મહેનત હોય, પણ આગળ ચાલવાનું કામ હોય. માટે **ષોડશકમાં** સીધા ધર્મની પરીક્ષામાં આવ્યા. કારણ? દરેક મતે કબૂલ કરી લીધું કે દુર્ગતિ રોકનાર અને સદ્ગતિ

આપનાર 'ધર્મ' છે. આ માની લીધું. તેના ઉપર ચાલીએ. "सिद्धस्य गतिः चिन्तनीया." જે વસ્તુ સાધી લઇએ તેનો આગળ ઉપયોગ વિચારવાનો. અર્થાપત્તિથી ધર્મ કરીશું તો સદ્‌ગતિ મળશે; અધર્મ કરીશું તો દુર્ગતિ મળશે. ફળો બધાએ નક્કી કર્યાં. અધર્મ કરી લીધો તો તેના ફળ તરીકે પોતાના જીવની જવાબદારી અને જોખમદારી. આડું નાક છે માટે પડી ગયો. તેવી રીતે અહીં આગળ દુર્ગતિ રોકનાર અને સદ્‌ગતિ આપનાર આપણે ધર્મને કબૂલ કરી લીધો. ઠેકાણે ઠેકાણે ધર્મનું સ્વરૂપ ફળ દ્વારાએ દેખાડયું, સર્વ પર્ષદાની અપેક્ષાએ. **दुर्गतीत्यादि** શ્લોક છે.

## સિદ્ધાંતના પ્રકાર

સર્વ સામાન્ય રીત. સિદ્ધાંત ચાર પ્રકારનો છે: (૧) સ્વતંત્ર, (૨) પરતંત્ર, (૩) અભ્યુપગમ અને (૪) અધિકરણ. (૧) સ્વતંત્ર સિદ્ધાંત કયો? આપણે જેને માનીએ તેને બીજાઓ ન માને તેનું નામ સ્વતંત્ર. જેમ **ધર્માસ્તિકાય** વગેરે જૈનો માને છે, બીજાઓ નથી માનતા તે સ્વતંત્ર સિદ્ધાંત. (૨) પણ પુદ્‌ગલાસ્તિકાયમાં આવો. ઔદારિક ભાષા, મનના પુદ્‌ગલો, શ્વાસોશ્વાસના પુદ્‌ગલો કહેવા માંડો તે કોઇને માન્યા વગર ચાલે તેમ નથી સિદ્ધાંત. (૩) કેટલાકો અભ્યુપગ નથી. પેલાએ ખડી કરી, તેનું ખ વસ્તુ લઇને તેને બાધ આપીએ લાગી હોય ને ધોવી પડે તો હાથ કંઈ કહ્યું તે કહેવું પડે. જો તે કહ્યું

આમ અડચણ આવે. આમ માનીએ તો અડચણ ન આવે તેથી માનવું તે 'અભ્યુપગમ સિદ્ધાંત.' પળવાર માટે માની લો કે આમ હોય તો તેમાં આ વાંધો તેમ જેમ આ દુનિયાદારીમાં કહેવાય છે તે પ્રમાણે.

**અધિકરણ સિદ્ધાંત**

અધિકરણ વસ્તુ સાબિત કરીએ તો તેમાંથી બીજી કહેવાઈ જાય. "નમો અરિહંતાણ" બોલ્યા. અહીં કોઈ કહે કે શાસ્ત્રકારને લગામ વગર બોલવું પડે. કેમ ભાઈ? નવકાર ગણ્યો તેમાં ૫૦૦ સાગરોપમ નરકનું આયુષ્ય તૂટયું. નવકાર-શીના પચ્ચક્ખાણમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય તોડયું. લગામ નથી તે બોલનારે વિચારવું જોઇએ કે નવકાર 'અધિકરણ–સિદ્ધાંત'માનીને કહ્યો છે. નવકારશીના પચ્ક્ચખાણમાં જિનેશ્વરે આત્માને કર્મબંધ ન કહ્યો. તપ કરવાનું તેથી કર્મ તૂટવાનું છે તે સાચું છે, માટે આટલું તપ કરૂં છું. તેથી કર્મ તોડવાની બુદ્ધિ, એક જ 'નવકારશી' શબ્દ માટે છે. તેને કેટલા સિદ્ધાંતો માન્યા? જીવને જવાબદાર, જોખમદાર અને જિનેશ્વરના વચનને 'તહત્તિ' માને. તપસ્યાને નિર્જરા માને છે તેથી આટલી તપસ્યા કરે છે. આ બધો વિચાર કરશું તો માલમ પડશે કે 'નમો અરિહંતાણ' તે સૃષ્ટિના સર્જનહાર તરીકે કે જન્મ આપનાર તરીકે માનતો નથી; પણ હું સ્વતંત્રતાના સર્જનરૂપ એવાને નમસ્કાર કરૂં છું. જ્યાં સુધી અધિકરણ–સિદ્ધાંત' ન સમજે તો એક નવકારશીના પ્રચ્ચક્ખાણમાં શું? તે અહીં નથી હો. લગીર અધિકરણ–સિદ્ધાંત વિચારો. એક વાતથી કેટલા સિદ્ધાંતો માન્યા? આવી જેની માન્યતા થઈ તે શું ન તોડે?

અહીં આગળ બીજા લોકો ઈશ્વરને કર્તા માનતા જાય તે પણ દુર્ગતિને રોકનાર અને સદ્ગતિને આપનાર માની લે છે. માટે જૈન સિદ્ધાંતમાં આવો ભાવ આવે છે. આ ભાવ સૃષ્ટિના સર્જનમાં છે નહિ. અધિકરણ-સિદ્ધાંત જેણે માન્યો તેણે સ્વતંત્રતાનું સર્જન માની લીધું છે. આ ફળ દ્વારાએ સર્વવાદીઓ સ્વતંત્રતાના સિદ્ધાંતને વળગવા આવેલા છે. તેથી તે વાત કહે છે.

માટે **શય્યંભવસૂરિએ** સાધુને સંયમમાં ચલાવવા હતા તેથી આ સ્વરૂપ કહ્યું, ફળ નહિ એવો 'ધર્મ' શબ્દ માત્ર લીધો, પણ 'ધર્મ' શબ્દ માન્યાથી ધર્મનું કાર્ય ન થાય. ત્યારે ધર્મ સ્વરૂપે હોવો જોઇએ. તે શી રીતે જણાય? તો તેને માટે ત્રણ વસ્તુ. બાળક પ્રીતિ બાહ્યમાં જ કરે છે, એટલે જે વર્તન તેને દેખે છે. મધ્યમ બુદ્ધિ લિંગ દેખે છે આચાર, વિચારને દેખે. જે આગમ તત્ત્વની પરીક્ષા કરે તે પંડિતો. તેને ધર્મના ધોરી ગણવામાં આવે. તેમની દૃષ્ટિ કઈ હોય? માત્ર વચન ઉપર લીન હોય માટે **'वचनाराधनया खलु'**. સિદ્ધાંતો માટે એક જ માર્ગ. વચનની આરાધના તે જ 'ધર્મ'. હવે વચનની આરાધનાથી ધર્મ કઈ રીતે? તેનું સ્વરૂપ, વિષય શું? તે જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૧૩

### આર્યનું લક્ષણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ

જગતભરમાં આર્ય પ્રજા માત્ર ધર્મને માનનારી છે. તેથી શ્રુતકેવલી ભગવાન **ભદ્રબાહુસ્વામીજીએ** જનસમુદાયની અપેક્ષાએ આર્ય ને અનાર્યનું લક્ષણ કરતાં જણાવ્યું કે જ્યાં ધર્મ એવા શબ્દો સ્વપ્ને પણ ન હોય તેને 'અનાર્ય કહેવો. **धम्मोत्ति अक्खराइ०**–ધર્મ એવા શબ્દો સ્વપ્ને પણ ન હોય. સ્વપ્ન ક્ષેત્રને ન હોય, પણ મનુષ્યને હોય; માટે મનુષ્યસમુદાયને અંગે આ લક્ષણ. આપણને 'આર્ય' શબ્દ તરફ દોરે, કેમકે જગતમાં પણ શબ્દ પ્રસિદ્ધ હોય તો તેનો પદાર્થ કોઈ વિચારવા બેસતો નથી, પણ શબ્દનો સીધો વ્યવહાર દુનિયા કરે છે.

### આર્ય શબ્દની સમજણ

જગતે અને જૈનેતરોએ 'ઇશ્વર' એવો વ્યવહાર કર્યો પણ તે સર્વજ્ઞ, વીતરાગ છે માટે પરમેશ્વર માનીએ છીએ તેમ નથી રાખ્યું પણ જગત કરીને ચાલ્યા માટે પરમેશ્વર માને છે. પણ તેનું સ્વરૂપ કયું ? તે અંગે વિચાર ન કરે. 'આર્ય' શબ્દ દરેકના ખ્યાલમાં છે ને દરેક વાપરે છે. પોતે 'આર્ય' કહેવડાવવા માંગે છે, પણ 'આર્ય' શબ્દ કેમ બન્યો તેનો ખ્યાલ નથી. માટે જણાવે છે કે–**आराद्–हेयधर्मेभ्यो याताः–प्राप्ताः उपादेयधर्मैरित्यार्याः (प्रज्ञा० पृ० ५५)** પહેલેથી છોડવા લાયક વસ્તુથી દૂર રહેલા તે 'આર્ય'. આપણે હિંદુને માટે લઇએ તો જન્મથી માંસ, મદિરાથી દૂર રહેલા. જૈન અંગે લઇએ તો જન્મથી રાત્રિભોજન, કંદમૂળથી દૂર રહેલા. તેમ આર્યમાં જે જે પાપનાં કારણો તેનાંથી દૂર રહેલા છે તે માટે આર્ય. પાપથી દૂર રહેવું–ધર્મમાં તમન્નાવાળા રહેવું.

**આરાદ્૦** આ વિચાર કરીએ ત્યારે **ભદ્રબાહુસ્વામીએ** જે લક્ષણ કર્યું કે અનાર્યથી ભિન્ન તે 'આર્ય'. જેમાં ધર્મ એવા અક્ષરો સ્વપ્ને પણ ન હોય તે જનસમુદાય 'અનાર્ય'. અને જેને ધર્મની તમન્ના હોય તેને 'આર્ય' કહીએ. માટે આર્ય માત્ર ધર્મની ઇચ્છાવાળો છે, પણ ધર્મ તે ઇન્દ્રિય અને વ્યવહારનો વિષય નથી.

**મતભેદ ક્યાં હોય ?**

જગતમાં ઇન્દ્રિય અને વ્યવહારના વિષયમાં કોઇને મતભેદ હોતો નથી. ચાહે પૂર્વ છેડાથી પશ્ચિમ છેડે જાઓ. ત્યાં બેને બે 'ચાર' કહેશે પણ કોઈ 'પાંચ' નહિ કહે. તેમ ગોળને મીઠાશવાળો અને લવણને ખારું કહેશે, પણ બીજું નહિ કહે. માટે તેમાં મતભેદ નહિ પડે. પણ જગતમાં જે બુદ્ધિનો વિષય હોય કે જે અક્કલનો વિષય હોય ત્યાં મતભેદને અવકાશ છે. તમારે બજારમાં કોઇને મંદી અને કોઇને તેજી લાગે તેમાં મૂર્ખો કોણ? બેય રાજા પરસ્પર લઢે છે; બેય જીતનારા છે. એકેને હારવાનું લાગતું નથી. તેથી જણાવે છે કે ભવિષ્યના, અક્કલ-બુદ્ધિના વિષયમાં મતભેદ હોય છે પણ મતભેદ ન હોય તેમ નથી. ઇન્દ્રિય અને વ્યવહારના વિષયમાં મતભેદ રહેલો છે. તો પછી આ તો 'ધર્મ' શબ્દ. એ ઘણો સહેલો પણ તેના દાખલા, ગુણ વગેરે વિચારીએ ત્યારે મુશ્કેલ.

**ધર્મનું નિરૂપણ કોણ કરી શકે ?**

પહેલા તો આ આત્મા 'જીવ' પદાર્થ દેખે. જ્યારે શુદ્ધ પરિણતિ થાય તેને ધર્મ અને અશુદ્ધ પરિણતિ થાય ત્યારે તેને અધર્મ માનનારો થાય. પણ 'જીવ' પદાર્થ ન દેખે

તો શુદ્ધને શુદ્ધ અને અશુદ્ધને અશુદ્ધ કહી શકે ક્યાંથી? હવે ધર્મ, તેનાં અનુષ્ઠાનો ને તેના રિવાજો તે બીજાઓને અનુકરણ કરવાં પડે. કોને? જેઓ આત્માને સાક્ષાત્ જાણતા નથી તેમને. માટે ધર્મને કહેનારા હોય તેને સર્વજ્ઞપણું હોવું જોઈએ. તે સિવાય અરૂપી એવો 'આત્મ'–પદાર્થ જાણી શકાય નહિ. માટે જ કહે છે કે જે આત્માની પરિણતિ શુભ–શુદ્ધ થઈ કે અશુભ–અશુદ્ધ થઈ તે ન જાણે તો પછી આત્માએ શું પરિણામ નીપજાવ્યું તે તો ક્યાંથી જાણે? માટે ધર્મનું નિરૂપણ કરી શકે તો કેવલ સર્વજ્ઞ વીતરાગ ભગવાન; તે સિવાય ધર્મનું નિરૂપણ કરવાનો કોઈને હક નથી. જેઓએ પોતાના પરમેશ્વર માન્યા છતાં તેને સર્વજ્ઞ ન માન્યા હોય તેવા લોકો જીવને જાણતા નથી. અને તે જીવો ધર્મની વાત કરે તે પારકું સાંભળીને–અનુકરણ કરીને.

હવે અહીં તમે કહેશો કે સર્વજ્ઞ ધર્મ કહે તે સિવાય કોઈ જાણે નહિ અને જ્યારે જાણે નહિ તો ધર્મ કહી શકે નહિ! તો પછી તમે કેવલજ્ઞાની તીર્થંકરો સિવાયના વખતમાં શાસનને કેવી રીતે માનો છો? તારી વાત ખરી. પણ તીર્થંકર, અને સામાન્યકેવલી સિવાયનાને ધર્મનું નિરૂપણ કરવાનો હક નહિ તો શાસનને કેવી રીતે માનો? ત્યારે કહ્યું કે શાસન કેવી રીતે ચાલે છે તે તપાસ્યું! તો તીર્થંકરોએ જે સ્થાપેલું તે ચાલે છે, પણ સ્થપાતું નહિ. ત્યારે સ્થાપેલામાં પણ તે કહી ગયા છે તે અમે કહીએ છીએ. માટે **'जिणपन्नत्तं तत्तं'** આપણું નહિ, હું કહું છું તે પણ નહિ; પણ આ કહે છે તે આપણે કહેવું પડે છે. જ્યારે કોઈ કહે કે હું કહું

છું તે વખતે આપણે પૂછીએ કે મહારાજ ! આ કયા શાસ્ત્રમાં ? માટે અમે તો શાસ્ત્રના અનુસારે બોલવાને બંધાયેલા છીએ તેથી તમે પૂછોને કે કયા શાસ્ત્રમાં ? તમે જૈન સાધુને પૂછો કે કયા પુરાણમાં ? તો તે કહેશે કે હું કહેવા બંધાયેલો નથી. પણ કોઈ પંચાગી સૂત્રમાં લખ્યું છે ? તો તેનો ઉત્તર દેવો પડે કે ફલાણા શાસ્ત્રમાં છે. ત્યારે કેવલજ્ઞાનીને શાસ્ત્રમાં આમ કહ્યું છે માટે હું કહું છું તેમ નહિ પણ "**मए पन्नत्तं**" મેં કહ્યું (હું કહું છું).

જીવાદિના મૂળ તત્ત્વોનું નિરૂપણ જેમ સર્વજ્ઞોનું છે તેમ ધર્મનું નિરૂપણ સર્વજ્ઞોનું છે. જે આત્માને શુભ, અશુભ, શુદ્ધ, અશુદ્ધ પરિણતિ શાથી થાય તે જાણે, તેનાં ફળો જાણે, તેમજ કર્મ કેવી રીતે બંધાય છે, કર્મ કેવી રીતે નાશ પામે છે, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવ કઇ રીતે થાય છે તે બધી વસ્તુ જાણે તેથી તેને નિરૂપણ કરવાનો હક્ક છે. આપણે તો તેને નામે હવાલો નાંખનારા છીએ. જેમ શેઠનો મુનીમ ચાહે તેટલી લેવડદેવડ કરે પણ લખાવે શેઠના નામે. તેમ અહીં ચાહે તેટલું નિરૂપણ કરે પણ તે તેમના નામે. ધર્મ તત્ત્વ આર્ય માત્રે ઇચ્છેલું છે, પણ તે પ્રગટ કરવાની તાકાત કોની ? તે જાણવાની તાકાત કોની ? કેમકે તે કહેનારની યોગ્યતાને વિચારવા તૈયાર નથી. કોણ ? જૈનેતરો. તેઓ એ વિચારવાને તૈયાર નથી કે જીવને શુભ, અશુભ, શુદ્ધ, અશુદ્ધ પરિણતિ અને પરિણામ થાય તે જીવનું સ્વરૂપ છે, પણ તેને જાણવાની તાકાત ન હતી, છતાં સર્વજ્ઞ માનવાને તૈયાર છે. કોઈપણ પોતાના પરમેશ્વરને અપૂર્ણ માનવા તૈયાર નથી.

પછી ચાહે તે આસ્તિકો લો. તે બધા પૂરો માનવાને તૈયાર છે. તેમને જ્ઞાનમાં અધૂરો માનવો પાલવતો નથી.

**કર્મના બંધનાં દ્વાર**

જ્ઞાનને રોકનારાં કર્મો બંધાય શાથી? રાગદ્વેષની પરિણતિથી. બીજાં કર્મો તે તો પગથિયાં છે. ખરેખર બંધનું દ્વાર રાગ ને દ્વેષ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયાદિ કર્મ બંધાય તે રાગ ને દ્વેષ દ્વારાએ. સર્વ કર્મની સ્થિતિ રાગદ્વેષ વગરની હોય નહિ. **जोगा पयडिपएसं ठिइअणुभागं कसायाओ ॥ (कर्म० ६, गा० ९६)**

**કર્મબંધ ક્યારે ન થાય?**

જોગની પ્રવૃત્તિ એટલે કષાય અને ઇન્દ્રિય વગરના વિચારો, સાધ્ય વગરના વિચારો અને તે વગરના આચારો અને તે વગરના ઉચ્ચારો ટકાઉ કર્મ બાંધી શકતા નથી. પણ તે કેવાં બાંધે? જેમ સુક્કી ભીંત હોય અને તેના ઉપર કાંકરીની મુઠીના જેવાં. જેમ તે કાંકરી ભીંતને લાગી નહિ તેમ અહીં પણ જ્યાં કષાયની, પ્રમાદની ને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ નથી ત્યાં આગળ આચાર, વિચાર, ઉચ્ચાર થયે કર્મ બંધાય ખરાં પણ તે કેવાં? સુક્કી ભીંત ઉપર નાખેલી કાંકરી જેવાં. જેમ તે કાંકરીની મુઠી ભીંત ઉપર નાંખી તે જેમ એક મિનિટ (minute) પણ ભીંતને ચોંટતી નથી તેમ કષાય, પ્રમાદ, ઇન્દ્રિયોથી કર્મ ન ભરાય. પછી ભલે મનથી, વચનથી, કાયાથી વિચારો, ઉચ્ચારો, પ્રવૃત્તિ થાય, પણ તેથી જે કર્મ આવ્યાં તે ચાલ્યાં જવાનાં. તેથી કર્મને ટકવાનું સ્થાન નથી. કર્મને રસ્તા કોણ બતાવે? કષાય અને ઇન્દ્રિયો.

ઇન્દ્રિયોની આસક્તિ અને કષાયનો વેગ તે વગરના પરિણામ હોય તો કર્મબંધ થતો નથી. એક આંખ મીંચીને ઊઘાડીએ તેટલામાં અસંખ્યાતા સમયો વીતી જાય. એ ઉચ્ચારણનો અસંખ્યાતમો ભાગ તે કેટલો બારીક? તેમાં બંધાયાં, ભોગવ્યાં અને તૂટયાં. કેવાં? જેમાં કષાય અને ઇન્દ્રિયની પરિણતિ ન હોય અને આચાર, વિચાર, ઉચ્ચાર પ્રવર્તતાં હોય તેવાં.

**હિંસા પાપનું સ્થાનક છે, પાપ નહિ.**

આ વાત વિચારશો તો તમે સમજી શકશો. પહેલા પાપસ્થાનકમાં પ્રાણાતિપાતનું સ્થાન. તમે અઢાર પાપસ્થાનક કેમ બોલો છો, પાપ બોલોને? માટે કહે છે કે ઇન્દ્રિય અને કષાય મળે તો હિંસાથી પાપ થાય. તે ન મળે તો આપો-આપ રોકાય. એક માણસ સવારે સામાયિક કરવા બેઠો છે. તે વખતે કોઈ આચાર્ય મહારાજ આવે છે. તે વખતે એક માણસ કહે કે મારે સામાયિક છે, માટે હું જતો નથી; પણ જેને સામાયિક નથી થતું તે સામો જાય છે. તો તે બેમાં આરાધક કોણ? તેમજ મહાફળ કોને મળે? "**महाणस्स समणस्स वा**" ત્યારે કહે છે કે સામા જનારના ફળનો પાર નહિ, તો તે કયાંથી આવ્યું? પૂંજો તેટલી ક્રિયા થઈ. તેમાં તો તમે શામાં વધશો? પડિલેહણ કરશો કે નહિ? શા માટે? ત્રસની જયણા અને સ્થાવરની જયણા થાય પણ તેની વિરાધના ન થાય તે બુદ્ધિથી પડિલેહણ. પાત્ર પડિલેહણ તે નિર્જરાનું કારણ. આંખ મીંચીને ઊઘાડે તેટલામાં કાયિક, વાચિક ને માનસિક એ ત્રણ ક્રિયા લાગી

કે નહિ ? પૂંજણીમાં તો તે ધર્મની ક્રિયા કે પાપની ? માટે જણાવે છે કે ધર્મના નામે પાપથી ભરમાવતા હોય તેને કહીએ કે તમે પૂંજણીથી પડિલેહણ કર્યું તે ધર્મની બુદ્ધિથી કે પાપની બુદ્ધિથી ?

માટે મહાનુભાવ સમજ કે ધર્મની બુદ્ધિએ મહાપાપ ક્યાં ? જે યજ્ઞ આદિ ધર્મો જેમાં પંચેન્દ્રિયનો વધ થતો હોય તેવો યજ્ઞ જેઓએ માન્યો તેથી આ જાનવરો પેદા કર્યાં ને તે યજ્ઞમાં હોમવા માટે કર્યાં. માટે યજ્ઞમાં જે હિંસા થાય તે હિંસા નથી. હિંસા કરતાં ધર્મ અને ધર્મ કરતાં હિંસા થાય તેમાં ફરક. સાધુ માટે અસૂઝતું કર્યું. કેમ ? તમે ચૂલો શાંત કર્યો હતો ત્યાર પછી સાધુમહારાજ આવ્યા. તેથી તેને નવેસરથી ચૂલો સળગાવ્યો, તો આને એકાંતે મહાફળ થયું કે નહિ ? ત્યારે સૂત્રના નિયમે અલ્પ પાપ અને બહુ નિર્જરા થઈ કહેવું પડશે. [1]**ભગવતીજી**માં ને **ઠાણાંગજી**માં પણ અનેષણીઅ, અફાસુ આહારાદિ સંયમીને વહોરાવે તો બહુ નિર્જરા ને અલ્પ પાપ કહ્યું છે. હવે તું કહે કે આ બહુ નિર્જરા કોના ઘરની ? ધર્મના નામે હિંસાથી બહુ પાપ થતું હોય તો આ બહુ નિર્જરા શાથી ? માટે હિંસા પાપનું સ્થાનક છે પણ પાપ નથી.

---

**समणोवासगस्स णं भंते ! तहारूवं समणं वा माहणं वा अफासुएणं २ असणं ४ पडिलाभेमाणस्स किं कज्जइ ?, गोयमा ! बहुतरिया निज्जरा कज्जइ अप्पतरे से पावे कम्मे कज्जइत्ति (भ॰ टी॰ पृ॰ २२६)**

## દહેરાવાસી કે મંદિરમાર્ગી ?

સ્થાનક શા માટે ? સ્થાનકવાસીનો અર્થ શો ? પાપ-સ્થાનકને અંગે સ્થાનક પ્રસિદ્ધ છે. શાસ્ત્રની અપેક્ષાએ સ્થાનકવાસી કહેનારા શું પોતાને તેના સરખા ગણે છે ? કારણકે એક ઇતર માને પણ જ્યાં બે સંબંધી જ્ઞાન હોય ત્યાં જોડે ને જોડે રહેનારા હોય તો જોડે યાદ આવી જાય. જેમ રામ યાદ કરો એટલે લક્ષ્મણ, સીતા આવી જાય. પાપ-સ્થાનકમાંના 'સ્થાન' શબ્દને પકડયો તેથી બીજો શબ્દ કયો યાદ આવે ? પાપ. પાપ અને સ્થાનક એટલે તેમાં વસનારા. આપણામાં પણ કેટલાક તેમનું જોઇને 'દહેરાવાસી' શબ્દ વાપરે છે. પણ તેમને પૂછીએ કે તમે 'દહેરાવાસી' ક્યાંથી થયા ? 'મંદિરમાર્ગી' કહો તે તો ઠીક છે. તેઓએ તમારે માટે 'દહેરાવાસી' કહ્યું તે તમે કબૂલ કર્યું. કેમ ? તેઓ 'સ્થાનકવાસી' બન્યા તેથી તમોને 'દહેરાવાસી' કહેવા લાગ્યા.

## ભાટ અને ચારણ

જેમ રસ્તામાં એક ચારણ જતો હતો. ત્યાં રસ્તામાં ભાટ મળ્યો. ત્યારે ચારણે પૂછયું કે તમે કોણ છો ? ત્યારે પેલાએ કહ્યું કે હું ભાટ છું. ત્યારે ચારણે મશ્કરી કરતાં કહ્યું કે–"ભાટ ભાટ ભાટુડો ગળે બાંધ્યો ચાટુડો". તેથી તમે ખુશ થાવ પણ તે ચારણ માફક બોલી ન જાણો. પણ ભાટે પોતાની મશ્કરી થયેલી જાણીને તેને પણ ચારણને કહ્યું કે– "ચારણ ચારણ ચારણિયો ગળે બાંધ્યું ઘંટીનું પૈડું." કહો આમાં કવિતા છે ? ના. સામો બોલ્યો એટલે આપણે પણ બોલવું. તેમ સ્થાનકવાસીએ તમને 'વાસી' શબ્દ જોડી

'દહેરાવાસી' કહ્યું. તમે તે કબૂલ કરી લીધું. ઓઢી નાંખેલી મૂર્ખાઈ કોણે ઊભી કરી? પેલાઓએ ભૂલ કરી તેથી.

### 'સ્થાનક' શબ્દનો ઉપયોગ

સ્થાનક શબ્દો ક્યાં જોડાય? અઢાર પાપનાં કારણો છે તેથી પાપ સાથે–દુઃખ સાથે જોડાયો છે.

હવે તને પૂછીએ કે સામાયિકવાળો આરાધક કે સામો જવાવાળો તે બોલને? શાસ્ત્રકારે અલ્પ પાપ અને બહુ નિર્જરા કેમ કહી? પણ તારે અંગે સામા આવનારે તો ધર્મને અંગે પાપ કર્યું ગણાયને? તેથી તમારે બધી છૂટ એમને? માત્ર ભગવાનનું નામ ન આવવું જોઇએ. માત્ર ભગવાનનાં વચનો. તમારા સામા આવે તેનો નિષેધ કર્યો? તમને દીક્ષા, મરણના વરઘોડા કબૂલ પણ ભગવાન ન જોઇએ. ત્યારે તે લોકો વેરી કોના? ભગવાનના, બીજાના નહિ. તેઓ એને જ 'ધર્મ' ગણે છે. આ ધર્મ નહિ ગણનારો સામા જવાને પાપ ગણે છે? ના. પણ મોટું ફળ ગણે છે.

### રેવતીનું ઉદાહરણ

**મહાવીર** મહારાજ માટે **રેવતી**એ પાક કર્યો તેથી તેણે નરકનું આયુષ્ય બાંધ્યું કે નહિ? અને તે નરકમાં ગઈ કે નહિ, તે જણાવને? **મહાવીર** મહારાજ કેવલજ્ઞાની હતા તો તેમને રોકી કેમ નહિ? છતાં **રેવતી** આવતી ચોવીસીમાં તીર્થંકર થશે ખરૂંને? શાથી? તીર્થંકર માટે કર્યું તેથી. તમારે હિસાબે તો નરકમાં રખડીને દમ નીકળી જવો જોઇએ ને? પણ તીર્થંકર શાની? બીજા સાધુઓ અજાણતાનો લાભ લઇ શકે. અહીં તેવું નથી તો પછી તે કેમ

ડૂબી નહિ ? કહો કે ધર્મને માટે છે તેથી. કાકાકાકી, મામામામી વગેરેને માટે હોય તો વાત જુદી છે આ તો મારે માટે તે પાક કર્યો છે. તે લેતાં રોકયા કેમ ? અને આવી રીતે રખડશે તેમ કહેવું હતું ને ? હિંસા એ જ જો પાપ ગણવા જઇએ તો ક્ષીણમોહી થયા છતાં ક્રોડ સુધી રહે તે શું ? કેવલી થયા પછી ફૂલ વગેરે નાંખ્યાં. જોજન જોજન સુધી ભૂમિ સાફ કેમ દેવતાએ કરી હશે, તૃણ, ઘાસ વગેરે બધું કેમ કાઢી નાખ્યું હશે વગેરે આ બધું કોના અંગે ? શું બૈરી છોકરાને અંગે ? વળી તારી અપેક્ષાએ બધા નરકે જવા જોઇએ ને ? ત્યારે ધર્મને અંગે કર્યું તેથી તે કર્યુંની દશામાં આવવાના. ભગવાન પોતે દક્ષિણ દિશાના નારકનો નિષેધ કરે કે નહિ ? પાપસ્થાનકના શબ્દનો ઉચ્ચાર નથી. હિંસાને પાપ માન્યું પણ 'સ્થાનક' માનવાનું હતું તે ન માન્યું. પાપસ્થાનક એટલે પાપનું રહેવું. સ્થાનકમાં તો કોઈ હોય પણ ખરૂં કે ન પણ હોય. હિંસા વગેરે પાપના સ્થાનક કેમ ? પરિણામ ઇન્દ્રિયની આસક્તિ અને કષાયના વેગના હોય તો બંધાવે, નહિ તો ન બંધાવે. માટે 'સ્થાનક' શબ્દ કહ્યો.

## જીભને હાડકું નથી

મૂળ વાતમાં આવો. યોગની પ્રવૃત્તિ થવાથી અને આહારાદિથી કર્મ આવી ગયું તો પણ તેમાં ઇન્દ્રિય અને કષાયો ભળ્યા ન હોય તો તે કર્મ ટકી શકતું નથી. પણ જેમાં ભળ્યા હોય તો તે કર્મ ખસી શકતું નથી. સર્વજ્ઞ કોણ હોઈ શકે ? જેને જ્ઞાનાવરણીય કર્મ બંધમાં ન હોય

ને ઉદીરણામાં પણ ન હોય. ઉદીરણાના કારણભૂત, ઉદયના કારણભૂત એવા રાગદ્વેષ ન હોય તે જ સર્વજ્ઞ હોઈ શકે. તે સિવાય બીજા સર્વજ્ઞનો દાવો ભલે કરે. કેમ? મોઢેથી બોલવામાં વાંધો કોઇને નથી. કારણકે જીભમાં હાડકું નથી. તદ્દન કર્મના ભરેલા હો અને બોલો કે હું 'સર્વજ્ઞ' છું. તે બોલવાથી કાંઈ ગોદો વાગતો નથી. આટલા જ માટે આડું-અવળું બોલાય છે. સર્વજ્ઞ હોય ક્યાં? જ્યાં રાગ ને દ્વેષ ખસ્યા હોય ત્યાં. વળી જ્યાં ઇન્દ્રિય અને કષાયની પરિણતિ ન હોય ત્યાંથી રાગ ને દ્વેષ ખસે; જ્યાં ઇન્દ્રિય અને કષાય ન ખસે તો ત્યાંથી રાગ ને દ્વેષ ખસે નહિ. પણ તેથી કર્મબંધ હોય અને કર્મબંધ હોવાથી સર્વજ્ઞ ન હોય. જેઓ સર્વજ્ઞપણાનો દાવો કરનારા હોય તેને વીતરાગપણું પહેલાં મેળવવું પડશે.

આપણામાં 'સર્વજ્ઞ' શબ્દ નહિ વાપરતા 'વીતરાગ પરમાત્મા' શબ્દ વધારે વખત વાપરીએ છીએ. **પંચસૂત્રીમાં** મંગળાચરણમાં **नमो वीयरागाणं** કહ્યું છે. આટલા માટે જ **હરિભદ્ર**સૂરીશ્વરજી જેવા કહે છે કે આવા અપાયાપગમાતિશય, પૂજાતિશય વગેરેવાળા તે 'વીતરાગ'. વીતરાગ વગર સર્વજ્ઞપણું હોતું નથી. સર્વજ્ઞપણા વગર ધર્મનું જાણવું હોતું નથી અને આથી જ આવા વીતરાગપણા વગર ધર્મનું કહેવું હોતું નથી.

**વીતરાગ પરમાત્માનો તડાકો**

જૈન ધર્મ કહેનારા, નિરૂપણ કરનારા વગેરે માનીએ, તેને સર્વજ્ઞ વીતરાગ માનવા પડે. હવે તેઓ તેવા હતા તે

શાથી માનવું ? આપણે જિન, વિષ્ણુ, મહમદ, બ્રહ્મા વગેરે દેવતા છે તેમાં ભગવાન કયા તે આપણે શું જાણીએ ? અને તેને પત્થર માનો કે બીજું કંઇ ? આ આવા છે અને આ આવા છે તે કહેવાનો હક્ક શો ? આપણે મકાનમાં સૂતા છીએ, બાર વાગ્યા છે તેવામાં વાઘનો બૂમરાટો આવ્યો. તેથી 'વાઘ આવ્યો' કેમ બોલો છો ? તમે દેખ્યો નથી છતાં આવ્યો શાથી બોલ્યા ? અવાજ દ્વારાએને ? તેનો અવાજ જગતથી વિચિત્ર હોવાથી જણાય. વાઘને ઘૂઘવાટા અને સિંહને તડાકા દ્વારાએ વગર દેખ્યો જાણ્યો તેમાં શંકા રહે છે ? સાપના લીસોટામાં આપણને શંકા રહે છે પણ વાઘના ઘૂઘવાટ અને સિંહના તડાકામાં શંકાને અવકાશ નથી. શબ્દ એવી ચીજ છે કે પોતાના સ્વરૂપને પહેલા જણાવે. તેમ અહીં સર્વજ્ઞ, વીતરાગ પરમાત્માને દેખ્યા નથી પણ તેમનો તડાકો તૈયાર છે. કયો તડાકો ? ધર્મનું નિરૂપણ. ધર્મને નિરૂપણ કરનારાં જે વચનો છે તે સિંહના તડાકા જેવાં તૈયાર છે. ધર્મ એ એક જ એવી ચીજ છે કે આ વચનથી–તેની આરાધનાથી ધર્મ થઈ શકશે.

હવે એક વાત વિચારો. દેવ, ગુરુ અને ધર્મનું આરાધન સીધું નહિ કહેતાં વચનને કયાંથી પકડયું ? દેવની અસલ જડ, ગુરુની અસલ જડ અને ધર્મની અસલ જડ હોય તો તે 'વચન' છે. વચન વગર એ ત્રણની કોઈ જડ નથી. તો હવે વચન એ બધાની જડ કેમ ગણી ? અને તેની આરાધનામાં ધર્મ કઈ રીતે થાય ? એ અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૧૪

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારભરમાં સર્વ આસ્તિક વર્ગ ને સર્વ આર્ય વર્ગ ધર્મની ચાહનાવાળા છે. કોઈ પણ જીવનને 'મહેલ' બનાવવાવાળો મનુષ્ય ધર્મને માન્યા વગર રહે નહિ, પણ જેને જીવન જેલરૂપ બનાવવું છે તે ધર્મને ન માને. કેમ ? કેદીની દૃષ્ટિ મકાનની આગળપાછળ ન જાય, કારણકે તે કેદખાનું છે. જેઓએ આ જીવનની બહાર દૃષ્ટિ ફેરવી નથી તેમને તો ઉત્તર પૂર્વ વગેરે ભવોમાં ફેરવી ક્યાંથી હોય. કેમ ? તો પહેલાં આ જીવન શાથી મળ્યું ? આનું ફળ શું ? તે જેને વિચાર્યું નથી એટલે કે મનુષ્યો ગયા જીવન ઉપર વિચાર કરતા નથી. ગયા જીવનમાં જેણે દૃષ્ટિ ફેરવી નથી, જેની જતી નથી, જેણે આવતા જીવન ઉપર દૃષ્ટિ ફેરવી નથી, જેની જતી નથી. તે આ ભવને જ દેખે છે. માટે ભવની કોટડીમાં દેખનારો તે 'કેદી.' આ ભવની કોટડીમાં તો જાનવરો પણ દેખે છે. જાનવરો પોતાનાં સુખ, સ્થાન, શરીર અને સંતાનોનું રક્ષણ કરે છે.

### મનુષ્યપણાની વિશેષતા

આ જન્મને અંગે જાનવરો, પશુ, પંખી બધાં પણ વિચાર ધરાવનારા હોય છે. તો પછી મનુષ્યપણામાં અધિકતા શી ? દુનિયાદારીની દૃષ્ટિએ શાસ્ત્રકાર ગર્ભજ મનુષ્યમાત્રને વિચારવાળા ગણે છે. પણ તે કોની દૃષ્ટિએ ? જગતના

વ્યવહારની, પણ તત્ત્વદૃષ્ટિએ નહિ. તત્ત્વદૃષ્ટિએ ગર્ભજ મનુષ્ય, દેવતા, નારકી કે ગર્ભ તિર્યંચને વિચારવાળા ગણવા તૈયાર નથી. એકે એક દેખતો છે, આંધળો નથી. ગયો અને આવ્યો. બીજો કહે અથડાયો ત્યારે કહે કે દેખે છે કે આંધળો છે? શાથી? આંખનું કામ જોવાનું છે, છતાં કામ ન કર્યું. દેવતામાત્ર નારકીમાત્ર મનવાળા હોય, પણ એકે દેવતા કે નારકી મન વગરનો અસંજ્ઞી ન હોય, ત્યારે બધા મનવાળા, વિચારવાળા દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા છતાં દુનિયાદારીમાં, શાસ્ત્રની દૃષ્ટિમાં નહિ. કેમ? જેમને ભૂત, ભવિષ્યની જીંદગીનો, આત્માનો, તેના સ્વરૂપનો, તેની મલિનતાનો, નિર્મળતાનો, પરમ દશાનો વિચાર ન હોય તો તેમને કર્યું શું? વિષયોને અંગે તો અત્યારે વિચારવાળો છે. તે વિચારો વિકલેન્દ્રિયને છે. અહીં પતાસું હોય તો તેની દરથી લાઈન લાગે પણ ફેંકો તો લાઇન તૂટી જાય. ગોળની કાંકરી મૂકો તો માંખી આવે પણ ફેંકી દો તો બધી ભાગી જાય. વિષયના વિકારો જો સંજ્ઞાનાં કારણો હોય તો એ વિકલેન્દ્રિયમાં હતાં. મનુષ્ય કરતાં વિકલેન્દ્રિયમાં એક એ અપેક્ષાએ વધારે છે. કીડીમાં ગંધ પારખવાની જેટલી તાકાત છે તેટલી આપણામાં નથી.

## દીર્ઘકાલિકી સંજ્ઞા અને તત્ત્વદૃષ્ટિમાં ભેદ

પ્રાચીન કાળમાં રાજાઓ ખાવા બેસતા ત્યારે ચકોર પક્ષી રાખતા. કારણ? તેનો એવો સ્વભાવ કે ઝેરી વસ્તુ હોય તો રાડારાડ પાડે. તમને **સમરાદિત્યને** અંગે માલમ હશે. કેમ? જ્યારે ઝેર દેવું હતું ત્યારે પરચુરણ ખાણા તરીકે વડાં કર્યાં. ભોજન કરી લીધું. ચકોરને ખસેડ્યો પછી

પેલી ઝેરી ગોળી આપી દીધી ત્યારે પેલો પક્ષી દેખવા માત્રથી ઝેર પારખનારો. આપણે મનુષ્યોમાં છતાં સૂંઘવામાં કે ગળીવાળું ઝેર હોય તો તે સીધું ચાલ્યું જાય-અસર કરે. અર્થાત્ વિષયની દૃષ્ટિએ કીડી, માંખો જેવી છે તેવી દૃષ્ટિને આપણે પહોંચીએ તેવા નથી. હવે જો આપણે પરભવનો વિચાર ન કરીએ તો આપણે કઇ દૃષ્ટિવાળા? તમે વિચારવાળા થયા એટલે શાસ્ત્રકારે દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા કહ્યા. પણ તત્ત્વદૃષ્ટિવાળા ન કહ્યા. પણ જેઓને પહેલાંની અને પછીની જીંદગીનો વિચાર હોય તેને વિચારવાળો ગણે છે. એ વગેરે-વાળા માટે આ 'સંજ્ઞા' શબ્દ રાખ્યો. કોને? તો મારો આત્મા ઉત્પન્ન થવાવાળો છે. આ કેટલાકને માલમ નથી હોતું. હું પૂર્વ પશ્ચિમ વગેરેમાંથી આવ્યો છું; અહીંથી જવાનો છું. આ વિચાર અને સંજ્ઞા કેટલાકને હોય છે. માટે કેટલાકને દીર્ઘકાલિકી સંજ્ઞાએ વિચારવાળા ગણ્યા. છતાં શાસ્ત્રકાર આય દે-ભૂતની ભવિષ્યની જીંદગી માટે વિચાર તેને વિચારવાળા ગણે છે. તે જેને ન હોય તેને 'સંજ્ઞા' નથી હોતી. અહીં ઓઘ-હેતુવાદિકી કે દીર્ઘ-કાલિકી ન લીધી. આપણને પૂર્વાપર ભવનું અવલોકન, પૂર્વાપર જીંદગીનો વિચાર ન આવે પણ અમે મનુષ્ય છીએ તેમ કહેવા તૈયાર છીએ. તમે મનુષ્ય કેમ? ઓસવાળ, પોરવાડ, શ્રીમાલી તે કુળમાં જન્મ્યા માટે તમે મનુષ્ય શાના? એનો જ પ્રશ્ન મનુષ્યને છે, આ નરભવ તમોને કેમ મળ્યો? પેલાને કેમ ન મળ્યો? પણ આ તો વિચાર-વાળા હોય તે વિચારે. ગયા ભવમાં મનુષ્ય-ગતિ, મનુષ્ય-આયુષ્ય ને સાતાવેદનીય કર્મ બાંધેલાં છે તેથી તું આ મનુષ્ય થયો છે. કષાયની અત્યંત મંદતા હોય તો દેવ થાય. તીવ્રતા

હોય તો નારકીમાં જાય. મંદતા હોય તો મનુષ્ય થાય. પરંતુ તેવાં ભાવોભવ જીવનનાં સાધનો ન હોય. ગતિ ને આયુષ્ય એ બન્ને મળ્યાં. ગર્ભમાં જન્મીને મરવા-વાળા તે મનુષ્ય-ગતિ અને મનુષ્ય-આયુષ્યવાળા છે? છે. પરંતુ તેની સાથે સાધન નથી.

## પરાધીન જીવન કોનું?

મનુષ્યપણું એવું છે કે પારકા સાધને ટકે; તે સિવાય ટકે નહિ. બીજા જીવો તો સ્વતંત્ર હક્કવાળા, ત્યારે મનુષ્યોનું પરાધીન જીવન. કેમ? પૃથ્વી વગર તમારે ચાલે કે તમારા વગર પૃથ્વીને ચાલે? પાણી વગર તમારે ચાલે કે તમારા વગર પાણીને ચાલે? અગ્નિ વગર તમારે ચાલે કે તમારા વગર અગ્નિને ચાલે? વાયુ વગર તમારે ચાલે કે તમારા વગર વાયુને ચાલે? તમારા વગર વનસ્પતિને અટકે કે વનસ્પતિ વગર તમારે અટકે? યાવત્ હાથી, ઘોડા, ગાય, ભેંસ આ બધાને તમારા વગર અટકે કે તેનાં વિના તમારે અટકે? ત્યારે કહો કે બધાંને તમારા વગર નથી અટક્યું પણ તમોને તેના વગર અટક્યું છે. આ કારણથી પરાધીન જીવન કોનું? પૃથ્વીકાયાદિનું કે તમારૂં? આ બધા પદાર્થોને તમારા વગર અટક્યું નથી, પણ આ બધા પદાર્થો વિના તમારૂં અટક્યું છે. તેથી તમારૂં જીવન કેટલી ગુલામીવાળું? તમે એવું કોઈ પુણ્ય કર્યું છે કે જેથી તે બધા તમોને આવી મળે છે. પૃથ્વી, પાણી વગેરે તમારી તાકાતે આવે છે કે તેમની ભૂલે આવે છે? કહેવું પડશે કે તે વસ્તુઓ તમારી તાકાતે કે તેમની ભૂલે આવતી નથી. તો આવે છે

શાથી ? કહો કે તમે પુણ્ય કર્યાં છે તેથી તે મળી રહેવાનાં.

હવે કોઈ કહે કે કર્મ જડ છે તો તે શું ફળ આપે? માટે ફળ દેનાર બીજો જોઈએ ને ? આવું કહેનારે ઉપર જણાવ્યું તે પ્રમાણે વિચારી લેવું. કર્મની તાકાત–તેમાં શુભ કર્મની તાકાત એટલી બધી છે કે બધાં સાધનો આવી મળે. આપણે મનુષ્યપણામાં જીવીએ ક્યારે ? આ બધાં સાધનો મળે છે ત્યારે. તે કોણ મેળવી દે ? જે નસીબ કે પુણ્ય માનો છો તે. જે જીવનમાં મદદગાર નથી, પણ વર્તનમાં મદદગાર અને સહકાર કરનાર છે. એકલા જંગલમાં હોઈએ અને તેમાં પણ મધ્યમાં હોઈએ તો શું થાય ? તેથી સહકાર. તેને લાયકનાં કર્મો કર્યાં હોય તો જ આ મનુષ્ય જીવનમાં આવવાનું બને, પણ કોને ? જેને આ વિચારવું હોય તેને. આવા વિચારવાળાને અમે 'વિચારવાળો' ગણીએ છીએ.

## વિચાર શામાં કરવો ?

"गतं न शोच्यं" ગઈ વાત ન વિચારવી. થઈ ગયેલું ન વિચારવું. સાધ્યતાથી નવું ઉત્પન્ન થયું તેમાં મનુષ્યપણું સિદ્ધ છે, માટે તેનો ઉપયોગ કેમ કરવો તે વિચારવાનું. આપણે જેવો મનુષ્યભવ, જેવું આયુષ્ય, જીવન અને નસીબ બાંધ્યાં તેવાં બંધાઈ ગયાં અને મળ્યાં. હવે એને ઉપયોગમાં કેવી રીતે લેવાં. જે વસ્તુ સિદ્ધ થઈ હોય તેનો ઉપયોગ કર્યા કરવો. તે વિચારવાનું હોય. જે ભવિષ્યકાળમાં થવાનું હોય તેને અંગે ઉપયોગનો અવકાશ જ આ ભવનાં કારણો છે, માટે ભવિષ્યના વિચાર આવતા ભવ માટે છે. ક્યાં કર્મો મનુષ્ય માટે છે, તેમજ ક્યાં સાધનો ને કયા સહકારો હું મેળવું એવો જેઓ વિચાર કરે તેઓને શાસ્ત્રકાર વિચાર-

વાળા મણે છે, માટે તમારી જીંદગીને 'મહેલ' બનાવો; જેલરૂપ છે તેને સુધારી નાખો. એકલો આ ભવનો વિચાર કરે. છોકરા તે ખાલી કરાવશે તેની ચિંતા. તું ખાલી થાય તેની ચિંતા. છોકરા પાસે ખાલી કરાવે તે ચિંતા. હજારો કર્યા છતાં પણ આ ખાલી થાય છે તેનું શું ? ત્યારે તેનું જ નામ 'જેલનું જીવન'. આ ખાલી થાય છે માટે બંદોબસ્ત કરૂં આવો વિચાર થાય ત્યારે તેને મહેલનું જીવન ગણ્યું.

પહેલામાં પહેલા એવા **આચારાંગમાં,** તેના પહેલા શ્રુતસ્કંધમાં તેના પહેલા અધ્યયનમાં, તેના પહેલા ઉદ્દેશકમાં અને તેના પહેલા સૂત્રમાં જણાવ્યું કે વિચારવાળા ક્યારે ગણ્યા, તો ભૂત અને ભવિષ્યનો વિચાર કરો ત્યારે. એટલે ભૂત અને ભવિષ્યનો જે વિચાર કરે તે 'વિચારવાળો' ગણાય. **इति** પ્રયોજન અર્થમાં છે તેથી માર્ગણાને અંગે સંજ્ઞાવાળા ગણાય; પણ તે વ્યવહાર પૂરતા, તત્ત્વથી નહિ. પરંતુ ભૂત કાળનું, ભવિષ્ય કાળનું જીવન તે વ્યવહારમાં આવે અને તેને અંગે વિચાર કરો તો 'વિચારવાળા' ગણાવ. આવી રીતે આર્યમાત્ર, આસ્તિકમાત્ર વિચારવાળો ક્યારે ગણાય ? ભૂત, ભવિષ્યના જીવનનો વિચાર કરે ત્યારે.

**જીવની તાકાત**

ભૂત કાળના જીવન માટે કહી શકીએ નહિ, પણ ભવિષ્ય કાળનું જીવન અમારા હાથમાં છે. જેના માટે પ્રયત્ન ન ચાલે તો તે માટે વિચાર કરવા શા કામના ? જે કર્તા-અકર્તા અને અન્યથાકર્તાવાળો હોય એટલે જે બનાવી શકતો હોય, રોકી શકતો હોય અને પલટાવી શકતો હોય-આ તાકાત

જેનામાં હોય અથવા તો આ ત્રણમાંથી એક તાકાત જેનામાં હોય તેનો વિચાર સફળ ગણાય, નહિ તો નકામો. અહીં તમને આવતો ભવ ખરાબ થતો હોય તો રોકવાની શક્તિ, તેમ આવતો ભવ સારો કરવાની શક્તિ અથવા તો ખરાબ થતો હોય તો સારો કરવાની શક્તિ. એમ ત્રણમાંથી એકે શક્તિ નથી તો પછી તમે આવતા જીવનનો વિચાર કરવાનો શાથી કહો છો? જે જીવમાં ત્રણ તાકાત માને તેજ આવતા જીવનને માટે કરી શકે.

## જૈન દૃષ્ટિએ જીવ અને દેવ

હવે કહે છે કે 'તાકાત નથી' એમ તને કોણે કહ્યું ભાઈ? આ જીવમાં આવતા ભવ માટે ત્રણ તાકાતો નથી તે કોણે કહ્યું? જીવને ગુલામ રાખવા સર્જ્યો હોય તે બોલે. આ જીવ એટલે શું? તે ચાહે તેવો હોય તો પણ 'ગુલામ'. જે ગુલામ હોય તેને જવાબદારી અને જોખમદારી નહિ. ખાણમાં જે મજૂરો મોકલો અને તેને મળેલા માલને અંગે જવાબદારી તેમજ મળેલા માલને અંગે ભોક્તાપણું છે? ના. ત્યારે તેને તો મજૂરી લઇને બેસી રહેવાનું છે. ત્યારે ખાણની જવાબદારી ને જોખમદારી કોની? તેના માલિકની, પણ મજૂરની નહિ. નોકર રાખ્યો હોય પછી ચાહે તો તેની પાસે નામું લખાવો કે ખેતરે મોકલો તો પણ તેની જવાબદારી અને જોખમદારી નહિ. તેવી રીતે જીવોને જેને માર્યા હોય તેવાને માટે તેવા માનનારા જીવો ત્રણે શક્તિમાં નથી. પરંતુ જૈન આલમ એમાં નથી, પણ તે જીવને જવાબદાર, જોખમદાર, તેમજ કરનાર, રોકનાર અને પલટાવનાર એમ ત્રણે માને છે. જૈન

આલમ સ્વતંત્રતાના સર્જનને માનનાર છે તેથી તે દેવ, ગુરુ અને ધર્મને સ્વતંત્રતાના સર્જન અંગે માને છે. સૃષ્ટિના સર્જનથી નહિ, પણ સ્વતંત્રતાના સર્જનથી. જે પુદ્ગલની પેટીમાં, કર્મના પાંજરામાં હતા તેમાંથી છૂટયા માટે દેવ. બીજાને છોડાવે છે તેથી દેવ.

### ધર્મ એ એક અપૂર્વ સાધન

ગુરુ—નાત, જાતિ વગેરેથી છૂટયા છે ને બીજાને છોડાવે માટે 'ગુરુ' માનીએ. દહેરામાં પેસીએ, બારણા આગળ ત્યાં નિસીહિ, નિસીહિ કહીએ છીએ. નરદમ કર્મની જાળ ખસેડો. પુદ્ગલની જંજાળ ખસેડો. દરવાજામાં પેસો ત્યારે ધર્મ સિવાય બધાને ખસેડો. સ્વતંત્રતામાં દેવ, ગુરૂ અને ધર્મપણું. જેઓ સૃષ્ટિના સર્જનપણામાં દેવપણું માનતા હોય તેને જાણ ન હોય, પણ સ્વતંત્રતાના સર્જનમાં માનતા હોય તો તે જીવને ત્રણ તાકાતવાળો માને છે. ત્રણ તાકાત કેવી રીતે અજમાવો છો? એક જ વસ્તુમાં ત્રણે તાકાત. અહિત દૂર કરે, પ્રકાશ કરે, પલટો કરે, આ ત્રણે કરો તો એક જ કે બીજું કોઈ? અમારી પાસે એવું સાધન છે કે જે ત્રણે વાનાં કરે: કરવું, રોકવું અને ઊથલાવવું. કયું સાધન? ધર્મ તે એક એવી ચીજ છે કે જે ભવિષ્યની સદ્ગતિને કરે, ભવિષ્યની દુર્ગતિને રોકે અને પહેલા અજ્ઞાનપણામાં જે કર્મો બાંધ્યાં હોય, પાપો કર્યાં હોય તેને ઊથલાવી નાંખે. માટે જ ધર્મને માન્યો.

**'दुर्गतिप्रसृतान् जन्तून्'** દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારે અને સદ્ગતિમાં સ્થાપે તેનું નામ 'ધર્મ.' ધર્મની

ઉત્કૃષ્ટ આરાધના લાયક કોઈ પણ ગતિ હોય તો તે મનુષ્ય ગતિ. ત્રણે શક્તિ ધર્મમાં છે. એક વાત વિચારવી કે હથિયારમાં શક્તિ, પણ ઉપયોગમાં કયાં આવે ? તો હથિયાર વાપરવાની હોશિયારીમાં, પણ જો હોશિયારી ન હોય તો નકામી. તેમ અહીં પણ ત્રણે તાકાત ધરાવે. દુર્ગતિમાં જતાં રોકવાની, સદ્ગતિમાં સ્થાપવાની અને દુર્ગતિ થતી હોય તો પલટાવવાની. આવો ધર્મ કરવા માટે અમે સ્વતંત્ર છીએ. એ ધર્મ બને કયારે ? પચાવવા લાયક વસ્તુ આવી અને ઉતારીએ તો ફળ આપે, તેમ ધર્મમાં ત્રણે વાનાં કરવાની તાકાત છે. તો પછી એવા ધર્મને સાધવો અને મેળવવો શી રીતે ? ત્યારે કહેવું પડયું કે વચનની આરાધના દ્વારાએ.

### કાણી હાથણી અને બે વિદ્યાર્થીઓ

અહીં આગળ તમે કાણી હાથણી જેવું કામ ગણો. કેમ ? તો બે વિદ્યાર્થીઓ પંડિત પાસે ભણતા હતા. તેઓ પંડિતજી પાસે ભણીને કોઈ ઠેકાણે જતા હતા, ત્યાં રસ્તામાં એક વિદ્યાર્થીએ કહ્યું કે આ હાથી જાય છે ત્યારે બીજાએ કહ્યું કે એ હાથણી છે. આગળ ચાલતાં કહ્યું કે તે હાથણી ઉપર રાણી બેઠી છે. તે ગર્ભવાળી છે અને હમણાં થોડી મુદ્દતમાં જન્મ આપશે અને તે પણ કુંવરને જન્મ આપશે. હાથણી ડાબી આંખે કાણી છે, હજી તેમાંનું કંઈ દેખાયું નથી.

થોડેક આગળ ગયા ત્યારે તે બધું જોયું. તેથી પેલા વિદ્યાર્થીએ વિચાર્યું કે ખરેખર ગુરૂએ ભણાવવામાં રહસ્ય આને આપી દીધું છે. કેમ ? તેની કહેલી બધી વાતો મળી. તે કાણી છે તે શાથી મેળવી તે કહે ત્યારે પેલાએ કહ્યું કે

જો વાડે વાડ. તેમાં એક બાજુનાં પાંદડાં ખાધેલાં છે ત્યારે બીજી બાજુનાં અખંડ છે. પેશાબ કર્યો તેથી માલમ પડયું કે તે હાથણી છે. હાથણી ઊભી હતી તેથી માલમ પડયું કે માણસો છે. તેમાં રાણી છે. જમણી બાજુ ભાર છે. બહુ વેદનાથી ખાડો પડયો છે, તેથી જન્મ આપનારી છે.

ગુરૂજીએ આને બધું શીખવાડી દીધું–કલાઓ આપી પણ મને ન આપી. તેથી તેણે ગુરૂજીને કહ્યું કે તમોને તે વહાલો છે તેથી બધું શીખવ્યું. ત્યારે ગુરૂજીએ કહ્યું કે તેં બધું જાણ્યું શાથી? તે પૂછયું ત્યારે કહ્યું કે તેમાં વિચારનું કામ છે, તેમાં શબ્દને સંબંધ નથી. પેશાબ દેખ્યો, માણસો દેખ્યા તેમાં સંબંધ શો? જમણી બાજુ ભાર આવ્યો તેનો શો સંબંધ? આ તારે વિચારવું નહિ. તે વિચાર કરે અને તું ન કરે અને પાછો દોષ કાઢે શાસ્ત્રનો.

એક જ બાજુ તમે શાસ્ત્રકારને કહો છો કે તમે કાણી હાથણી જેવું કરો છે. તમે આગળ કહી આવ્યા કે બાહ્ય ચારિત્ર આચરવું અને તેને કહેવું 'ધર્મ' તરીકે. તેમજ અષ્ટ પ્રવચનમાતાને 'ધર્મ' તરીકે કહી આવ્યા. બાહ્ય તપસ્યા, વિહાર વગેરે સાધુના આચારને કહી ગયા. અત્યારે વચનની આરાધના એ 'ધર્મ' કહ્યો. આ વચનનું ઠેકાણું શું? વાત ખરી. બાહ્ય ચરિત્રો, આઠ માતાઓ કહી તેમ વચનની આરાધનાને 'ધર્મ' શા માટે કહો છો? ચૂલે આંધણ મેલ્યું, ચોખા ચડાવ્યા અને એ તરત થાળીમાં પીરસાય અને તેમાં ઉતાવળ કરે તો શું ગણાય? કાચા પચે, રાંધેલા પચે પણ અધકચશબ્દુ:ખે. તેમ તું પ્રશ્નમાં આવ્યો. તે બાહ્ય ક્રિયા

કોની કહેલી બતાવી ? શાસ્ત્રની કે પ્રવચન-માતાની ? ત્યારે કહો કે શાસ્ત્રની. કેમ ? શાસ્ત્રની વિરુદ્ધ બાહ્ય આચરણ નહિ. અષ્ટ પ્રવચનમાતા શાસ્ત્રથી, પણ તેની વિરુદ્ધ નહિ. બાહ્ય ચારિત્રની-અષ્ટ પ્રવચનમાતાની દેશના તે આગમની, પણ તે વચનના આધારે. બાળ બુદ્ધિને દેખવા માટે બાહ્ય વર્તન કહેવું તે પણ આગમમાં કહેલું; મધ્યબુદ્ધિને પ્રવચન-માતા કહેવી તે આગમમાં કહેલી છે. માટે શ્રોતાને અંગે દેખવું બાહ્ય ચિહ્ન બાળ બુદ્ધિવાળાને; વિચાર કરવો અને વર્તન દેખવું તે મધ્યમ બુદ્ધિવાળાને; અને તત્ત્વની પંડિત બુદ્ધિવાળાને પરીક્ષા કરવી, તેને બાહ્ય વર્તન શાસ્ત્રના આધારે કહેવાં પડે. આગળ વધતા એવા તે તત્ત્વ પરીક્ષાવાળાને જીવાદિ તત્ત્વો શાસ્ત્રના આધારે કહેવાં જોઈએ.

વચનની આરાધનાએ 'ધર્મ'. તો તમામ જૈનેતરો આરાધના કરનારા જ છે. તમે જેમ વચનની આરાધના કહો છો તેમ શ્રુતિ, સ્મૃતિ વગેરેમાં કહેલાને 'ધર્મ' કહે છે. ભગવાનના મહત્ત્વના અંગે ધર્મ તેમ જન શાસનમાં ભગવાનનું ગુરુનું કે ધર્મનું સ્વતંત્ર મહત્ત્વ નથી, પણ વચનના આધારે છે. તત્ત્વવાદવાળું વચન હોય તો 'પરમેશ્વર' માનીએ. તેમના કેવલજ્ઞાનને દેખતા નથી, પણ તેમના પદાર્થના નિરૂપણથી જણાય છે. માટે કેવલજ્ઞાન મેળવવા માટે મોહનીયનો ક્ષય અને કેવળજ્ઞાનાવરણીય તોડવાનું માનવું પડે તે વચનને અંગે. વચનની આરાધનાથી તીર્થંકર તીર્થને પ્રવર્તાવે. તો પણ પહેલવહેલું કેવળજ્ઞાન તીર્થંકરને થાય અને દેવો સમવસરણ રચે. પહેલા કેવળજ્ઞાનમાં સમવસરણની સંભાવના છે. વચનના મહત્ત્વને અંગે. માટે

એમની–તીર્થંકર દેવની પૂજા. તેમને જેમ કેવળજ્ઞાન માનીએ તેમ જ મોહરહિત વીતરાગ માનીએ તે પણ વચનના આધારે.

**ઉત્કૃષ્ટ આરાધના કઈ ?**

જૈન શાસનમાં દેવની, ગુરુની તથા ધર્મની આરાધના કરતાં પણ વચનની આરાધ્યતા પહેલે નંબરે ગણી છે. દેવ એ એકલા આરાધાય તેની કિંમત કોડીની નહિ. દેવ વચને દ્વારાએ આરાધાય તો તેની કિંમત સોળે આની. તે એકલા-ને વચનથી આરાધાય કેમ ? ગુણ ઉપકારને ન જાણે, પણ ભગવાન છે માટે પૂજવા જોઈએ તેથી પૂજીએ. જ્યારે સ્વતંત્રતાના સર્જક દેવ, જ્ઞાનવાળા, વીતરાગતાવાળા છે તેમ માનીને પૂજીએ ત્યારે તેમની કિંમત.

**देवगुणपरिज्ञानात्तद्भावानुगतमुत्तमं विधिना । स्यादाद-रादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम् ॥** ( षो० ९ श्लो० १४ ) દેવના ગુણના જ્ઞાનથી તેના ભાવને અનુસરતું ઉત્તમ આદર આદિથી યુકત એવું જે વિધિપૂર્વક જિનપૂજન તે વાસ્તવિક માર્ગમાં ઇષ્ટ છે. વચનને આગળ રાખીને કરાતું પૂજન તે સોળે સોળ આની કિંમતવાળું. દેવની આરાધના, પૂજન તે વચનો ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો તે કરેલી ગણાય. દેવ તો સાક્ષાત્ નથી તેમજ સંદેશો નથી આવ્યો તો પછી તેને ઓળખાવે કોણ ? શાસ્ત્ર ઓળખાવે કે બીજો કોઈ ? માટે વચનની આરાધના એ જ 'ધર્મ'. અહીં 'આરાધના' કેમ લીધી ? 'આજ્ઞા' નહિ કહેતાં 'વચન' શબ્દ કેમ વાપર્યો ? આ અધિકાર જે જણાવવામાં આવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૧૫

### શાસ્ત્ર એ ધર્મનો કાંટો

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જે જે આર્ય પ્રજા છે તે તે ધર્મની તરફ લાગણી ધરાવવાવાળી હોય છે. જેને ધર્મ તરફ લાગણી ન હોય તેને **ભદ્રબાહુસ્વામીજી** 'અનાર્ય'ની કોટિમાં ગણે છે. '**धम्मोत्ति अक्खराइ**' જ્યાં ધર્મ જેવા અક્ષરો સ્વપ્નમાં ન આવે તેવા મનુષ્યોનો સમુદાય જ્યાં રહેતો હોય તેને 'અનાર્ય' કહેવો. **સૂયગડાંગની** નિર્યુક્તિમાં કહ્યું છે કે ધર્મની તમન્નાવાળા હોય તે જ 'આર્ય પ્રજા' કહેવાય. આમ **ભદ્રબાહુસ્વામીજી** નક્કી કરે છે. આર્ય પ્રજા માત્ર ધર્મની ઇચ્છાવાળી છે, છતાં ધર્મ તે કંઈ દેખાય તેવી ચીજ નથી. તે નથી ઇન્દ્રિય કે વ્યવહારનો વિષય. વળી આપણી અક્કલ કે બુદ્ધિનો પણ વિષય નથી. જેમ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર ઇન્દ્રિયોથી સ્પર્શાદિની પરીક્ષા કરી શકીએ છીએ તેમ અહીં નથી, તેમજ વ્યવહાર, અક્કલ કે બુદ્ધિથી ધર્મની પરીક્ષા થતી નથી. તો ધર્મની પરીક્ષા થાય શાથી? તેની પરીક્ષાનું એક જ સ્થાન છે. એ કયું? શાસ્ત્ર. જે મતવાળા જે શાસ્ત્રને માને તે પ્રમાણે વર્તન થાય ત્યારે તેને 'ધર્મ' ગણે. જો આસ્તિકો પોતાના શાસ્ત્રમાં જણાવેલાથી વિરૂદ્ધ કરે તો 'અધર્મ' ગણે. તેથી શાસ્ત્ર સિવાય ધર્મ-અધર્મ જાણવાનો કાંટો નથી. આ વાત તો બધાને અંગે થઈ. કઈ? ધર્મ, અધર્મ માનવો તે શાસ્ત્રના

આધારે. શાસ્ત્રમાં આ કહેવાથી 'ધર્મ' થવાનો કહ્યો છે. તે મેં કર્યું માટે 'ધર્મ' થયો. તેમ અધર્મને માટે કહેલું જેવું છે તે કરે તો 'અધર્મ' થાય. આ શાથી માને? પોતાના શાસ્ત્રના આધારે.

## ૨૪ને આગળ કેમ કર્યા?

બધા મતવાળા પૈકી કોઈ શ્રુતિમાં, કોઈ સ્મૃતિમાં, કોઈ પુરાણમાં, કોઈ બાઇબલમાં કોઈ કુરાનમાં કહેલાને આધારે ધર્મ, અધર્મ માને છે. જૈન ને જૈનેતર વર્ગ ધર્મમાં શાસ્ત્રને આધારભૂત ગણે ત્યારે જૈનો એક નવી રીતિમાં જાય. કઈ? દેવ ગણવા, ગુરૂ ગણવા, ધર્મ ગણવો તે પણ શાસ્ત્રને આધારે. આ વિચારશો ત્યારે તમે કેવલીની અવજ્ઞા કરનાર નથી, પણ માનનારા–આરાધના કરનાર છો. આરાધ્ય માનો છો, છતાં અસંખ્યાતમાંથી ૨૪ને પાસ (pass) કર્યા. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં અસંખ્યાત કેવલી હોય, છે, છતાં ૨૪ને આગળ કેમ કર્યા? કેમકે તેમના અને કેવલીપણાવાળામાં નથી કેવલજ્ઞાનમાં ફરક, નથી કેવલદર્શનમાં ફરક, નથી વીતરાગતામાં ફરક, નથી દાનાદિ ગુણોમાં ફરક. તો પછી કયા ગુણોમાં ફરક છે કે જેથી બધાને ખસેડીને ૨૪ને આગળ કર્યા? **"चउवीसंपि जिणवरा"** (**आवश्यकसूत्र नामस्तवाध्ययन**) તેથી ૨૪ને માન્યા ને પેલા બધાને ખસેડી દીધા. તમે ચોવીસને મુખ્ય કહ્યા અને બાકીનાને સામાન્યમાં મૂક્યા. શાથી? વચનથી. શાસનને પ્રવર્તાવે તેથી. શાસનને પ્રવર્તાવનારા કેટલા? ચોવીસ–અસંખ્યાતા કેવલીઓ. તેમને આત્માના ગુણો ઉત્પન્ન થયેલા ખરા તેમાં ફરક નહિ. માત્ર

ફરક વચનમાં. વચન કેટલું ગણીએ છીએ તે આ અસંખ્યાતમાંથી ૨૪ ચૂંટયા તેથી વિચારો.

## જ્ઞાન સાથે શુદ્ધ વર્તનની આવશ્યક્તા

બીજાઓ તો એ કહેવાવાળા હતા કે આપણે તો શાસ્ત્રના બોધથી કામ છે. જોવાવાળાને દીવાથી કામ છે; પછી તે દીવો ચાહે તો ઘાસલેટનો, દીવેલનો કે સરસીઆ વગેરેનો હોય, પણ અજવાળું થવું જોઇએ–અક્ષર વંચાવવા જોઇએ. તેમ બીજા મતવાળાઓએ શું માન્યું ? આપણે તો જ્ઞાનથી મતલબ. એટલે એ બધા જ્ઞાનથી મતલબવાળા. **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ! ।**

જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે તે માટે જ્ઞાન જોઇએ. અર્થાત્ વક્તાના ગુણ કે દોષ હો કે ન હો તેની આપણને જરૂર નથી. પણ આપણને જ્ઞાન મળવું જોઇએ. કાગળ, સાહી, લેખન વગેરેને કયું જ્ઞાન ? પછી તેનાથી બોધ થાય છે કે નહિ ? કાગળ, સાહી, લેખનથી થયેલા આકાર આપણને બોધ કરે છે; તેથી વક્તાના, શાસ્ત્રનાં વચનો હોય તો બસ છે. એમનું કહેવું શું ? વકતાની અવસ્થાને જોવી જોઇએ નહિ. તમારે તો વકતામાં વચનથી કામ.

આપણે તો "**चारित्रेण विहीनः श्रुतवानपि नोपजीव्यते सद्भिः । शीतलजलपरिपूर्णः कुलजैश्चाण्डालकूप इव ॥ (दश० टी० पृ० ६)** ચાહે જેવો જ્ઞાનવાળો વકતા હોય પણ વર્તનમાં ન મૂકે, આત્માને સુધર્યો ન હોય તો સજ્જનો વડે તેનો આશરો લેવાતો નથી. જેમ દુનિ-

ચામાં પરીક્ષા સાથે વર્તણુકનો સંબંધ લેવામાં આવ્યો છે. વકીલની પરીક્ષામાં પાસ થયા છતાં તે વિશ્વાસઘાતી જણાય તો સનદ રદ્દ થાય. કાયદો જાણનાર ગુનેગારી કે બિનગુનેગારીને નહિ જાણનાર ખરો, પણ કોર્ટને–ન્યાયાધીશને મદદગાર રહે તો જ. કેસ (case)માં ફલાણાએ સારી મદદ કરી કહેવાય. વકીલો, બેરીસ્ટરો–તે અક્કલ, બુદ્ધિ, અભ્યાસના આધારે; પણ વર્તનમાં વતેરડું (વક્રતા) હોય તો કામ ન લાગે. તેવી રીતે સત્પુરુષો જ્ઞાનવાળાને સદ્વર્તન રહિત હોય તો આદરવા લાયક માનતા નથી. માટે દૃષ્ટાંત આપે છે કેઃ–એક કૂવો છે, તેમાં પાણી જરાક સારૂં છે. ઠંડા પાણીથી ભરેલો છે, પણ તે ચંડાળનો છે. ઠંડા પાણીએ ભરેલો કૂવો ચંડાળનો હોય તો કોઈ પણ સ્થિર (કુળવાન) મનુષ્ય પાણી લેવા માગે નહિ. જૈન શાસ્ત્રને અનુસરનારો તે ચારિત્ર વગરના મનુષ્યને તે નિર્મળ જ્ઞાનવાળો હોય તો પણ આશ્રિત કરવા માંગે નહિ. માટે જૈન સિદ્ધાંતે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ રાખ્યો, પણ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ નથી રાખ્યો. ત્યારે બીજા મતવાળા કહે કે તમારે તેના વર્તન તરફ જોવાનું નહિ. તમારે કાગળ લખવો, વાંચવો હોય તો અજવાળેથી કામ, તેમ તમારે શાસ્ત્રનાં વચનોથી કામ છે તો પછી વક્તાના વર્તનથી તમારે શો સંબંધ? આ વાત બોલવા માટે સારી છે. પણ જેમ એક વકીલ ચાહે તેટલી પરીક્ષામાં પસાર થયો હોય અને તે લુચ્ચો છે એમ જણાય તો તેની સલાહ કેટલી લો છો તે બોલોને? જ્ઞાન નિર્મળ હોય તો જ શ્રોતાના આત્માને શરણાગત થાય. નિર્મળ જ્ઞાન કયું? શુદ્ધ વર્તનવાળાનું. આ વાત કેવળ જૈનોને માન્ય, પણ બીજાને નહિ.

કેમ? પોતાના દેવ જે કહે તે પ્રમાણે વર્તે છે કે નહિ તેવી રીતે પોતાના ગુરુ કહે છે તે પ્રમાણે વર્તે છે કે નહિ તે જોવાનું નહિ. માટે શાસ્ત્રકારે પંચવસ્તુમાં ગાથા કહી–**जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अण्णो?। वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ ( गा० ११६६)**

જે મનુષ્ય બોલવા પ્રમાણે કરે નહિ તેના જેવો વિશ્વાસ-ઘાતી કોઈ નહિ. કેમ ? જીવોમાં અનાદિ કાળનું મિથ્યાત્વ છે તેને વધારનારો થાય. બીજાને શંકા કરવા દ્વારાએ આ વાત. તેમને સીધી રીતિ દાખલ કરવી તે ઘણી અસંભવિત અને મુશ્કેલ. આથી તો સમકિતવાળાએ વીતરાગને 'દેવ' તરીકે ન સમજાવવા. કેમ? પોતે વીતરાગ નથી અને સમજાવે તો મિથ્યાદૃષ્ટિ. સકષાયી છદ્મસ્થ સાધુ નિષ્કષાયી અને કેવલીની વાત જણાવે તો તે મિથ્યાદૃષ્ટિ. વાત કરે તો મિથ્યાદૃષ્ટિ. જે બોલે તે કરે નહિ એના જેવો મિથ્યાદૃષ્ટિ બીજો કોણ? સમકિતી દેશ-વિરતિ અને સર્વવિરતિની વાત કરે તો મિથ્યાદૃષ્ટિ એમ નહિ. પણ એનો અર્થ શો ? અધિકારી બનીને **'जो जहवायं न कुणइ'**, પેલા દેવપણાવાળા બને છે, પણ દેવ દેવપણાનું લક્ષણ બતાવે અને તે પ્રમાણે વર્તે નહિ તેમજ ગુરૂપણાનો દાવો કરે, નિરૂપણ કરે અને પોતે તે પ્રમાણે ન વર્તે તો તે કેવો ગણાય ?

જેમ **મરીચિ** જ્યારે પૂછનારને કહે છે કે હું આવો છું ત્યારે પેલા મહાપુરૂષ છે તો તે દાવો કરનાર નથી. તેથી **મરીચિ** સાધુપણાનું નિરૂપણ કરતો હતો, છતાં તેને મિથ્યા-દૃષ્ટિ ન ગણવો. તેનો તે અધિકારી બનતો નથી. કેમ ?

હું આવો છું તેમ કહેવડાવતો નથી. ત્યારે શું કહે છે? તો હું તો પતિત થયેલો છું અને સાધુઓ ત્રિદંડથી વિરત છે. હું તો ત્રિદંડવાળો યાવત્ પોતાના વેષની હકીકત કહી પોતાની સ્થિતિ બતાવે છે. પણ અધિકાર બતાવે-તેનું નિરૂપણ કરે અને તે પ્રમાણે વર્તન ન કરે તો તેના જેવો મિથ્યાદૃષ્ટિ કોઈ નહિ. દરેક મતના દેવો, ગુરુઓ, પરમેશ્વરો જગતના કલ્યાણનો માર્ગ દાન્તો, શાન્તો, મુમુક્ષુ તે જણાવે છે.

**ઉપદેશ કરવાને લાયક કોણ?**

આત્માનું કલ્યાણ કોણ કરે? જેને ક્રોધાદિ શાંત થયા હોય, ઇન્દ્રિયોને દમી હોય અને સંસારથી રાગ ઉતારીને મોક્ષ માર્ગે જોડયો હોય તે જ કલ્યાણ કરી શકે. પણ પોતાને માટે શાંતાદિમાં બંધાયલો કોણ ગણે છે? કોઈ નહિ. **વિષ્ણુ, મહાદેવ** વગેરે કોઈ પણ લો. તે પોતે જગતને શાંતિ આદિનો ઉપદેશ આપે છે. પોતાને શાંતિ આદિના શરણે રહેવું છે ખરૂં? માટે શાસ્ત્રકારે કહ્યું કે મનુષ્ય અધિકારી બને, અધિકાર જાહેર કરે અને તે પ્રમાણે વર્તે નહિ તો તેના જેવો 'મિથ્યાદૃષ્ટિ' બીજો કયો? તે પ્રમાણે વર્તે નહિ તો શ્રોતાને શંકા થાય કે આ મોટા છે, કરતા નથી તો તેમાં શું હશે? આ વસ્તુ જૈન શાસ્ત્રકારે રાખી. તેથી કેવલી જ ધર્મને કહે કે તે શાથી કહેવું પડયું? બીજાને બોધ નથી. આપણે જાતિસ્મરણ માનનારા છીએ. ભવાંતરથી ત્રણ જ્ઞાન લઇને આવનારા જીવો છે તેમ માનીએ છીએ. તો કેવલી ધર્મ કહે છે તે શાથી? પહેલા ભવથી જાતિસ્મરણ કે અવધિજ્ઞાની કહેનારો તેમ કહો પણ કેવલી

કહે છે તે શાથી કહો છો? જાતિસ્મરણવાળો કે અવધિજ્ઞાની હોય, પણ જે અધિકાર જણાવે તેમાં પોતે વર્તેલો છે. તો યથાવાદમાં ધર્મને ધર્મ કહેનારા કોણ? કેવલી તીર્થંકરો. જ્યાં સુધી કેવલજ્ઞાન ન હોય, રાગદ્વેષ ગયા ન હોય, સંપૂર્ણ જ્ઞાન થયું હોય નહિ, જે જાણવા લાયક વસ્તુને ન જાણી શકે તે યથાસ્થિત ન કહી શકે. માટે વીતરાગ કેવલીમાં આવેલા તે જ ઉપદેશને લાયક. આપણે અસંખ્યાતા કેવલીમાંથી ચોવીસ **તીર્થંકર** માનીએ તેમાં કારણ શું? વચન. પોતાના આત્મામાં અમલ કરીને પછી બીજાને કહેનારા **તીર્થંકરોને** દીક્ષા લે ત્યારે ચોથું જ્ઞાન થાય છે. હજાર વર્ષ સુધી કેમ ઉપદેશ નહિ દેતા હોય? ચાર જ્ઞાન છે તો ધર્મોપદેશ કેમ નહિ? તેમણે ધર્મોપદેશ વીતરાગતાનો કે સરાગતાનો દેવો? જો વીતરાગતાનો બતાવવો હોય તો બીજાને નામે કહેવો જોઇએ. અનુભવથી કહેવું હોય તો અનુભવ થવો જોઇએ. ધર્મનું મુખ્ય ફળ કેવળજ્ઞાન. તે થયા વિના બીજાને દાખલામાં બતાવી શકે નહિ. માટે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ધર્મને કહેવાની યોગ્યતા ગણતા નથી. માટે જૈનોએ વચનના કારણોમાં તીર્થંકરની છદ્મસ્થાવસ્થા, અને અસંખ્યાતા કેવલીઓને ખસેડી નાખ્યાં.

## વ્યાખ્યાન : ૧૬

### સાચો વિચારવાળો કોણ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક**

પ્રકરણની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે આ સંસારમાં જે જે આર્ય પ્રજા છે, જે જે આસ્તિક વર્ગ છે તે સર્વ ધર્મને શરણ તરીકે ગણનારો છે. કોઈ પણ આર્ય કે આસ્તિક ધર્મને જરૂરી માન્યા વગર રહેતો નથી. દરેક આર્ય આસ્તિક આવતો ભવ માનનાર છે. તે માનતા હોવાથી તેણે પોતાના જીવનને જેલમાંથી કાઢીને મહેલમાં દાખલ કર્યો ગણાય. જેઓ ભૂત અને ભવિષ્યનાં જીવન તરફ દૃષ્ટિ કરનારા નથી તેઓ પોતાના જીવનને મહેલરૂપમાં લાવી શકતા નથી. માટે ભગવાન **સુધર્માસ્વામીજીએ** પહેલો ઉપદેશ એ આપ્યો કે તમારા જીવનને જેલના સ્વરૂપમાંથી મહેલના સ્વરૂપમાં લાવો. આ જૈન શાસ્ત્ર તેને જ 'વિચારવાળો' ગણે છે, જેને ભૂત અને ભવિષ્યનાં જીવનના વિચારો હોય છે. બાકીના ભલે વિચાર પામેલા હોય, છતાં જૈન શાસ્ત્ર તેને વિચાર કરવાવાળો ગણવા તૈયાર નથી. પણ ભૂત અને ભવિષ્યનાં જીવનની વિચારણા હોય તેને માટે સંજ્ઞા. તે સંજ્ઞાવાળો હોય તે જ 'સંજ્ઞી' કહેવાય. જેને ભૂત અને ભવિષ્યની, કર્મની સત્તાની માન્યતા અને ભવિષ્યના જીવનનો તેમજ કર્મની સત્તાના ફળનો વિચાર ન હોય તેને વિચારવાળો ગણવા તૈયાર નથી.

નાનાં બચ્ચાં ભમરડો, પતંગ વગેરેનાં વિચારો ધરાવે છે. તો તેને સમજણવાળો કહો છો? લખોટી, ગેડીદડો વગેરે રમનારો સમજણ વગરનો છે? ના. તેનાથી નાનાં બે ત્રણ વર્ષના છોકરામાં ભમરડા લખોટીની રમત નથી. દમ ગોટીલા કરનારો સમજણવાળો છે? તેને બેસમજવાળો કેમ ગણો છો? ૧૮ વર્ષવાળો ન થાય ત્યાં સુધી તે 'સગીર બાળક'

ગણાય છે. કઈ અપેક્ષાએ ? આ લેવા જાવ છો તો તમારા વેપારમાં, તમારા આર્થિક, કૌટુંબિક સંયોગોમાં તે સમજણ ધરાવતો નથી. માટે તેને અણસમજુ 'સગીર' કહો છો. બાળક અણસમજુ, સગીર કે સમજણ વગરનાં નથી. કેમ ? તેઓ કોળિયો મોઢાને બદલામાં નાકમાં નથી નાખતા. છતાં સમજણ વગરના કેમ કહે છો ? તમારે વેપાર, આર્થિક, કૌટુંબિક સ્થિતિની સમજણ તેનું કામ છે. તેથી તેની સમજણ હોય તો 'સમજુ' માનવા તૈયાર છો. તમે જે રૂપે વ્યવહાર કરવા માંગો તે રૂપે સમજણ ન હોય પછી ભલે બીજી સમજ હોય પણ તેને 'અણસમજણવાળા' કહો છો. લખોટી રમનારા, પતંગમાં કેળવાએલા મોટાને પણ ટેકાવવા તૈયાર થાય છે. તે સમજણ છે ને ? તેમ પણ નથી. પણ વ્યાવહારિક, આર્થિક, કૌટુંબિક સંયોગ માટે સમજણવાળો હોય તેને 'સમજણવાળો' ગણો છો.

ચૌદ વર્ષનો છોકરો મૅટ્રિકમાં પાસ થયો. તમને એ ન આવડતી હોય છતાં તે અણસમજુ અને તમે સમજુ શાથી ? તો તે આર્થિક વગેરે બાબતમાં સમજણ ધરાવતો નથી માટે 'અણસમજુ' કહીએ છીએ. તેમ અહીં પણ શાસ્ત્રકારો પણ આત્માના કલ્યાણ માટે કહે છે કે એને પહેલી જરૂરિયાત સમજણની. જે તે ધરાવે તેને 'વિચારવાળો' ગણે. કઈ ? કર્મને, કર્મનાં ફળોને, અને આત્માને માનવો. તેને ન માને તો ધર્મની જડ જ નથી. કર્મની જડ આ ત્રણ વસ્તુમાં. માટે આ ત્રણ માને–સમજે તો તેને 'વિચારવાળો' અને 'સમજવાળો' ગણીએ. વ્યાવહારિક સંયોગને ન સમજે ત્યાં સુધી તે બાળક–નાલાયક ગણાય. તમને નાલાયક

કહેવાની છૂટ. અને એમના મોઢા ઉપર તાળું એમ ને ? તો પછી શાસ્ત્રકાર તે વાપરે તેમાં નવાઈ શી ? ગયા ભવનો વિચાર, ભવિષ્યના ભવનો વિચાર કરવાવાળા આત્માને કર્મ કરવાવાળો, તે કર્મના ફળો તે ભોગવશે તેમ માનવાવાળો નથી–તે વિચાર આવે નહિ તેવાને અમે અણસમજુ–વિચાર વગરનો કહીએ છીએ. કહો કે 'નાલાયક' શબ્દ તમે વાપરેલો છે. તે જ શાસ્ત્રકારને નામે વાપરીએ છીએ.

## ધર્મનું બીજ ક્યાં ?

ધર્મને માટે લાયક કયારે ? જેમ વ્યવહારમાં લાયક ક્યારે ગણે ? આર્થિક–કૌટુંબિક સ્થિતિને સમજે તો 'લાયક'. તેમ અહીં ભૂત અને ભવિષ્યના ભવો વિચારવાવાળો હોય તેને જ 'લાયક' ગણીએ છીએ; એ ન માને તો તે 'નાલાયક' ગણાય. બીજાના માટે જે શબ્દ વપરાય તે પોતાને માટે વપરાય ત્યારે જ સમજે માટે તે 'સમજુ' ગણાય. ધર્મનું બીજ શું ? ગયો જન્મ, આ જન્મ ને આવતો જન્મ એમ ત્રણ જન્મ માનવાં તે ધર્મનું બીજ; તે ન માને તેને 'નાલાયક' કહે તેમાં ચીઢાવો છો શા માટે ? તમને વાપરવામાં વાંધો નહિ અને અહીં વાપરે ત્યારે આંખ લાલ કેમ કરો છો ? ધર્મને અંગે જેઓ ગયો ભવ, આ ભવ અને આવતો ભવ એ ત્રણને અંગે વિચાર કરે નહિ તે ધર્મના બીજમાં નથી. માટે ધર્મને અંગે નાલાયક કહે તેમાં નવાઈ શી ? આ કહેવાથી આ સમજણ ઘણા ઓછામાં હોય છે. હું કોઈ ભવથી આવ્યો છું અને અહીંથી કોઈ ભવમાં જવાનો જવાનો છું. આ સમજણ કેટલાકોને હોતી નથી. કેટલાકને

સંજ્ઞા હોતી નથી તેને ધર્મનું બીજ જ નથી. ત્યારે ધર્મનું બીજ ક્યાં ? વૈષ્ણવ, શૈવ, જૈન, ગયો ભવ, આવતો ભવ માનવા ઉપર ધર્મનું બીજ. માટે ક્રિશ્ચનોએ અને મુસલમાનોએ બીજો જન્મ માન્યો પણ ભવપરંપરા ન માની.

## હિન્દુ શબ્દનો અન્ય જનોએ કરેલો અર્થ

આપણે 'હિંદુ' શબ્દ વાપરીએ છીએ. પણ હિંદુપણું એટલે શું તે કહેશો ખરા ? આ માલમ નથી તેથી શું થયું ? શબ્દની પ્રીતિ છે પણ પદાર્થની ખબર નથી. 'હિંદુ' શબ્દનો અર્થ શો ? 'સિંધુ' નદીની આ બાજુ રહેનારા 'હિંદુ'. બલુચિસ્તાન, અફઘાનિસ્તાનવાળા ભળે તે નદીના હિસાબે તેમ માને પણ ચીનવાળાને સિંધુ નદી આવતી નથી. તો તે શું કહેશે ? 'હિંદુ' શબ્દનો અર્થ ન સમજાય ત્યારે જેમ તેમ ગોઠવી દેવું પડે.

## ગડબડ તિથિ અને ગડબડ વાર

એક માણસ હતો તેને વારની ખબર ન પડે. માટે તેણે એક લાકડું મૂક્યું, બીજે દિવસે બે લાકડાં મૂક્યાં. રવિવારે વધારે મૂક્યાં. તેને આવી રીતે લાકડાં ગોઠવ્યાં. માટે કોઇએ પૂછયું કે આજ કઈ તિથિ ? ચોથ. લાકડાની ગણતરી કરીને જવાબ આપે.

એક વખત છોકરાઓએ લાકડાં આડાઅવળાં કર્યાં. અને તેવા વખતમાં કોઈ પૂછવા આવ્યું તો જવાબ આપ્યો કે ગડબડ તિથિ અને ગડબઠ વાર. ગડબડ તિથિ અને ગડબઠ વાર કરવાની માફક 'હિંદુ' શબ્દનો સાચો અર્થ

સૂઝયો નહિ. પણ સિંધુની આ બાજુ રહેનારા 'હિંદુ' તેમ ગોઠવી દીધું.

હવે આપણે વિચારીએ. 'હિંદુ' શબ્દ પ્રસિદ્ધ છે. પણ તેનો અર્થ માલમ નહિ. તેથી આપણે શબ્દની પ્રીતિ-વાળા. તું હિંદુ નહિ તેમ કહે તો લાકડી લઇને ઊભો થાય. પણ તેને પૂછીએ કે 'હિંદુ' શબ્દનો અર્થ શો ? તો બોલે તે બે ખાય. કેમ ? જ્યાં સુધી અર્થ જાણવામાં આવે નહિ તો પ્રીતિ કયાંથી થાય ? જો 'હિંદુ' શબ્દ મુસલમાનોને અંગે થયો હોય તો મુસલમાનોએ 'હિંદુ' માટે 'કાફર' શબ્દ મૂકયો છે. તેથી કાફર અને સિંધુને શો સંબંધ તે કંઈ વિચાર્યું ? જેમ પેલાએ ગડબડ તિથિ અને ગડબડ વાર કહ્યો તેમ અહીં 'સિંધુ' ઉપરથી હિંદુ કયાંથી કાઢયો ? મુસલમાને 'કાફર' અર્થ કેમ કર્યો ?

## હિંદુ એટલે ?

સૂત્રકાર ભગવાન્ **શ્રીસુધર્માસ્વામીજી ગૌતમ-સ્વામીજી** સરખા 'હિંદુ એટલે આત્મા' એમ કહે છે. હિંદુની વ્યુત્પત્તિ જણાવે છે– **'भवात् भवांतरं हिंडते इति हिंदु'** **(भग० पृ० ७७६)** એટલે એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, ચોથે ભવ, પાંચમે ભવ આમ ભવાંતર કરનાર આત્મા તે 'હિંદુ.' આ માનનાર તે 'હિંદુ.' તમે આ પ્રમાણે માનો તો મુસલમાનની અપેક્ષાએ 'કાફર.' એને મર્યા પછી એક વસ્તુ કહી. કઇ ? ત્યાં આગળ ખુદા ન્યાય કરશે. પુણ્ય કરનારાંને બેસ્ત (સ્વર્ગ)માં અને પાપ કરવાવાળાંને જહન્નમ (નરક)માં મોકલશે, પણ તેઓ ત્યાંથી કયારે નીકળશે એમ પૂછો તો તે ખાસડું લઇને

ઊભો થશે, કારણકે તેને આગળ કંઇ નહિ. તે જ્યાં ગયો ત્યાં ગયો; પછી તેને નીકળવાનું નહિ. તેનાં ઇશ્વર અને શાસ્ત્રોને ખોટાં પાડે તે તેને કેમ પાલવે ? તેથી તે તમને 'કાફર' ગણે તેમાં નવાઇ શી ? ન્યાયાધીશ ચોરને સજા કરે ત્યારે ચોર ને ચોરનું કુટુંબ 'હરામખોર' કહેવાયને ? તેમ તમે તેનાં શાસ્ત્રો અને દેવોની વિરુદ્ધ પોકાર કરો કે એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, કર્મનો ક્ષય કર્યા વગર ભવોમાં રખડ્યા કરવાનો, આ તેનાથી કેમ સંભળાય ? માટે તમને 'કાફર' કહે છે. 'હિંદુ' શબ્દ વ્યાપક છે, પણ તેનો અર્થ શો ? મીંડું. સોમાં એક પણ જાણતો નહિ હોય. પોતાનો શબ્દ ગણાય, છતાં તેનો અર્થ જે ન સમજે. હિંદુ-આર્યપણાના મૂળમાં જડ આ ગયો ભવ, આવતો ભવ વગેરે બધું માનવું જોઇએ. આવો જે આત્મા તેનું નામ 'હિંદુ.' તેને માનનારા તે 'હિંદુ.' બધા હિંદુઓ કેમ કહેવાય છે ? ચાહે વૈષ્ણવ હોય, શૈવ હોય પણ તે બધા **भवात् भव०** માનવાવાળા છે. જેમ મુસલમાનમાં બેસ્તમાં ગયાં હોય કે જહન્નમમાં ગયાં હોય ત્યાર પછી શું ? મીંડુ. તેના જેવા કોઇ નથી. માટે 'ભવાત્ ભવાંતર' માનનારા છે માટે તેઓ 'હિંદુ.' તેનો અર્થ અર્થપણે વિચારો. તેમ ધર્મની જડ કઈ તે વિચારો. ગયા ભવમાં મેં મનુષ્યપણાને લાયકનાં કર્મ કર્યાં છે માટે અત્યારે મનુષ્યપણું. વળી આયુષ્ય ભોગવું છું પણ અત્યારે કયાં કર્મો કરૂં છું કે જેથી કયો જન્મ મળશે આ જે વિચારે તે 'વિચારવાળો;' માટે શાસ્ત્રકારે તેને 'સંજ્ઞી' કહ્યો છે.

વ્યવહારથી નાના બચ્ચાને 'મનુષ્ય' કહો છો, પણ પાછા કહો છો કે માણુસાઇ હજી નથી આવી. એક બાજુ 'મનુષ્ય' કહો છો, અને પાછા વળી 'માણુસાઇ' નથી એમ કહો છો. કેમકે માણુસાઈ વગર મનુષ્ય બન્યો ક્યાંથી ? અમે જે કહેવા માગીએ છીએ, તે બીજી વાત. તમે તો વ્યવહારની કુશળતાને 'માણુસાઇ' કહો છો તેથી બચ્ચું મનુષ્ય છતાં પણ માણુસાઇમાંથી બાતલ કરો છો. તેમ જેઓ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા મનવાળા, મરણ સુધીની અવસ્થાનો ખ્યાલ કરનારા છતાં પણ તેને શાસ્ત્રકાર કહે છે કે હજી વિચારવાળા નથી. તો પછી વિચારવાળા કોણ ગણાય ? તો ગયા ભવ અને આવતા ભવની સમજ, વિચાર કરાવે તે જ 'વિચારવાળો–સમજવાળો' ગણાય.

**ત્રણ સંજ્ઞાઓ**

દૃષ્ટિવાદ સંજ્ઞા આવે ત્યાં કંઇક હશે. તેમ મૂકી પણ દે. માટે ત્રણ વસ્તુ કહેવી પડી. તે તો દુનિયામાં સિદ્ધ છે. (૧) ઓઘ સંજ્ઞા–જેમ સ્થાવરોમાં વેલાઓ. જો વાડ આમ હોય તો તે બાજુ વેલો આવશે પણ બીજી બાજુ નહિ જાય. કેમ ? સંજ્ઞા છે. ઓઘ સંજ્ઞા ઝાડ માત્રને છે.

(૨) હેતુવાદિકી–વિષયને અંગે દોડવું તે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વગેરેમાં છે.

અતીત અને અનાગતના વિચારની સંજ્ઞા મનવાળો ન હોય, તેથી મનવાળા ને અતીત અનાગતવાળો તે કઈ દૃષ્ટિમાં ? દૃષ્ટિવાદિકીમાં. દૃષ્ટિવાદની જડ જ તે જગ્યા પર કે જીવને ગયા ભવમાં તેવાં કર્મો બાંધ્યાં તેથી આ જન્મ

પામ્યો છું અને અહીંથી બીજે જવાનો છું તે માનો તો દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. આવી દૃષ્ટિવાળા હોય તે 'સંજ્ઞી.'

### ચકરીનો ઉપાય

શાસ્ત્રકાર વિચારવાળા ગણે છે કોને? જેણે ગયો ભવ અને આવતો ભવ ખ્યાલમાં લીધો છે તેને વિચારવાળો, ધર્મવાળો કહ્યો છે. છતાં આટલી સ્થિતિએ ચઢેલાએ ધ્યાનમાં રાખવું કે ચઢેલાને ચકરી પહેલી આવે. પણ ભૂમિ ઉપર રહેલાને ચકરી આવતાં વાર લાગે. તેમ અહીંઆં ગયા ભવને, આવતા ભવને કર્મબંધને માનનારા થયા, પરંતુ મિથ્યાત્વમાં પડવાની ચકરી આવાને પહેલી આવે. તેનો બચાવ શો? ચકરીમાં એક જ બચાવ. આંખને બંધ કરો, તે સિવાય બીજો બચાવ નહિ. સ્થિર સ્થાને સ્થિર થાવ. બીજે, ત્રીજે જતી દૃષ્ટિને રોકી દો. સ્થિર સ્થાન કયું? તે માટે જણાવે છે કે 'વચન'. સર્વજ્ઞ ભગવાનનાં વચનો તે આ આત્માને માટે સ્થિર સ્થાન. તે જ દૃષ્ટિ રોકવાનું સ્થાન અને તેથી ચકરી આવતી બંધ થાય. માટે કહે છે કે–'**वचनाराधनया खलु**' વચનની આરાધના કરે તેને જ ધર્મ કહેવાય.

### સ્વતંત્ર ધર્મ

શાસ્ત્રમાં આજ્ઞા શબ્દ આવે છે. **आणाए आराहित्ता चाउरंतसंसारकंतारं वीईवइंसु (सम० सू० १४८, नं. सू० ५८)** દ્વાદશાંગીનો આરાધક છે કે વિરાધક છે તો તે પણ આજ્ઞાએ. આજ્ઞાએ તપસ્યા, આજ્ઞાએ સંયમ, દાન તે પણ આજ્ઞાએ. દાન, સંયમ અને તપમાં સ્વતંત્ર ફળ દેવાની શક્તિ છે, તો પછી આજ્ઞા કહેવાની જરૂર શી? ગોળમાં મીઠાશ છે

તો માબાપના કહેવાથી ગોળમાં મીઠાશ નથી તેમ કહો તો પણ મોમાં નાંખો એટલે ગળ્યો લાગશે. ગોળની મીઠાશમાં બીજાની પ્રેરણાનો અવકાશ જ નથી. સ્વતંત્ર નિયમ છતાં આજ્ઞાએ કરો. આજ્ઞા વગર કરો, પણ ફળ થવું જોઈએ. તેમાં સ્વતંત્ર છે. ગોળમાં સ્વતંત્ર ગળપણ છે; તેમ દાનમાં, શીલ અને તપમાં સ્વતંત્ર ધર્મ કારણતા છે.

## દાન, શીલ અને તપની બીજ સાથે તુલના

એક વાત ખ્યાલમાં રાખવાની કે બીજમાં રહેલા ઝાડને ઉત્પન્ન કરવાના ગુણ છે, પણ તે ફળવાળું ક્યારે થાય ? પૃથ્વી, હવા, પાણી વગેરેનો સંયોગ મળે ત્યારે. તેમ દાન, શીલ, તપ અને ભાવમાં સંપૂર્ણ ફળ દેવાની તાકાત ક્યારે ? આજ્ઞાનું કર્મપણું હોય તો. ખેતરમાં વાવેલાને ઊગતાં વાર લાગે. કિનારે પડેલાના અંકુરા થાય, પણ તે ત્રીજે દહાડે બળી જવાના. પણ તેનાથી બીજું કંઈ થવાનું નહિ. અનાજની નિષ્પત્તિ શામાં ? વાવેલામાં, પણ કાંઠે પડેલામાં નહિ. બીજ તો બન્ને છે ને ? બેયમાં શક્તિ છે ને ? છતાં ધાન્ય શામાં ? તો વાવેલા બીજમાં કે કાંઠે પડેલા બીજમાં ? જેમ બીજમાં ઉત્પાદન શક્તિ, છતાં તેનું ઉત્થાન ખેડાણથી હોય. તે પાણીથી મૂળ બાઝયું હોય તો જ ધાન્ય થઈ શકે. કાંઠે વાવેલા છતાં અંકુરો થાય, પણ ધાન્યનો વખત નહિ. તેમ અહીં દાન, શીલ અને તપ ત્રણે ચીજો બરાબર બીજ જેવી, પરંતુ સમકિત વગર કાંઠે પડેલા બીજ જેવી સ્થિતિ. સમકિત વગરનું દાન, શીલ અને તપનું પૌદ્ગલિક ફળ આવે ત્યાં રોકાઈ જાય. પણ આગળ ન

ચાલે. માટે જેણે પૂર્વ ભવોમાં દાન, શીલ, તપ અને ભાવ કરેલાં છે પણ સમકિતપૂર્વક નથી કરેલાં તે આ ભવમાં ઋદ્ધિવાળો થાય, ચક્રવર્તી થાય પણ ધર્મ ક્યાં? કેમ? સમકિતની આરાધના વગરનું છે.

**માખીના ચાર પ્રકાર**

માખીમાં ચાર પ્રકાર છેઃ (૧) કેટલીક માખીઓ પત્થર ઉપર બેસનારી તેને તેમાં સ્વાદ કંઈ નહિ પણ ભય લાગે ત્યારે ઊડી શકે. પણ બંધાઈ ન જાય. (૨) શ્લેષ્મની કેટલીક માખો સ્વાદ ન લે પણ ઝપટાઈ જાય. (૩) કેટલીક મધની માખો સ્વાદ લે ને તેમાં લપટાઈ રહે. (૪) કેટલીક સાકરની માખો સ્વાદ લે અને ઊડવું હોય ત્યારે ઊડી પણ જાય.

સમ્યક્ત્વપૂર્વક, આજ્ઞાપૂર્વક અને જિનેશ્વરોના વચનપૂર્વક દાન, શીલ અને તપ કરનારા જીવો સાકરની માખ જેવી સ્થિતિને ધારણ કરે. તેઓ દેવલોકમાં જાય, પણ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાવાળા ન હોય. માટે શાસ્ત્રકારોએ તિર્યંચ અપર્યાપ્તામાં અવધિજ્ઞાન ન માન્યું, કારણકે સમકિત લઇને ગયેલો હોય તે દેવલોકથી ચ્યવે તો તે તિર્યંચમાં ન આવે. મનુષ્યમાં પણ જ્યાં આરાધના મળે ત્યાં જાય. **"से दसंगेऽभिजायइ"** (उ० अ० ३ गा० १६) જે આરાધના કરીને દેવલોકે ગયો હોય તે ચ્યવે તો તેને દશે અંગ સંપૂર્ણ હોય. શાથી? આજ્ઞા, વચન અને સમ્યક્ત્વના પ્રતાપે. **"आणाइ तवो"** (**संबोधसप्तति**) તપસ્યા પણ આજ્ઞાપૂર્વકની હોય તો તે ઠેઠ સુધી ફળ દે. દાન અને શીલ તે પણ આજ્ઞાપૂર્વકનાં હોય તો સંપૂર્ણ ફળ દે. આવી રીતે દાન, શીલ અને તપ

માટે આરાધના તેમજ વિરાધનાનો આધાર. માટે **"धम्मो आणाए पडिबद्धो ॥"** (**पंचाशक० गा० २९६**) ધર્મ આજ્ઞાએ થાય. આવા શાસ્ત્રકારોનાં સેંકડો વચનો તેના ઉપર પાણી ફેરવીને 'વચન' શબ્દ કેમ મૂકયો? તારી વાત સાચી. છતાં **હરિભદ્રસૂરિ** આખા ગ્રંથમાં એક પણ ઠેકાણે 'આજ્ઞા' શબ્દ **નથી** વાપરતા. તેઓ આટલા જુદા કેમ થયા? **ઉપદેશપદ, પંચાશક** વગેરેમાં આજ્ઞાથી કામ કર્યું. અહીં વચનથી કેમ? પરંતુ વસ્તુ શી છે તે સમજ. શું વિશેષ છે તે સમજ. કહેનારો તે વચન તરીકે કહે, પણ તે આજ્ઞા તરીકે કંઈ કહે નહિ.

**'ઇચ્છાકારેણ' શબ્દનું મહત્ત્વ**

તીર્થંકર મહારાજે સમગ્ર રીતે દ્વાદશાંગીનું નિરૂપણ કરી બતાવ્યું. પણ તે આજ્ઞા દ્વારાએ નહિ. બસ કરવું જોઈશે, આમ નહિ કરો તો મારી આજ્ઞાનું ખંડન થશે એમ નથી; માટે દેશનામાં, ક્રિયામાં, ઇરિયાવહિયા કરવામાં ઇચ્છકારમાં અને ગુરુવંદનમાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્' અર્થાત્ તમારી ઇચ્છા હોય અને ઉત્તર દેવો હોય તો જ દેવો, હું પૂછું છું માટે ઉત્તર દેવો જોઇએ એમ હું નથી કહેતો. દરેક ઠેકાણે 'ઇચ્છાકારેણ' શબ્દ વાપરેલો છે તે શું જણાવે છે? તમારી ઇચ્છાએ ઉત્તર દેવો.

**વચન એટલે શું?**

જે નિરૂપણ કરનારા જિનેશ્વરો, ગણધરો અને આચાર્ય મહારાજાઓ આજ્ઞા રૂપે નિરૂપણ કરતા નથી. પણ શ્રોતા પરિણતિવાળા હોય તો

વચનને 'આજ્ઞા' માને અને એમનું કથન 'આજ્ઞા' તરીકે ગણવું તે શ્રોતાનું કામ. માટે "**आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए। आणारहिओ धम्मो, पलालपूल व्व पडिहाइ ॥ (संबोधसप्तति० गा० ३२), 'आणाए आराहए भवइ'** આ બધું જે કહેવામાં આવ્યું તે સમજુ શ્રોતાના ફળની અપેક્ષાએ સમજવું. વકતાના વચનની અપેક્ષાએ અહીં વાત થાય છે. આ આખું **ષોડશક-પ્રકરણ** બાળ જીવો, મધ્યમ જીવો અને પંડિત જીવો આ ત્રણેને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. શાસ્ત્ર બધાંને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. સર્વના અધિકાર માટે વચન હોવાથી 'આજ્ઞા' નહિ રાખતાં 'વચન' રાખ્યું છે. આજ્ઞા તે જ 'વચન'; વચન તે જ 'આજ્ઞા.' વિનયવાળા અને સમજણવાળા તેને જિનેશ્વરનું વચન તે 'આજ્ઞા.' ધર્મથી સુખ-કલ્યાણ થાય. જો શ્રોતા સમજુ હોય તો ભગવાને ધર્મ કરવાનું કહ્યો છે તેથી માને. વક્તા નિરૂપણ સ્વરૂપે જે કરે છે, તે સમજુ સમકિતવાળો શ્રોતાને માટે નથી કહેતા, પણ સર્વ સામાન્ય જીવો માટે કહેવામાં આવે. માટે 'આજ્ઞા' શબ્દ નહિ મૂકતાં 'વચન' કહેવામાં આવે છે.

ઢુંઢિયાઓ જેઓ ભગવાનના શત્રુ છે, જેઓને પોતાના ફોટા પડાવવામાં પણ અડચણ નથી આવી. તેમણે બત્રીસ સૂત્રો છપાવ્યાં. અને સાધુઓની છબીઓ પણ પડાવી. જે બધી તૈયાર છે, છતાં ભગવાનનો ફોટો ન જોઇએ. પેલો તો મૂર્તિ ન માને. પૂજા નથી માનતા. જીવતા હોય તો પૂજા કરો, પણ મરેલાની પૂજા શી? મૂર્તિ માનતા થયા તે પોતાના વાડાથી કેમ છૂટતા નથી? પોતાના મનથી કરતા હોય તો દહેરે દર્શન કરવાં જાવને? તો તે જવા નથી માગતા.

કેમ? તે જડ છે. તો પછી આ છબી જડ કે ચેતન? શાસ્ત્ર જડ કે ચેતન? તેનાથી જ્ઞાન કેમ થાય છે? કલ્પેલા આકારથી જ્ઞાન થાય તો શાશ્વત શાંતિનો આકાર તે શાંતિ કેમ નહિ લાવી શકે? કલ્પેલા ભિન્ન આકારથી જ્ઞાન થાય અને સ્વાભાવિક આકાર જ્ઞાન ન કરે તો તમારૂં નશીબ ને? તીર્થંકર હોય ત્યારે પૂજા થાય તે માનો છો. તેમને વિલેપન કરો, ફૂલ આગળ મૂકો તો તે સુગંધી લે ખરા? ઇન્દ્રિય દ્વારાએ કેવળીને ન જ્ઞાન હોય તો પછી અજીવ અને જીવમાં ફરક શો? તેમને સુખ થવાનું નથી–તેના સુખને માટે પૂજા નથી કરતા પણ તેઓ તો સર્વ બતાવે છે માટે પૂજા કરીએ છીએ એમ કહેવામાં આવ્યું.

જો શાસ્ત્રથી જ્ઞાન થાય છે તે ચોક્કસ છે, અને જ્ઞાનથી સમજણ થાય છે તો આ જડ કે ચેતન? આટલા જ માટે દ્રવ્ય, ભાવ, નામ ને સ્થાપના એમ ચાર નિક્ષેપા માન્યા. અક્ષરના આકારો એટલે શું? અક્ષરની સ્થાપના. તારા જેવા સાધુને જે અક્ષરના આકારો જડ છે તે દ્વારાએ જ્ઞાન થાય તો બાળ જીવોને જ્ઞાન થાય તેમાં નવાઈ શી? પોતાના ફોટા છપાવ્યા તેમાં પૂછીએ તો જવાબ આપે કે પરિચય માટે. આમાં માયામૃષાવાદ કેટલું સેવ્યું? પરિચય એટલે શું? દર્શનમાં પરિચય કરવાનો. લાડ લડવાનો નથી હોતો. કેમ? જો તે દર્શન માટે એમ માનવા જાય તો ભગવાનની મૂર્તિ ગળે આવી પડે. માટે 'પરિચય માટે' એમ બોલવું પડયું. આવી લુચ્ચાઇઓ ધર્મને માટે કરનારાની દશા–સ્થિતિ કઈ? આ વાત વિચારો તો તેઓ ભગવાનના વેરી. કેટલાક બિચારા આ નવા નીકળેલા દયાના શત્રુ કહે કે ભગવાન કેવલી ભૂલ્યા

તેમાં વાંધો નહિ. ભગવાન ભૂલ્યા ક્યાં તો જણાવે છે કે ગોશાળાને બચાવ્યો તે જાહેર છે તે ભૂલ કરી. તે વખતે કેવલજ્ઞાન નહોતું અને અનુકંપાથી બચાવ્યો. આ વચન કઇ વખતે ? ચૌદ વર્ષ કેવલજ્ઞાન પામ્યા ને થઈ ગયા તે વખતે એમ કેમ ન કહ્યું તેમાં તારી મૂર્ખાઇ. જિનેશ્વરો મિથ્યાત્વી હતા તેમ માનને ? કેમ ? જેને વચન માનવું હોય તેને. પણ મને માને તેમ માનવાનું હોય. ઘેલીને સાસરે જવું નહિ.... બીજું ઠેકાણું નહિ. આગમના નિક્ષેપા બોલવામાં ઠેકાણું નહિ. મહાનુભાવ ! આ આત્મા આરાધન માટે નીકળેલ છે, માટે તેણે આગમનાં વચનો પકડવાં જોઇએ. માટે વચનની આરાધના. વચનનું તત્ત્વ વિચારીને વર્તન કરવું જોઇએ. તેને મુખ્ય વચનની અમૂલ્ય આરાધના સમજાવાય.

વચન પર તેને આરાધવાનું કહો છો, પણ વચન તો ચતુઃસ્પર્શી છે તો તે કેમ બને ? તે અધિકાર જે જણાવવામાં આવશે તે અગ્રે વર્તમાન.

●

## વ્યાખ્યાન : ૧૭

### ભૂતકાળ પહેલાં, પછી ભવિષ્ય

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપવા **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડતો રખડતો ભટકયા કરે છે અર્થાત્ આ જીવ ભટકતી પ્રજા નહિ પણ રખડતી પ્રજા છે. અનાદિ કાળથી રખડ્યા કરે

છે. અનાદિ કાળથી રખડવાનું થાય છે તે પહેલાં ધ્યાનમાં કોને આવે ? જેઓ પોતાની જીંદગીને જેલ સ્વરૂપમાંથી પલટાવીને મહેલ સ્વરૂપમાં લાવવા માંગે તેને ભવિષ્યના વિચારો આવે. મહેલ સ્વરૂપ ન કરવા માગે તે પોતાની જીંદગીને જેલ સ્વરૂપ રાખી આ ભવના વિચારો કરે. હું અહીંથી ચાલીશ ત્યારે મારૂં શું થશે એવા ભવિષ્યના વિચારો જેને ન આવે તેને ભૂત કાળના વિચારો ક્યાંથી આવે ? પહેલા કયા વિચારોની જરૂર ? ભૂત કે ભવિષ્યના. ભવિષ્યની પ્રતીતિ માટે ભૂતના અને ઉદ્યમને માટે ભવિષ્યના વિચારોની જરૂર છે. જ્યાં સુધી ભૂત કાળના જીવનનો, તેમાં કરેલાં કર્મોનો, તેનું આ ફળ તેનો વિચાર કરવાની જરૂર છે.

આ જીવન પણ એનું ફળ છે. આથી કેટલીક જગ્યા પર મનુષ્યને વૃક્ષ ગણીને મનુષ્યરૂપી વૃક્ષોના ફળો જણાવ્યાં છે. જ્યારે જગતમાં દેખીએ તો ફળનો સ્વભાવ ભોગમાં આવે અને પાછો નવો ઉત્પન્ન કરે. ફળમાં જ જે સ્વભાવ છે તે ભોગમાં આવે. અને તેનો એવો અંશ હોય છે કે જેમાંથી આખું વૃક્ષ ઊભું થાય. તેમ આ જીવન એ કર્મનું ફળ છે. આ જીવન જીવીએ, તેમાં જે કર્મો કરીએ તેનાથી બીજું જીવન થાય. પરંતુ આ જીવન એ અમુક કર્મો દ્વારાએ આવ્યું તે પ્રતીતિ ક્યારે ? તો ભૂત કાળના વિચાર કરીએ ત્યારે. આ મુશ્કેલ એવી મનુષ્યની જીંદગી તે આપણને કેમ મળી ? આપણે કયારથી સમજણા થયા, આપણને અક્કલ કયારથી આવી ? કહો કે ગમે ત્યાંથી આવી પણ આવી તો મનુષ્યપણામાં જ.

## બાદશાહ અને બીરબલ

આપણા વિચારે તો એ મનુષ્યપણાની કિંમત જ નહિ. કેમ ? પાદશાહને જેમ ખાજાના ભૂકાની કિંમત નહિ તેમ. કેમ ? તો બાદશાહ અને બીરબલ ગોખમાં બેઠા છે. તેવામાં ત્યાંથી એક ભિખારી નીકળ્યો. તેને જોઇને બાદશાહે બીરબલને પૂછ્યું કે હે બીરબલ ! આ ભિખારી દૂબળો કેમ છે ? ત્યારે બીરબલે કહ્યું કે જહાંપનાહ ! તેને ખાવાનું નથી મળતું માટે દૂબળો છે. ત્યારે બાદશાહે કહ્યું કે સાલો, ગદ્ધો, બેવકૂફ ખાવાનું ન મળે તો ખાજાંનો ભૂકો ખાય પણ ભૂખ્યો કેમ રહે ? વાત સાચી. પાદશાહ સમજણો થયો, ઉછર્યો અને વર્ત્યો છે પાદશાહતમાં તેથી એને જગતનો ખ્યાલ નથી. તેથી પોતે પોતાની સ્થિતિ દેખે છે કે ભૂકો ફેંકી દેવાની ચીજ છે. બીજી ચીજો ભાંગતાં કરચ પડે તેવો નિયમ નહિ. ખાજું આખું ખવાય નહિ. અને તેની કરચ પડ્યા વિના રહે નહિ. તે કરચ પાદશાહ વીણવા બેસે નહિ. માટે પોતાની અપેક્ષાએ કહે છે કે ભૂખ્યો કેમ રહે છે ? તે ( ભૂકો ) ખાઇને પેટ ભરે. આ બાદશાહે કહ્યું સાચું. પણ શ્રોતાની અપેક્ષાએ કે જગતની અપેક્ષાએ વિચારે તો ખાજાં જોવાં કેટલાકને તો મુશ્કેલ છે તો પછી ભૂકો ક્યાં ? તેમ આ જીવ પણ એકલો પોતાના જીવનનો વિચાર કરે છે. તેથી મનુષ્યપણું દુર્લભ નથી પણ સ્વાભાવિક છે. કેમ ? તો પાદશાહ જગતની દૃષ્ટિએ જુવે તો ખાજાં કેટલાકને મળવાં અને જોવાં મુશ્કેલ ! પણ આપણે આપણા જીવનનો જ વિચાર કરીએ તો મુશ્કેલ ન લાગે.

**દેવપણું મુશ્કેલ કે મનુષ્યપણું**

ઈતર કોમને જૈન કોમ કરતાં ઘણી મુશ્કેલી પડે. કેમ? તો જે મનુષ્યપણું જૈનને છે તે જૈનેતરને પણ છે. જૈનોને વધારે મુશ્કેલ લાગે છે. તેનું કારણ? જૈન અને જૈનેતરો જીવ કોને માને? જૈનો પૃથ્વીકાયાદિને જીવ માને છે, જૈનેતરો તેને જીવ માને નહિ. માત્ર કીડી, મંકોડા વગેરેને જીવ માને છે. તેને વિચાર ત્રસ જીવોની અપેક્ષાએ કરવાનો. ત્યારે જૈનોને ત્રસ અને સ્થાવર એ બંને જીવની અપેક્ષાએ વિચાર કરવાનો. આપણે વિચાર કરવાનો છ કાયની અપેક્ષાએ. પૃથ્વીકાયાદિના જીવો છે તે સ્થાવર છે તે સિવાયના બીજા છે તે ત્રસ છે. તે જૈનો વિચારે કે બધાંને મનુષ્યપણું ન મળ્યું અને મને મળ્યું તો તે કેટલું દુર્લભ હોય? જે ચીજ દુર્લભ હોય તે થોડાને મળે છે. પણ જે સુલભ હોય તે જગો જગો પર મળે છે અને ઘણાને મળે છે. આ બધા જીવો મનુષ્યપણા વગરના. માટે જૈનને દેવપણું સહેલું છે પણ મનુષ્યપણું મુશ્કેલ છે. દેવતા મોટા જબરજસ્ત છતાં મુશ્કેલ તો નહિ. જૈન કોમ વિચારે તો માલમ પડે કે દેવપણું સહેલું, મનુષ્યપણું મુશ્કેલ છે.

**'રાશિ' કોની ઓછી?**

સર્વ જીવોની રાશિમાં ઓછામાં ઓછી રાશિ કોની? તો ગર્ભજ મનુષ્યની. તેનાથી ઓછી સંખ્યાના કોઈ જીવો નહિ. ૨૯ આંકથી વધારે નહિ. આના કરતાં બધી રાશિઓ અધિકાધિક ગણાય છે. તે પણ અસંખ્યાત ગુણી. કોઈ પણ આ મનુષ્ય રાશિથી સંખ્યાત ગુણમાં નહિ. અસંખ્યાતા

ગુણમાં. બધી રાશિઓના અનંતમાં, અસંખ્યાતમા ભાગે મનુષ્યની રાશિ છે. તો મનુષ્યની સંખ્યા કેટલી ઓછી? દેવતાની સંખ્યા તે નારકી કરતાં અસંખ્યાત ગણી. સાતે નારકીના નારકના જીવોની જે સંખ્યા તેના કરતાં દેવતાની સંખ્યા અસંખ્યાત ગણી. આવા દેવતાના સ્થાનોમાં જગ્યા મળવી સહેલી કે મુઠીભર મનુષ્યમાં જગ્યા મળવી સહેલી? તો પછી સહેલું સ્થાન કયું? જેમાં અસંખ્યાત સ્થાનકો તેમાંથી કોઈ હાથ લાગે. મુઠીભર સ્થાનકોમાંના ગર્ભજ મનુષ્યો. સ્થાનની અપેક્ષાએ મનુષ્યપણું અલ્પ. તેથી તે મળવું મુશ્કેલ. મનુષ્યપણા માટે ઉમેદવારો ઘણા. દેવતામાં તેટલા નહિ. દેવપણું પામવા માટે લાયક ઘણા ઓછા. જ્યારે આ સ્થાન મુઠીભર ત્યારે પામવા લાયક (મેળવનાર) ઢગલો. અનંત કાયના જીવો ત્યાંથી નીકળી સીધા મનુષ્યમાં આવે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચો, દેવતા, નારકીઓ આ બધા આવે. વનસ્પતિમાં અનંતનો જથ્થો, બધા દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય, નારકી મનુષ્યપણાને લાયક. તેના ઉમેદવારો અનંતા, લાયક અનંતા, ત્યારે સ્થાન મુઠીભર. તેથી તેમાં નીપજવું મુશ્કેલ. જ્યારે દેવના અસંખ્યાત સ્થાનકો તો તેને લાયક કેવળ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્ય છે. તેમાં પણ ઘણા ભાગે લાયક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય. ત્યારે ઉમેદવાર મુઠીભર. તો પછી આ બેમાં કયું મેળવવું સહેલું? આ વિચાર જૈન કોમ કરી શકે.

**એક શરીરમાં અનંતા જીવ**

અનંતકાય માનનારી જૈન કોમ છે. બીજાને અનંતકાય શબ્દ સાંભળે તો શૂળ થાય. તેને માનવું પડે છે કે કાલ

તો અનંતો ખરો. ભૂત, ભવિષ્ય કાળ અનંતો કહેવો પડે. એક એક કાળે એક એક મોક્ષે જાય તો અનંતા મોક્ષે ગયા. તો તું ત્યાં શું કરીશ? ત્યાં બીજો ઉપાય ન મળે તો શું થાય? જેમ ભૂખી કૂતરીને ખાવા ન મળે તો બચુરિયાં ખાય. તેમ તેને અનંતનું શૂળ થાય છે માટે મોક્ષે ગયેલાને પાછા લાવવા પડે છે. અનંત સંખ્યા સાંભળે તો શૂળ થાય. પરંતુ મોક્ષવાળાને કચરામાં પટકવા કબૂલ પણ અનંત સંખ્યા ન માનવી. તેને અનંત સંખ્યા શૂળ જેવી લાગે. મનુષ્યને પેટ કે માથામાં શૂળ થાય તો તેને કંઈ ગમે નહિ. તેમ તેઓ અનંત શબ્દ સાંભળે તો શૂળ ઉપડે માટે અનંત શબ્દ ખસેડવો જ જોઇએ. માટે એક શરીરમાં અનંતા જીવો રહે તે ક્યાંથી માને? ન માને તે વાત જુદી.

## ચાર આંગળની દલાલણ

મોતીભાઈ જેવા કહે છે કે એમાં અનંતા જીવ કેમ રહ્યા? તે કહેવાવાળો એમ શંકા કરાવીને પેલાને માર્ગથી ખસેડે છે. પેલાને કહેનારનો વિચાર આવે તેથી અહીં સોયની અણીનું દૃષ્ટાંત લઇએ. એક હોલમાં લાખ દીવા હોય તેમાં સોય ઊભી કરીએ તો લાખ દીવાનું અજવાળું સોયની અણી ઉપર છે કે નહિ? સોયની અણીમાં લાખ ભાગ બતાવ તો ખરો. અજવાળા જેવી રૂપી ચીજ પરસ્પર આધારહિત રહી શકે છે. તો પછી અરૂપી એવા જીવો, એમાં અનંતાને રહેવામાં શો વાંધો આવ્યો? વાંધો એક જ આવ્યો કે આ ચાર આંગળની દલાલણ લુચ્ચી. દલાલણ કેમ? જેમ દલાલ માલિક પાસેથી માલ લે અને ઘરાકને સોંપે, તેમ દાંત તે

અનાજના કોળિયા પીસે પણ તે હાથે લે. આ પેટ ઘરાક તેમાં તેને વચમાં રસ લેવાની દલાલી. ઘરાક ધરાઇ જાય તો પણ દલાલ કહે લો લો. તેમ પેટ ભરાઈ ગયું હોય છતાં બે કોળિયા ખાવા દે. આ ચાર આંગળની દલાલણને કોઈ દહાડો સંતોષ ન થાય. માલ લેનાર અને દેનાર ધરાયા પછી સંતોષ પામે પણ દલાલને સંતોષ ન થાય. લાખો મણ ઘી ખાય તો પણ ચીટકી એક અંશ પણ નહિ. દલાલ દલ્લો લે પણ દેખાવમાં નહિ. તેમ આ ચાર આંગળની દલાલણ લુચ્ચી સ્વાદ લે પણ દેખાવમાં નહિ. વાંધો ત્યાં છે કે અનંતકાય માનીશું તો શકરિયા ગાજરિયા ખાધા વિના રહી જવાશે. આ ખાવાનું રહી જાય તે કેમ પાલવે ? અનંતકાય માને તો બંધ કરવું પડે. તે દલાલણને બંધ કરવા પાલવે નહિ. માટે અનંતા કેમ રહે તેવો પ્રશ્ન કરે. તેને કહીએ કે અજવાળાનું દૃષ્ટાંત વિચારી લે.

સ્થાનમાં અનાબાધપણે જીવનો રહેવાનો સ્વભાવ તો પછી તેમાં અનંતા રહે તેમાં તને વાંધો શો આવ્યો ? વનસ્પતિમાં અનંતકાય માનવા મુશ્કેલ, ત્યારે ચંપકભાઈ જેવા કહે કે મોક્ષે જાય તે ત્યાંથી પાછા આવે નહિ તો અનંતા કાળે અનંતા મોક્ષે જશે તો જીવો ખૂટી નહિ જાય ? આ સંસારના બધા જીવો મોક્ષે જાય એટલે ખૂટી જવાના. તેવી શંકાવાળાને ઉપરની દલીલથી શાસ્ત્રની વાતને રજૂ કરે છે. કેટલીક વાત શાસ્ત્રની સમજવામાં ન આવે તો દલીલથી કહી શકાય છે.

**મદ્દુક અને મિથ્યાત્વીઓ**

**મદ્દુક** નામનો શ્રાવક છે, તે ભગવાનને વંદના કરવા

જતો હતો. ત્યાં રસ્તામાં મિથ્યાત્વીઓ **કાલોદાયિ** વગેરે બેઠેલા છે. **મદ્દુક** આવે છે તેમ દેખ્યું એટલે તે રસ્તા ઉપર આવ્યા. **મદ્દુકજી** કયાં જાઓ છો? ત્યારે **મદ્દુક** કહે છે કે ભગવાન **મહાવીર** આવેલા છે તેમને વંદન કરવા જાઉં છું. તમારા શ્રમણ ભગવાન આ જગતમાં જીવ અને જડ એમ દુનિયાને માને છે. પણ જડ વસ્તુ ઘટપટાદિ છે. ત્યારે તમારા **મહાવીર** જડ શબ્દથી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયાદિ લે છે. તેમાં આકાશાસ્તિકાય દેખીએ તેથી માનીએ. પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તો તમે માનો છો ને? તો **મદ્દુકે** કહ્યું કે માનું છું. ભગવાને જેવું કહ્યું તેવું માનું છું. ત્યારે કાલોદાયિ વગેરેએ કહ્યું કે ધર્માસ્તિકાય કયાં છે? ત્યારે **મદ્દુકે** કહ્યું–આખા ચૌદરાજલોકમાં વ્યાપક માનેલો છે. **મદ્દુક**! તમારા **મહાવીર**ના કહેવા પ્રમાણે છે તો તમે દેખો છો, જુવો છો અને તેથી માનો છો? જો દેખતા કે જોતા ન હો તો તમારા જેવા આંધળી શ્રદ્ધાવાળા. કારણ કે દેખે નહિ, જુવે નહિ અને છે એમ માને–કબૂલ કરે તેના જેવો આંધળી શ્રદ્ધાવાળો કોણ?

### ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિષે સમજણ

**કાલોદાયિએ મદ્દુકને** કઈ જગ્યા પર મૂકયો તે વિચારો. અન્ય ધર્મની પ્રીતિ કરવાની ના પાડે છે, તે આવા ચક્કરમાં નાંખનારા છે. તે ચક્કરમાં નાખવા માટે ભગવાન કહે છે તે અહીં કહે છે. તે કબૂલ કર્યું. ત્યારપછી તે કહે છે કે તું અહીં દેખે છે, જુવે છે, હું દેખતો નથી, જોતો નથી, તો તારા જેવો આંધળો કોણ? આમ કહીને કહે છે

કે જે છતી આંખે જુવે નહિ અને હા હા કહે તેને કેવો ગણવો? ત્યારે મદ્દુકે કહ્યું કે આ ગંધ આવે છે તે કોની? તો મોગરાની. મોગરો આટલામાં દેખાય છે, તેની ગંધ દેખાય છે? તે નીકળતી કે પેસતી દેખાય છે? તો ના. પછી મોગરાની છે તે કેમ બોલ્યા? મોગરાની ગંધ, મોગરો હોય તો આવે છે, મોગરો ન હોય તો તેની ગંધ નથી આવતી. સાક્ષાત્ ન જણાય, ન દેખાય છતાં અનુમાનથી ને! નાકે આવતી ગંધ તે જાણી નથી, દેખી નથી. મોગરો હોય તો આવે છે નહિ તો નથી આવતી. તો આ મોગરાની ગંધ છે તે કેવી રીતે એમ હું તને પૂછું છું. આ જગતનો કોઈ છેડો છે કે નહિ? છેડો છે. તું કહે કે છેડો નથી તો તું અને હું મળ્યા કયાંથી? આ જીવો મળ્યા છે તે સંયોગો થયા માટે. સંયોગો મળ્યા ત્યારે જીવોનું મળવું થયું. જો સંયોગો ન હોત તો જીવો અને પુદ્ગલો કયાં વિખરાઈ જાત તેનો પત્તો ખાત નહિ. મર્યાદાવાળું સ્થાન હોય ત્યાં મળવાનો પ્રસંગ થાય. માટે જગત મર્યાદાવાળું છે. આ તો પુદ્ગલનો સ્કંધ છે. આપણે ભેગા થયા છીએ માટે મર્યાદાવાળું છે. તો તે મર્યાદા કોની? તો કહે કે ધર્માસ્તિકાયની. અહીંને અહીં રાખે તેનું નામ અધર્માસ્તિકાય. માટે ગતિમાં જે મદદ કરે તે ધર્માસ્તિકાય. સ્થિતિમાં જે મદદ કરે તે અધર્માસ્તિકાય માનવા પડે.

## વીતરાગ પરમાત્મા એ જ પ્રમાણિક સાધન

કાલોદાયિ આદિએ પાછો પ્રશ્નમાં ઉતાર્યો. કેટલાક ભૂત, ભવિષ્યના પદાર્થોમાં અનુમાન નહિ. જેમ ચોવીશીમાં ચોવીસ

થયા. આવતી ચોવીશીમાં પદ્મનાભાદિ થશે તેનું અનુમાન કયું ? માટે જ આગમ માનવા ને ? મદ્દુકે કહ્યું કે ભાઈ દરિયો છે. તેની બીજી બાજુ દેશ છે કે પાણી ? જો પાણી છે કે દેશ છે તેમ કહો તો તમે ત્યાં જઈ આવેલા છો ? તો ના. તો પછી તમે શાથી કહો છો ? જઈ આવેલાએ, ભરોસા–વાળાએ કહ્યું તેથી તમે માનો છો ને ? જે દૂર રહેલી ચીજ, વસ્તુ વગેરે, દેશ, કાળ સ્વભાવ વગેરે ન દેખીએ, છતાં માનીએ. તે પણ પ્રમાણિક પુરુષના વચનથી માની શકીએ. અહીં આગળ સર્વજ્ઞ, વીતરાગ પરમાત્મા સિવાય પ્રમાણિક સાધન કયું ? મોગરાની ગંધ, દરિયાપારના દેશો કબૂલ કર્યા તે અનુમાન અને આપ્ત વચનથી. તેમ હું પણ અનુમાન અને આપ્ત વચનથી માની શકું. પણ મારી આંખે નથી દેખી શકતો આમ કહીને તે ભગવાન પાસે ગયો.

**મદ્દુક અને ભગવાન**

હે મદ્દુક ! તેં સારૂં કર્યું. તે વખતે તેં એમ કહ્યું હોત કે હું દેખું છું ત્યારે તે કહેત કે તું મને દેખાડ. ત્યારે તું કહેત કે ગાંડો છે, સ્વપ્નું છે તે જુવે ? સુખ તું વેદે છે કે નહિ ? તેનું બીજાને દેખાડે છે ખરો ? સ્વપ્નું ચીજ એવી કે તે પોતાને દેખાય પણ બીજાને દેખાડાય નહિ. માટે હું શ્રદ્ધાવાળો છું તેથી દેખાય છે. તેમ તું કહી શકે પણ તે ઉત્તર દેવાનું સ્થાન ન હોવું જોઇએ.

જો ઉપર કહ્યું તેમ બોલ્યો હોત તો તું તીર્થંકર, ગણધર અને કેવળીઓનો વિરાધક થાત. કેમ ? તો કેવળીઓ શું કહે. છદ્મસ્થ જીવ અરૂપી પદાર્થોને જોઈ શકે નહિ. જે

મનુષ્ય સૂત્ર વિરુદ્ધ બોલે તે મનુષ્ય સૂત્રને અનુસરનાર છતાં ઉન્માર્ગી મનાય. આંધળો હોય તેને એમ કહીએ કે હું તને આંધળો ક્યાં કહું છું ? એમ કહેવાથી આંધળો કહી દીધો. અહીંયાં હું બીજાને ઉન્માર્ગી નથી કહેતો. પણ તારા માર્ગને સન્માર્ગ કહે એટલે બીજાનો ઉન્માર્ગ આપોઆપ આવી ગયો. દેખે છે એમ કહેત તો છદ્મસ્થ જીવ અરૂપીને દેખી શકે તેવું નિરૂપણ કરત. જેઓએ જ્ઞાને દેખ્યું ને નિરૂપણ કર્યું કે છદ્મસ્થ અરૂપી દેખે નહિ. શાક્ષાત્ જાણે નહિ તેથી તે કહેનારા ખોટા. શાક્ષાત્ ન કહે પણ આમ બોલ્યો હોત તો આનો અર્થ એ આવત કે મેં તને દેવાળીઓ ક્યાં કહ્યો છે ? ઉન્માર્ગગામી ન કહ્યા છતાં મારો માર્ગ સાચો તેમ કહ્યું તો બધા ઉન્માર્ગગામી ગણાયા. હું જાણું છું એમ તું કહેત તો તે કહેત કે અમે દેખતા નથી. તો તું ક્યાંથી દેખે છે ? તો તને શ્રદ્ધા નથી માટે તને ન દેખાય. કાપડ ફાડવાનું કોણ કરે ? કાપડિયો. કેમ ? એને એની પ્રવૃત્તિ છે. તેમ શ્રદ્ધા હોય તે દેખી શકે. તે પ્રમાણે સમાધાન કરત તો તેનું પરિણામ અનંતા સિદ્ધો, તીર્થંકરો, કેવળીઓ, ગણધરોએ જે નિરૂપણ કર્યું તેને ફટકો માર્યો ગણાત. જેઓ ઉન્માર્ગે જવાવાળા છે તેઓ પોતાના માર્ગને સાચો કહે તો સન્માર્ગને ફટકો માનનારા થાય.

**વિરાધક કોણ?**

શાસ્ત્રમાં કહેલા, માનેલા પદાર્થ યુક્તિથી સાબિત કરવામાં કોઈ જાતનો વાંધો નથી. જે પદાર્થ યુક્તિથી સાબિત થાય તેને યુક્તિથી ન કહે તે માણસ જૈન શાસનનું વાક્ય

બોલવા લાયક નથી. આવશ્યકનિર્યુક્તિમાં ભદ્રબાહુ સ્વામીજીએ કહ્યું છે કે **आणागिज्जो अत्थो (गा० १७१८)** આજ્ઞાગ્રાહ્ય ભગવાને કહ્યું તે બધું. જેમાં દૃષ્ટાંત, હેતુ, યુક્તિ મળતા હોય તેમાં તે હેતુ, યુક્તિથી કહેવું જોઇએ. તે ન કહે તો સ્વસમયનો વિરાધક, અનુયોગવિધિનો વિરાધક. જે આજ્ઞાસિદ્ધ હોય તે પણ હેતુ, યુકિતથી સાબિત થાય તો તે કરવા. આ વાત વિચારશો તો જગો જગો પર જે કહેવામાં આવે છે કે આત્મા ને કર્મનો સંબંધ અનાદિનો છે. જો તેમ ન માનીએ તો શુદ્ધ આત્માને કર્મો લાગે તેથી મોક્ષ જેવી ચીજ ન હોત. માટે અનાદિના કર્મો માનવાં પડે છે. છતાં દૃષ્ટાંત તરીકે **'कांचनोपलवत्'** અનાદિમાં દૃષ્ટાંત સોનું અને માટી. શંકા–દૃષ્ટાંત સાચું કે સાવ ખોટું ! તે દૃષ્ટાંત તો સર્વથા ખોટું ! કારણકે તમે તે પુદ્ગલનો સંબંધ અનાદિનો માનતા નથી. પણ તેને તો તમે અસંખ્યાત કાળનો માનો છો. તો પછી અહીં અનાદિનો કયાંથી થયો ? માટી પણ પુદ્ગલો, કાંચન તે પણ માટી છતાં તેને અનાદિનો કેમ કહ્યો ? આ વાત સ્વસમય(મીમાંસક)ની છે.

**સાબિત શું કરવું ?**

આ દાખલો જે મીમાંસકો જગતને અનાદિનું માને છે. ઇશ્વર અને મોક્ષને માનતા નથી માટે **'कांचनोपलवत्'** અનાદિનો વિયોગ તે જેમ માને છે, તેમ આત્મા અને કર્મ અનાદિનો સંયોગ પામીને વિયોગી થાય છે. જેમ પ્રતિવાદી તેના સિદ્ધાંત પ્રમાણે સિદ્ધ કરે. આપણે ન માનેલી ચીજ બીજા દૃષ્ટાંત દ્વારાએ સમજ્યા હોઇએ. તેવી રીતે સિદ્ધ કરે તેમ શાસ્ત્રને અંગે જણાવવી જોઇએ. કર્મવાળો આત્મા પણ

નિર્મળ થાય છે. જેમ કાંચન ઉપલનો સંયોગ અનાદિનો માન્યો અને તેનો નાશ માને છે. તેમ આત્માનો સંયોગ અનાદિનો માને અને તેનો નાશ માને તો વાંધો નથી. સાબિત શું કરવું છે? શાસ્ત્ર અને કેવળીનું કથન. દૃષ્ટાંત, હેતુ આપણા કે બીજાના હોય પણ સિદ્ધ તો શાસ્ત્રનું હોવું જોઇએ. જિનેશ્વરોએ કહેલા પદાર્થો માટે આપણે નહિ માનેલી યુક્તિ કે દૃષ્ટાંત બીજાએ માનેલા હોય તે કહી શકાય માટે આ મદ્દુકે જે જણાવ્યું કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય નથી જાણતો નથી દેખતો છતાં માનું છું. એમાં દૃષ્ટાંત કયું? મોગરાની ગંધ, દરિયાપારના દેશોનું દૃષ્ટાંત, હેતુ, યુક્તિ તે બીજાના માનેલા હોય તે રજૂ કરાય પણ સાધ્ય પદાર્થ શાસ્ત્રનો માનેલો, તીર્થંકરનો નિરૂપણ કરેલો હોવો જોઇએ. તેથી શાસ્ત્રકારોને અનુમાનો મેલવાં પડે છે. ગણધરવાદ વખતે અનુમાન મેલવાં પડયાં શાથી? જે વસ્તુ હેતુ, યુક્તિથી સાબિત થાય તેને તેનાથી સાબિત કરવી જોઇએ.

### નિગોદનો અનંતમો ભાગ

આ જીવ અતીન્દ્રિય જ્ઞાનવાળો છે, કારણકે સિદ્ધ મહારાજે તેવો દેખ્યો છે માટે. જ્ઞાની સિવાય જવાબ કરવાની જરૂર નથી. માટે મદ્દુક શ્રાવક અનંતકાયમાં અનંતા જીવો તે જ્યોતના દૃષ્ટાંતે સમજાવી શકયા. હવે મોક્ષને અંગે શંકા ઊભી કરી. જીવ નવો થતો નથી અને મોક્ષે અનંતા જાય છે તો સંસાર ખાલી થશે કે નહિ. આ શાથી માનો? જીવ માનો થોડા અને તેથી તેમાંથી આવે તેમ માની લો ત્યારે. ચંપકભાઇએ કહ્યું કે પાનાભાઈ, અમરચંદભાઇ દરિયા

તરફ ગયા ત્યારે અમરચંદભાઈ ટાંકણીમાં પાણી લઇને બહાર નાંખે છે. ત્યારે પાનાભાઈ કહે કે મૂર્ખા છો આમ કરીને દરિયો ખાલી કરવો છે? ટાંકણીના પાણીથી દરિયો ખાલી થશે તે સાચો ઠરે કે હાંસીવાળો ઠરે ? કેમ? ક્યાં દરિયો અને ક્યાં ટાંકણીનું પાણી ? તેમ અમરચંદભાઇએ ઠપકો દીધો. ટાંકણીને દરિયામાં નાખી અને બહાર કાઢી ત્યારે તેના ઉપર કેટલું પાણી માયું ? તેથી દરિયો ખાલી થશે તેમ કહેવું પડ્યું. દરિયો અને ટાંકણીની અણી વચ્ચે અંતર દેખીએ તો સંખ્યાત, અસંખ્યાતગણું. અનંતો કાળ ગયો અને જેટલા મોક્ષે ગયા તે એક નિગોદના અનંતમે ભાગે. તો કેટલું અંતર? આટલો બધો ભૂત કાળ ગયો અને તેમાં મોક્ષે ગયા છતાં તે એક નિગોદનો અનંતમો ભાગ. કેવળીને જ્યારે પૂછીએ ત્યારે જવાબ મળે કે એક નિગોદનો અનંતમો ભાગ. હજારો ટાંકણીઓ દરિયામાં નાખી અને બહાર કાઢી તો દરિયો કેટલો ખૂટ્યો તે કહો ને ? તેમ અહીં અસંખ્યાત નિગોદો, અસંખ્યાત ગોળા એમાં જીવોનો સમુદાય એટલો બધો કે જેટલા મોક્ષે ગયા, મોક્ષે જાય છે અને જશે તે બધાને ભેગા કરીને કેવળીને પૂછીએ તો કહે કે એક નિગોદનો અનંતમો ભાગ.

### જિનેશ્વરનું વચન ક્યારે રુચે ?

જીવનની શ્રદ્ધા નથી, અનંતપણું માનવું નથી. માટે જૈનેતરોને અનંતા શબ્દથી પેટમાં ચૂંક આવે. આપણામાં તો અનંતા જીવો મનુષ્યપણાના ઉમેદવાર છતાં પામ્યા કેટલા ? તો મુઠ્ઠીભર. તો મુશ્કેલી કોની ? દેવની કે મનુષ્યની ?

મનુષ્યની. આવી મુશ્કેલીવાળો મનુષ્યભવ મળ્યો તો જે પોતાના જીવનને મહેલરૂપ માને એટલે ભૂત કાળના ઉપર દૃષ્ટિ કરે તે પોતાના જીવનને મહેલરૂપ બનાવી શકનારો થાય. આવી રીતે પોતાના જીવનને જેલમાંથી મહેલરૂપ બનાવે તે ક્યારે ? તો ભગવાનના વચન ઉપર વિશ્વાસ રાખે તો. માટે ભગવાન **હરિભદ્રસૂરિજી** ચોકખું કહે છે કે જેમ તાવમાં તેનો અવધિ થાય ત્યારે ઔષધ કામ કરે છે. વારંવાર ઊથલાઓ મારે છે તે કાચા તાવને ઔષધિથી દબાવ્યા તેથી. તેને ઊથલો મારતાં વાર નથી લાગતી. પાકયા પછી કાઢેલો તાવ સંપૂર્ણ જાય તેમ અહીં આગળ જ્યાં સુધી આ જીવને ભવસ્થિતિ પાકી નથી ત્યાં સુધી જિનેશ્વરનું વચન રૂચે નહિ.

### ભવસ્થિતિ પાક

ભવસ્થિતિ પાકી એટલે શું ? તે બતાવે છે કે દુનિયાને લૂંટી જાય. દુનિયા શાહુકારીના વચનમાં લૂટાય છે. પણ દેવાળિયાના વચનમાં લૂંટાતી નથી. પાંચ પંચા પચીશ કરે તેની પાસે હિસાબ કરવા બેસે. તેમ અહીં આ જૈન શાસનમાં પાકેલા ઝેરી કીડાઓ તે પણ રજૂ કરે વચન શાસ્ત્રનાં. દેવાળિયો વચન શાહુકારના બોલે પણ બીજે દહાડે પાટિયું ફેરવી નાંખે. તેમ જૈન શાસનના ઝેરી જીવડાં તે શાસ્ત્રનું નામ લઇને ભવસ્થિતિ પરિપાક તમે પામ્યા નથી એમ કહે. ભવસ્થિતિ પાકયા વગર જિનેશ્વરના વચન નહિ માને. તે વાત સાચી પણ પામ્યા તેથી પાકી છે. માટે જેને જિન વચનની પરિણતિ થઈ તે એક પુદ્‍ગલ પરાવર્તથી વધારે રખડવાનો નથી. તેને ધર્મ, અધર્મ, મોક્ષ, નિર્જરા,

સંવર, આશ્રવની વાત વિષે રૂચિ થાત નહિ. જેને છેલ્લો પુદ્ગલ પરાવર્ત બાકી હોય તેને આ વચન રૂચે છે. તે શાસ્ત્રના વચનની જગ્યા પર તે ઉથલાવવા માટે છેલ્લો પુદ્-ગલ પરાવર્ત આવશે ત્યારે વચન રૂચશે.

આનો અર્થ શો? શાસ્ત્રકારે વચનની રૂચિ દ્વારાએ છેલ્લો પુદ્ગલ પરાવર્ત સાબિત કર્યો ત્યારે આને ઉરાડી દીધો. તમે જિનેશ્વરનું વચન માનો. પણ જ્યાં સુધી છેલ્લો પુદ્ગલ પરાવર્ત ન આવે ત્યાં સુધી રૂચિ થઈ હોય તો નથી થઈ તેમ માનશો? જ્યારે છેલ્લા પુદ્ગલ પરાવર્તની સિદ્ધિ માટે શાસ્ત્રકારે કહ્યું છે કે–**आगमवचन**०(**षोड**० ८, **श्लो**० ९)

આ નિયમ કે જો એક પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી ન હોત તો જિનેશ્વરનું વચન રૂચત નહિ. જેથી રૂચ્યું તેથી એક પુદ્ગલ પરાવર્તની સાબિતી કરી. ત્યારે એને ઉપર પ્રમાણે ઊથલાવી નાંખી. દેશવિરતિના પરિણામ થાય ક્યારે? મોહનીયમાં ૬૯ અંતઃકોટાકોટિમાં પલ્યોપમની સ્થિતિ ખપે અને તેની પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિ જાય ત્યારે દેશવિરતિ થાય તે નક્કી. ચારિત્ર સંખ્યાતા સાગરોપમની સ્થિતિ જાય ત્યારે થાય. તો તે તું દેખે છે તો શાનું ચારિત્ર કહે છે? આમ કહીને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિને ખસેડે છે તે અવળચંડાપણું. વચનની પરિણતિ થઈ, પાપથી વિરમ-વાનો વિચાર થયો, સાધુપણું લેવાનો ભાવ થયો તેથી તે થયેલાં છે. તે જગ્યા પર ઝેરી જીવડાઓ કર્મને નામે કાર્યને ખસેડે છે. શાસ્ત્રકારો કાર્યને માટે કારણ જણાવે છે. માટે જિનેશ્વરનું વચન પરિણમે, સત્યભાવ, શ્રદ્ધા, વર્તવાનું,

આરાધવાનું મન થાય તો ચરમ પુદ્ગલ પરાવર્તમાં આવેલો હોય. માટે આ બન્યું તેથી ભવ સ્થિતિ અનંતી કાપી નાંખી છે. માટે અપૂર્વકરણ જાણ. ચિંતામણિ કલ્પવૃક્ષ મળ્યું તે શાથી કહે છે? ફળ દેખાય છે તેથી. તેમ અહીં અનંતા ભવ નથી. તેની છાપ મારી માટે ધર્મ ચિંતામણિ કલ્પવૃક્ષ જેવો છે. જિનેશ્વરોનાં જે વચનો તેની આરાધનામાં ધર્મ છે.

વચન કેમ? તેની આરાધના કેમ તે જે જણાવશે તે અગ્રે વર્તમાન.

卐

## વ્યાખ્યાન ૧૮

### દળી દળીને ઢાંકણીમાં

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી જન્મ–મરણ જન્મ–મરણ કરતો કરતો રખડપટ્ટી કરી રહ્યો છે એટલે આ રખડેલ છે. ધ્યાનમાં રાખશો કે સમકિતી જીવ પહેલાં સમકિત પામીને એમ કહે કે હું રખડેલ. કારણકે ભવોભવ જઉં છું, ને ભવોમાં મેળવું છું, છતાં મીંડું. દુનિયામાં કહેવત છે કે દળી દળીને ઢાંકણીમાં વાળ્યું તે આનું નામ. તેમ આને મહેનત કરીને ધૂળમાં નાંખ્યું. ખરાબ કર્યું? દરેક જીંદગીમાં જહેમત ઉઠાવીને તમે જે મેળવ્યું તે અંતે મિનિટ

(minute)માં ગયું. એક સમય પહેલાં માલિક અને એક સમય પછી લેવા કે દેવા કંઈ નહિ. છેવટે કંચનાદિ માટે જેમ, તેમ કાયા માટે પણ. જીવન-મરણ સુધીનો બધો ટાઈમ કાયાને જાળવવા, વધારવાનો પ્રયત્ન ખરો કે નહિ ? જીંદગીની જહેમતે મેળવેલી, વધારેલી કાયા તેનો એક સમય ગયો ત્યારે શું થયું ? પહેલા સમયે આપણી પછી પારકી, માટે શાસ્ત્રકારે તેનો સર્વત્યાગ કહ્યો. આખા શરીરમાંથી તેના એક ભાગનો ત્યાગ તે દેશત્યાગ. સર્વથા શરીરનું છોડવું તે સર્વત્યાગ તે છેલ્લા સમયે. બાકીના સમયમાં પુદ્ગલો પોષણ પામે અને વિખરાય. શરીરમાં આહાર લઈએ તેમાંથી મેલ, થૂંક વગેરે બધું થાય. શરીરથી પરિણમેલા તે પુદ્ગલો છોડવાના. પરસેવા દ્વારાએ ગ્રહણ કરેલા જાય છે. નવા લેવાય છે ત્યારે છેલ્લા સમયે નવું કંઈ નહિ ત્યારે જવાનું સર્વથા. કોઈ પણ જન્મ સર્વથા શરીરના ત્યાગ વગર થતો નથી. એ બધો સંઘાત ક્યારે કર્યો ? આખા જીવનમાં જહેમત ઉઠાવી ત્યારે. જ્યારથી માતાની કૂખમાં આવ્યા ત્યારથી કાયાને બાંધતા આવ્યા, પોષતા આવ્યા. ક્યા જન્મમાં કાયાનું બાંધવું, પોષવું નથી ? તો એવો એક ભવ નથી કે જેમાં કાયાનું બાંધવું, પોષવું ત્યાગ કરવું ન હોય.

**મહેનતનું ફળ મીંડું !**

નાનાં બચ્ચાં એક વર્ષ નાપાસ થાય, તેની મહેનતનું ફળ કંઇ ન આવે, તો રોઈને આખો દહાડો કાઢે. કેટલાક છોકરાઓ આપઘાતો કરીને મરી ગયા. કારણ કે આગળની મહેનત નિષ્ફળ માલમ પડી. બચ્ચાંઓ ધૈર્ય ધારી શકતાં

નથી. ત્યારે આપણે ગયો જન્મ, આ જન્મ પણ પલ્યોપમની મહેનતે મેળવેલું શરીર તેને મેલતો મહેનતનું મીંડું કરતો કર્યા કરીએ છીએ. વિચારો-એક વર્ષની છોકરાની મહેનત નિષ્ફળ જાય તો હતાશ થઇ જાય છે અને અકારું કરનાર થાય. ત્યારે તમારી અનાદિ કાળની મહેનતનું ફળ શું ? અનાદિથી રખડયા તેમાં અત્યારે તમારી પાસે શું ? જે જીવને અનાદિનો માનશે તે ભવો પણ અનાદિના માનશે. જો તે માનો તો તેં રખડીને મેળવ્યું શું ? ચક્રવર્તીપણું મેળવ્યું તેમાં ભલે ચક્રરત્નનો માલિક હોય, નવનિધાનનો માલિક હોય, દેવો સેવા કરતા હોય તો પણ મરણમાં 'ચક્રમ.' આ જીવ અનાદિથી ભટકયો, મહેનત બહુ કરી પણ તેનું ફળ શું ? મીંડું. મહેનતમાં એકડો કોઇને નહિ. માટે શાસ્ત્રકાર કહે છે કે એમાં ચેતાય ક્યારે તો જ્યારે મીંડું વાળવાવાળો તેને રોકી શકે ત્યારે. તેમ આ આત્મા શક્તિ દાખવે તો મીંડાનો એકડો કરી શકે. એવા પ્રકારની શક્તિ આ આત્મામાં છે, તે વિચારે કયારે ? આ ત્રણ વસ્તુ હોય ત્યાં સુધી વિચારનો અવકાશ. નહિ તો નથી હોતો. જેમ અહીં આગળના ભાગમાં આંખો છે, પાછળ નથી, તેથી અડચણ પડે છે. અકસ્માત્ થાય તેને માટે ત્રણ આંખો કરી શકતા નથી. અર્થાત્ તેને ફેરવવાની તાકાત નથી. જ્યાં કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથા-કર્તુમ્ આ ત્રણ ન હોય ત્યાં વિચાર કરતા નથી. માટે તાલ ઉપર, ચોચી ઉપર આંખો હોય તો કેવું સારું તેનો વિચાર કોઈ દહાડો કર્યો ? ના. જો તે હોત તો અકસ્માત્ થવાનો પ્રસંગ ઘણો ઓછો થાત. કર્તુમ્ એટલે માથા ઉપર આંખ કરવાની. અકર્તુમ્-જ્યાં થઈ હોય તે રોકવાની અને અન્યથા-

કર્તુમ્—તે જગ્યાથી બીજી જગ્યા પર ગોઠવવાની તે શક્તિ નથી. માટે તેનો વિચાર શા કામનો ? તો તે આંખને માટે કોઇ દહાડો વિચાર કરતો નથી.

## જીવને ગુલામ કોણ ગણે ?

આખું જગત જન્મ-મરણ, મહેનત કરે છે, મીંડાં વાળે છે, તે પણ અનાદિથી. તેમાં આપણું કરેલું થતું નથી, રોકાતું નથી, પલટાતું નથી. તે કોણ માને ? જેઓ જીવને ગુલામ માને તે જ માને કે જીવને કરવાની, રોકવાની કે પલટાવવાની તાકાત નથી. પણ જે જીવને સ્વતંત્ર ભોક્તા, કર્તા માનનાર છે તે આ ત્રણ વસ્તુ માન્યા વગર નહિ રહે. જેઓ જીવને કર્તા, ભોક્તા માનનાર નથી તે જ માને કે આ ત્રણ તાકાત આ જીવની નથી. આ શક્તિનો અભાવ કોણ માને ? તો જીવને ગુલામ ગણતા હોય તે. જેઓ ગુલામીમાં ગણતા નથી, જેઓ આ ત્રણ માને છે તે જ વિચાર કરે કે આ જીવ રોકવા, કરવા અને પલટાવવાને સમર્થ છે.

## આત્માની બંને પ્રકારની તાકાત

કર્મના કારણભૂત ગતિ, આયુષ્ય વગેરે કર્મને બાંધનારો આ જીવ છે. કોઇએ બાંધ્યાં અને મને વળગ્યાં તેમ નથી. કરનાર હું જ છું, છતાં કરવું હાથમાં પછી પલટાવવું હાથમાં નહિ. મરચાં ખાવાં તે મરજીની વાત. મરચાં ખાધાં પછીની બળતરા તેને રોકવાનું આપણા હાથમાં. રેચ, ઝાડાની દવા તે આપણા હાથની વાત પણ ઝાડા, રેચ થવા માંડ્યો

તે રોકવો મુશ્કેલ છે તેમ નહિ. મરચાં તીખાં વધારે ખાધાં હોય તો ઉપર ઘી ખાધું અને બળતરા રોકી. ઝાડાનું અધિકપણું થયું તેના ઉપર ઝાડો રોકવાની દવા લીધી. કહો અકર્તુમ્–રોકવાની તાકાત આપણે લીધી. થાય છે, રોકાય છે ને પલટાવાય છે આ ત્રણ હાથમાં છે. રોજનો તાવ એકાંતરિયો અને એકાંતરિયો તાવ રોજનો થાય તે શાથી ? તો આપણા વર્તનથી પલટો ખાધો. જેમ પલટાવવામાં, રોગનો ઊથલો ખાવામાં બીજો જવાબદાર નથી પણ આપણી પ્રકૃતિ જવાબદાર છે તેમ અહીં કર્મ રોકવાં, પાપનાં ફળ નહિ આવવાં દેવાં અને પુણ્યનાં ફળો બેસાડવાં તે આપણા હાથની વાત છે. પાપનાં કર્મો બાંધ્યાં હોય તે જીવ પુણ્યનાં ફળમાં પલટાવી શકે. પુણ્યનાં કર્મો પાપનાં ફળમાં લઈ જઈ શકે. આત્મામાં કર્મ રોકવાની તાકાત છે. પુણ્યને પાપમાં અને પાપને પુણ્યમાં પલટાવવાની તાકાત છે.

આ વાત ખ્યાલમાં આવશે તો મૂલબંધ અને સંક્રમણ બંધની સમજણ પડશે. દેવની અને ગુરૂની અશાતનાથી ચીકણાં જ્ઞાનાવરણીય કર્મો બાંધ્યાં. જ્ઞાનથી જ્ઞાનાવરણીય બંધાયું. વળી કેવળી વગેરેની અશાતનાથી મોહનીય બંધાયું. અમુક વખતે અમુક કર્મ તીવ્ર બંધાયું. એ કર્મના બંધમાં સમજવાનું છે કે કર્મ લેવાનું કામ એકલા જોગનું છે. રાગ દ્વેષની પરિણતિનું કામ કંઈ કર્મ પુદ્ગલોને લેવાનું નથી. તેનું કામ તો વિભાગ પાડવાનું. એટલે એ કામ કોનું ? પ્રમાદનું. મન, વચન અને કાયા એ યોગ છે અને તે માત્ર કર્મ લે છે પણ વિભાગ પાડવાનું કામ તેમનું નથી. જો

મન, વચન અને કાયા કર્મ લે અને વિભાગ પણ પાડે તો સંયોગી-કેવલીને યોગ હોવાથી આઠે કર્મો માનવાં પડે. તેમને ત્રણે જોગ છે એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તે કર્મને લેવાવાળી ચીજ છે પણ કર્મનો વિભાગ પાડવા-વાળી ચીજ નથી.

જ્ઞાનાવરણીય અને મોહનીય જે બંધાયું તે વિભાગ પરિણામથી છે. કર્મ બાંધનાર અને વિભાગ પાડનાર મોહ છે અને તે પરિણામની ખરાબી છે. વળી જ્યારે પરિણામનો પલટો થાય ત્યારે પહેલાં બાંધેલાને બીજા સરખાને તે પ્રમાણે સંક્રમાવે અને તે બધાની રસ તથા સ્થિતિને ગાઢ કરે. જે વખતે શ્રુતજ્ઞાનની આશાતના કરી હોય ત્યારે પહેલાંની તે કર્મની જે બાંધેલી સ્થિતિ હોય તેને પલટાવે અર્થાત્ શ્રુતજ્ઞાનાવરણીયની સ્થિતિ મંદ હોય તો પણ તીવ્ર કરે. કેવલીની આશાતનાથી મોહનીય બંધાય તો જ્ઞાનાવરણીયના વિભાગથી આ મોહ બાંધતાં આ સંક્રમણના વિભાગમાં ફરક પડતો નથી. તેટલા જ માટે શાસ્ત્રકારે કહ્યું કે-અન્ય પ્રકૃતિનું-જ્ઞાનાવરણીયનું દર્શનાવરણીયમાં સંક્રમણ ન થાય.

**મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ?**

આ જીવ અન્યથા કર્તુમવાળો છે. કર્મ બાંધવાવાળો, રોકવાવાળો, પલટાવવાવાળો, નિર્જરાવાળો, સંક્રમણવાળો એવો આ જીવ તે કોણ માને ? જેઓ પોતાના આત્માને ગુલામ ન માને, કર્તા, ભોક્તા, જવાબદાર અને જોખમદાર માને તે જ માની શકે. આવું માનનારા સમજી શકે કે આ આત્મા કર્તા, ભોક્તા છે માટે આ આત્માએ સાવચેત થવાની

જરૂર છે. આ માન્યતા થયા પછી ખ્યાલમાં આવે કે આત્માની તાકાત કેટલી? તો કાચી બે ઘડીની મહેનતમાં એટલો બધો ખજાનો મેળવે કે તેનો પાર નહિ. બે ઘડી પહેલાનો મિથ્યાત્વી તે બે ઘડીમાં સમકિત પામીને, શ્રેણિ માંડીને અંતકૃત્ કેવલી થઈને મોક્ષે જાય. તો મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું? તો બે ઘડીનું.

અર્થનો અનર્થ

નિર્ભાગીઓને અર્થ અવળા સૂઝે. સાસુએ વહુને ઠપકો દેતાં કહ્યું કે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મર. ત્યારે વહુ દાંત કાઢવા માંડી. કેમ? તો સાસુ એવડી ઢાંકણી બનાવે પછી એમાં એટલું પાણી ભરે ત્યારે ડૂબી શકું ને? તો વહુએ આ વાક્યને સીધું ન સમજતાં અવળું લીધું. એને ઓલંભા રૂપે કહ્યું હતું ત્યારે એણે ઊંધો અર્થ લીધો. શો? મારા જેવડી ઢાંકણી બનાવે અને તેટલું પાણી ભરાવે કે જેમાં હું ડૂબી શકું. આનું નામ અવળચંડાપણું. વાકય કયા મુદ્દાનું? તેને લઈને મૂકે ક્યા મુદ્દા પર.

અહીંઆંથી મોક્ષમાં અંતર્મુહૂર્તમાં જાય. આવા શાસ્ત્રકારના વચનને અવળચંડા શું કહે છે. આ જીવને અંતર્મુહૂર્તમાં મોક્ષ થશે માટે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરવાનું શું કામ? કેવલી મહારાજે પેલાને સાત ભવ કહ્યા ત્યારે તેણે અર્થ શો કર્યો? ચાહે તેટલું પાપ કરીશ તો સાતના આઠ ભવ થવાના નથી. ઊભો ઊભો સુકાઈ જાઉં તો સાતના છ થવાના નથી. કેવલીના વચનનો આવો ઉપયોગ કરે તો આજકાલના નિર્ભાગીઓ શાસ્ત્રનાં વચનનો અનુપયોગ

અને દુરૂપયોગ કરે તેમાં નવાઈ શી ? વચનનો તમે દુરૂપયોગ ન કરશો. અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વી, વિરોધી કંઈ પણ કરનાર ન હોય તો પણ જીવ ચૌદમે ગુણઠાણે જઈ શકે એટલી તાકાત છે. તે માટે જણાવેલું વચન સંયમ, તપ, પરીષહ સહન કરવાં વગેરેના નિષેધ માટે નથી. પણ તેનો ઉપયોગ કરી લેવા માટે છે.

મન ચંગા તો કથરોટમાં ગંગા. તેનો અર્થ મન પવિત્ર હોય તો ઘરમાં ગંગા છે. ત્યારે મન શેમાં ? પવિત્રતામાં. પણ દુર્ભાગી, તેથી કર્યું શામાં ? તેને ફેંકી દેવાનું કરવામાં. શાસ્ત્રકારે આ વાકય શા માટે કહ્યું ? તપ, જપ વગેરે મૂકવા માટે કે મન માંકડાને વશ કરવા માટે ? તો તેને વશ કરવા માટે કહેલું છે. ત્યારે તેનો ઉપયોગ કયાં કર્યો ? તો તપ, જપ મૂકવા માટે. આ વાકયનો દુરૂપયોગ થાય તેમાં નવાઇ નથી. માટે જણાવવું પડે કે મિથ્યાત્વી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામી શકે. આ વાક્ય જીવની શક્તિના વર્ણન માટે છે. પણ તે બને કયારે ? તો અનંતા કાળે કોઇક જ જીવને બને.

### એક તણખલું ગામ બાળે

અનાદિ કાળનો મિથ્યાત્વી હોય, તે કોઈ વખત સમકિત પામે, પડે, પાછો મિથ્યાત્વમાંથી ઊંચે આવે અને મોક્ષ પામે તે વાત જુદી. અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી શકે તેટલી તાકાતવાળો જીવ છે. પણ તે મેળવનારો જીવ અનંત કાળમાં કોઇક જ હોય. જેમ કહેવત છે કે એક તણખલું ગામ બાળે, તો કેટલા તણખલાંએ ગામ બાળ્યાં ? તે બોલો ભાઈ! તો બોલ્યા જૂઠું ? ના. સાચું છે. પણ તણખો ઘાસમાં પડે,

પવનનું જોર લાગે તો ગામ આખાને બાળી નાંખે. તણખાની શક્તિ ગામ આખાને બાળવાની છે. ઘાસ, કાપડ, રૂનો વેપાર હોય ત્યાં એક તણખો આખા ગામને બાળે. અહીં બળ્યાં નથી પણ તાકાત કેટલી? ગામ બાળવાની. પણ થવાનો પ્રસંગ કોઈક જ વખત. તેમ આત્માની તાકાત તેટલી. અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળે અને ચૌદમે ગુણઠાણે જાય તે તાકાત. અજમાવવાનો વખત અને તે અજમાવનાર જીવ અનંતા કાળે કોઈક નીકળે.

સ્ત્રી તીર્થંકર, તીર્થંકરનો ગર્ભાપહાર, કેવલી અવસ્થામાં ઉપસર્ગ તે વગેરે આશ્ચર્યો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ બન્યાં. તેમ. આ પણ અનંતા કાળે. આ શક્તિનો અર્થ આશ્ચર્યનો ભાઈ. મિથ્યાત્વ ગુણઠાણે અનાદિથી રહેલો હોય તે અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવે તે તાકાત જીવની છે. તે બને અનંત કાળે. માટે આશ્ચર્યનો ભાઈ.

**આડા ઊભા લીટામાંથી એકડો!**

આ વાત આચાર્ય ભગવાન **હરિભદ્રસૂરીશ્વરજી**ને **પંચવસ્તુ**માં જણાવવી પડી કે દુનિયામાં કાયાની ક્રિયા એ અભ્યાસ છે. આપણે જન્મ લીધો પણ તેમાં એકડો કોણે કર્યો? કેમ? તો એકડો ભણ્યો ન હતો. એકડાની વાત કેમ? તો લીટા આડા ઊભાં કરતાં કરતાં સીધો એકડો થયો. કાયાની ક્રિયા એ તો અભ્યાસ છે. એ અભ્યાસ આટલો કે કાયાની ક્રિયાને જીતવી તેમાં મુશ્કેલી તો પછી મન માંકડું ક્યાંથી સીધું થાય? તેને માટે **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે કહ્યું કે અનંતી વખત મન માંકડું વાંકું થાય તેથી અનંત કાળ ગયા પછી સીધું

થાય. આ વાત શાસ્ત્રની દૃષ્ટિએ મેળવીશું તો કબૂલ કરવું પડશે કે અનંતી વખત જીવ નવ ગ્રૈવેયક જઈ આવ્યો. વ્યવહાર રાશિમાંથી આવેલા જે જીવોને અનંતો કાળ થયો છે તેઓ બધા તેવો એકડો કયારે કરે? ચારિત્ર લીધું હોય તો.

## અનંતા દ્રવ્યચારિત્ર વગર સીધું ભાવચરિત્ર માત્ર મરૂદેવા માતાને

શાસ્ત્રકાર આઠ વખત ચારિત્ર કહે છે તેનું શું? આમ બે વાત જણાવે છે. એક બાજુ આઠ ભવ ત્યારે બીજી બાજુ વધારે દ્રવ્યચારિત્ર–અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે તો ભાવચારિત્ર આવે. ક્ષયોપશમ ભાવમાં ચડે અને પડે. છદ્મસ્થના ભવો તો ચડવાવાળા અને પડવાવાળા. અગ્યારમા ગુણઠાણે ગયો હોય તે મરતી વખતે દેવમાં જાય તો ચોથે અને અદ્ધાક્ષયે પડે તો યાવત્ પહેલે આવે. કોઇક જ જન્મ એવો આવે કે જેવો ચડયો તેવો ચડયો. પડવાની વાત જ નહિ. જે ભાવચારિત્ર આવે છે તે અનંતા દ્રવ્યચારિત્ર આવ્યા પછી, પણ એનો અર્થ એમ નહિ કરવાનો કે ભાવચારિત્ર માટે અનંતા દ્રવ્યચારિત્ર કરવાં. સેંકડો વખત મીંડાં અને લીટા થશે ત્યારે એકડો આવશે. સમજદારે સમજવાનું પણ પ્રવૃત્તિવાળાએ લક્ષ્યમાં નહિ લેવાનું. દ્રવ્યચારિત્ર કરૂં તે ધારવાનું નહિ અને તેનાથી ભાવચારિત્ર આવશે એમ પણ ધારવાનું નહિ. આથી અનંતા થાય ત્યારે ભાવ આવશે પણ દ્રવ્યચારિત્ર કર્યા પછી એમ ન ધારવું. જાણી જોઇને દ્રવ્યપણું કરે તેને કેવો ગણાય? ભાવની યથાવસ્થિત સ્થિતિ અનંતા દ્રવ્યચારિત્રો

થાય ત્યારે આવે. અનંતા દ્રવ્યચારિત્ર નહિ થતાં સીધા ભાવચારિત્રમાં દાખલ થવાવાળા અનંતા કાળે એક મરૂદેવા માતા. જેને પહેલાં દ્રવ્યચારિત્ર અને ત્રસપણું નથી આવ્યું તે પહેલા ભવે મનુષ્યપણું પામીને મોક્ષે ગયા તે એક જ મરૂદેવા.

આ જીવની તાકાત અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી મોક્ષ મેળવી શકાય એટલી છે. આથી તો કર્તા, અકર્તા, અન્યથાકર્તામાં તેવી જ રીતે પુણ્ય પાપ બાંધવામાં, રોકવામાં, પલટાવવામાં તાકાતવાળો જાણીએ અને તેનું ફળ પણ માનીએ.

## આત્માનો વીમો ઉતારનાર મોક્ષ

બીજાઓએ મોક્ષ શબ્દ રાખ્યો પણ તેનો ભાવાર્થ નહિ વિચાર્યો. આ જગતમાં એવું સર્ટીફીકેટ (cerficate) આપનાર ઓફિસ (office) છે કે તારે કોઈ દહાડો જન્મ નહિ લેવો પડે ? એવી એકે દુન્યવી ઓફીસ નથી, પણ એક જ ઓફિસ છે કે જન્મ, મરણ, જરા, રોગ, શોકનો અને ભવિષ્યનો બંદોબસ્ત કરે. ભવિષ્યના જીવન-મરણના વીમા ઉતારનાર કોઈ નહિ. ભવિષ્યમાં જન્મ-મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ ન થાય તેને માટે જુમ્મેદાર કોણ ? એક જ મોક્ષ. જીંદગીનો વીમો નહિ પણ માલનો વીમો. તમારે જગતમાં માલનો વીમો ઉતારે છે પણ આત્માના માલનો વીમો ઉતારનાર કોઈ નથી. બુદ્ધિ-જ્ઞાનનો વીમો કોઇ ઠેકાણે ઉતર્યો ? ત્યારે આ ચારિત્ર, જ્ઞાનનો વીમો ઉતારનાર. જેટલું ભેગું કર્યું તેમાંથી એક અંશ ઓછો

થાય, પલટો થાય, જ્ઞાન ચાલ્યું જાય તો તેની જવાબદારી મારી. આવો સર્વ ગુણવાળો આત્માનો વીમો ઉતારનાર કોઇ હોય તો તે માત્ર મોક્ષ. મોક્ષ સિવાય તેવું કોઇ સ્થાન નથી કે જે જન્મ, મરણ, જરા, આધિ આદિનો વીમો ઉતારે! જો આવો મોક્ષ છે તો તે મેળવી શકે કોણ?

**ક્યાં તો શક્તિ, ક્યાં તો ભક્તિ**

દુનિયામાં કાર્ય કરનાર બે હોય છે તે સિવાય ત્રીજો હોય નહિ. એક ક્યાં તો શક્તિવાળો અને બીજો ક્યાં તો ભક્તિવાળો. આ જીવ મોક્ષ સાધવા નીકળ્યો. તે સાધે ક્યારે? તો જીવમાં શક્તિ કે ક્યાં તો ભક્તિ હોય ત્યારે. શક્તિ કઈ? તો સંસારસમુદ્ર તરવાની, કર્મનો વિચ્છેદ કરવાની.

મોક્ષ મેળવવા માટે સ્વયં તાકાતવાળો કોણ? તો કેવળ તીર્થંકર મહારાજા. પર્યુષણના વ્યાખ્યાનમાં સાંભળીએ છીએ કે **ઇન્દ્રે ભગવાનને** કહ્યું કે તમને ઉપસર્ગ, પરીષહ આવશે માટે હું સેવા કરવા રહું. ત્યારે ભગવાને કહ્યું કે હે **ઇન્દ્ર!** જિનેશ્વરો જે સાધના કરે તેમાં બીજો કોઇ મદદ કરે તે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ. આપણને તો મદદ કરે તો પણ આગળ વધવું મુશ્કેલ છે તેથી શક્તિવાળામાં નામ લખાવી શકીએ નહિ. નિર્મળ સમકિતવાળાને સ્વયં શક્તિ. **પણ આપણને ભવજલ તર-વામાં એક જ આધાર 'ભક્તિ'.** સો વખત સાંભળીએ છતાં સાવધાન થવાવાળા થઇએ છીએ? ના. તો પછી આપણે શકિતવાળા છીએ તે ગણાવવા હકદાર નથી, તો ભકિત કયા દ્વારાએ કરાય? મુગટ, ફૂલ ચઢાવવાં તે ભકિત? તો હા.

પણ તે મુખ્ય ભક્તિ નહિ. છોકરાને ખવડાવવું, મોજમાં રાખવો તે આરોગ્યને અંગે. તેમ જિનેશ્વરની ભક્તિ, પૂજા, સેવા, સત્કાર, સન્માન તે શાને અંગે ? તો એમના વચન, એમના શાસન, એમના ઉપદેશ અને હુકમને હું તહત્તિ ગણવાવાળો છું એમ જ્યારે થાય ત્યારે ખરી ભક્તિ આવે.

તેમના શાસ્ત્રને અંગે કેટલાક કહે છે કે આ ખોટાં, અપ્રમાણ, ગપ્પાં, જતિનાં એમ બોલનાર કેવો ગણાય ?

બે પગે ચાલનાર મનુષ્ય કહે કે તારા જેવાને ઘરમાં પેસવા નહિ દઉં પણ આવ્યો છે માટે શું કરૂં તેથી બસ. તેમ જે મનુષ્ય કહે કે શાસ્ત્ર જૂઠાં છે, અપ્રમાણ છે, કબૂલ નથી તો તું હે ભગવાન ! હે ભગવાન ! શું કરે છે. આવું તો જે નાકકટ્ટા હોય તે કહે કે ભગવાને ક્યાં કંઇ આપ્યું છે ? કેમ ? તો ભગવાન વીતરાગ છે. તેમ ભગવાનને કહેનારો લુચ્ચો, ઠગાઈ કરનારો, નાલાયક છે.

**વચનનો મહિમા**

જિનેશ્વરોનાં વચનોની આરાધના જેટલી કરો તેટલો જ ધર્મ છે. માટે ધર્મને માટે વચનની આરાધના ઉપર તત્પર રહેવું જોઇએ.

આજ્ઞા, ભક્તિ, જિનનું નામ નહિ ને વચન કેમ ? તો તીર્થંકર માનીએ છીએ તે તેમના વચનથી. તીર્થંકર જન્મના મૂંગા હતા તેથી અમને તીર્થંકર મનાવવા માંગે તો માનવા તૈયાર નથી. શાસ્ત્રકારે કહ્યું છે કે–'**मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ॥ केवलमधिगम्य विभुः स्वयमेव ज्ञानदर्शमनन्तम् ।**

**लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् । ( तत्त्वा० का० १७–१८ )**

મોહાદિને હણીને, કેવળજ્ઞાન પામીને લોકના હિતને માટે આ શાસન સ્થાપવા દેશના દીધી તેથી તેની વ્યક્તિ વગેરેનો મહિમા. આ શાસનને જો મૂંગા હતે તો વોસિરે કહેતાં વાર નથી લાગતી. ચોત્રીસ અતિશય સમોસરણમાં હોય. કેળવજ્ઞાન પામ્યા પહેલાં ચોત્રીસ અતિશય પૂરાં ન હોય. દેવતા અને ઇન્દ્રોએ જે મહિમા તીર્થંકરનો લીધો તે વચનનો મહિમા. દેવતા તીર્થંકરપણું વચનને અંગે માને છે. અગ્લાન દેશનાએ તીર્થંકરપણું ભોગવવાનું તે વચનની અપેક્ષાએ ભોગવવાનું. માટે વચનની આરાધના તે જ ધર્મ.

વચન કોને કહેવું? વચન આઠ સ્પર્શવાળું નથી છતાં આરાધના કહી તે અધિકાર અગ્રે વર્તમાન.

卐

## વ્યાખ્યાન : ૧૯

### રખડપટ્ટીને ક્રોધની ઉપમા

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ નામના **ષોડશક** પ્રકરણને જણાવતાં આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિ કાળથી રખડી રહ્યો છે. જેમ જગતમાં ક્રોધ એ જબરજસ્ત શત્રુ છે પરંતુ તે સજ્જન છે દુર્જન નથી. કેમ તેને સજ્જન કહો છો? જેમ પેશાબ કરવા બેઠો ત્યારે સારો માણસ આવે તો ખસી જાય. તેમ

ક્રોધ આવ્યો ત્યારે હાં આવ્યો પછી તે વધવાની શક્તિ ધરાવતો નથી. ક્રોધ જેના પર આવ્યો તેની ઉપર નજર પડે. તેની નજર જો તેના ઉપર પડે તો તે (ક્રોધ) શમી જવાનો. કારણ ? તે શાંત છે. તેથી તે સજ્જન. તમે દૃષ્ટિ આડી-અવળી ફેરવો ત્યારે ચાહે તે થાય. તેમ જગતનાં જીવો રખડપટ્ટી કર્યા કરે છે. તે અનાદિ કાળની છે છતાં પણ ક્રોધની માફક સજ્જનતામાં છે. પણ દુર્જનતામાં નથી. કેમ ? જેને ભાસ્યું કે આત્માને રખડપટ્ટી થાય છે, કરાવે છે, તેમ થાય તો તરત જ રખડપટ્ટી બંધ થવાનો ઇજારો મળે છે.

### એક પુદ્‌ગલ પરાવર્તમાં રખડપટ્ટી બંધ

ચીજ બનાવનાર બનાવે પણ તે ચીજ ઇજારાવાળાને હાથે પસાર થાય. તેમ અહીં મોક્ષનો રખડપટ્ટી છોડાવવાનો ઇજારો. ક્યાં ? મને રખડપટ્ટી થાય છે, હું રખડપટ્ટી કરનારો, અનાદિથી પડેલો છું તે દૃષ્ટિ થઈ તેને માટે શાસ્ત્રકાર કહે છે કે અર્ધ પુદ્‌ગલ પરાવર્તમાં બંધ, બંધ ને બંધ. માટે ઓછામાં ઓછે દરજ્જે એટલામાં બંધ થાય જ. વીજળીનો ઝબકારો શાંત થયા પછી કંઈ નહિ. પણ રખડપટ્ટી બંધ કરવી જ છે. તેમ વીજળીના ઝબકારાની જેમ સિદ્ધાંત થાય, રખડપટ્ટી બંધ કરૂં તે વિચાર આવે તે સાથે જ તેને ઇજારો મળે. અને તે એક પુદ્‌ગલ પરાવર્તે મોક્ષે જાય. અર્થાત્ વીજળીના જેવો વિચાર આવે તો પણ ઉપર પ્રમાણે ઇજારો મળે છે. અનાદિથી આ જીવ રખડપટ્ટી કરે છે તે હું બંધ કરૂં આ વિચારવાળાને એક પુદ્‌ગલ પરાવર્તે રખડપટ્ટી બંધ.

**"मुक्खासओ वि नन्नत्थ"** (**वि० वि० ४, गा० २**) એક પુદ્ગલ પરાવર્તનથી વધારે રખડવાનો હોય તેને આ વિચાર જ ન આવે. કયો ? અનાદિ કાળથી રખડપટ્ટીમાં હું છું, તેમાંથી બહાર નીકળું. પણ આ વિચાર છેલ્લો પુદ્ગલ પરાવર્ત હોય તો જ આવે. જેને વીજળી જેવો વિચાર આવે તેને એક પુદ્ગલ પરાવર્તની મુદતની મોક્ષ માટેની હુંડી. ત્યાંથી આગળ વધ્યો ત્યારે બીજું બધું કામ નકામું. એક જ કામ રખડપટ્ટી બંધ કરવી, કરવી ને કરવી.

દુનિયામાં શૂરો સરદાર કેસરિયાં કરે ત્યારે જે **'देहं पातयामि कार्यं साधयामि'** રાખે છે, તે ભવાભિનંદીઓ કરે. પણ અહીં તો **'कार्यं साधयाम्येव'** આ ભવે સાધું, અહીં ન સધાય, તો આવતા ભવે તો જરૂર સાધું જ. કેસરિયાવાળાને મરી ગયા પછી કંઈ નહિ. તેમ આને બે ત્રણ ભવો લઈને સાધું પણ મરણથી પાછો ન હઠું. આ કેસરિયાવાળાને તો અનંતા જન્મે, અસંખ્યાતા જન્મે, ગણત્રીના જન્મે સાધું, સાધું ને સાધું.

**कार्यं साधयामि०** પાંડવોની માફક દોહ્યલો પંથ નહિ. પાંડવોની દ્રૌપદીને ધાતકીખંડનો પદ્મોત્તર લઈ ગયો. કુંતીએ કૃષ્ણને ખબર આપી કે આમ થયું છે. મારા કુટુંબની કન્યા, પરણેલી કન્યા ઉપાડી જાય. સામાન્યના તાબામાંથી લઈ જાય તો જીવતર નકામું ગણે, અવિવાહિતને લઈ જાય તો લોકો લઢવાડ કરે. તો પછી આ તો વિવાહિત સ્ત્રી તેને લઈ જાય. એ વાત ત્રણ ખંડના માલિકે સાંભળી ત્યારે તેની શી દશા થઇ હશે ? કેમ ? તો બન્ને મામા ફોઇના છે. બે

લાખ જોજન જેટલો દરિયો ઓળંગીને બીજા ક્ષેત્રમાં જવાનું જોખમ ખેડવું. બે લાખ યોજનનો દરિયો ઓળંગીને સામાના દેશમાં જવું, રાજ્યમાં જવું અને તેના તાબેદાર રાજાને રણમાં રોળવવો.

**રાવણ પવિત્ર કેમ !**

દુનિયામાં હરી ગયેલો તે સહેજે કન્યા પાછી ન આપે. જેમ પવિત્રતાવાળો રાવણ.

જેઓ રામચંદ્ર, સીતાને માનનારા છે તેમને પૂછીએ કે રાવણે સીતાનું શીલખંડન કર્યું હતું? ત્યારે બધા ના કહેશે. કારણ ઘણી મુદત ત્યાં રહી છતાં શીલખંડન નહિ. પ્રાર્થના, કબૂલ ન કરે તો મારે સંઘરવાની નહિ. મરજી વગર મારે સંઘરવાની નહિ, માટે રાવણને ઉત્તમ કહું છું. તો પછી આપવામાં વાંધો શો? તો હું એનાથી ડરૂં છું કે પાછી આપું? હું નિર્બલ છું કે લીધેલું આપી દઉં? એની વસ્તુને આપી દઇશ? કાવ્યકારોને લખવું પડ્યું કે અભિમાન ખાતર ન આપી પણ શીલખંડન કર્યું નથી. કહેવાનું તત્ત્વ એ કે જેમાં પોતાનું કાર્ય સરતું નથી તેમાં પણ નબળો દેખાવ થાય તે પાલવે નહિ. નબળાઇ ન દેખાય માટે આખા કુટુંબનો નાશ થાય તો ભલે.

આવી સ્થિતિમાં બીજાના દેશમાં વાસુદેવને જવું. ત્યાં પણ અવધિ છે. છ મહિના સુધી મારી વહારે કોઈ ન આવે તો પછી વિચાર કરીશ. શરત અંગીકાર કરી. આવી જગ્યા પર જવું. જનાનામાં રહેલી સ્ત્રીને રાવણે બગીચામાં રાખી હતી ત્યારે પદ્મોત્તરે જનાનામાં નાખી છે. કોઈના

જનાનામાંથી ખોળવી અને લેવી, બીજાના ખંડમાંથી અને બીજાના તાબાવાળામાંથી લેવી. તે કલ્પનાથી વિચારો તો કેટલી મુશ્કેલીથી ગળે લેવી પડી હશે ? કૃષ્ણ મહારાજ ચાલ્યા. વાસુદેવ, છતાં ધણી વગર હક્ક શો ? માટે પાંચ પાંડવોને સાથે લીધા.

દરિયો ઉતરીને કહ્યું કે તમે યુદ્ધ કરીને હરાવો છો કે હું હરાવું ? પાંડવો વિચારે છે–અમારી બૈરી માટે અમે જ લઢીએ અને બીજો લાવી આપે તો દુનિયામાં ફિટકાર પડે, કે આટલા શક્તિમાન અને લડવૈયા, બૈરી ગઈ છતાં હાથ જોડીને બેસી રહ્યા. પાંડવો લઢવા ગયા, કૃષ્ણને કહ્યું કે બેસો. તેમને બેસાડીને લઢવા નીકળ્યા. કૃષ્ણ પાસેથી નીકળતી વખતે પ્રતિજ્ઞા કરી કે કાં તો અમે જીતીએ કે કાં તો તે જીતે. યુદ્ધની તૈયારી કરી ને ગયા. સામા પદ્મોત્તરે નીકળીને જોર કર્યું. આ પાંચે પેલાના લશ્કરથી જીતાવાની તૈયારી તેથી પાછા નાઠા અને કૃષ્ણને વાત કહી. ત્યારે કાં તો શબ્દ નીકળ્યો. તે વખતે કૃષ્ણે નક્કી કર્યું કે 'કઈ તેનામાં તાકાત છે કે હું પદ્મોત્તરને ન જીતું ?' વૈક્રિયરૂપ કરીને ઘેરો તોડી નાંખ્યો. સિંહનું રૂપ ધારણ કરીને એકે એકને પકડ્યા અને તેના જનાનામાંથી દ્રૌપદી લીધી.

## 'કાં તો' કાંતનારીનો સિદ્ધાંત

'કાં તો' 'કાં તો' તે 'કાંતનારીને'. 'મરદમાં' નહિ. મરદમાં તો 'કરવું જ છે.' એવી રીતે અહીં રખડપટ્ટીનો નાશ કરવો જ છે. આ જન્મે, નહિ તો આવતા જન્મે, પણ નાશ કરૂં, કરૂં અને કરૂં. એટલે કહેવાની વાત એ કે 'કાં તો' એ

નારીના કિલ્લામાંથી બહાર નીકળેલા ક્યારે થાય? **'देहं पातयामि–कार्यं साधयामि'** તે કાંતનારીના કિલ્લામાં. આ જન્મે, આવતા જન્મે તે સાધું જ એ સિદ્ધાંત. તે જ કહે કે રખડપટ્ટી બંધ કરૂં, કરૂં ને કરૂં. આવા સિદ્ધાંતવાળો થાય ત્યારે કાંતનારીના ટોળામાંથી નીકળ્યો ગણાય.

**अणाईजीवे०** આ જીવ છે, અનાદિનો છે, સંસાર અનાદિનો છે. **પંચસૂત્રકારે** જણાવ્યું કે–**अणाईजीवे, अणाईजीवस्स भवे, अणाईकम्मसंजोगनिव्वत्तिए दुक्खरूवे, दुक्खफले, दुक्खानुबंधे।** (पंचसू० पृ० २) કાંતનારીના સિદ્ધાંતમાંથી નીકળનારે જીવ અનાદિનો છે. અનાદિની રખડપટ્ટી કર્મ સંયોગે થયેલી છે. તે સિદ્ધાંતના રૂપે નક્કી કરે કે આ ટાળવી, ટાળવી અને ટાળવી જ છે. એને હુંડી મળે 'અર્ધ પુદ્ગલ પરાવર્તમાં મોક્ષની.'

## કાર્યની સફળતાનો આધાર

હંમેશાં દુનિયામાં નિશ્ચય તે કાર્યની પહેલામાં પહેલી ભૂમિકા. આપણને ત્રણ વસ્તુ એ કાર્યની સિદ્ધિ માટે જરૂરની છે. પહેલાં કાર્ય કરવાનો નિશ્ચય, કાર્યના સાધનોની પૂરી સમજ અને ત્રીજામાં પ્રવૃત્તિ કરવી. એટલે જે સાધકો હોય તેને પડખે રાખવા અને બાધકો દૂર કરવા તેનું નામ કાર્ય. નિશ્ચય, સમજ અને રચના આ ત્રણ થાય તો જ કાર્ય થાય. સમજણ થાય અને કાર્ય કરવા માંડે એટલે બસ છે? તો ના. જ્ઞાન અને ક્રિયા બસ છે. **ભાષ્યકારે** કહ્યું છે કે **'णाणं किरियाहिं मोक्खो'** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. વચમાં નિશ્ચયરૂપી વાડો શા માટે રાખો છો?

## નિશ્ચયનું બખ્તર

શૂરો સરદાર બખ્તર પહેરે તેથી તેને કાયર ગણવો? હથિયાર લે તો તેને કાયર ગણવો? ના. એ તો સાધન છે. શૂરા સરદારને જીતનાં સાધનોને લેવામાં નામોશી નથી. ઊલટી સમજણ ડહાપણની નીતિ ગણાય. જેઓ મોક્ષ માટે શૂરા સરદાર બને તેને નિશ્ચયનો બખ્તર પહેરવો પડે. તે બખ્તર-વાળો મોટા વિઘ્નોને 'કાંકરા' જેવા ગણે. બખ્તર વગરનો કાંકરા જેવાં વિઘ્નને 'પહાડ જેવાં ગણે. નિશ્ચય ન હોય તો છોડોને પંચાત એમ થાય પણ નિશ્ચય હોય તો ગમે તેમ હોય તો પણ આમ તેમ કરીને પણ તે આડખીલીઓને દૂર કરનારો થાય. તેમાં બહાદુરીવાળા ન હોય તેથી કોઈને વિઘ્ન થયું તે જોઈને આપણે ગયા નથી તો વાંધો શો એમ વિચારે.

## દુરાચારી વેશ્યાને વખાણે

વેપાર કરનારને કોઈ વખત ખોટ ગઈ તો તે પેલા વેપારીને કહે કે બંદાને જપ્તી છે. તેથી નથી કરવી લેવડ-દેવડ કે નથી કરવો વેપાર. એ બંદા ઉપર જપ્તી છે, હુકમ-નામું છે તે શાના ઉપર બોલાય છે? અહીં આગળ દરિદ્રપણું જપ્તી વગરનું ગણીને પોતાની બહાદુરી ગણે છે તેથી ને? તેમ નિશ્ચય વગરના મનુષ્યો આગળ પ્રવૃત્તિ કરવામાં પાછા પડ્યા તેને લઈને બડાઈ હાંકે છે કે વ્રત લઈને વ્રત તોડે તેના કરતાં વ્રત ન લેવું તે સારૂં છે. પતિવ્રતાને મોંકાણ મેલવી પડશે તેથી વેશ્યા સારી ને! વેશ્યા પતિવ્રતાની હાંસી કરે તેની કિંમત કોઈ પણ સમજુ કરે નહિ. જે મનુષ્યને કરવું નથી અને કહે કે ફલાણાને આમ થયું. તેને કહો કે

તેમ ચાળા શાના કરો છો? પહેલાં કરી બતાવો પછી કહેજો. કરવું નથી, ને કરનારને લગીર ગડબડ થઈ તેથી તું વેશ્યાના ચાળા કરે છે? કુલવતીને કોઈથી હાલતાં ચાલતાં અડચણ આવી તો ઘરની બહાર ન નીકળે. અહીં આગળ જેઓ કાર્ય કરનારા છે, તેઓ કાર્યને અંગે વિઘ્ન થયું હોય તો તેના પડછાયે ન જાય. માટે ભગવાન જિનેશ્વર મહારાજે બ્રહ્મચર્ય પાળનારાને માટે નવ કિલ્લા રાખ્યા. તેમાં રહો. લાજ, પડદાવાળી સ્ત્રી એક કિલ્લામાં રહે. ત્યારે તમે નવ કિલ્લામાં રહીને તમારી રક્ષા કરો.

## નિશ્ચયવાળો ન ડગે

વેશ્યા કહે કે મારે રાંડવાનું, ચૂડો ભાંગવાનો નહિ, તો આ વાતને અનુમોદન કોઈ ન આપે. કેમકે દુરાચારી વગર તેનું અનુમોદન કોણ કરે. કાર્ય કરનારને ખત્તા લાગ્યા હોય છતાં તેને ગણકારે નહિ. જો કાર્ય કરવા જતાં ખત્તા ખાધા તેના લીધે કંઈ કરી બતાવ્યું તો તું વેશ્યાની સ્થિતિમાં. માટે જે દુરાચારી હોય તે જ વેશ્યાને વખાણે. વેશ્યા કુળવાળી પાસે આવીને કહે કે તું પરણી તો આ પ્રમાણે થયું માટે પરણવામાં કંઈ નહિ. માટે તમારા કરતાં અમે સારાંને? આ વચન કઈ સ્ત્રી સાંભળે? કુળવતી સ્ત્રી સાંભળી શકે ખરી? કોઈ પણ કુલીન સ્ત્રી વિધવા થઈ, ખૂણે બેઠી છતાં નહિ સાંભળે. તેમ અહીં આગળ 'કાર્ય કરનાર વિઘ્નમાં પાછા પડ્યા' તે વેશ્યાના અખંડ સૌભાગ્ય જેવું સાંભળે કોણ? અમારે પ્રત્યાખ્યાન, પ્રતિજ્ઞા કરવી નથી. અમારે બારે ભાગોળો છૂટી તે કોણ સાંભળે? વેશ્યાના અખંડ

સૌભાગ્ય જેવું આ વચન તે વચન સાંખી શકે કોણ? જે દુરાચારી હોય તે. ધર્મનું બીજ ન હોય તે તેને સાંખે, પણ જો બીજ હોય તો ન સાંખી શકે. વસ્તુને ખરાબ ગણાવે તો તે સાંખવા તૈયાર નથી. નિશ્ચયવાળો સત્તરને પડેલા દેખ્યા તેથી ડગે નહિ.

કોઈ કાળ એવો ન હતો કે જે વખતે શાસનમાં વિરુદ્ધ પડનારો ન હોય. **ઋષભદેવજી** પાસે **મરીચિએ** દીક્ષા લીધી. તેમાંથી તે નવો વેષ રચે છે. તે ઉપદેશ આપે છે. તેના પ્રતિબોધેલા સાધુ પાસે દીક્ષા લે છે. તે સાધુ જોડે વિચરે છે. તે વખતે પતિત પરિણામ હોય તો આપણા કરતાં આ સારૂં. સતી સ્ત્રી વિધવા થાય તો ખૂણે બેસે. પણ મારા કરતાં વેશ્યા સારી તે સ્વપ્ને પણ ન લાવે. બીજાને કાર્યથી ખસેલો દેખે છતાં કાર્ય ખરાબ તે સદાચારીના રૂંવાડે પણ આવે નહિ.

ભગવાન **મહાવીરસ્વામી** વખતે **નંદીષેણ** જેવ વેશ્યાને ત્યાં રહે. ત્યાં દસ દસને પ્રતિબોધ પમાડે. વેશ્યાવાડે જવાવાળા કેવી રીતે પ્રતિબોધ પામતા હશે? પતિત પરિણામી ન હોય તો તે પડતાને જોઈને પણ કાર્યની ઉત્તમતા જુવે. પતિત પરિણામીને ઘરે વધામણાં પતિતનાં હોય. સુંદર ચડતા પરિણામીને ત્યાં વધામણાં ચડતાનાં હોય.

**બે પ્રકારના ગોર**

તમારે ન્યાતમાં બે પ્રકારના ગોરો હોય છે. એક કાઈટીઆ અને બીજા ન્યાતના. કાઈટીઆ ગોરને ત્યાં નોંધ શાની? કોણ ક્યારે મર્યા તેની જ નોંધ અને ન્યાતના ગોર

હોય તેના ચોપડે મરણની નોંધ નથી. મર્યા ભલે પણ ન્યાતના ગોરને ત્યાં તેનો હિસાબ નહિ. ચડતા પરિણામી-વાળાને ત્યાં ચડેલા અને કાર્ય કર્યાં હોય તેની નોંધ હોય. પતિત પરિણામીને ત્યાં કાઇટીઆ જેવી નોંધ હોય. ફલાણા પડી ગયા. આમ થયું જ ને? જ્યાં પતિતનો હિસાબ નહિ. પડવાવાળો કર્મથી પડે. આપણે ચડવાવાળા કોને યાદ કરીએ તો ન્યાતના ગોર જેવા હોય તેને. રથનેમિ, સિંહ ગુફાવાસીને આમ થયું ને? તે નોંધ કાઇટીઆના ચોપડે. ગોરના ચોપડે **સ્થૂલભદ્ર, જંબૂસ્વામી** જેવાની નોંધ હોય. જો એમણે આમ કર્યું તો આપણે કેમ ન કરીએ? જો આત્મામાં બનાવની નોંધનો ફેર પડે તો તે નિશ્ચયની તાકાતમાં ઓછાપણે વર્તે, માટે નિશ્ચયની પહેલાં જરૂર.

### સમ્યક્ જ્ઞાન અને ચારિત્રની જરૂર

આત્મા ગોરના ચોપડા જેવો થાય તો જેઓએ પરીષહો, ઉપસર્ગો સહન કરીને કામ કર્યાં છે તેની નોંધ હોય. આ નોંધો શાને અંગે? કહો કે નિશ્ચયને લીધે. નિશ્ચય હોય તો ત્યાં ચડતા પરિણામ રહે. 'લાગ્યું તો તીર નહિ તો તુક્કો' તેવી સ્થિતિવાળા તે કાઇટીઆની માફક નોંધો રાખે. માટે નિશ્ચયની જરૂર. તે થયા છતાં સાધનો બરાબર ન મેળવે તો તે નકામું. માટે સાધનો મેળવો અને તેની સાથે બાધકોને દૂર ખસેડો. સાધકો અને બાધકોને સમજવા જોઇએ. આનું નામ સમ્યગ્ જ્ઞાન. તે થયાં છતાં ઉદ્યમ ન કરો અને આંગળી ન હલાવો તો શું થાય? માટે સાધકોનો અમલ અને બાધકોને દૂર કરવાનો અમલ તેનું નામ ચારિત્ર.

## કર્મરૂપી શત્રુ સામે જિનેશ્વરનાં વચન રૂપી 'જનરલો' (General)

સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર તે ત્રણ મોક્ષનો રસ્તો. જેને રખડંપટ્ટી દૂર કરવાનો વિચાર થયો હોય, જે અનાદિની રખડંપટ્ટી થાય છે તેને દૂર કરવી તે નિશ્ચયવાળો છે તેને મોક્ષની હુંડી મળે. તે કાર્ય સાધવાની દિશા સમજે. કયાં તો શક્તિથી કયાં તો ભક્તિથી. જે શક્તિ કે ભક્તિમાં નથી તે કાર્ય ન સાધી શકે. સૈનિક કે જનરલ (General) બને તો જ દેશને તે બચાવી શકનાર, માટે જનરલ કે સૈનિક ન બને તો ન જ બચાવી શકે. તેમ આ આત્માને કર્મથી બચાવવો હોય તો બેમાંથી એક દિશા લેવી પડે. શક્તિની દિશા તેને જ હોય કે જે પર ભવથી ત્રણ જ્ઞાન સાથે લઇને જન્મ્યા હોય, તે જ શક્તિવાળા ગણાય. જેને બોધ, જ્ઞાન, સમજણ, સાધન વગેરે પારકા પાસેથી લેવું છે તે કહે કે હું શકિતવાળો, તેવો દાવો કરવો, તેને તે શોભતું નથી. તીર્થંકર મહારાજ સિવાયના બધા શકિત વગરના. જેને ભકિત રહે તેને જનરલના હુકમને ધ્યાનમાં રાખવાનો. સૈનિકની ફરજ જનરલના આદેશ ઉપર રહેવી જોઇએ. જ્યારે આ કર્મરૂપી શત્રુના લશ્કર ઉપર ચડ્યા તો જનરલ એવા એમના વચનને તાબે રહું તો જ હું જીતનારો થાઉં માટે જનરલના વચનને જેટલો આરાધ્યો તેટલો જ ધર્મ.

### વચન, આજ્ઞા અને હુકમમાં ભેદ

વચનને સીધો હુકમ કહોને, સીધી આજ્ઞા કહોને ? આજ્ઞા કયારે ? જ્યારે ભક્તિભાવમાં આવે અને તેનો હુકમ માને ત્યારે. બીજી વાત એ છે કે બીજાઓ વેદને આજ્ઞારૂપ

માને છે. અનાદિ માને છે. કોઈના કરેલા માનતા નથી. તેવાને વચન શબ્દ ભારે લાગે. બોલાય તેનું નામ વચન. જેઓને સર્વજ્ઞના કહેલા શાસ્ત્રો માનવાં નથી તેવાને વચન શબ્દ શૂળ જેવો લાગે. તેવાને માટે તેવોને જણાવવું પડ્યું કે–'**नोदनालक्षणो धर्मः**' વેદના વચનોમાં જે પ્રમાણે છે તે પ્રમાણે વર્તવાનું.

અહીં આગળ હુકમને સવાલ નથી. પણ પરિણામ દેખાડવાના. આમ કરવાથી આમ પરિણામ આવે. તેમ કરવાથી તેવા પરિણામ આવે. તેમાં પણ ઇષ્ટ અને અનિષ્ટને સમજો. તે તમને સમજાય તો તેમાંથી ગમે તે કરો. ઇષ્ટની પ્રવૃત્તિ કરાવે છે. અનિષ્ટથી નિવૃત્તિ કરાવે છે. પણ હુકમ તરીકે નહિ. પણ આમ કરવાનું પરિણામ આમ આવે માટે ઇષ્ટાનિષ્ટાનુબંધિપણું જણાવવું તે માત્ર જૈન શાસનનું કામ. આમ કરો તો જ ધર્મ આમ ન કરો તો અધર્મ. વિધિની અજ્ઞા, કે નિષેધની આજ્ઞા કરે તો જ ધર્મ તેમ અહીં નથી. પણ અહીં તો ઇષ્ટાનિષ્ટાનુબંધિપણામાં છે. તે માટે શ્રોતાઓને હિતમાં પ્રવર્તાવવા અને અહિતથી નિવર્તાવવા માટે આજ્ઞા શબ્દ ન મૂક્યો પણ વચન શબ્દ મૂક્યો.

## આવવું હોય તો આવ

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષનો માર્ગ છે માટે રસ્તે જવું હોય તો આવો. અહીં આગળ આત્મકલ્યાણનો આ રસ્તો તેટલું જ પણ તે કર તેમ નહિ. માટે તારે આવવું હોય તો આવ. આ જૈન શાસનમાં સ્વરૂપ નિરૂપણ કરવાનું પણ તું કર તેમ કહેવાનું નહિ. આ વસ્તુસ્થિતિ

ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ આજ્ઞા, નોદના, પ્રેરણા નહિ કહેતાં વચનની આરાધના એ જ ધર્મ કહ્યો. તેથી નાની નાની ક્રિયામાં પણ આજ્ઞા માંગવી પડે છે. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, ઇરિયાવહિયં પડિક્કમામિ?' સજઝાય કરૂં ? એમ કહી તે કાર્યનો હુકમ લેવો. તે કરે ત્યારે હુકમ મંગાય. પહેલાં પચ્ચક્ખાણ પારૂં ! પછી પચ્ચક્ખાણ પાર્યું. પણ સીધું પાર્યું તેમ બોલોને ! કેમ નથી બોલતા ? હુકમ માંગવો તે પહેલાં પછી હુકમ મંગાય. વિનંતી કરવી હોય તો પહેલાં વિનંતી કરવાની રજા માગવાની તે પછી વિનંતી કરવાની. તેમ આજ્ઞા પણ હુકમ પહેલાં. સુખસાતા પૂછવાની હોય ત્યારે ઇચ્છકાર બોલાય છે. તેનો અર્થ એ છે કે પ્રશ્ન કરૂં પણ જો તમારી રજા મળે તો. આ વાત ખ્યાલમાં લેશો તો ખ્યાલ આવશે કે હુકમ, નોદના વગેરે નહિ પણ આ તો ઇષ્ટાનિષ્ટના સાધનો દેખાડનાર. તે કરવું ન કરવું તે તેની મરજીની વાત. આ બધી વસ્તુ કહીને શાસનમાં સ્પષ્ટ જણાવવા માટે નોદના, પ્રેરણા શબ્દ નહિ લખતાં **'वचनाराधनया खलु'** વચનની આરાધના તે જ ધર્મ એમ કહ્યું.

વચન કઈ ચીજ ? તે વિશેષ લેવું કે સામાન્ય લેવું ? તેથી સર્વજ્ઞનાં વચનની આરાધના કઈ રીતે લેવી તે અધિકાર જે જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૨૦

**છેવટે તો છેહ**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના

પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી કેવળ રખડપટ્ટી કરી રહેલો છે. અર્થાત્ દરેક ભવમાં જન્મ લેવો, જહેમત ઉઠાવવી, જર, જોરૂ અને જમીન ભેગાં કરવાં અને મિનિટમાં (minute)માં મૂકીને નીકળવું પડવું. લવારિયા વગેરે ભટકતી પ્રજા છે છતાં તે મેલીને નીકળતી નથી. જે મેળવે છે તે લઇને જાય છે. એક ગામથી બીજે ગામ યાવત્ ગામેગામ ભટકે ખરી છતાં મેળવેલું લઈને જાય. મેલીને જવાની જાત હોય તો આ જીવની છે. આ જીવ એવી ભટકતી જાતનો છે કે જીવન પર્યંત મહેનત કરીને મેળવે છે. આહાર. શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, વચન, મન, કાયાની શક્તિ મેળવે છે, એ રીતે છ પર્યાપ્તિઓ જેને કહેવાય છે તેને ખીલવે છે છતાં છેડે મીંડું. પહેલાં જન્મમાં જેટલી આહારશકિત કેળવી છે તેમાં જતી વખતે ગળથુંથીની પણ મુશ્કેલી છે. આ ભવમાં આવ્યો, તેમાં આહારશકિત ખીલવતાં વધ્યો. ક્રમે જન્મ્યો. જન્મ્યો ત્યારે શરીર એક વેંતનું હતું. ઇન્દ્રિયોની, શ્વાસોચ્છ્વાસ લેવાની, બોલવાની વિચારની શક્તિ ખીલવી. જેમ જેમ અવસ્થા થતી ગઈ તેમ તેમ ખીલવતો ગયો પણ છેવટે તો તે છેહ દેવાની. જ્યાં ભવનો છેડો આવ્યો ત્યાં એક પણ શકિત આગળ રહેવાની નહિ. આ સંસારમાં રહેલા દરેક જીવનું આ થતું આવ્યું છે.

જો કાંટાવાળા રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો હોય તો તે રસ્તે જઇએ. બીજો રસ્તો ન હોય તો કાંટાવાળા રસ્તે જાળવીને ચાલવું પડે. અહીં આગળ ચૌદરાજલોકના જીવો તે રસ્તે ચાલ્યા, ચાલે છે અને ચાલશે. જીવનમાં શકિતઓ

આહારાદિ જે ખીલવી છે તે છેહ આપે તો પણ સહન કરવું છે. જ્યારે બીજો જન્મ મેળવ્યો ત્યાં પણ છેહ દે તો તે સહન કરવું એ કેવો માર્ગ !

જે આપણો દોસ્ત હોય ને તે છેહ દે તો પછી તેનામાં આપણે વિશ્વાસ રાખીએ છીએ ? બે ત્રણ વખત છેહ દે તો માનવું પડે કે આપણું કાળજું ઠેકાણે નથી. વાઘે વાંદરૂં પકડયું ત્યારે વાંદરાએ કહ્યું કે કેમ ? તો કાળજું ખાવું છે. ત્યારે વાંદરાએ કહ્યું કે કાળજું તો ઝાડ ઉપર છે. તો લઈ આવો. તો તે લાવે કયાંથી ? તેમ આપણે ખરેખર કાળજું કોરાણે મૂકયું છે. આટલી આટલી શકિતઓએ અનંતી વખત છેહ દીધો છતાં તે શકિત પોષવી ને છેહ સહન કરવો. વાત કરતી વખતે સમજીએ છીએ કે શક્તિ છેહ દે છે, પણ બીજો રસ્તો નહિ તેથી શું કરીએ ? બીજો રસ્તો કોને નહિ ? અભવ્યને બીજો રસ્તો નહિ. છેહ દે અને છેતરે તો પણ છેડો (પલ્લો) પકડવો.

## ભવ્યમાં લાયકાત છે ત્યારે અભવ્યમાં નથી

ભવ્ય જીવ જે હોય તેમાં લાયકાત છે, પણ કેટલાક ભવ્યો અનંતા કાળથી નિગોદમાં રહ્યા, અનંતો કાળ રહેશે, નીકળશે નહિ. તો તે ભવ્ય અને અભવ્યમાં ફરક કયો ? વાત ખરી છે. બીજ અને કાંકરામાં ફરક ખરો કે નહિ ? હા. કેમ ? તો કાંકરાનો અંકુરો ન થાય ત્યારે બીજનો અંકુરો થાય. જગતમાં જેટલાં બીજ છે તે બધા દાણાના અંકુરા ખરા ? તો જેટલા દાણા છે તે બધાના અંકુરા થવાના. તેમાં અને કાંકરામાં ફેર ખરો. બીજમાં અંકુરો થવાની લાય-

કાત છે. તેમ ભવ્ય જીવો જેઓ અનાદિ કાળથી નિગોદમાં રહ્યા છે અને રહેશે તેમાં લાયકાત છે. ત્યારે અભવ્યમાં લાયકાત જ નથી. બાદરપણામાં, ત્રસપણામાં, પંચેન્દ્રિયપણામાં, મનુષ્યપણામાં ભવ્યને છએ શકિતઓ છોડવાનું હોઈ શકે પણ અભવ્ય હોય તેને તો છએ શકિતઓથી છેતરાવવાનું થાય ત્યારે ભવ્ય જીવને તે નથી. ભવ્ય જીવ જો સાવચેત થાય તો તેનામાં એટલી બધી તાકાત રહે છે કે એક અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળીને ચૌદમે ગુણઠાણે, યાવત્ મોક્ષમાં આવી શકે છે.

આ છેતરપીંડીનો છેહ ખમાતો નથી, માટે બંધ કરવો છે. આટલો વિચાર જેને આવે, આ આહરાદિકની શકિત, કાયા, વગેરે પ્રાણો જીવન સુધી જોડીઆ રહે છે, પરંતુ ખરેખર છેડે છેહ દે છે, માટે તેનાથી બચવું છે. જેને આ છેતરવાવાળાની સોબત છોડવાનો વિચાર થાય તે જરૂર છૂટી જવાના. એક પુદ્ગલ પરાવર્તમાં જરૂર એ છેતરવાવાળાની સોબત છૂટી જવાની. જેને વિચાર થાય કે આ છેતરવાવાળા છે, તેની સોબત છોડવી છે, તેનાથી આગળ વધીને મારૂં આ જગતમાં બીજું કંઈ કર્તવ્ય નથી. પણ આ ધુતારાના પંજામાંથી છૂટી જવું એ જ કર્તવ્ય છે. એવી સ્થિતિ આવે ત્યારે અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલામાં છૂટી જવાનો.

### ભરોસો કોનો રાખવો ?

છાયા જેવી સોબત નથી ગણાતી પણ છાયા કરતાં આ વધારે ગાઢ છે. છાયા સૂર્ય વગેરેના કારણથી પડે, ત્યારે આ છેતરપીંડી તો હંમેશાં ચાલુ. આનાથી છેટો થાઉં. આ છ

શક્તિઓ, પ્રાણો છેતરપીંડી કરવાવાળા છે. તેનાથી છેટો થાઉં ને મારા આત્મસ્વરૂપમાં રહું, આમ જ્યારે મતિ સ્ફૂરે ત્યારે જ અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર રહે. પ્રાણની છેતરપીંડીનો, શક્તિની છેતરપીંડીનો જન્મોજન્મ એકઠા કરવા પડે છે. તેનો અને તે છેડે છેહ દે છે તેનો વિચાર તે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર કે મનનો વિષય નથી, તો કયા પ્રમાણથી એને માનવું ? ધૂર્તથી સાવચેત કયારે રહેવાય ? તો તેના ધૂર્તપણાને જાણીએ ત્યારે. તેમ આ દસે પ્રાણો, છ શક્તિઓ છેતરપીંડીવાળી છે તે શાથી ઓળખવી ? તો વચનથી, સર્વજ્ઞ ભગવાનના વચન દ્વારાએ.

રેડિયો (Radio) ઉપરથી જે સમાચાર આવે છે તેમાં તેના નાયક વગેરેના કે તેના જાણનાર અધિકારી હોય તો તેના વચન ઉપર જ આધાર રહે છે. તેમ અહીં આપણે કોના વચન ઉપર રહેવાનું ? જેઓને આત્માનું સાક્ષાત્ જ્ઞાન હોય, તેના ગુણો સાક્ષાત્ જાણ્યા હોય, આવરણો, તેને રોકવાના કારણો, ખસવાના કારણો, તે ખસવાથી થતું શુદ્ધ સ્વરૂપ આ બધું જેના જાણવામાં આવ્યું હોય તેવાના વચન ઉપર ભરોસો રાખી શકાય.

જેને આત્માનો ખ્યાલ નથી. જૈન અને જૈનેતર બન્ને જીવ, આત્મા શબ્દ વાપરે છે. પણ તે કોના ઘરનો ? 'આત્મા' શબ્દ જૈન પાસેથી જૈનેતરે કે જૈનેતર પાસેથી જૈને લીધો ? આ જીવ–આ આત્મા શબ્દ, રૂપ, રસ, ગંધ, શબ્દ વગરનો છે તે તો સર્વ મતવાળાને કબૂલ છે. ઇન્દ્રિયના જ્ઞાનથી તે આત્મા જણાય તેમ નથી. તેથી આત્મા, જીવ

શબ્દને પહેલવહેલો ઉચ્ચારનારા તે મહાપુરુષ; કેવલી અરૂપી પદાર્થોને જાણનારા હોવા જોઇએ.

વસ્તુનું નામ, વસ્તુની ઉત્પત્તિ પહેલાં નથી હોતું. જેઓ જીવને હંમેશાં ઉત્પન્ન થયેલો માનનારા, જીવને સ્વરૂપે જાણનારા તેવા કોણ? જગતમાં કર્મને લાવવાવાળી ચીજમાં મુખ્ય ભાગ કોઈ પણ ભજવે તો રાગદ્વેષ. જ્યાં સુધી રાગદ્વેષ હોય ત્યાં સુધી કર્મો બંધાયા વગર રહે નહિ. જ્ઞાન દર્શનને રોકનારાં કર્મો તે રાગદ્વેષથી બંધાતો જાય ત્યાં સુધી સર્વજ્ઞપણું ન થાય. તો શાથી થાય?

## મતિજ્ઞાન અને કેવળજ્ઞાનમાં તફાવત

મતિજ્ઞાનાવરણ બંધાતું પહેલાનું હોય તો પણ ચાલે. જેમાં અંશે વસ્તુ રહેલી છે તેમાં કેટલાંક રોકાયલાં હોય, કેટલાંક રોકાતાં હોય અને કેટલાંક ઝળકતાં હોય. પણ એક સ્વરૂપવાળી ચીજમાં એક જ અંશ એક પરમાણુ તેમાં લાલ, પીળો, ધોળો તે બને ખરૂં! લૂગડાં વગેરે સ્કંધોમાં તે બને. જેમ પરમાણુ ભાગ વગરની ચીજ હોવાથી તે કાળો, પીળો દેખાતો નથી. સ્કંધ અંશવાળો હોવાથી લાલ, પીળો, કાળો, સુગંધી હોય છે. તેમ મતિજ્ઞાનાદિ જ્ઞાનો તે બધાં અંશવાળા. કેટલોક અંશ અવરાય, અને કેટલોક અવરાતો અંશ ખુલ્યો હોય. કેવળજ્ઞાન અખંડ સ્વરૂપવાળું છે. તેમાં આવરણ આવ્યું હોય, આવતું હોય અને પ્રકાશ રહેતો હોય તે ત્રણે ચીજ ન બને. જો આ વાત ખ્યાલમાં આવશે તો મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદ જેમ છે તેમ કેવળજ્ઞાનના ભેદ કેમ નહિ તે ખ્યાલમાં આવશે. કેવળજ્ઞાન જબરજસ્ત છે, માટે અખંડરૂપ

છે. સર્વ કાળ, દેશ, અવયવ સંપૂર્ણ એવું તે જ્ઞાન થયા પછી તેના ઉપર જુદા જુદા શબ્દો લગાડવામાં આવે છે. જિન, સર્વજ્ઞ, સર્વદર્શી વગેરે ન લગાડવામાં આવે તો બધું એકી સાથે તેમ કેવળજ્ઞાનમાં માનવું પડે માટે જુદા શબ્દો છે. જેને જ્ઞાનાવરણીય, સત્તા, ઉદય બંધમાં નહિ તેનો આત્મા કોણ ? તો વીતરાગ. જેને જગતના કોઈ પણ પદાર્થ તરફ પક્ષપાત અને અરુચિ નથી. કોઈ પણ પદાર્થ સંબંધી, રાગ કે દ્વેષ નહિ, તેવો જીવ જ્ઞાનાવરણ કર્મ વગરનો હોય. તેને જ્ઞાનાવરણ કર્મ સત્તામાં, ઉદયમાં અને બંધમાં ન હોય. જે મારા તારાની રમતમાં પડેલા છે, જેમકે મારો ભગત એટલે તારવો. તું મારે શરણે આવ્યો તેથી હું તને સર્વ વાતથી છોડાવીશ. શત્રુ હશે તેને હરાવીશ. જેને આવી રીતે રાગદ્વેષ છે તે જ્ઞાનાવરણ બાંધ્યા વગર રહે નહિ. માટે તે બંધ, ઉદય, સત્તામાં હોય તો તેને અખંડ જ્ઞાન હોય જ નહિ. તેથી આત્મા, જીવ દેખવાનો તેને વખત જ નહિ. પણ આત્માનું જ્ઞાન કોણ ધરાવે ? અતીન્દ્રિય જ્ઞાન ધરાવનાર. જીવ કે આત્મા એ નામ હોય તો જૈનના ઘરનું. બીજાએ ઉછીનું લીધું. તેને જીવ કે આત્માનો, તેના ગુણોનો, તેને રોકનારાં કર્મનો, તે કર્મનું ઘટવું, બાંધવું, વધવું કેમ થાય છે તેનો વિચાર જ નહિ. તમે કોઇને ત્યાંથી દાગીનો ઉછીનો લાવો તેનું તમારે ત્યાં નામું હોય જ નહિ. જીવ, આત્મા શબ્દ જૈનેતરે ઉછીનો લીધો છે. માટે ત્યાં તેનો વિચાર જ નહિ. કેટલાક ભણેલા સાધુ કહે કે આ કડાકૂટ શી ? જીવ, અજીવ વગેરે નવ તત્ત્વ કહો છો તેમ તેઓ દ્રવ્ય, ગુણ, સામાન્ય, પ્રમાણ, પ્રમેય વગેરે તરીકે વિચાર કરે. સત્ત્વ, તમો,

રજોગુણ કહીને ચાલે તો જગતના પદાર્થો તેમને આવી ગયા. તેમને આવી રીતે જણાવ્યા. તમે જીવ અજીવ રૂપે જુદું જણાવ્યું તેમાં નવાઈ શી? આ તો સમકિતી. કારણકે જીવાજીવાદિ સ્વરૂપે જાણે. તેઓ દ્રવ્યાદિરૂપે, પ્રમાણરૂપે, પ્રમેય, પ્રકૃતિ આદિ રૂપે માને છે તેથી સમકિતી નહિ.

## વિધવિધ દૃષ્ટિ

એક જ પદાર્થ હોય તો કોઈ કુંભ કહે, કોઈ કળશ કહે, કોઈ ઘટ કહે તો શું? જગતના બધા પદાર્થો બધાંને કહેવા છે. જો નૈયાયિકને, વૈશેષિકને, સાંખ્યને, બૌદ્ધને, જૈનને જગતના પદાર્થો કહેવા છે તો ફરક શો? છોકરો છબી જૂએ, કારીગર છબી જૂએ. બંને છબી તો એક જ જૂએ છે. આંખો એક જ છે ને! માટે બે ય સરખા છે? હવે છોકરો છબી જૂએ તેમાં ચળકાટને દેખે છે. પણ કયા મુદ્દાને અંગે, કઈ સ્થિતિએ આ છબી છે તે છોકરો સમજે નહિ. તેમ પદાર્થોમાં હેય, જ્ઞેય, ઉપાદેય વિભાગરૂપે અહીં જૈન શાસનમાં કહેવામાં આવ્યું છે ત્યાં આગળ હેયાદિ રૂપે પદાર્થો નથી માટે જીવાદિ પદાર્થોનું જે કથન છે તેને તત્ત્વ માને તો તેનું નામ સમકિત. તેમ **ઉમાસ્વાતિવાચકજી** કહે છે. જેણે જીવાદિ પદાર્થોને તત્ત્વ માન્યા તેઓને હેયાદિનું જ્ઞાન રહે. જ્યારે બીજાઓ બધાં તત્ત્વોને પદાર્થો માન્યા તેમ કહે તો તેમાં હેયાદિના વિભાગો પાડ તો ખરો? માટે કહે છે કે જીવાદિક તત્ત્વોનું નિરૂપણ કરનાર સર્વજ્ઞ પરમાત્મા જ છે. નિરૂપણ કર્યું તેમાં આપણને શી ખબર પડે? એના આત્મામાં આપણે પેઠા છીએ? તેથી તે કહે છે તે સાચું.

## સર્વજ્ઞ ભગવાનનાં વચનની વિશિષ્ટતા

જે વખતે સર્વજ્ઞ ભગવાન નિરૂપણ કરે તે વખતે જે સાંભળવાનું હોય તે પણ વચનનો યોગ. સર્વજ્ઞ ભગવાન સિવાય બીજો બોલે તેનું નામ દ્રવ્યશ્રુત. સર્વજ્ઞ ભગવાનનું જે વચન તે દ્રવ્યશ્રુત જ નહિ. ભૂત કાળમાં થયેલો, ભવિષ્યમાં થવાવાળો જે ભાવ તે થવાનો બધામાં. પણ સર્વજ્ઞના વચનમાં ભાવિનું દ્રવ્યશ્રુત નથી. માટે કેવળી ભગવાન કેવળજ્ઞાનથી પદાર્થો જાણે, નિરૂપણ કરવા લાયકને નિરૂપણ કરે તે શાસ્ત્ર નહિ પણ વચનયોગ. શ્રોતાને દ્રવ્યશ્રુત સાંભળીને ભાવશ્રુત થવાનું. આ વસ્તુ ખ્યાલમાં રાખીએ તો **'वचनाराधनया खलु'** વચનની આરાધના. તીર્થંકરે જે વચનયોગથી કહ્યું તે શ્રુત–આગમ. તે સીધું આપણી અપેક્ષાએ. તેમને ખુદની અપેક્ષાએ તે નહિ. તો આગમ શ્રુત આજ્ઞા કંઈ નથી. ત્યારે શું કેવળ વચનયોગ? કેવળી ભગવાનને જે નિરૂપણ કરવાનું બને તે કેવળ વચનયોગ. માટે **'वचनाराधनया'**.

**'उच्यते इति वचनं'** જેટલા જેટલા જીભવાળા એટલે બેઇન્દ્રિયથી બધા વચનયોગવાળા. તે બધાની આરાધના કરવી એમ ને? વાત ખરી. પણ સામાન્ય શબ્દ પ્રકરણને અંગે વિશેષમાં દાખલ થાય. ચોકસી જગતનો સામાન્ય શબ્દ છે. જ્યારે અહીં આગળ એક જ ઘર હોય તો બોલીએ ચોકસી તો પ્રતીતિ એક ઘરવાળાની થવાની. તેમ સમર્થ વિશેષણ વિશેષ્યને ન કહ્યું હોય તો પણ વિશેષ્યને જણાવે. તેમ અહીં આગળ આ વચન કયા મુદ્દાએ કહેવામાં આવ્યું? ધર્મની આરાધનાના મુદ્દાએ. કયું વચન? તો સર્વજ્ઞનું.

परलोकविधौ० પરલોકની વિધિમાં પ્રમાણભૂત શું? આપણી ઇન્દ્રિયો કામ નથી લાગતી. કામ લાગે શું? તો વચન. તે કયું? અતીન્દ્રિય પદાર્થોને દેખનારા, જાણનારા, તેવાએ કહેલું તેનું નામ વચન. અતીન્દ્રિય પદાર્થોને દેખનારા મહાપુરુષનું વચન. માટે પ્રગટ કહેલું તે વચન અહીં લેવાય.

## જયણાની શરૂઆત

સર્વજ્ઞ ભગવાને કહેલા વચનોની આરાધના. આમ શા માટે? જેમ બીજા લોકોમાં અસાડ સુદ ૧૧ને દેવપોઢી અને કાર્તિક સુદ અગ્યારસને દેવઊઠી અગ્યારસ કહેવાય છે. તે દેવઊઠી અગ્યારસે એટલે ચારે મહિના ઊંઘ્યા તેમાંથી ઊઠ્યા! ચારે મહિના દિવસ અને રાત ઊંઘ્યા કર્યું તેવા ભગવાનને માનનારની બલિહારી. પણ ખરી વસ્તુ શી? કૃષ્ણ મહારાજને જ્યારે વિરાધના વધારે માલમ પડી, હું પોતે દરબાર ભરૂં, રાજવાડી નીકળું ત્યારે જીવહિંસાનો પાર ક્યાં? માટે દરબાર ભરવાનું બંધ કર્યું. રાજવાડી બંધ કરી. તેથી જનાનામાં જ રહ્યા. અસાડ સુદ અગ્યારસથી જનાનામાં દાખલ થવું કાર્તિક સુદ અગ્યારસે નીકળવું તેથી આરંભ પરિગ્રહના ત્યાગની પ્રવૃત્તિ. આવી રીતે ચોમાસાની જયણા શરૂ થઈ. બૌદ્ધોએ પણ પહેલા ચોમાસામાં ભટકવાનું રાખ્યું હતું. પછી લોકોમાં નિંદા થવા લાગી ત્યારે બુદ્ધે બધાંને ભેગાં કરીને કહ્યું કે વરસાદ વખતે સ્થિર થવાનું રાખો. બૌદ્ધને તે ઓલંભા કોણ દેનાર? લીલોતરી, બારીક જીવને કચડતા ફરે છે તે ઓલંભા દેનાર કોણ? તે વિચારો. જે ચોમાસામાં સ્થિર રહે છે તે. ડુંગળીને બાળી નાંખીએ તો પણ ગંધ ન છોડે. તેમ તેમને

ચોમાસાનો નિયમ કર્યો. પણ ત્રણ મહિના સ્થિર રહેવું તેવો નિયમ કર્યો. પછી ચારમાંથી ગમે તે ત્રણ મહિના સ્થિર રહેવું. એક મહિનો છૂટનો ખરો. શું થયું ? ચોમાસાની અસલ સ્થિતિને પેલાએ દેવપોઢીમાં ઘાલી દીધી. પેલાએ ચારમાંથી ત્રણ મહિનામાં ઘાલી દીધી. રાગદ્વેષથી ભરેલા હોય તે જ આ રૂપે ફરે.

રાગદ્વેષરહિત હોય તેને સાચી વસ્તુને ઉથલાવવાનું ન બને. માટે અતીન્દ્રિય અરૂપી પદાર્થોને અતીત, અનાગત, વર્તમાનના પદાર્થોને જાણનારા જે મહાપુરુષ હોય તેને પ્રગટ કહેલું જે તે વચન કહેવાય.

હવે આ ઉપરથી બીજાના વચનને કુવચન કેમ માનું છું ? જે કેવલી ભગવાને પદાર્થો જાણીને દેશના આપી તે વચનોની આરાધના તે કેમ ? કેમકે અષ્ટસ્પર્શી પદાર્થોની આરાધના થાય. જેને પર્યુપાસના કહીએ છીએ તે અષ્ટ-સ્પર્શીની હોય.

**'तिखुत्तो आयाहिणं'** જેવા શબ્દો આપણા સ્થાનક-વાસીઓ સમજ્યા વગર બોલનારા છે. એક માણસ જે દેશથી આવ્યો તેને એક કાગળ તે દેશવાળાએ તમારા ઉપર લખીને મોકલ્યો કે તેને સાચવશો, રાખશો, વિદાય થાય ત્યારે વિદાય કરશો. પેલાએ કાગળ આપ્યો. પેલાએ વાંચીને કહી સંભળાવ્યું. એટલે શું કાગળનો અમલ કર્યો ? તેમ આ તિખુત્તોવાળા છે. શાસ્ત્રકારના કથનમાં તો એ છે કે ઘેર રહેલો માણસ વિચાર કરે કે ગુરુ મહારાજ આવે છે તેમને પ્રદક્ષિણા, સત્કાર, સન્માન કરીશ. કરું એ કર્તવ્યના જે વિચારો

હતા, તેનો જે ઉલ્લેખ હતો, તે તેણે બોલવાનો રાખ્યો.

**'तिक्खुत्तो आयाहिणं पयाहिणं'** એટલે શું ? તેનો ઉત્તર નહિ દઈ શકે. [1]**वंदामि नमंसामि** પહેલાં કેમ ? **'कल्लाणं मंगलं देवयं चेइयं'** પહેલાં કેમ ન મૂક્યું ? અને **पज्जुवासामि** છેલ્લું કેમ મૂક્યું ? શું કલ્યાણ રૂપી ચૈત્યને વંદન, નમસ્કાર નથી કરતો ? લગીર અક્કલ પહોંચે તો સમજો. આ મંગલ, કલ્યાણ વગેરે ચીજ કલ્યાણ કરવા માટે છે. કલ્યાણ, મંગળ મૂર્ત-સ્વરૂપ છે તેથી તેની સેવા કરી શકાય. માટે પજ્જુવાસામિ છેડે જોડયું છે. વંદનના ઠેકાણે ન જોડયું. જેને વ્યાકરણ વ્યાઘરણ હોય તેને સૂત્ર એટલે સુતર કહેવું પડે. આવા મનુષ્યોને વિચાર શાનો આવે ? ઉપર કહેલાના મતે **कल्लाणं मंगलं देवयं चेइयं नमंसामि०** એમ મૂકી શકાત. પણ પર્યુપાસના કરવા લાયક આ ચાર પદાર્થો છે. વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન કરવા લાયક આ ચાર સેવનીય પદાર્થો. જેને સેવનીય, નમસ્કરણીય કયા તે ખ્યાલ ન હોય તેવા મનુષ્યો તેવું બોલે.

## આરાધના વિષે સ્પષ્ટીકરણ

તેમ અહીં તમે આરાધના કરો કહો છો પણ વચન ચઉસ્પર્શી તેની આરાધના કઈ રીતે ? અષ્ટસ્પર્શી હોય તો પર્યુપાસના, આરાધના બને. વચન ચઉસ્પર્શી છે તેથી તે આરાધનામાં લેવાનો વિષય નથી, તો આરાધના શાથી કહો છો ? સીધી આરાધના થતી નથી, માટે આરાધના શબ્દ

---

१. **ते भगवंते वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइय पज्जुवासामि** (स्था० सू० १७७)

મૂકીએ છીએ અને પર્યુપાસના નથી મૂકતા. આરાધના પર્યુપાસના કઈ ચીજ છે તે સમજવું જોઇએ. વચનમાં કહેલી વાત સમજવી અને તે પ્રમાણે વર્તાવ કરવો, તેનું નામ વચનની આરાધના. આથી જેટલો આત્માને વચનમાં વર્તાવવાને તૈયાર કરે તેટલો જ ધર્મ થાય. માટે વચનની આરાધના. વચનમાં કહેલું તે મારે કરવા જ લાયક છે. તે કરી શકો કે ન કરી શકો પણ નિશ્ચય તો તે જ હોવો જોઇએ કે તે કરવા લાયક જ ચીજ છે. જેઓ દેશથી વિરતિવાળા છે તેઓ હેયને છોડવા લાયક ગણે ને સર્વવિરતિની બુદ્ધિવાળા હોય. એ પ્રમાણે **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે. હુક્ક ન કર્યા હોય માટે વચન. જે શાસ્ત્રોનું કથન અને તે કથનની લેશ્યા સાચી માનીને અમલ કરવાની ધારણા રાખીને જે પ્રવૃત્તિ તેનું નામ આરાધના.

## આરાધનાની દૃષ્ટિ વિષે સૂચન

આ વાતથી ચાહે અરિહંત, સિદ્ધ વગેરે ગમે તે પદ આરાધે પણ દૃષ્ટિ કયાં ? સર્વની આરાધ્યપણામાં. એકની પણ આરાધ્યતા નથી તે આવે તો બધી આરાધના નકામી જાય. જેટલા પદાર્થો આરાધ્ય હોય તે બધાંની આરાધના કરવી જોઇએ, પણ શક્તિ તો જેમાં ફોરવાય તેટલી ફોરવવી. જ્યારથી જિનેશ્વર મહારાજના વચનને અંગીકાર કર્યું ત્યારથી જીવનના અંત સુધી અસ્ખલિતપણે પ્રવૃત્તિ રહે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં પણ ગ્રહણ કર્યાથી માંડીને જીવન પર્યંત પ્રવૃત્તિ થાય ત્યારે આરાધના. માટે જ્યારથી તીર્થંકરના વચનને સમજે ત્યારથી જીવન પર્યંત વર્તવું છે

માટે આરાધના. અને આથી જ તેવી આરાધનાથી ધર્મ થાય છે.

વચનની આરાધના કેમ લીધી અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ક્રિયા કેમ ન લીધી? કારણ તરીકે બીજા કેમ ન લીધા? બીજા બધાં કારણો છે પણ આ કરણ છે, તો તેમાં ફરક શો? તે સમજાવશે અને બીજાં કારણો તે કરણ કેમ નહિ અને આ કરણ કેમ તે સમજાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૨૧

### જીવની વિધવિધ સ્થિતિઓ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડંપટ્ટી કરી રહેલો છે. તે કરતાં કરતાં અનંતા પુદ્ગલપરાવર્તો (એકેંદ્રિય) નિગોદમાં ગયાં. તે પણ સૂક્ષ્મ એકેંદ્રિયમાં. જીવની અનાદિ કાલીન સ્થિતિ સુધી સૂક્ષ્મ નિગોદમાં. તેમાંથી અકામ નિર્જરાએ બહાર નીકળે.

### નિગોદમાં તો શરીરની પણ ભાગીદારી

જગતમાં જોઈ શકીએ છીએ કે એકેંદ્રિય શરીરવાળા જીવો જે પૃથ્વીકાયાદિમાં છે તેમાં શું હોય છે? એકલું શરીર. તે શરીને ધારણ કરનારી જે એકેંદ્રિયપણાની અવસ્થા તેમાં પણ સૂક્ષ્મ એકેંદ્રિય, તેને એકલું શરીર. તે પણ

દેખી શકીએ નહિ તેવું અને અનંતા વચ્ચે એક. અનાદિ કાળથી તેને અનંતાની ભાગીદારીની ટેવ પડી. દુનિયામાં માલમિલકત અને ચીજમાં ભાગીદારી હોય પણ શરીરમાં ભાગીદારી કોઇ પણ જગ્યા પર હોતી નથી. ત્યારે સૂક્ષ્મ નિગોદમાં તો શરીરની ભાગીદારી. કોઈનું શરીર સ્વતંત્ર નથી. મિલકત, મકાન વગેરે ભાગીદારીનું પણ એકલું જો કંઈ હોય તો એક શરીર. તેમાં કોઇની ભાગીદારી નહિ. ગર્ભમાં રહેલાને પણ શરીર સ્વતંત્ર. તેનાથી સુખદુઃખ ભોગવવું તેમાં સ્વતંત્ર. પોતાનું સુખદુઃખ બીજો ભોગવે નહિ. બીજાનાં સુખદુઃખ પોતે ભોગવે નહિ. જગતના દરેક જીવો જુદા છે. અને કર્મો જુદાં છે. કેમ? તો કે સુખદુઃખમાં ભાગીદારી નથી. આ જગતમાં જે ભાગીદારીનો સંબંધ નથી તે ત્યાં એટલે નિગોદમાં રહેલો છે.

### સૂક્ષ્મ નિગોદમાં જ અનાદિપણું

શરીરમાં ભાગીદાર કેટલા? વીમા લેવાની હરકત ન હોય તો તેને અંગે ગાડું ભરેલા દલાલ મળે. અહીં તો અનંતા ભાગીદાર. એક શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું ન દેખાય એવું, તેના અનંતા ભાગીદાર. તેમાં અનાદિ કાલથી રહ્યાં. આ જગો પર જ અનાદિ કાલ રહ્યો પણ બીજી કોઈ જગો પર નથી રહ્યો. પૃથ્વીકાયાદિથી માંડીને યાવત્ પંચેન્દ્રિય સુધીમાં અનાદિપણું ન હોય. માત્ર સૂક્ષ્મ નિગોદમાં જ અનાદિપણું હોય.

### મનુષ્યપણાની સાર્થકતા ક્યારે?

તેમાંથી ક્રમે બાદરમાં આવ્યો અને ક્રમે શરીર જુદું મળ્યું,

છતાં રસ જાણવાની તાંકાત ન મળી. જ્યારે અનંતા પુણ્યનો ઉદય હોય અને અનંતી અકામ નિર્જરા થઈ હોય ત્યારે રસ જાણવાની તાકાત મળે. તેનાથી અનંતા પુણ્યનો ઉદય થયો અને તેટલી અકામ નિર્જરા થઈ ત્યારે ગંધની તાકાત મળી. તેનાથી અનંતા પુણ્યે રૂપની, તેનાથી અનંતા પુણ્યે શબ્દની, તેનાથી અનંતા પુણ્યે વિચારની. અને તેનાથી અનંતા પુણ્યે મનુષ્યપણું પામ્યા. કેટલાં પગથીઆં ચઢ્યાં તે વિચારો.

સૂક્ષ્મ નિગોદીઓ ધરતી ઉપર રહેલો છે. ધરતી ઉપર રહેલાંને પડવાનું હોય નહિ. ઊંચે ચડેલો અગર એક બે પગથીઆં ચડયો તેને પડવાનો ભય. ઊંચે ચડેલો પડે તો તે હેરાન વધારે થાય. તેમ અહીં મનુષ્યપણામાં આવ્યા પછી સીત્તેરનો થોકડો બાંધે. એકેન્દ્રિયથી માંડીને યાવત્ અસંજ્ઞી પંચેંદ્રિય સુધીમાં સીત્તેર બાંધવાની તાકાત નથી. બાદર, ત્રસ, પંચેંદ્રિયપણું અને મનુષ્યપણું તેની સાથે આર્ય દેશ, ઉત્તમ કુલ, જાતિ, લાંબુ આયુષ્ય, નિરોગીપણું, દેવ ગુરુ અને ધર્મની જોગવાઈ આટલાં પગથીઆં ચઢ્યાં ને છતાં જો સાધ્ય સાધી ન શકીએ, તો જેમ હથિયાર છે, સાધનસામગ્રી છે છતાં શત્રુના ટપલાં ખમે તે કેવો ગણાય? તેમ આપણને આ મનુષ્યપણું, આર્ય ક્ષેત્ર વગેરે સાધનો કે જેના વડે કર્મ રાજાનો સર્વથા નાશ કરી શકાય તેવાં મળેલાં છે, છતાં આપણે કર્મને આધીન ચાલ્યા કરીએ છીએ અને કહીએ કે કર્મનો ઉદય. વાત ખરી. પણ તું બાયલો થયો તેનો વિચાર આવ્યો? આ વાત વિચારશો તો જૈન ધર્મવાળાએ બધી

વાત કોરાણે મૂકી અને દેવ, ગુરુ કેમ માન્યા તે સમજાશે. શાથી ? ગુણથી. ગુણ ક્યારે ? તો કર્મને હણ્યા ત્યારે. કર્મ હણ્યાં તેથી ગુણો અનંતા છે તો આપણું કેન્દ્ર કયું ? તો કર્મને હણવાં તે. આથી **नमो अरिहंताण** બોલીએ છીએ.

## છેલ્લા પુદ્‌ગલમાં મનુષ્યની સ્થિતિ

**હરિભદ્રસૂરિજી** કહે છે કે જે મનુષ્યનાં ઉદ્યમ અને કર્મ બળવાન હોય પણ આત્માને કર્મના કરતાં બળવાન બનાવતા નથી તે મનુષ્યો છેલ્લા પુદ્‌ગલપરાવર્તમાં નથી. કર્મને હણવાની ઇચ્છાવાળો નથી તે છેલ્લા પુદ્‌ગલપરાવર્તનમાં નથી. **હરિભદ્રસૂરિજી**એ બે જ વાડા પાડ્યા. એક છેલ્લાનો અને એક વધારેનો. તેની નિશાની શી ? કર્મ કરશે તેમ થશે તો આ છેલ્લા પુદ્‌ગલ સિવાયનો. છેલ્લા પુદ્‌ગલમાં હોય તે તો કર્મના ઉદયને કાબૂમાં લઉં, નવાં કર્મ બાંધું નહિ તથા નવાં કર્મો બાંધીને તેનાં ફળો ભોગવવાનો વખત લાવું નહિ. આ વિચાર છેલ્લા પુદ્‌ગલમાં આવે ત્યારે જ આવે અને ત્યારે જ ધર્મ શબ્દ બોલવાને લાયક થાય. આ વિચારો આવે ત્યારે મારો જીવ કર્મ કરતાં બળવાન, કર્મના ઉદયને દાબવો અને કર્મનો ઉદય ન જાગવા દેવો તે મારૂં કર્તવ્ય છે, આ વિચાર આવે. આ વિચાર આવે ત્યારે જ ધર્મ. દુર્ગતિમાં જતા જીવોને રોકે તેવું અનુષ્ઠાન કે જે સદ્‌ગતિ ન ન મળતી હોય તો મેળવી આપે તેનું નામ ધર્મ. દુર્ગતિ થવાની હતી તે શાના ઉદયે ? તો કર્મના ઉદયે. તે રોકાય ક્યારે ? તો મારો કરેલો ધર્મ એટલો શક્તિવાળો હોય કે દુર્ગતિનાં બાંધેલાં કર્મોને તોડી નાખે.

## ઉદ્યમ પણ ગેરરસ્તે થતાં કર્તાને નુકશાન

ધર્મ સીધી રીતે દુર્ગતિ રોકી શકતો નથી, પણ તેનાં કારણો રૂપી કર્મોને ધર્મના વિચારો (ક્રિયા) રોકી શકે. જો જીવ બળવાન ન હોય અને કર્મ બળવાન હોય તો ધર્મ જેવી ચીજ જ નહિ. ધર્મને બળવાન માનશો તો કર્મને દબાવવા માટે ધર્મની કર્તવ્યતા રાખી શકશો. કર્મ દબાય નહિ તો દુર્ગતિ રોકાય કઈ રીતે અને સદ્ગતિનાં કર્મો ન બાંધો તો સદ્ગતિ થવાની ક્યાંથી ? છેલ્લા પુદ્ગલમાં જીવની સ્થિતિ કઈ ? કર્મને નિર્બળ બનાવે. બાકીના પુદ્ગલોમાં કર્મ બળવત્તર. વનસ્પતિ, બેઇંદ્રિયાદિ જીવોએ જેવાં કર્મો કર્યાં તે પ્રમાણે જન્મ્યાં. તેઓ જીવન પૂરૂં થયું અને હાલતા થયા, પણ દુર્ગતિના કર્મોને તોડું તે સ્થિતિ ક્યાં ? તો જ્યાં પુરસ્કાર બળવાન હોય ત્યાં તે છેલ્લો સમજવો. જ્યાં કર્મનું બળવત્તરપણું હોય ત્યાં છેલ્લો પુદ્ગલપરાવર્ત ન સમજવો પણ વધારે સમજવો. રસ્તા સર થયેલો ઉદ્યમ કાર્યની સિદ્ધિ કરે. તે ઉદ્યમ ગેરરસ્તે થયો હોય તો કર્તાને નુકશાન કરે. અહીં કરે છે તો બેય ઉદ્યમ જ.

## અંત્ય પુદ્ગલ સાથે જિનેશ્વરના વચનની આવશ્યક્તા

આ જીવને અંત્ય પુદ્ગલપરાવર્તમાં ઉદ્યમ કેવો સૂઝે ? તો એક જ પ્રકારનો. જિનેશ્વરના વચનની પરિણતિનો. જિનેશ્વર ભગવાનનું વચન પરિણમે ત્યાં. છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાય જિનેશ્વર ભગવાનનું વચન પરિણમે નહિ. જ્યાં સુધી અંત્ય પુદ્ગલ ન હોય ત્યાં સુધી વિષયસંયોગમાં સુખબુદ્ધિ હોય. છેલ્લો હોય તો તેમાં દુઃખબુદ્ધિ થાય. દૃષ્ટિસંમોહ,

વિષય વગેરે અવગુણો તે છેલ્લો પુદ્ગલ ન હોય ત્યાં સુધી બળ કરે. છેલ્લો હોય અને જિનેશ્વરનું વચન પરિણમે તો આ દૃષ્ટિસંમોહ વગેરે કારસ્થાન ન કરે.

ભગવાનની સેવા, ભક્તિ અને આરાધના સર્વ મતમાં છે. તમે ભગવાનની આરાધના, ભક્તિ અને સેવા મૂકીને વચન ક્યાં પકડયું ? અમે ભગવાનની ભક્તિ વગેરે મૂકયું નથી પણ વચનની આરાધના છે ત્યાં તેના વક્તાની આરાધના છે. પણ જ્યાં વકતાની આરાધના છે ત્યાં વચનની આરાધનાનો નિયમ નહિ.

યથાર્થ પૂજન કયું ?

ગુણની આરાધનામાં ગુણીની આરાધના જરૂર. ગુણીની આરાધનામાં ગુણની ભજના. ગુણ ગુણી સિવાય રહેતો નથી. માટે તીર્થંકર મહારાજને સાધુપણું છે, ચાર જ્ઞાનવાળા છે. ચોમાસી તપનું પારણું છે તેવાને ગોચરી આપી. એના જેવો પાત્રવિત્તનો સંયોગ કયો ? તે છે, પરંતુ ગુણીનો સંયોગ છતાં ગુણબુદ્ધિ નથી. તેવા અભિનવ શેઠે ચોમાસી તપનું પારણું કરાવ્યું. અને ગુણબુદ્ધિવાળા જીરણ શેઠ ઝૂરતા રહ્યા. ફલ જીર્ણ શેઠને કે અભિનવ શેઠને ? તો નહિ કરાવનારે મેળવ્યું. કરાવનાર ખાલી. તેને શું મળ્યું ? પાંચ દિવ્યો ને ધન મળ્યું. આત્માનું કામ જીર્ણ શેઠે સાધી લીધું. ગુણી અને ગુણ કોને મળ્યા ? અભિનવ શેઠને. ખુદ ગુણી મળ્યા, પારણું કરાવ્યું છતાં દ્રવ્યથકી ગુણીનો સંયોગ પણ ગુણ દ્વારાએ ગુણીનો નહિ. ત્યારે જીર્ણ શેઠને ગુણ દ્વારાએ ગુણીનો સંયોગ મળ્યો.

તમે કેસરીઆજી વગેરેમાં જેવી પૂજા કરો છો તેવી

અન્ય મતવાળા કરે છે. ગુણીને પૂજ્યા તેથી તે આરાધનામાં પામવાના શું? કારણકે ગુણધ્યાન રાખ્યા વગર ગુણીનું પૂજન ફાયદો કરતું નથી. અહીં માનતા માનીને ચડાવ્યાં તે ચડાવ્યાં તો ગુણીને, પણ કોઇએ કલ્યાણની બુદ્ધિથી ચડાવ્યાં તો તે પૂજન આત્માનું કાર્ય કરનારૂં થયું. ગુણીનું પૂજન ગુણ દ્વારાએ થાય તો જ સફળ. ગુણ સંબંધી ચીજ ગુણીમાં રહેલી જ છે, તેથી ગુણ દ્વારાએ ગુણીનું પૂજન તે યથાર્થ પૂજન.

## ચિતારો અને ભરવાડ

છોકરાની ચોપડીમાં એક ચિતારાએ છ મહિના સુધી મહેનત કરીને એક ચિત્રામણ બનાવ્યું. તે લઇને રાજા પાસે ગયો. તે દેખાડયું. રાજાએ વખાણ્યું. પાંચસોની કિંમત કરી. આટલી બધી મહેનતવાળા ચિત્રામણના મને પાંચસો આપે છે? રાજાએ યાવત્ પાંચ હજાર કહ્યા. છેવટે દસ હજાર કહ્યા પણ ના કહી. જ્યાં રાજગઢની બહાર નીકળે છે ત્યાં સામો ભરવાડ મળ્યો. ભરવાડે તેને ઉદાસીન જોઇને પૂછયું કે કેમ ઉદાસીન! હાથમાં ચિત્રામણ છે ને ઉદાસીન કેમ જણાવ છો? મને બતાવવામાં અડચણ ન હોય તો બતાવો. ભરવાડને ચિત્રામણ બતાવ્યું. ભરવાડે જે જે ભાવથી જે જે કર્યું હતું તે તે તે ભાવથી કહેવા માંડયું અને કહ્યું કે આ ભાવે કરેલું છે ત્યારે પેલો ચિતારો કહે કે તારે લેવું છે? હા. પણ મારી શકિત નથી. ત્યારે ચિતારો કહે શક્તિનું કામ નહિ. ત્યારે ભરવાડે કહ્યું કે મારી પાસે લાકડી અને કાંબલો એ બે કીંમતમાં છે તે હું આપું. ભરવાડે એ બે આપ્યાં અને ચિતારાએ ચિત્રામણ આપ્યું. પેલા રાજા વગેરે મનુષ્યો જોઈ રહ્યા છે. તેઓએ બધું જોયું.

તેને બોલાવ્યો. અરે શું કર્યું ? વેચી દીધું. કોને ? ભરવાડને. શા પેટે ? કાંબલો અને લાકડી પેટે. શાથી ? તમે જે દસ હજાર આપવાના કહ્યા તે તમારી સાહેબીના, મારી કલાના નહિ. રાજદરબારમાં આવેલો ખાલી જાય નહિ પણ હું તો ચિત્રામણની કિંમત લેવા આવ્યો ન હતો, પણ ચિત્રામણની કળાની કિંમત લેવા આવ્યો હતો. પેલો કારીગરી સમજ્યો અને મેં આપ્યું છે.

## નહિ તો છાર ઉપર લીંપણું

તેમ અહીં આગળ તીર્થંકરની કિંમત તેમના જીવ–શરીરને અંગે નહિ પણ તેમના ગુણોને અંગે છે, માટે વચન પરિણમ્યું તો વાસ્તવિક પૂજનારો ગણી શકીએ, નહિ તો નહિ. હુકમ ન માને અને ચાય જેટલું સન્માન કરે તો રાજાને તેની કિંમત કેટલી ? રાજાને કહે કે તમને રાજા માનતો નથી અને કહે કે અન્નદાતા ચિરંજીવ ! તો તે બધું છાર ઉપર લીંપણું થાય, તેમ અહીં આગળ ભગવાન જિનેશ્વરના વચનની કિંમત મનમાં વસે નહિ ત્યાં સુધી તેમનું પૂજન વગેરે છાર ઉપર લીંપણું છે.

## છેલ્લા પુદ્ગલપરાવર્તમાં જ ભગવાનનું વચન પરિણમે

છેલ્લો પુદ્ગલપરાવર્ત હોય તો જ ભગવાનનું વચન પરિણમે. જો પરિણમે તો છેલ્લામાં જ, બીજામાં ન પરિણમે. વચનને અંગે સાધુપણું, કે શ્રાવકપણાનો નિયમ નહિ; પણ આ નિયમ–વચન લે તો તે માને. છેલ્લા પુદ્ગલમાં જ વચનને માને તે સિવાય કોઈ દહાડો માને નહિ. ભૂલા પડેલા મનુષ્યને કોઇએ સાચો રસ્તો બતાવ્યો હોય છતાં તદ્દન

અજાણ્યો છે એમ ગણી તે તેના ઉપર ભરોસો રાખે નહિ. અહીં નસીબનો દોષ, જો હેરાનગતિ લખાયેલી ન હોય તો તેના બતાવેલા માર્ગે ચાલ્યો જાય, પણ હેરાનગતિ લખાયેલી હોય તો જડ જેવો બેસે. નસીબ જો સીધું હોય તો તે સીધું કહેનારો મળે અને તેના ઉપર ભરોસો રાખવાનું થાય. નસીબ પાંસરૂં ન હોય તો સીધું બતાવનારા મળે નહિ અને મળે તો ભરોસો રાખે નહિ. આ બે ય આપણી અક્કલ ઉપર નહિ. કેમ? તો તે ભવિતવ્યતા ઉપર. જે સીધો રસ્તો બતાવનાર મળે તે તમને ઓળખતો પણ નથી. પણ ભવિતવ્યતા સીધી હોય તો સીધો માર્ગ દેખાડનાર મળે અને ભરોસો રાખવાનું બને. અરણ્યમાં ભટકતાં ભટકતાં ક્રમે પેલા માર્ગના છેડેથી કંઈ નિશાની મળે! પણ પુણ્યવંતને પેલો રસ્તો દેખાય છે પણ અહીં તો અંતર્મુહૂર્ત પહેલાં ઠેકાણું નહિ. જે મેળવવું તે અંતર્મુહૂર્તમાં મેળવવાનું. ભરોસો અંતર્મુહૂર્ત પહેલાં નહિ. ભરોસા લાયક જે અંતર્મુહૂર્ત પહેલાં ન લાગે તે અંતર્મુહૂર્ત પછી ભરોસો રાખીએ. આ શાની ઉપર? તીર્થંકરના વચન ઉપર ભરોસો તે અર્ધ પુદ્ગલપરાવર્તવાળાને હોય. જો વક્તાનો ભરોસો હોય તો તેના ભરોસે અભવ્ય મિથ્યાદૃષ્ટિઓ પણ નવ વેયક જાય.

## વચન નહિ પણ વ્યક્તિ જ આરાધવા લાયક

તીર્થંકર મહારાજ વિદ્યમાન હોય, ઇન્દ્રો પૂજા કરે, ત્યાંથી દેવલોકમાં જાય. વળી ત્યાંથી વંદન કરવા આવે. ત્યાં તીર્થંકર મહારાજ નિરૂપણ કરે. આ બધું સાંભળીને આ ઠીક છે તેથી તપ, જપ કરે અને તેથી નવ ગ્રૈવેયક જાય.

વચનના ભરોસા ઉપર જ્યારે આવે ત્યારે અર્ધ પુદ્ગલ-પરાવર્તવાળો હોય. તેનાથી વધારે સંસારવાળો ન હોય. આ વાત વિચારશો ત્યારે **अरिहंतो महदेवो** કહ્યાં છતાં **जिनपन्नत्तं तत्तं** ફરીથી કેમ કહેવું પડયું ? જિનેશ્વરની પ્રરૂપણા અને જિનેશ્વર એક જ હતા છતાં બે કેમ કહ્યાં ? અરિહંત તે વ્યક્તિનું પ્રાધાન્ય અને **जिनपन्नत्तं** તે વચનનું પ્રાધાન્ય છે માટે બે કહેવાં પડ્યાં. જે વચનનું પ્રાધાન્યપણું માનનારો મનુષ્ય તે છેલ્લા પુદ્ગલપરાવર્તમાં હોય. તે સિવાય થાય જ નહિ માટે વચનની આરાધના. ધર્મની જડ વચન. તેથી વચનની આરાધના પણ વચન તે વ્યક્તિ સિવાય સ્વતંત્ર આરાધવા લાયક ચીજ જ નથી. સ્વતંત્ર વ્યક્તિ આરાધવા લાયક હોય માટે પંચ પરમેષ્ઠી ગણવામાં આવ્યા.

## 'નમો' પદની સમજૂતી

પંચ પરમેષ્ઠીમાં **नमो दंसणस्स नमो नाणस्स** વગેરે કેમ ન લીધાં ? તેનું કારણ એ છે કે જે મનુષ્ય ન સમજે તેને માટે અહીં સંબંધ ન હોય. ચાય જેવો ઉસ્તાદ હોય તે ગધેડાને રાગ શી રીતે શીખવાડશે ? જેને વિચારવું નથી, સમજણ લેવી નથી, તેને તો દૂર રાખીએ, પણ જેને સમજણ લેવી હોય તેને **नमो** એટલે શું ? નમસ્કાર. નમસ્કાર યોગ્ય બીજાં પદો છોડીને અવ્યયમાં શા માટે ગયા ? **'नमो'** ને બદલે **'नम'** બોલો તો 'નમો'ની જરૂર નથી. 'નમ' ક્રિયાપદ લીધું હોય તો છઠ્ઠી નહિ કરવી પડે. માટે એમ બોલોને ! તેમ (**नम**) ન બોલ્યા તેથી કહેવું પડયું કે છઠ્ઠી વિભક્તિ ચોથી માટે. નમસ્કાર માટે જો નમ ક્રિયાપદ લઈએ તો

ચતુર્થી નહિ થાય. **देवान्** કરશો પણ **देवेभ्यः** નહિ કરો. નમસ્કારવાચક જે અવ્યય લીધું તે દ્રવ્ય-ભાવના સંયોગને જણાવવા માટે છે. જેના અવગ્રહમાં રહીને તેની બરોબર થવાને વિયોગ, સંયોગપૂર્વક જે શાસ્ત્રોક્ત સામર્થ્યયોગ પામવાની ઈચ્છા તે ઈચ્છાયોગે નમસ્કાર કરવો છે. તે માટે 'નમો' પદ મૂક્યું. પૂજાઅર્થના 'નમસ્' યોગે ચતુર્થી લાવવી છે, તે જો ક્રિયાપદ મૂક્યું હોત તો ન આવત. અવ્યય છે માટે ચતુર્થી આવી છે. નામ ધાતુને પૂજા અર્થ હોય તો જ **य** લગાડાય.

**ગુણી જ સીધા લીધા**

**દશવૈકાલિક**ની ગાથા જગો જગો પર બોલો છો '**देवावि तं नमंसंति**' બોલો છો પણ **नमंति** કેમ નથી બોલતા, તે બોલોને! **नमंसंति** જે કહ્યું છે તે નામ ધાતુ લઈને કહ્યું છે. પૂજા અર્થ સિદ્ધ કરવો છે માટે **नमंसंति** કરવું પડ્યું. જો એમ છે તો ધાતુ અને અવ્યયમાં ફેર શો? પૂજાના આ અર્થમાં આ અવ્યય છે. માટે પાંચ ગુણીને જ લેવા પડે. આથી અહીંયાં ગુણી સીધા લીધા. જેઓની આરાધના, પૂજા, સેવા અને ભક્તિ હોઈ શકે છે માટે સીધા તે લીધા. ક્રમ જણાવવા, સત્કાર, સન્માનમાં ન લેતાં પર્યુપાસ્યામિ લખ્યું.

**પર્યુપાસનાને લાયક ચીજ કઈ?**

**कल्लाणं मंगलं देवयं चेइयं** પછી **पज्जुवासामि** કેમ મૂક્યું અને વંદન વગેરેમાં કેમ ન મૂક્યા? તો વંદન વગેરે પર્યુપાસનાને લાયક ચીજ જ નથી, માટે મૂર્તિમાન ચીજોમાં પર્યુપાસના હોય. તમે વચનની આરાધના કહો તે ચતુસ્પર્શી માટે તે મૂર્તિમાન ચીજ હોવી જોઈએ. તો વચન તેવું નથી.

વક્તાની આરાધના ખરી કઈ તો તેના વચન પ્રમાણે વર્તવું. રાજાની વફાદારી કઈ તો તેમના હુકમ પ્રમાણે વર્તવું તે. હુકમ તો વિદ્યમાન ચીજ નથી પણ તેના હુકમ પ્રમાણે વર્તવું. તેના હુકમ પ્રમાણે પ્રવૃત્તિનિવૃત્તિ કરવી તેથી વફાદારી થાય. તેમ જિનેશ્વરનાં વચનો જે હેયને જણાવનારા હોય તેને છાંડવા લાયક, ઉપાદેયને આદરવા લાયક, જ્ઞેય હોય તેને જાણવા લાયક માનીએ, જાણીએ તે માટે વચનની આરાધના. વચન અનંતી વખત સાંભળવાનું, જાણવાનું મળે છે પણ તેની આરાધના હેયાદિ કહ્યા તેને હેયાદિ માનવા. તે નથી મળ્યા તેથી વચનની આરાધના નથી મળી. વચન ન મળ્યું હોય તો સાધુપણું પાળ્યું કેવી રીતે? તે વખતે વચન મળ્યું પણ હેયાદિ વિભાગ માનવો નહોતો!

## નકામો આડંબર નથી

તીર્થંકર મહારાજે નવ તત્ત્વોનો નકામો આડંબર શા માટે કર્યો? જીવ, અજીવ બેને તત્ત્વ કહ્યાં હોય તો કેમ? કારણકે તે સિવાયની કોઈ ચીજ જ નથી. માટે બે તત્ત્વ કહીને બેસવું હતું ને? આશ્રવાદિ તો તેના પેટાભેદો છે, તે સ્વતંત્ર, જુદાં નથી. જીવ, અજીવ સિવાય કંઇ નથી. કારણકે એક કહે કે રૂપીઓ, બીજા કહે આના સોળ, પૈસા ચોસઠ, પાઈ એકસોબાણું આમાં નવું શું? તે તો પેટાભેદો છે! અહીં આગળ જીવ, અજીવ કહ્યા તેથી આશ્રવાદિમાં નવું શું? તેમાં જીવ, અજીવ સિવાયનું તત્ત્વ છે? શા માટે બોલ્યા? જિનેશ્વર તે વચન શા માટે બોલ્યા? આદરવાલાયકનું જ્ઞાન, છાંડવાલાયકનું જ્ઞાન, જાણવાલાયકનું જ્ઞાન,

જાણવા, છોડવા અને આદરવાલાયક થાય માટે બોલ્યા; જો જીવ અને અજીવ બે જ બોલે તો એ વિભાગ ન આવે.

## ઘડામાં માટી મુખ્ય, બીજાં સહકારી

હેયાદિથી જે જ્ઞાન કરાવવું તે પ્રયોજન છે તેથી જીવ, અજીવમાં બધું આવતું હતું છતાં જુદું કહેવું પડ્યું. વચનની આરાધના શામાં ? છાંડવાલાયકને છાંડવાલાયક માને, આદરવાલાયકને આદરવાલાયક માને અને જાણવાલાયકને જાણવાલાયક માનીએ ત્યાં. બધા મતવાળા જગતના પદાર્થોને કહેવા માંડે છે પણ હેય, જ્ઞેય અને ઉપાદેયરૂપે એકેમાં વિભાગ નથી. ચાહે જે દર્શનવાળા હોય તેમાં તે વહેંચણ નથી. હીરો વેચનારો કાંકરો, વાલ, ચણા ભેગા કરીને ઝવેરી થઈને વેચવા બેસે તો કેવો ગણાય ? તેમ જેને હેયાદિના વિભાગો રાખ્યા નથી, ઘટના રાખી નથી અને વાત કરે તો તે તેના જેવા ગણાય. જીવાદિ નવ તત્ત્વોને હેયાદિરૂપે પ્રતિપાદન કરનારાં વચનો તે સાંભળીને હેયાદિકપણે પ્રતીતિ કરવી તેનું નામ વચનની આરાધના, અને તે દ્વારાએ જ ધર્મ.

તે શાથી ? સાધનોથી. વચન એકલું છે કે જેથી એમ કહો છો ? તો ના. જેમ ઘડો ચક્રથી થયો, કુંભારને હાથે થયો પણ માટીનો ઘડો. માટી મુખ્ય તેમ અહીં ધર્મને અંગે વચનની આરાધના મુખ્ય, બીજાં સહકારી. તે કેમ ? તો તે જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૨૨

### આધિ, વ્યાધિ ને ઉપાધિમાં જબરજસ્ત કોણ ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સર્વ આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરેલાં છે. તે આધિ, વ્યાધિ, ઉપાધિ કઈ? જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, અને બધી જગત વ્યાપી ઉપાધિઓ છે. તેમાંથી કોઈ પણ સંસારી જીવ બાતલ રહેતો નથી. તે 'ઉપાધિ' આધિ વ્યાધિ કરતાં પણ જબરજસ્ત અસર કરે છે. વ્યાધિ મનની વિહ્વલતા કરે પણ ખરી ને સહનશીલતાવાળો હોય તો ન પણ કરે. જેને ધૈર્ય, સ્થૈર્યની ખામી હોય તેને ચંચલતા થાય પણ જેને સ્થૈર્યતાની પૂરેપૂરી સ્થિતિ આવી હોય તેને મરણાંત ઉપસર્ગો ચંચલ કરવા સમર્થ થતા નથી. જેની અસત્ કલ્પના કરીએ તો પણ આપણું કાળજું કામ ન કરી શકે.

### કેવી અજબ સ્થિરતા

દૃષ્ટાંત લો–**ગજસુકુમાલ** જંગલમાં કાઉસ્સગ્ગમાં રહ્યા છે. ત્યાં માથે માટીની પાળી બાંધી. અંગારા ખેરના ભરાય છે. ઘાસના ભડકામાં દાઝીએ તો કેમ થાય છે? બાકળો થાય. ઘાસના તાપમાં ચમકનારા, તણખામાં ચમકનારા આપણે. જો તે વિચાર કરીએ તો અંગારામાં આપણું શું થાય ? ઊના પાણીમાં આંગળી આવે તો બૂમ નાખીએ તો દાઝયાને અંગે તો પૂછવુંજ શું! હવે પેલી દશાનો વિચાર કરો.

જે વખતે અંગારા ભરાયા તે વખતે આત્માનું શું થાય? તે આત્મા તે વખતે સ્થિર કેવી રીતે રહ્યો હશે? નાનાં બચ્ચાંને પણ આગ ચમકાવનારી ચીજ છે. વાયરો નહિ ચમકાવે પણ આગ ચમકાવે. તેમાં પણ અંગારા ખેરના, તે પણ હાથેપગે નહિ પણ માથે. આમાં સ્થિરતા રહે તેમ તમે કલ્પનામાં પણ કરો છો! તેની કલ્પના પણ આવતી નથી. કલ્પનામાં કાળજું કંપે છે. જે ઉપસર્ગની કલ્પનામાં કાળજું કંપે છે તે સાક્ષાત્ થયો ત્યાં સ્થિર રહેવું, આગળ વધો–શુભ ધ્યાનમાં જવું, તેમાં આગળ વધો–શુક્લ ધ્યાનમાં જવું, તેની (ઉપસર્ગની) કલ્પનાને અવકાશ આવવા ન દેવો, કેવી મનની સ્થિરતા!

**બાહ્ય દુઃખોના ઉપાય તે તો બહારની રૂઝ**

જે ચિત્તનો સ્થિર અધ્યવસાય તે ધ્યાન. જે ચલાયમાન વિચારોનું સ્થાન તે પણ ચિત્ત કહેવાય. જે ધ્યાન તે પણ તેવી જ જગો પર. જ્યાં મનની સ્થિરતા મુશ્કેલ ત્યાં ધ્યાન. શાને અંગે? એવી જાતનું સ્થૈર્ય અને ધૈર્યને અંગે. આવા ધૈર્ય અને સ્થૈર્યવાળાને આધિ, વ્યાધિ ચિંતા નહિ કરાવે. ઉપાધિ એ એવી વિચિત્ર છે કે મનને ફેરવ્યા વિના રહે જ નહિ. આધિ, વ્યાધિ અને ઉપાધિ તેનો રોગ જગતમાં લાગુ પડેલો છે. મનુષ્ય રોગ ન જાણે ત્યાં સુધી દવા માટે તૈયાર ન થાય. રોગ–દર્દને સમજે ત્યારે મનુષ્ય દવા માટે તૈયાર થાય, ડૉકટરો પણ દર્દ ન જણાય તો છેટા રહે છે. દર્દનું જ્ઞાન ન થાય તો ખરેખર દવા ન થાય; પણ દવા થાય ક્યારે? તો વ્યાધિનું ભાન થાય ત્યારે. આ જીવ જે દુઃખો ને સુખો અનાદિથી ભોગવે છે, જન્મ, મરણ, રોગ,

શોક, જરા, આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરે ડગલે ને પગલે ભોગવે છે. પણ તેનું કારણ એ છે કે મૂળ જાણ્યું નથી. મૂળ જાણવામાં ન આવે ત્યાં સુધી વ્યાધિનું ઔષધ થાય નહિ અને દર્દ મટે નહિ. માટે આપણે વૈદ્ય જોઈએ. વૈદ્ય કયો? તો ઉપચાર અને દર્દનું જે નિદાન જાણે તે. કયા કારણથી દર્દ થયું, તે જાણ્યા વગર દર્દની દવા કરવામાં આવે તો અંદર પાકતું રહે અને ઉપર ચામડી આવે તેવી દવાને અક્કલ વગરનો સારી ગણે, પણ અક્કલવાળો સારી ન ગણે. માટે બાહ્ય દુઃખોના ઉપાય કરવા તે બહારની રૂઝ.

## આધિ અને વ્યાધિ તે તો કર્મના કાંટાઓ

એક ગૃહસ્થને ત્યાં બાવળીઓ હતો. આંગણે એક ભાઈને કાંટો વાગ્યો. તેને પથરાથી કાંટાનો ચૂરો કર્યો. તે પણ કરચની કણ કરતાં નાનો. તેમાં થયું શું? કાંટા વાગતા બંધ થયા? કારણકે બાવળીઓ દૂર થયા વગર કાંટા વાગતા બંધ થવાના નહિ. જે આધિ, વ્યાધિ તે કર્મના કાંટાઓ. તેથી કર્મરૂપી ઝાડ ઉખેડાય નહિ ત્યાં સુધી કાંટારૂપી આધિ, વ્યાધિ બંધ થાય નહિ. આવેલી વ્યાધિ, રોગના ઉપાયો કરો પણ જડ ન જાય તો તે ઊભા છે. અહીં આગળ એક રોગ ગયો, બીજો રોગ આવ્યો. તેની દવા કરી આધિ અને વ્યાધિની દવા કરી પણ મૂળ ન ખસ્યું તો ભવિષ્ય માટે બંધ થાય જ નહિ. ભવિષ્ય માટે બંધ ક્યારે થાય? જ્યારે તેનું નિદાન સમજીએ, કારણો સમજીએ અને નિદાનને સમજીને દવા કરે તો સફળ, નહીંતર અંદર પાક અને ઉપર રૂઝ.

## મૂળમાં જોવાની જરૂર

અહીં આગળ પણ આપણને આવી પડતાં દુઃખોનો ઉપાય કરીએ. તાવ, ઝાડા વગેરેનો ઉપાય કરીએ, પણ તેની જડ તપાસી નહિ. કારણ ન જણાય અને તે ખસેડાય નહિ ત્યાં સુધી કાર્યને ખસેડાય નહિ. જ્યાં સુધી બાવળીઓ ખસ્યો નથી ત્યાં સુધી કાંટા વિખેરાય નહિ. જેમ અહીં આગળ આધિ અને વ્યાધિના કારણોને નાશ કરવામાં ન આવે ત્યાં સુધી દુઃખનો નાશ કરવા માટે ચાહે જેટલો ઉપાય કરો તો પણ ભવિષ્યના દુઃખોનો નાશ થાય નહિ. વર્તમાન દુઃખોનો નાશ થાય તે બહેત્તર.

## બાહ્ય ઉપચારો તે કર્મના વાયદા

પ્રાચીનકાળના રાજાઓ મહેતલ માંગે નહિ. વાયદો કોણ કરે? લેણદાર લેવા આવ્યો હોય, કાલ પરમ દહાડે આપશું તે વાયદો કોણ કરે? તો કોથળીમાં કાણું હોય તે. ભરેલી હોય તે વાયદો ન કરે. આપણે દરેક રોગનો ઉપાય કરી લીધો અને વાયદો કર્યો પણ રોગ મટયો નથી. અત્યારે લગીર બંધ કર્યો. ભવિષ્યમાં આવવાનો. કારણકે જ્યાં સુધી અસાતાની વ્યાધિરૂપ જડ ખસેડી નથી ત્યાં સુધી તમારી દવા–ઉપાયોથી ખસેલું દર્દ–દુઃખ તે હંમેશ માટે ખસેડેલું સમજવું નહિ. જગતના જે બાહ્ય ઉપચારો તે કર્મના વાયદા. ત્યારે મહાપુરુષો કર્મનો વાયદો ન કરે. તે તો ઉદીરણા કરીને વેદે. જેમ આગળનું ન પાકતું હોય તો વ્યાજ કાપીને પતાવી દે. કેટલાક વાયદો કરે અને કેટલાકો કહેવડાવીને દઈ દે. પ્રાચીન પુરુષો કહેવડાવીને દઈ દેનારા હતા.

## પૂંજણી નહિ પણ સાવરણીનું કામ

ભગવાન **મહાવીર** મહારાજે કહેવડાવીને દઈ દીધું. અરે વેદનીય! તારૂં લેણું લઈ લે. આગળ હું મોક્ષમાં જવાનો છું. તારે લઈ લેવું હોય તો લઈ લે. અનાર્યના દેશમાં જાણીજોઈને ગયા. જ્યાં આવા પરીષહો, ઉપસર્ગો; વળી પેલા હિંસાકારી તે કૂતરાને કરડાવે. આર્ય લોકો ભિખારીને આપવાનું હોય તો આપે, નહિ તો બારણું બંધ કરે, પણ પેલા તો મારે. તેવી જગો પર ગયા. તેને માટે એક ખેડૂતનું દૃષ્ટાંત લે છે. એક ખેડૂત છે, તે થોડું વાવેતર હોય તો પોતાના હાથે કાપીને ઘરભેગું કરે. પોતાને અને કુટુંબને પહોંચે નહિ તો મજુરો લાવીને પોતાનું ખેતર સાફ કરાવે તેમ અહીં મારે અહીંના કોઈ પણ સંયોગે મારાં કર્મો શાંત (પૂરાં) થાય તેમ નથી. અહીં આગળ મારા'ભાની (બાપની) છાયા પડી. જ્યાં કોઈ જાણે નહિ, એક દયાપાત્ર તરીકે ઓળખે, તેવી જગો પર જવા દે. વિચારો, જાણીજોઇને આવા અનાર્યમાં જનારા તેના આપણે અનુયાયી. લગીર ખીલી વાગે તો સત્તર લેપ કરીએ. આંખે જરાક ખટકો થાય તો અઢાર વખત આંખો આંજીએ. જેઓ કર્મને નોતરાં દઇને તેનું લેણું પતાવતા હતા તે વિચારો! શાને અંગે? તો કર્મનો કચરો સાવરણી વગર સાફ થવાનો નથી. પૂંજણીથી કામ નથી થવાનું.

તેમ અહીં આગળ પોતે સમજે કે આ આત્મામાં એવાં ચીકણાં કર્મ લાગેલાં છે કે જેનો ક્ષય આ

દેશમાં થવાનો નથી પણ ત્યાં થશે. તેમ વિચારીને અનાર્ય દેશમાં ગયા.

તપસ્યાને ઉરાડવાનું જૂઠાણું

આવી ભગવાનની તપસ્યા અને અભિગ્રહોને દેખીને ધ્રૂજી જાય તો કરવાની કલ્પના ક્યાં રહી? અરે સાંભળે તો પણ અરર થાય. જેને કરતાં દેખીને, જેનું વર્તન દેખીને, કાયરો કંપી ઊઠે. જે તેમાંથી ખસ્યા અને માર્ગ છોડયો, તે કર્મભેત્તા (કર્મ ભેદનાર) કહેવાય નહિ. માર્ગ પાલવે નહિ. કર્મ કબૂલ, પરંતુ આ કર્મક્ષયનો રસ્તો નહિ. તપસ્યા, પરીષહ અને ઉપસર્ગ એ બધાં તે કર્મક્ષયના રસ્તા નહિ. દુષ્કરચર્યા તે સાંભળી કે દેખી, તે સહન થઈ શકે તેવી ન હતી, એટલે આપણે સાંભળીએ છીએ કે શિયાળે દ્રાક્ષને માટે ફાળ મારી. દ્રાક્ષ ન મળી એટલે દ્રાક્ષને ખાટી કહીને પાછો ફર્યો. દુનિયામાં માર્ગથી ખસેલાને પોતાનું દૂષણ દેખાય નહિ પણ બીજાનું દૂષણ દાખવે. તે દુષ્કરચર્યા કલ્પી પણ ન શકે. જે મગજને સ્થિર ન રાખે તે દેખી પણ ન શકે અને કરવાનો સંકલ્પ પણ ન કરી શકે. વાંક કોનો? હવેના કાળની દુનિયા માને નહિ. કહેવા માત્રથી માનતા નથી, તેને તો દલીલ આપો તો માને. દલીલ ન હોય તો માનવા તૈયાર નથી, માટે દલીલ કઇ કરવી? આ તપસ્યા, પરીષહ અને ઉપસર્ગસહન ગમતું નથી, કરવું નથી તેને ખરાબ બતાવવી તે કઈ રીતે બતાવવું? હંમેશાં જૂઠી વસ્તુને યુક્તિમાં લાવવા માટે જૂઠાણાં ઊભાં કરવાં પડે. એક જૂઠાને સાબિત કરવાં ચૌદ જૂઠાં ઊભાં કરવાં પડે તેમ તપસ્યાને ઉરાડવાનું જૂઠાણું ઊભું કર્યું.

## જન્મે પાપી પણ પાપની કબૂલાત નહિ

તમને આ તપસ્યાદિ કરવાનું કહ્યું કોને? તીર્થંકરે. શા માટે? પાપના ક્ષય માટે. હવે વાત પલટાવી અને કહ્યું કે તમે બધા પાપી જન્મ્યા છો કે બીજું કંઈ? જિનેશ્વરોના જેટલાં ભક્તો તે પાપી હોય તે જ જન્મે. 'તપસ્યા પાપના ક્ષય માટે જિનેશ્વરે કહી. તેને ઊથલાવીને પેલાએ કહી દીધું કે તીર્થંકરના ભગત જેટલા થાય તે પાપી હોય. પાપી ન હોય તો તપસ્યાની જરૂર શી? આંખની પીડા ભોગવીએ પણ તે દેખાય નહિ. આંખે ફૂલું આવે તે આપણને દેખાય છે? તને તે દેખાયું કે તારામાં રહેલું બીજાએ દેખ્યું? તને કેવળજ્ઞાન છે કે તેં તે દેખ્યું કે કેવળજ્ઞાન વગરના બીજાએ દેખ્યું? કારણકે બીજા અવીતરાગ જન્મ્યા છે તે અવીતરાગ, તે કેવળજ્ઞાન વગરના શાથી છે તે કહીશ? પુણ્ય કે પાપના ઉદયે. ત્યારે પાપથી જન્મે અને પાપની કબૂલાત ન કરે એમને?

## માનતા નથી તે બચાવ નહિ

અહીં આગળ જન્મે અવીતરાગ. કોઈ દિવસ કોઈ પણ જન્મથી વીતરાગ હોય નહિ. જો જન્મથી વીતરાગ હોય નહિ તો પછી જન્મથી સર્વજ્ઞ હોય ક્યાંથી? જો સર્વજ્ઞ નથી તો પાપનો ઉદય છે, છે ને છે. તારે તે પાપનો ઉદય કબૂલ કરવો નથી. જેમ ગુનેગારો ગુનાની કબૂલાત નથી કરતા તેથી શું સજા કરતા નથી? પાપીઓ પાપની કબૂલાત ન કરે, અને પાપ, કર્મ કે જીવ માનતા નથી તેમ કહી દે, તો તેથી પાપ ચાલી જતું નથી. તારા નહિ માનવાથી વસ્તુ

ચાલી જતી નથી, તારા શરીરમાં દર્દ આવશે તે નથી તે માની લે ને? તો ના, તે તો આકરૂં પડે છે. તે નહિ માન્યું કેમ ચાલે? તેમ કર્મ, પાપ, જીવ કે નરકને નહિ માનનારા નહિ માનવા માત્રથી બચી જતા નથી.

## જિનેશ્વરનાં વચનો એ ઉપાધિનું ઔષધ

તીર્થંકરોના ભક્તો પાપી જન્મ્યાં અને તારાં પાપી નથી જન્મેલાં એમને? તારાં બધાં અષ્ટ કર્મથી નિર્લેપ છે એમ ને? તારે પાપ માટે કર્મનાં ક્ષયનો રસ્તો લેવો નથી. અમારે કર્મક્ષયનો રસ્તો લેવો છે. આટલા માટે જ ભગવાન **મહાવીર** મહારાજને કર્મની ઉદીરણા કરવી પડી. [1]મારે જે ઉપસર્ગો ત્યાં (લાઢ દેશમાં) છે તે અહીં નથી, માટે મારે ત્યાં જવું. વળી તેમાં મજૂરનું દૃષ્ટાંત પણ લીધું. કાપણીવાળા કણબીને જેમ પોતાનો પાક ન લણાય તો મજૂરો રાખીને કપાવી લે, તેમ હું મારે અહીં તેવાં કર્મનો ક્ષય થાય તેમ નથી. માટે અનાર્યમાં જઇને ખપાવું. જે ધૈર્યવાળા, સ્થૈર્યવાળા છે તેને થયેલા દર્દો, વ્યાધિઓ ચંચલતા કરનારાં થતા નથી. પણ ઉપાધિ તે વિચિત્ર ચીજ છે તેમાં ચંચલતાને સ્થાને સ્થાને અવકાશ છે. વ્યાધિના દર્દોના ઔષધો વૈદકમાં છે પણ ઉપાધિનાં ઔષધો વૈદકમાં નથી. માત્ર **જિનેશ્વર** ભગવાનના વચન સિવાય ઉપાધિનું કોઈ ઔષધ

---

૧. **लाढेसु य उवसग्गा घोरा० (आव० नि० ४८२); ततो सामी चिंतेइ–बहुं कम्मं निज्जरेयव्वं, लाढाविसयं वच्चामि, ते अणारिया, तत्थ निज्जरेमि, तत्थ भगवं अच्छारियादिट्ठंतं हियए करेइ (टी० पृ० २०६)**

નથી. માનસિક રોગની દવા કોઈ પણ ન હોય. આર્ત અને રૌદ્રધ્યાન બંધ કરવાની અને ધર્મ અને શુક્લધ્યાનને વધારનારી કોઈ દવા હોય તો **જિનેશ્વર**નાં વચનો છે, માટે મોક્ષનાં કારણ તરીકે વચન એ ધર્મ છે.

### પહેલો પાયો તે તો વચન

શુક્લધ્યાન અને ધર્મધ્યાન, તેમાં ધર્મધ્યાનમાં પહેલો પાયો વચનનો વિશ્વાસ-આજ્ઞાવિચય. જિનેશ્વરે જે પ્રમાણે નિરૂપણ કર્યાં, છ દ્રવ્ય, ધર્માસ્તિકાય, બંધ, ઉદય વગેરે નિરૂપણ કર્યાં તે પ્રમાણે માનવું. નિશ્ચય કરવો આમ જ છે ત્યારે તે આજ્ઞા-વિચય. ધર્મધ્યાન વગેરે બોલીએ પણ તે કોને કહેવાય? ધ્યાન એ ક્રિયાની કે મનની ચીજ? ચીજ કોની? મનપૂર્વક ક્રિયા હોય તો ધ્યાનમાં લેવાય. પણ મન વગરનું નહિ. તે અંગે શું ધ્યાન? દરેક જગો પર દરેક જિનેશ્વરોએ કહેલું છે તે સાચું છે. માટે તે માનું છું. આનું નામ આજ્ઞાવિચય. આ વાત આગળ જણાવી હતી કે-**नमो अरिहंताणं**ને ગણ-નારાનાં નરકનાં આટલાં સાગરોપમ તૂટે. તેમાં તું ચમકે છે પણ **नमो अरिहंत णं** કોનું કહેલું બોલ્યો? તે નુરીઆજમાલિયાનું કહેલું છે? તો ના. ત્યારે જિનેશ્વરનું કહેલું. કર્મની દવા તરીકે **नमो अरिहंताणं** કહ્યું છે તે દવા વગર મને કરી. તમારા છોકરાને દવા કરો, તે દવા અને પરેજીમાં સમજે છે? તો ના. તો ગુણ થાય છે કે કેમ? જેમ રોગની દવા અણ-સમજમાં ફાયદો કરનારી થાય છે, તેમ જિનેશ્વર ભગવાને નિરૂપણ કરેલું શાસન, શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મમાં સામા-ન્ય રીતે પ્રવર્તો તો પણ તમને ફાયદો થાય, થાય ને થાય.

અજાણપણે ગોળી આપે તો તે દર્દ મટાડનાર થાય.

**नमो अरिहंताणं** કહેલું કોને? અરિહંતે. તે કલ્યાણ માટે કહ્યું છે તેથી જિનેશ્વરના કહેલામાં કલ્યાણની શ્રદ્ધા થઈ. આમાં આટલું બધું ફળ. આમાં ઊંડાણ કેટલું છે તે વિચાર! આ કર્મ એ કાઢવા લાયક, આ જ તેનું ઔષધ, એ નિશ્ચયપૂર્વક તે ગણવામાં આવે તો તેનું ફળ જુદું આવે. અજાણપણે મળેલું રત્ન તે દરિદ્રતાના રોગને દૂર કરે પણ ગુણો જાણ્યા પછી તેનો ફાયદો કોઈ જુદો જ થાય. અહીં આગળ **नमो अरिहंताणं** રત્ન જે અજાણપણે આવેલું તે ફાયદો કરે. પણ જાણ્યા પછી કાંઈ જુદા જ પ્રકારનો આત્માને ફાયદો કરે.

## કોનો અજબ પ્રભાવ?

સુદર્શન શેઠની વાતથી કોઈ અજાણ્યો નથી. એ કોટી કોના પ્રભાવથી? **नमो अरिहंताणं** પદના પ્રભાવથી. પહેલા ભવમાં ગોવાળિયો છે. આવતાં નદીમાં તણાયો. ત્યાં માત્ર સાધુના પરિચયે નવકાર શીખ્યો. ત્યાં ખીલો વાગે છે. મરણદશા વખતે **नमो अरिहंताणं** કહે છે તેના પ્રભાવે મરીને સુદર્શન શેઠ થાય છે. ફળની દશા ક્યાં આવી? સુદર્શનપણામાં. આ પ્રભાવ જાણે તો માલમ પડે. ઘરમાં આવેલું શકનવાળું મોતી કે રત્ન તે ઘરમાં ફાયદો કરે છે. તેનો ગુણ, કલા જાણતા હોઈએ તો ફાયદો વિચિત્ર થાય. તે જુદી વાત. આ **नमो अरिहंताणं** આવ્યા માત્રથી ફાયદો કરે માટે તેને 'વિષય શુદ્ધ અનુષ્ઠાન' કહે છે. એ વાત વિચારીએ તો નવકારમાં એક પદ બોલ્યા તેમાં આટલા સાગરોપમ તૂટી ગયા. આ

વિચારે જો વિચાર કરે કે ખરા લક્ષણવાળા રત્ન, ઘોડા વગેરે ઘરમાં આવે તો ફાયદો શો થાય છે? તેમ અહીં **નમો अरिहंताणं** આવે તો ફાયદો કરે છે તેમાં નવાઈ શું? આટલા માટે અહીં સુદર્શન શેઠનું દૃષ્ટાંત જણાવ્યું.

## ધર્મધ્યાનનું પહેલું પગથિયું તે આજ્ઞાવિચય

કર્મ હઠાવવાનું કોને કહ્યું? તેને હઠાવવામાં કયાં સાધનો કહ્યા? તે ધ્યાનમાં લે તો ધર્મધ્યાનનું પહેલું પગથિયું. ભગવાનની આજ્ઞાનો વિચય તે આજ્ઞાવિચય. કર્મનું બંધાવવાનું, રોકાવવાનું અને તૂટવાનું જે સ્વરૂપ કહ્યું તેની શ્રદ્ધા તે આજ્ઞાવિચય. તેની પહેલાં જરૂર છે તેથી તે પહેલો પાયો. મોક્ષના પાયા બે, ધર્મ અને શુક્લ. આર્ત અને રૌદ્ર સંસારના પાયા. માટે ધર્મ અને શુક્લધ્યાન મોક્ષનો હેતુ. તેમાં મૂલ કોણ? ધર્મધ્યાન. તેમાં પહેલો પાયો કોણ? આજ્ઞાવિચય. તેનું નામ તીર્થંકરના વચનનો નિશ્ચય.

**'वचनाराधनया खलु'**–વચનની આરાધનાએ આજ્ઞાની આરાધના. એ આરાધનાથી મનની સ્થિરતા અને મનની સ્થિરતા દ્વારાએ ધર્મ થઈ શકે. આ વાત ખરી, પણ તમે તો બધા કેવલીને ધર્મરહિત કરી નાખ્યા. નિસર્ગ સમકિત જેવી ચીજ જ ન રાખી. શું કેવળી શાસ્ત્રમાં આમ લખ્યું છે તેથી મારે આમ કરવું તેમ માને છે? જો તેઓ તેમ નથી માનતા તો તેમને ધર્મ નહિ? તે દેશોન ક્રોડ પૂર્વ સુધી કેવલી રહે છે ત્યાં સુધી ધર્મ નહિ? નિસર્ગ, અધિગમ સમ્યક્ત્વ છે. તેમાં અધિગમ સમ્યક્ત્વ તે વચન–ઉપદેશ દ્વારાએ. નિસર્ગ પોતાના સ્વભાવે, તો નિસર્ગ સમ્યક્ત્વવાળા

બધાંને ધર્મ વગરના ગણ્યા ? હું કોને કહું છું તેનો ખ્યાલ ન કરે તો તને શું કહેવું ? શ્રોતાઓને ઉપદેશને અંગે આ કહેવામાં આવે છે કે શ્રોતાઓને વચનની આરાધના દ્વારાએ ધર્મ છે. નિસર્ગ સમ્યક્ત્વવાળી અને કેવલી તે શ્રોતામાં નથી. **'उद्देसो पासगस्स नत्थि'** નિસર્ગ–સ્વાભાવિક છે તે ઉપદેશથી થાય જ નહિ. આ શ્રોતાને અંગે લક્ષણ છે, જે શ્રોતા ન હોય, કેવળી કે નિસર્ગ સમ્યક્ત્વવાળા માટે આ લક્ષણ નથી. અધિગમ સમ્યક્ત્વ-વાળા માટે આ લક્ષણ છે.

## વચનની આરાધના વગર તરાય નહિ

અહીં અવ્યાપ્તિ થતી નથી. સિદ્ધમાં વચનની સ્થિતિ જોઇને પ્રવર્તાવાનું નથી. વચનની આરાધનાથી ધર્મ. તેવો ધર્મ ક્યાં માનીએ છીએ ? ધર્મ શામાટે ? રસોઈ થયા પછી ચૂલો સળગાવે તો તે ફૂવડ કહેવાય. અહીં સિદ્ધ થઈ ગયા, દુર્ગતિનો ભય નથી ત્યાં ધર્મની જરૂર શી ? નિસર્ગ સમકિતી અને કેવલી તે શ્રોતાની પર્ષદમાં નથી. તેથી અવ્યાપ્તિ નથી. શ્રોતાને અંગે વચનની આરાધના છે. તેને અંગે ધર્મધ્યાનનો પહેલો પાયો **આજ્ઞાવિચય** ૧ વચનનો નિશ્ચય તે આધારે વચનની આરાધનાવાળા તર્યા. તે વગરના ડૂબ્યા. આ નિશ્ચય કે કોઈપણ વચનની આરાધના વગર તરી શકતો નથી માટે **અપાયવિચય** ૨ આજ્ઞાને નહિ માનનારા તે ચારે ગતિનાં દુઃખો ભોગવે માટે **વિપાકવિચય** ૩ કર્મ એવાં બાંધે તેથી દુઃખો ભોગવવાં પડે, તે ભોગવવા આખા ચૌદ રાજલોકમાં ફરે માટે **સંસ્થાન વિચય** ૪. જેને

આજ્ઞા માની ન હોય તે બધે દુઃખી થાય. આજ્ઞા માનનારો તે સુખ પામનારો થાય; અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય તે આજ્ઞાવિચય ઉપર આધાર રાખે, માટે તે પહેલો પાયો. તેને ધ્યાનમાં રાખીને વચનની આરાધના.

**કરણ અને કારણમાં તફાવત.**

સેવાભક્તિ કોની થાય? અષ્ટસ્પર્શી દેખાતી ચીજ હોય તેની. ચઉસ્પર્શી દેખાતી નથી. જેને અડકી શકતા નથી તેની સેવાભક્તિ શું? વચન ચઉસ્પર્શી ચીજ તેની આરાધના, સેવાભક્તિ કઈ રીતે? વાત ખરી માટે વચનની આરાધના કઈ? આરાધના કઈ રીતે? **तदुक्तेः**. તેમાં જે કહેલું અનુષ્ઠાન-વિચય તે પ્રમાણે વર્તવું. તે વચનની આરાધના, માટે **वचनाराधनया०**. જિનેશ્વરના શાસનમાં જે પ્રમાણે વર્તવાનું કહેવામાં આવ્યું છે તે પ્રમાણે વર્તે તો ધર્મ થાય. દાનાદિ વગેરે ધર્મ છે તે નકામાં અને વચન પ્રમાણે વર્તવું તે ધર્મને? તારી વાત ખરી. અહીં કરણપણું જણાવ્યું તેથી બીજાનું કારણપણું જતું નથી.

કરણ કોને કહેવું; કારણ કોને કહેવું તે જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન : ૨૩

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતા થકા આગળ સૂચવી ગયા કે આ

સંસારમાં શરીરના વ્યાધિનું ઔષધ કરનારે પહેલાં નિદાન તપાસવું જોઇએ. દવા અને દર્દ તપાસવાં જોઇએ. જે વૈદ્ય દવા, દર્દ અને નિદાનને તપાસી ન શકે, જાણી ન શકે, છતાં દવા આપીને કોઈ જુવાન સમજુને ફાયદો કરી આપે તો પણ કાયદાની દૃષ્ટિએ તેને 'ગુનેગાર' ગણવામાં આવે.

**દર્દ મટાડે છતાં ગુનેગાર!**

જૂના કાળમાં એક સાહેબને જબરજસ્ત દર્દ થયું. ડૉક્ટરોને ભેગા કર્યા. ફાયદો ન થયો. ત્યારે એક વૈદ્ય સારો છે એમ સાંભળી તેને બોલાવ્યો. તેનાથી એને ફાયદો થયો. તેથી એણે એને શિરપાવ આપ્યો. અને કહ્યું કે જે શાસ્ત્રથી દર્દ, નિદાન વગેરે પારખ્યું હોય તે શાસ્ત્ર મને આપે તો જગતના કલ્યાણ માટે મૂકું અને તે જગતને ફાયદો કરે. એમ સાહેબે જ્યારે કહ્યું ત્યારે પેલાએ કહ્યું કે—નથી જાણતો શાસ્ત્ર, નથી જાણતો દવા, પણ આ દવા હાથમાં લીધી છે માટે દઉં છું. સાહેબે કહ્યું કે તેં મને ઉપકાર કર્યો તેથી શું કરૂં? પણ ખરી રીતે તો તું 'ગુનેગાર' તરીકે ગણાય. કારણકે જેને તેને જે તે દેવું તે તારો ધંધો. મારૂં દર્દ, તેનું નિદાન, દવા વગેરે જાણ્યાં નથી અને જે તે ઘસીને દેવું કે જેથી કંઈ થશે તો ઠીક છે. મને ફાયદો થયો, પણ કોઈનું આખું જીવન ચાલ્યું જાય તેની તને દરકાર નહિ. એ દવા ફાયદો કે નુકશાન શું કરે છે તે જાણતો નથી ને દવા આપે છે. ખરેખર જો ઉપકાર ન કર્યો હોત તો તને સળિયા પાછળ મોકલત. કહેવાનું તત્ત્વ એ છે કે નિદાન, દર્દ અને દવાને ન જાણે તેને "દુ' કરવાનો હક નથી. તેવો માણસ એક વખત

દર્દ મટાડે તો પણ નીતિની અપેક્ષાએ તે ગુનેગાર થાય.

તેણે તો આંધળાની માફક પત્થર માર્યો. આંધળાનો પત્થર ભલે ગોખલામાં પડયો. પણ તેથી તેને તાકોડિયો ન ગણે. તેમ જેને દર્દ, નિદાન તથા દવાની સમજણ નથી તે શારીરિક દવા માટે લાયક નથી. તો પછી આપણે તો આત્માની દવા કરવા તૈયાર થયા છીએ, તો તેના માટે લાયક કોણ.

### મડદાના અને જીવતાના શણગારમાં ફરક

શારીરિક દવા એટલે શરીરનું શણગારવું. મડદાને શણગારો અને જીવતાને શણગારો તે બેમાં ફરક કયો? જીવતાનું શરીર શણગારવું તે જીવનને અંગે ઉપયોગી. મડદા અંગે શરીર શણગારવું તે કુળની લજ્જાને અંગે. આપણું ખરાબ ન દેખાય તે અંગે. જીવનની શોભાનું તત્ત્વ નથી. તેમ અહીં આગળ આપણે અનાદિ કાળથી જીવનનાં સાધનોને શણગારતા રહ્યા પણ આખા જીવનને કોઈ પણ દહાડો શણગાર્યું ?

દસ પ્રાણમાંથી કોઇને ગડબડ હોય તો તેને સાચવી લઈએ. શ્રોત્ર, ઘ્રાણ, ચક્ષુ, રસના, સ્પર્શન ઇન્દ્રિય, મન, વચન, કાય, શ્વાસોચ્છ્વાસ, અને આયુષ્યને પોષણ આપીને સાચવ્યાં. તે બધું શું ? જેમ દુનિયામાં જીવ વગરનું મડદું તેમ અહીં ભાવપ્રાણ તરફ લક્ષ દીધા સિવાય દ્રવ્યપ્રાણનું જે સાચવવું તે મડદાની શોભા. આપણે દસને, કુટુંબને છોડીએ. બધું ધારણ, રક્ષણ કરેલું તેનું ફળ પાણીમાં જાય. મડદાના શણગારનો છેડો ચિતામાં બળે ત્યાં. જીવતાના શણગારનો

છેડો ઘરમાં. તેમ આ જીવે પણ ભાવોભવ આ દસ પ્રાણોને ધારણ કર્યાં–પોષ્યાં–ટકાવ્યાં–બધું કર્યું પરંતુ આયુષ્યના છેડે બધાનો છેડો.

ખરેખર ટકે ને જીવની જોડે આવે તેવી વસ્તુ કઈ, તેનો વિચાર કોઈ ભવમાં કર્યો નથી. એકેન્દ્રિયમાં હતા ત્યારે જીવવાનો કે મરવાનો વિચાર નહિ. કર્મના ઉદયે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુપણે તેનાં કારણ મળ્યાં એટલે તે થયા. કારણ રહ્યાં ત્યાં સુધી જીવ્યા અને કારણનો વિયોગ થયો એટલે મર્યા. મરણ કેમ આવે, કેમ થાય છે તેનો વિચાર કંઈ છે?

**એકેન્દ્રિય આદિમાં શું?**

અનંતા પુદ્‌ગલ સુધી એકેન્દ્રિયમાં હતા. તે વખતે જીવવું અને મરવું, તેનાં કારણો મેળવવાં, તે વગેરેમાંથી કંઈ પણ નહિ. કયાં સુધી? અનંતો કાળ. અનંતો કાળ કહી દઈએ પણ તેનાં ઊંડાણમાં ઊતરીએ તો જેમ જગત શબ્દ કહીએ, પણ જગત્ એટલે શું? લોક, અલોક. તેના જેટલાં પદાર્થો, અલોકની જે સ્થિતિ તે બધાનો ખ્યાલ આવે ત્યારે જગત્ શબ્દ બોલાયો ગણાય. નથી રૂપી અરૂપીનો ખ્યાલ, નથી જીવ અજીવનો ખ્યાલ, નથી કર્તા, અકર્તાનો ખ્યાલ. કેટલાક સામાન્ય શબ્દો તેનું સ્વરૂપ જાણ્યા વગર બોલવામાં આવે, તેમ અહીં અનાદિ કાળ વગેરે બોલીએ છીએ. તેના ઊંડાણમાં ઊતરીએ તો એક પુદ્‌ગલપરાવર્ત કેમ થાય તે વિચારો. પછી અનંતાની વાત કરો. સો એટલે સોએક. હજાર એટલે હજાર-એક. અસંખ્યાતા એટલે અસંખ્યાતા એક. અર્થાત્ અસંખ્યાત

એકને છોડીને અસંખ્યાત નથી. નિર્યુક્તિકાર મહારાજ **ભદ્રબાહુસ્વામીજી**એ ચાઉરંગીની નિરૂપણાના ચારના નિક્ષેપમાં ચારને બદલે એકનો નિક્ષેપો કર્યો (**उ० नि० गा०** ૧૪૧). **દશવૈકાલિકમાં** દસને બદલે એકનો નિક્ષેપો કર્યો (**द० नि० गा०** ८).

**કાળ અનંતો ખરો કે નહિ ?**

દસ, ચાર, છ એટલે શું ? છ એકડાનું નામ છ, ચાર એકડાનું નામ ચાર. દસ એકકાનું નામ દશ. તેમ અનંતા પુદ્‌ગલપરાવર્ત એટલે એક એક કરતાં અનંતા. એ એક ખુલાસો થયો. અનંતા તેનો છેડો કેમ આવ્યો ? છેડો આવ્યો તો અનંતા કહેવાય કેમ ? વાત ખરી. જો અનંતાનું સ્વરૂપ સમજશે તો આ માલમ પડશે કે અનંતા કાળે એક એક થાય. દરેક મતવાળા, બુદ્ધિવાળાને માનવું પડે કે કાળ અનંતો થયો, તે કહેવું પડે. કેમ ? નાકકટ્ટાને આ કાળ ગયો તેની પહેલાં શું ? તેની જવાબદારી તેના માથે આવે. જેમ લેણદેણના દાવામાં લેણની સાબિતીની જવાબદારી વાદીના માથે પણ કેટલીક વખત જવાબદારી પ્રતિવાદીને માથે આવે. ચોરીનો ગુનો દઈને ફરિયાદી કરી. હવે ચોર બચાવ કરે તે ખોટો કે ખરો, તેમાં તમારે ઊભા રહેવું પડે તે વાત જુદી. ચોરીની ફરિયાદ જેના ઉપર કરવામાં આવે તેને મુશ્કેટાટ બાંધે. તે છૂટવા માટે પોતાનો બચાવ કરે. છૂટવા માટે બધું તેને સાબિત કરવું પડે. તેમ અહીં જેઓ કાળને અનાદિ ન માને, પરમેશ્વરને અનાદિથી થતા ન માને, તો તેને એની શરૂઆત ક્યારથી થઈ તે કહેવું પડે. અનાદિ નહિ માનનારના માથે તે જવાબદારી ચોટે.

## બોલવાની લુચ્ચાઇ

અહીં લુચ્ચી વહુનું દૃષ્ટાંત છે. એક શેઠ છે તેને બે છોકરાં છે. તે બન્ને પરણેલા છે. તેમાં જે જેઠાણી છે તેનું પિયર સારી સ્થિતિમાં છે. દેરાણી લુચ્ચી છે. એના પિયરનું લગીર ઠેકાણું નથી. દેરાણીનો ભાઈ રોજ બેનને ઘેર જમે અને રાતના પોતાને ઘેર સુવા જાય. જેઠાણીને તો પોતાના ભાઇને વર્ષમાં એકાદ બે વખત નોંતરવો પડે.

એક વખત એ બંનેને તકરાર થઈ. તે વધારે ચાલી ત્યારે દેરાણીએ જોયું કે જેઠાણી મ્હેણું મારશે તેથી બોલી કે હું જાણું છું. આખું ઘર તેં એને ખવડાવી દીધું. તારો ભાઈ ઓણ અને પોર રોજ આવે છે. ત્યારે મારો ભાઇ તો આજ આવે તે–કા...લ આવે. આમાં વચનની શાહુકારી. આજ અને કાલ એ શબ્દ છેટા વાપરવા અને ઓણ અને પોર નજીક વાપરવા તે બોલવાની લુચ્ચાઇ છે.

અહીં જે જગતને, પરમેશ્વરને અને. સિદ્ધોને અનાદિ નથી માનતા તે પોતાના માથાની જવાબદારી ઉડાડવા માટે. તેમાં છેડો હો તો હશે એમ કહીને ઉડાડે. જો અનાદિ ન હોય તો તેના પહેલાં શું હતું તે તું બોલને ?

## કાળનો કોળિયો કરનાર કોણ ?

કાળનો કોળિયો દુનિયામાં કોઇ કરનાર છે? જેને શાશ્વતા પદાર્થો કહીએ તેમાં એક કાળ કોળિયો કરે. તેના પુદ્ગલોમાં પણ ફેરફાર થાય છે. બાળપણમાં આ માથું હતું તે અત્યારે છે, પણ તેમાં ફેરફાર થાય છે. કહેવાતા

પદાર્થોનો પણ કોળિયો કાળ કરે છે. કાળ આખા જગતમાં બધાનો કોળિયો કરે. કાળનો કોળિયો કરનાર એક જ વસ્તુ. તે કઈ? સિદ્ધપણું. તેમાં જે સિદ્ધપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગપણું, અનંત વીર્ય, સુખ તે કોઈ દિવસ પલટાવવાનું, નાશ પામવાનું કે ન્યૂન થવાનું નથી. કાળનો કોળિયો કર્યો તેથી તેનું જોર ત્યાં નથી ચાલતું. અનંતો કાળ ગયો કે ચાલ્યો જશે તો પણ સિદ્ધપણું નાશ થવાનું કે પલટાવવાનું નથી. કાળનો કોળિયો કરનાર સિદ્ધપણું. તે સિવાય કાળનો કોળિયો કરનાર બીજી કોઈ ચીજ જ નથી.

આ ધ્યાનમાં રહેશે ત્યારે શાસ્ત્રકારે જણાવ્યું કે જિનેશ્વરનાં વચનો ઉપર સ્થિર રહેવાવાળો આ નિશ્ચયમાં આવે. **'सव्वाणि ठाणाणि असासयाणि'** જગતમાં બધાં સ્થાનકો અશાશ્વતાં છે. શાશ્વતપણું હોય તો કેવળ સિદ્ધપણું, કેવળજ્ઞાન, દર્શન, વીતરાગપણું, અનંત સુખ, વીર્ય, ક્ષાયિક ચારિત્ર. તે મેળવનાર જ કાળનો કોળિયો કરે છે.

જગતને અંગે કાળનો કોળિયો કરવા માંગે તો તેમાં પહેલું અને પછી શું તે બોલ? અનાદિ અને અનંતથી તું ભડકે છે તેથી બીજાને ભડકાવે છે. લાખ તે એક કે લાખ? લાખ એટલે લાખ વખત એક તેનું નામ 'લાખ.' ક્રોડ કોનું નામ? ક્રોડ વખતે એક તેનું નામ ક્રોડને? અનંતા કોનું નામ? અનંતી વખત એક એક થયા તેનું નામ અનંતા. અનંતા પુદ્‌ગલ–પરાવર્તો રખડ્યા તે બોલીએ છીએ. જેમ 'જગત્' શબ્દ વપરાય છે પણ તેનો ખ્યાલ નથી. તેમ અનાદિ ને અનંત શબ્દ વાપરીએ છીએ તેથી તેના સ્વરૂપનો ખ્યાલ નથી આવતો.

## પુદ્ગલ–પરાવર્તનું સ્વરૂપ

વર્ષ તે કાળનું માન છે અને તે જગતમાં જાહેર છે. તેવા સો સો વર્ષ જાય એટલે એક યોજન લાંબો, ત્રણ યોજન પહોળાઈવાળો અને એક યોજન ઊંડો ખાડો કર્યો હોય અને તેમાં જુગલિયાના વાળના અસંખ્યાતા કકડા કરીને તે ઠાંસી ઠાંસીને ભર્યો હોય. તે પાછો અગ્નિથી બળે નહિ, પાણીથી ભીંજાય નહિ અને કોહાય નહિ તેવો ભર્યો હોય. અગ્નિથી બળે નહિ તે વગેરે કેમ બને? ઘાસની ગાંઠડી એવી બંધાય છે કે તેમાં તણખો પડે તો ઉપરનું બળે પણ અંદરનું બચે. ઘાસનું એટલું બધું સજ્જડપણું થાય તો શાસ્ત્રકારે તેને અગ્નિ બાળે નહિ એવો ભરેલો ખાડો કહ્યો એમાં ખોટું શું? તેમાંથી સો સો વર્ષે એક કાઢે તો કેટલા વર્ષ થયાં? આટલો વખત એકઠો થાય તેનું નામ 'પલ્યોપમ'. તેવા દસ ક્રોડાક્રોડ પલ્યોપમ થાય ત્યારે એક 'સાગરોપમ' થાય. તેવા દસ ક્રોડાક્રોડ સાગરોપમે એક 'ઉત્સર્પિણી' થાય. તેવી જ રીતે અવસર્પિણી થાય. તે બે ભેગાં તેનું નામ 'કાળચક્ર.' તેવા અનંતા કાળચક્ર થાય ત્યારે એક પુદ્ગલ–પરાવર્ત થાય.

આવા અનંતા પુદ્ગલ–પરાવર્ત એકેન્દ્રિયમાં રખડ્યા. પૃથ્વીકાયાદિમાં રખડ્યો. પૃથ્વીકાયાદિમાં કેમ જન્મવું, કેમ જીવવું, કેમ મરણ આવશે, કેમ બચીશ તેનો વિચાર નહિ. તેનાથી–એકેન્દ્રિયમાંથી લગીર બેઇન્દ્રિયમાં આવ્યા. જન્મવું, જીવવું કેમ તે વિચાર નહિ પણ મરણનો ડર ઊભો થયો. તેવી જ રીતે અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં પણ તે દશા.

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં આવ્યા ત્યારે જીવન, તેનાં સાધન, સ્થાન, શરીર અને સંતાન તેનો વિચાર થયો. તેનાં રક્ષણ અને વૃદ્ધિમાં પ્રયત્ન થયો એટલે જડ-જીવનમાં પ્રયત્ન થયાં.

### જડ-જીવન શાથી?

જીવનું જીવન બે પ્રકારે છે: (૧) જડ-જીવન અને (૨) જીવ-જીવન. આ જે દશે પ્રાણો તે જડના આધારે જીવન. કાનના પુદ્ગલો હોય ત્યાં સુધી સાંભળવાની તાકાત રહે છે. તેમ ચક્ષુ, નાક, જીભ અને સ્પર્શના વગેરેની તાકાતમાં સમજવું. મન, વચન, કાયાના લાયક પુદ્ગલો હોય તો પ્રયોગની તાકાત. શ્વાસોચ્છ્વાસ, આયુષ્યને લાયક પુદ્ગલો મળ્યા તો તે પ્રમાણે કરી શકીએ. જડ મળ્યા ખરા પણ જડના ઘેર ગરાણે મેલાયલા. તમારે કામ પડે ત્યારે ઉપયોગ કરી લો, પણ માલિક તમે નથી. જેને ત્યાં ગરાણે મૂક્યું હોય તે સારો હોય તો વિવાહને વખતે તેની પાસેથી મેળવીએ છીએ. તેમ આ બાઈમાની સાથે ચાલે છે. તેમ આ જીવન ગીરવી દશામાં. તેમાં પાંચ ઇન્દ્રિય, ત્રણ યોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ ગીરવી મૂકાયેલું જીવન. તેની મહેરબાની હોય તો ઉપયોગ કરી શકીએ. તેની કફા મરજી હોય તો તેનો ઉપયોગ ન કરી શકીએ. તેનો ઉપયોગ કરવાની તાકાત તમારી નથી. જેને ત્યાં ગરાણે મૂક્યું હોય તેની મહેરબાનીથી ઉપયોગ કરી શકીએ; તેના ઉપર આપણો દાવો નહિ. આ જીવે પોતાનું જીવપણું આને ત્યાં ગરાણે મૂક્યું માટે તેનું નામ 'જડ-જીવન' કહીએ છીએ. પારકા

આધારનું જીવન છે–જીવનું જીવન નહિ. સિદ્ધ મહારાજને પ્રાણરહિત હોવાથી જડ-જીવન નથી. સિદ્ધોને પ્રાણ નથી તો જીવ કેમ કહેવા ? પ્રાણ તે જડ–જીવન છે. તે ન હોય તેથી સિદ્ધપણું ચાલી જતું નથી.

**આત્મા જ્ઞાનમય કે જ્ઞાનનો આધાર ?**

જીવનું જીવન કયું ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. જૈનો સ્વરૂપને લઇને ચાલે છે. પણ જૈનેતરો સ્વરૂપને વળગતા નથી. જે ગુણ જાહેર છે તે ભુંસાય એટલો ભુંસ્યો. જ્ઞાન એ જીવનો ગુણ છે એમ માન્યા વિના છૂટકો કોઇનો નહિ. અન્યોએ જ્ઞાન ઘરની ચીજ નથી માની, ભાડૂતી માની છે. કોઈ ભાડૂતી ચીજ પહેરીને નીકળે તેને આબરૂદાર ન ગણીએ. કારણકે તું માંગી લાવીને પહેરે છે. તેમ જીવનો ગુણ તે માંગેલો ગણ્યો, ઘરનો નહિ. જ્યારે જૈનોએ એને જ્ઞાનમય ગણ્યો ત્યારે જૈનેતરોએ એને જ્ઞાનનો આધાર માન્યો. **'ज्ञानाधिकरणमात्मा'** જ્ઞાન અધિકરણ માન્યું. જ્ઞાનમય આત્મા માન્યો હોય–તે આત્માનું સ્વરૂપ છે તેમ માન્યું હોય તો તે કેવળ જૈનોએ જ. તે સિવાય કોઇએ જ્ઞાનને આત્માના ઘરનું નથી માન્યું પણ ભાડૂતી માન્યું છે.

સાંખ્યોને લેવાદેવા નહિ. જેઓએ જીવને ચેતના–સ્વરૂપવાળો ન માન્યો તેઓએ તેને પરમેશ્વરનું ઢોર માન્યું. તમારે ત્યાં ઢોર હોય. જ્યારે તમારે છોડવું, બાંધવું, ખવડાવવું, પીવરાવવું હોય ત્યારે તમે કરો, તેમાં તેનું ચાલે નહિ. તેમ જનેતરોએ જગતના બધા જીવોને ઇશ્વરના 'ઢોર' માન્યા. તેવી રીતે જૈનો જીવોને

ઢોર માનવા, જ્ઞાનના ભાડૂત માનવા તૈયાર નથી. આટલા જ માટે જ્ઞાનમય માને. માટે જીવજીવન–ભાવજીવન–ભાવ પ્રાણ માનીએ છીએ. જીવજીવનનો ત્યાં ખ્યાલ નથી આવતો. ક્યાં? મનુષ્ય તિર્યંચ વગેરેમાં. મનુષ્યમાં આવ્યા છતાં જીવજીવનનો ખ્યાલ કોને? જિનેશ્વરના શાસનને માને તે જ આત્માને કેવળજ્ઞાન, સર્વજ્ઞસ્વરૂપ માને. તેમાં જોડાયા વગરનો કોઈ પણ જીવનું જીવન જ્ઞાનસ્વરૂપ માનવા તૈયાર નથી. તે શાથી માને? કાનમાં કહી ગયા તેથી? ના. કહી ગયા નથી, પણ જિનેશ્વર મહારાજના જીવન સાથે જેનું જીવન હોય તે સાંભળી શકે.

## જિનેશ્વર ભગવાનના વચનની મહત્તા

જિનેશ્વરના જીવનને બંધ થયાને ૨૫૦૦ વર્ષ થઈ ગયાં છે તે આપણે સાંભળીએ. તો પછી સર્વજ્ઞપણું, શાશ્વતપણું ને અનાદિનું રખડવું ક્યાંથી જાણીએ? બરોબર, પણ વિલાયતથી કે અમેરિકાથી વાયરલેસ (wireless)થી ટેલીગ્રામ (telegram) આવે તેમાં બે પણ મિનિટ નથી લાગતી. છતાં ક્યાંથી સાંભળ્યા? તો શબ્દ દ્વારાએ. જેમ શબ્દ દ્વારાએ દૂર દેશના સમાચારો જાણો તેમ અહીં શબ્દ દ્વારાએ દૂર કાળમાં બનેલી હકીકત જાણી શકો. અનાદિ કાળની હકીકત જાણી શકો. અનંતા પુદ્ગલ–પરાવર્ત જાણવા માટે સાધન જિનેશ્વર ભગવાનનાં વચનો.

## જીતનો આધાર શાના ઉપર?

યુદ્ધમાં ઊતરેલાં સૈનિકો પોતાનું ડહાપણ કરે તો પરાજીતમાં જ ઉતારે. જનરલ (general)ના વચન ઉપર જીત

અવલંબે છે. લશ્કરને તે ધ્યાન આપે છે કે નહિ તે જોવાનું હોય નહિ. સૈનિકપણામાં દાખલ થવું તે પોતાની વાત, પરંતુ નોકરીમાં દાખલ થયા પછી ડહાપણ ડોળવાનો હક રહેતો નથી. જેના સૈનિકો ડડાપણ ડોળવે તેનો નાશ થયા વગર રહે નહિ. પણ જનરલના વચન ઉપર વર્તનારૂં લશ્કર જીતે. **નેપોલિયન** બોનાપાર્ટે લશ્કરના મડદાથી મેદાન ભરી દીધું. તેના ઉપર થઈને નીકળ્યા. લશ્કરને એ જોવાનું ન હોય કે મારૂં શું થશે ? **ડચોને જાવા**ની લડાઈ પહેલાં **પોર્ટ સાઉથ** બંધ કરવું પડયું હતું. ત્યાં સ્ટીમર ડૂબાડવી. લોહીની સહીઓથી અરજીઓ આવી. **જર્મન** સ્ટીમર **અમેરિકા**માં સપડાઈ. પોતે સ્ટીમરને દરિયામાં લાવીને સળગાવી અને પોતે બળી ગયો તો તે લશ્કર જીતે. તેમ તમે જૈન શાસનમાં મોહ સામે લશ્કરી તરીકે દાખલ થયા છો તેથી તમારૂં ધ્યેય શું ? જનરલનો હુકમ. માટે **'वचनाराधनया खलु.'** ધર્મ એક જ સ્થાને. વચનની આરાધનામાં. તેના વચન પ્રમાણે ચાલવું તેમાં જીત છે. માટે વચનની આરાધના.

તે વાત ખરી, પણ આ વચન જિનેશ્વર ભગવાનનું કે બીજાનું ? તેની પરીક્ષા કઈ? **હિટલર**ના નામે હુકમો કર્યા તેમાં શું થયું ? તેમ અહીં મોહ રાજાની સામે ધર્મ રાજાના જનરલ બન્યા છો. એને સડાને દબાવવો છે, તેથી સડાથી કેમ બચવું અને તે કેમ પારખવું તેની પરીક્ષા કરવી જોઈએ. તે કઈ રીતે તે જણાવશે તે અગ્રે વર્તમાન.

**ષોડશક પ્રકરણ (વ્યા. સં.) પ્રથમ ભાગ સમાપ્ત**

# साक्षिग्रन्थानामकारादि


| ग्रन्थनामानि | पत्रांकः | ग्रन्थनामानि | पत्रांकः |
|---|---|---|---|
| अष्टकम् हारि० | ५० | नन्दीसूत्रम् | १७२ |
| आवश्यकनिर्युक्तिः | ९६,१८९,२५२ | पंचाशकप्रकरणम् | ८३ |
| आवश्यकसूत्रम् | १५९ | पंचसूत्रम् | २१२ |
| आवश्यकसूत्रम् टी० हारि० | २५२ | पंचवस्तु | १६२ |
| उत्तराध्ययनचूर्णिः | २४ | प्रज्ञापनासूत्रम् टी. | २४,१३४ |
| उत्तराध्ययननिर्युक्तिः | २६१ | बृहत्कल्पसूत्रम् | ८,२५,५८ |
| उत्तराध्ययनसूत्रम् | ३०,११६ | भगवतीसूत्रम् | ७ |
| ओघनिर्युक्तिः | १४ | भगवतीसूत्रम् टी. | २२६,१६९ |
| कर्मग्रन्थः ५ | १३८ | योगशास्त्रम् | ३५ |
| कारिकावलि मुक्तावलिः | ११८ | विशेषावश्यकभाष्यम् | १२५,२१२ |
| जीवाजीवाभिगमसूत्रम् | २४ | विंशविंशिका | २०९ |
| तत्त्वार्थकारिका | १०१,२०७ | षोडशकप्रकरणम् | ३४,१५७,१९३ |
| तत्त्वार्थसूत्रम् टी. हारि. | १०२ | समवायांगसूत्रम् | १७२ |
| तात्त्विकप्रश्नोत्तर | ५,१९,३१ | संबोधसप्ततिः | १२७,१७६ |
| दशवैकालिनिर्युक्तिः | २६१ | સૂયગડાંગસૂત્ર વ્યાખ્યાનસંગ્રહ | ૮,૪૪ |
| दशवैकालिकसूत्रम् | १३,११६ | स्थानांगसूत्रम् | २३० |
| दशवैकालिकसूत्रम् टी. | १६० | સ્થાનાંગસૂત્ર વ્યા. સં. ભા. ૧ | ૨૨ |

# साक्षिपाठानामकारादि


| साक्षिपाठानि | पत्रांकः |
|---|---|
| अजयं चरमाणो० | १३ |
| आगमवचन० | १९३ |
| आणाइ तवो० | १७४,१७६ |
| आणाई जीवे आणा० | २१२ |
| आणाए आराहिता० | १७२ |
| आणागिज्झो अत्थो० | १८९ |
| आणाभंगाउ च्चिय० | ८३ |
| आत्मैव दर्शनज्ञान० | ३५ |
| आराद्-हेयधर्मेभ्यो० | १३४ |
| एगंमि पूइयंमी० | ७८ |
| एगो साहु एगा य० | १२७ |
| कडाण कम्माण० | ११६ |
| कृतकर्मक्षयो० | ५९ |
| केवलमधिगम्य० | २०६ |
| चारित्रेण विहीनः० | १६० |
| जन्मजरामरणार्त्त० | १०१ |
| जा जयमाणस्स० | १४ |
| जीवो उवओग० | ३० |
| जोगा पयडिपएसं० | १३८ |
| जो जहवायं न कुणइ० | १६२ |
| ज्ञानाग्निः सर्वकर्माणि० | १६० |
| णाणकिरियाहिं० | २१२ |
| ततो सामी चिंतेइ० | २५२ |
| ते भगवंते वंदामि० | २३० |
| दुर्गतिपस्रतान्० | ११० |
| देवगुणपरिज्ञाना० | १५७ |
| धम्मो आणाए९ | १७५ |
| नन्नत्थ निज्जर० | ११६ |
| नूतनजलधररुचये० | ११८ |
| प्रशमरसनिमग्नं० | ७७ |
| बज्झइ तं तु भगवओ० | ९६ |
| बीजांकुरन्यायेन० | ४४ |
| भव सयसहस्स० | ५८ |
| भवात् भवांतरं० | १६९ |
| मुक्खासओ वि० | २०९ |
| मोहादीनि निहत्या० | २०६ |
| यद्भाषितं मुनीन्द्रैः० | ३४ |
| लाढेसु य उवसग्गा० | २५२ |
| वचनाराधनया खलु० | १ |
| शमाय धीमान् प्रवव्राज० | १०२ |
| समणोवासगस्स० | १४० |
| संसरणं संसारः० | २४ |
| संस्रतिः संसरणं० | २४ |
| सम्मत्तंमिउ लद्धे० | १२५ |
| सूक्ष्मबुद्ध्या सदा० | ५० |
| से दसंगेऽभिजायइ | १७४ |

## શ્રીસિદ્ધચક્ર–પત્રના ગ્રાહક બનો.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્ય-દેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજને** ઘેર બેઠાં શ્રવણ કરવાં હોય; શાસન, શાસ્ત્ર અને પરંપરાને વફાદાર રહેવાની હિત શિક્ષાઓ હૃદયે ધારણ કરવી હોય અને શાસન–પ્રભાવક પૂર્વ પુરૂષોના આલેખન કરેલાં શાસ્ત્રના સારભૂતનું આસ્વાદન કરવું હોય તો—

**શ્રીસિદ્ધચક્ર માસિકને—**

વાંચો, વંચાવો, મનન કરો, પરિશીલન કરો અને તમારા મિત્રમંડળમાં વધુ વાંચન થાય તેમ પ્રચાર કરો. તુરતમાં ગ્રાહક તરીકે પુણ્ય નામ નોંધાવો. લવાજમ રૂા. ૩)

પ્રાપ્તિસ્થાનઃ—

શ્રીસિદ્ધચક્ર–સાહિત્ય પ્રચારક–સમિતિ

તંત્રીઃ–**પાનાચંદ રૂપચંદ ઝવેરી.**

ઠે. ૨૨૪, શેખમેમન સ્ટ્રીટ,

મુંબઈ, નં. ૨

# શાસન-સુધાકર-પત્રના જરૂર ગ્રાહક બનો.

શાસન, શાસ્ત્ર અને શાસનમાન્ય અવિચ્છિન્ન પરંપરાને અનુસરતું, કુમતોને શાસ્ત્રની નીતિરીતિએ સ્પષ્ટ ખુલાસાઓ કરતું. શાસ્ત્રીય લેખો અને પુરાવાઓને પૂરૂં પાડતું, ગામેગામના સકળ સંઘની શાસનપ્રભાવનાઓના પુનિત સમાચારને શ્રવણ કરાવતું, **શ્રીશાસન-સુધાકર** પાક્ષિક વાંચો અને મનન કરો. અને ગ્રાહક બનીને શાસન હિતાર્થે વધુ પ્રચાર પામે તેમ કરવા ઉદ્યમવંત થાઓ. અને બીજાને ઉદ્યમવંત બનાવો. લવાજમ રૂા. ૪-૦-૦

પ્રાપ્તિસ્થાનઃ—

તંત્રી-**શા. મોતીચંદ દીપચંદ,**

**શાસન-સુધાકર ઑફિસ.**

મુ. **ઠળીયા.** વાયા તળાજા.

(જીલ્લા ભાવનગર, સૌરાષ્ટ્ર.)

## સાહિત્યરસિકોને અપૂર્વ અવસર

### શ્રીઆગમોદ્ધારસંગ્રહ

| | | |
|---|---|---|
| ૧ | તાત્ત્વિક પ્રશ્નોત્તર | [છપાય છે] |
| ૨ | उपांगादिविषयानुक्रमादि | ૪–૮–૦ |
| ૩ | પર્વદેશના | ૫–૦–૦ |
| ૪ | શ્રીસ્થાનાંગસૂત્ર [વ્યા. સં. ભાગ-૧] | ૫–૦–૦ |
| ૫ | પ્રશમરતિપ્રકરણ (વ્યા. સં.) | (છપાય છે) |
| ૬ | लघुसिद्धप्रभाव्याकरणं सल्लघुतमनामकोशम् | ૨–૪–૦ |
| ૭ | ષોડશકપ્રકરણ (વ્યા. સં. ભાગ-૨) | ૩–૮–૦ |
| ૮ | श्रीआगमीयसूक्तावल्यादि | (छपाय छे) |

★

### पत्राकारे

श्रीभगवतीसूत्रम (श्रीअभयदेवसूरिकृतटीका) भाग ३
श. १९ २३ ૪–૦–૦
श्रीप्रज्ञापनासूत्रम (श्रीहरिभद्रसूरिकृतटीका)
भा. १ ૨–૦–૦
श्रीनवस्मरणं गौतमस्वामिरासश्च (मोटा टाइप) ૧–૮–૦
श्रीप्राचीनसंस्कृतप्रकरणसंग्रह ૦-૧૨-૦

★

### पुस्तकाकारे

શ્રીસૂયગડાંગસૂત્ર (પુંડરીકાધ્યયન) નાં વ્યાખ્યાનો ૬–૦–૦
સાગર-સમાધાન ભા. ૧ ૩–૮–૦
સાગર-સમાધાન ભા. ૨ ૩–૦–૦

પ્રાપ્તિ સ્થાન:
**શ્રી જૈનાનન્દ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત.